સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
# મુંબઈ સમાચાર
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 35
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ભાદ્રપદ સુદ- ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486
રવિવાર, ૩૧ ઑગસ્ટ ૨૦૨૫, (૧૫ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટ્રમ્પ-ટૅરિફ ‘ગેરકાયદે’ ઠેરવતી અમેરિકી કોર્ટ

## નવી ઈમ્પોર્ટ ડ્યૂટી ૧૪ ઑક્ટોબર સુધી ચાલુ રાખવા પરવાનગી આપી

વૉશિંગ્ટનઃ અમેરિકાની કોર્ટ ઑફ અપીલે ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલી ટૅરિફને ‘ગેરકાયદે’ જાહેર કરી હતી અને આ ચુકાદા સામે અપીલ કરવા સમય મળે તે માટે નવી ઈમ્પોર્ટ ડ્યૂટી ૧૪ ઑક્ટોબર સુધી ચાલુ રાખવા પરવાનગી આપી હતી.

અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ દ્વારા જુદા જુદા દેશો પર લાદવામાં આવેલી ટૅરિફમાંથી મોટાભાગની ગેરકાયદે હોવાનું જણાવતાં કોર્ટે કહ્યું હતું કે ટૅરિફ લાદવાને મામલે ટ્રમ્પે તેની સત્તાનો દુરુપયોગ કર્યો છે.

ટ્રમ્પના આ નિર્ણયને મંજૂર રાખવામાં આવશે તો તે અમેરિકા માટે ઘાતક પુરવાર થશે, એમ કોર્ટે કહ્યું હતું.

ટ્રમ્પ વહીવટીતંત્ર અમેરિકાની સુપ્રીમ કોર્ટમાં અપીલમાં જઈ શકે તે માટે અમેરિકાની કોર્ટ ઑફ અપીલે નવી ઈમ્પોર્ટ ડ્યૂટી ૧૪ ઑક્ટોબર સુધી ચાલુ રાખવા પરવાનગી આપી હતી.

ટ્રમ્પે કોર્ટ ઑફ અપીલના ચુકાદાને અયોગ્ય લેખાવ્યો હતો અને ભારપૂર્વક કહ્યું હતું કે અમેરિકા દ્વારા જે તે દેશ પર લાદવામાં આવેલો ટૅરિફ યથાવત રહેશે.

ટ્રમ્પે ટૅરિફ માટે ઈમરજન્સી ઍક્ટનો દુરુપયોગ કર્યો હોવાનું જણાવતાં કોર્ટ ઑફ ઈન્ટરનેશનલ ટ્રેડે અગાઉ આપેલા ચુકાદાને યુએસ કોર્ટ ઑફ અપીલ ફૉર ધ ફેડરલ સરકિટે માન્ય રાખ્યો હતો, પરંતુ કેસને એમ કહીને નીચલી અદાલતમાં પાછો મોકલી આપ્યો હતો કે આ ચુકાદો તમામ અસરગ્રસ્તોને લાગુ પડે છે કે પછી માત્ર કેસ સાથે સંકળાયેલા લોકોને જ.

ફેડરલ સરકિટ દ્વારા શુક્રવારે સાત વિરુદ્ધ ચાર મતથી મંજૂર કરવામાં આવેલા નિર્ણયને કારણે ટ્રમ્પ-ટૅરિફ લાંબુ ટકી શકશે કે નહીં એ અંગેનું સસ્પેન્સ લંબાશે.

યુએસ કોર્ટ ઑફ અપીલે ચુકાદો આપ્યો હતો કે ૧૯૭૦ના દાયકાના ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ ઍક્ટ (આઈઈઈપીએ)નો ઉપયોગ કરી ટૅરિફ લાદવાની ટ્રમ્પને કોઈ સત્તા નથી.

ટૅરિફને ગેરકાયદે જાહેર કરવામાં આવ્યો હોવાને કારણે કોર્ટનો નિર્ણય ૧૪ ઑક્ટોબર સુધી અમલી નહીં બને જેને કારણે ટ્રમ્પ વહીવટીતંત્રને સુપ્રીમ કોર્ટમાં અપીલમાં જવાનો સમય મળી જશે.

કોર્ટના ચુકાદા અંગે પ્રતિક્રિયા આપતાં ટ્રમ્પે કહ્યું હતું કે અપીલ કોર્ટે ભલે ખોટી રીતે જણાવ્યું છે કે અમેરિકાની સુપ્રીમ કોર્ટની મદદથી અમે લડીશું અમે લાદેલો ટૅરિફ હટાવી લેવો પડશે, પરંતુ કોર્ટ જાણે છે કે અંતે તો અમેરિકાની સરકારનો જ વિજય થશે.

જો આ ટૅરિફ પાછો ખેંચી લેવામાં આવશે તો તે અમેરિકા માટે વિનાશક પુરવાર થશે અને અમેરિકાને આર્થિક રીતે નબળું બનાવશે. અમેરિકાએ વધુ મજબૂત બનવાની જરૂર છે, એમ ટ્રમ્પે કહ્યું હતું.

ટ્રમ્પે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટની મદદથી અમે વળતી લડત આપીશું. (એજન્સી)■

## મોદી-શી વચ્ચે આજે મંત્રણા




**જાપાન અને ચીન સાથેની દોસ્તીઃ** જાપાનના વડા પ્રધાન શિગેરુ ઈશીબા સાથે બુલેટ ટ્રેનમાં મુસાફરી કરતા ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી.

ટિઆન્જિનઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાત વર્ષ કરતાં પણ વધુના સમયગાળા બાદ શનિવારે ચીનની મુલાકાતે પહોંચ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે રવિવારે બેઠક યોજાશે.

પ્રાથમિક રીતે જોવા જઈએ તો મોદી ૩૧ ઑગસ્ટ અને પહેલી સપ્ટેમ્બરે યોજાનારી શાંઘાઈ કોઓપરેશન ઑર્ગેનાઈઝેશન (એસસીઓ)ની બેઠકમાં ભાગ લેવા ચીન પહોંચ્યા હતા.

વર્લ્ડ ઈકોનોમિક ઑર્ડરમાં સ્થિરતા લાવવા ભારત અને ચીન સાથે મળીને કામ કરે તે જરૂરી હોવાનું મોદીએ કહ્યું હતું.

અમેરિકાની ટૅરિફ નીતિને મામલે ભારત-અમેરિકા વચ્ચેના સંબંધોમાં જોવા મળી રહેલી તિરાડ વચ્ચે મોદીની ચીનની આ મુલાકાતને મહત્ત્વની માનવામાં આવી રહી છે.

ટ્રમ્પની ટૅરિફ નીતિની વિશ્વના તમામ અગ્રણી અર્થતંત્ર પર વિપરીત અસર પડી છે તેવા સમયે મોદી અને શી જિનપિંગ વચ્ચે યોજાનારી બેઠકને મહત્ત્વની લેખવામાં આવી રહી છે.

લદાખમાં સર્જાયેલા સરહદી વિવાદ બાદ બંને દેશ વચ્ચે સર્જાયેલી તણાવપૂર્ણ સ્થિતિની હળવી કરવા, સંબંધ સામાન્ય તેમ જ મજબૂત બનાવવા અને દ્વિપક્ષી આર્થિક જોડાણને મુદ્દે બંને દેશના નેતા બેઠક દરમિયાન ચર્ચા કરે તેવી શક્યતા છે.

એસસીઓની બેઠક દરમિયાન મોદી રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સહિત અનેક દેશના નેતાઓને પણ મળશે. (એજન્સી)■

## હાલોલમાં ૧૦ ઈંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૧૬ તાલુકામાં વરસાદ પડ્યો હતો. પંચમહાલના હાલોલમાં ૯.૮૪ ઇંચ વરસાદ પડ્યો હતો. આ સિવાય ઉમરેઠમાં ૪.૭૨ ઇંચ, કડાણામાં ૪.૩૩ ઇંચ, સંતરામપુરમાં ૪.૧૩ ઇંચ, બોરસદમાં ૩.૦૭ ઇંચ, નેત્રંગમાં ૨.૭૨ ઇંચ, ઘોઘંબામાં ૨.૨૮ ઇંચ, જાંબુઘોડામાં ૨.૦૧ ઇંચ વરસાદ પડ્યો હતો.

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ ૯૪ ટકા જેટલો ભરાયો છે. ડેમનું રૂલ લેવલ જાળવી રાખવા માટે એના ૧૫ દરવાજા ખોલીને પાણી છોડવામાં આવી રહ્યું છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર મુજબ, રાજ્યમાં સિઝનનો સરેરાશ વરસાદ ૮૮.૪૬ ટકા નોંધાયો છે. કચ્છમાં ૮૫.૧૪ ટકા, ઉત્તર ગુજરાતમાં ૯૨.૭૮ ટકા, પૂર્વ મધ્યમાં ૮૫.૦૩ ટકા, સૌરાષ્ટ્રમાં ૮૪.૧૭ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૯૨.૬૯ ટકા વરસાદ નોંધાયો છે. રાજ્યમાં ૧૦૪ ડેમ હાઇ અલર્ટ પર છે. જ્યારે ૭૮ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. હવામાન વિભાગ દ્વારા પાંચ સપ્ટેમ્બર સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી. આ ઉપરાંત કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પણ પડી શકે છે. આગામી પાંચ દિવસ દરમિયાન ગાજવીજ સાથે ૩૦ થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. રાજ્યમાં બે વરસાદી સિસ્ટમ સક્રિય થવાથી વરસાદી માહોલ જામશે. તેમ જ માછીમારોને પણ દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી હતી. હાલોલ તાલુકામાં ધોધમાર વરસાદને કારણે સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે ધોધમાર વરસાદ પડતાં પગથિયા પરથી પાણીનો ધોધ વહ્યો હતો. હાલોલમાં આભ ફાટતા શેરીઓમાં નદીઓ વહેતી થઈ હતી. વરસાદની સ્થિતિને લઈ વહીવટી તંત્ર અલર્ટ મોડ પર આવ્યું હતું. સાવચેતીના ભાગરૂપે સ્ટેટ ડિઝાસ્ટર રેસ્પોન્સ ફોર્સની ટીમોને સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી. વહીવટીતંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. ■

## સરદાર સરોવર ડેમ ૯૪ ટકા ભરાયો

અમદાવાદઃ ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ એની મહત્તમ સપાટીની અત્યંત નજીક પહોંચી ગયો છે. હાલમાં ડેમ ૯૪ ટકા જેટલો ભરાયો છે અને એની જળસપાટીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦ સેમીનો વધારો નોંધાયો હતો. ડેમનું રૂલ લેવલ જાળવી રાખવા માટે એના ૧૫ દરવાજા ખોલીને પાણી છોડવામાં આવી રહ્યું છે. આ સ્થિતિને પગલે નદીકાંઠાનાં ૨૭ ગામને એલર્ટ કરવામાં આવ્યાં છે. ડેમ ઓવરફ્લો થવાથી માત્ર ૧.૯૨ મીટર જ દૂર છે. હાલમાં ડેમની સપાટી ૧૩૬.૭૬ મીટર પર પહોંચી

નર્મદા ડેમની જળસપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. હાલમાં ડેમની સપાટી ૧૩૬.૭૬ મીટર પર પહોંચી છે, જે તેની મહત્તમ સપાટી (૧૩૮.૬૮ મીટર)થી માત્ર ૧.૯૨ મીટર જ દૂર છે. ઉપરવાસમાં મધ્ય પ્રદેશના ઇન્દિરા સાગર અને ઓમકારેશ્વર ડેમમાંથી પાણી છોડાતાં નર્મદા ડેમમાં ૧,૬૭,૧૧૩ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. ■

Discover
HONG KONG
08 DAYS
MACAU - SHENZHEN
DEP DATES | 17th OCT | 24th OCT | 24th DEC




- Ocean Park, Disneyland, Ngong Ping 360, TeamLab, Windows Of The World અને Macau Tower નો અદભુત અનુભવ.
- શાનદાર Venetian Hotel Macao માં ૦૨ રાત્રિનો મુકામ.
- રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
- શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી જાણતા ટૂર મેનેજર ની સેવા.
- વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74
sales@shahholidays.com www.shahholidays.com

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બેલ્જિયમની કોર્ટે ફરી ચોક્સીની જામીન અરજી ફગાવી

નવી દિલ્હીઃ પંજાબ નેશનલ બેંક(પીએનબી)માં ૬૩૦૦ કરોડ રૂપિયાથી વધુના કૌભાંડના સંબંધમાં ભારતમાં વોન્ટેડ ભાગેડુ હીરા વેપારી મેહુલ ચોક્સીની જામીન અરજી બેલ્જિયમની એક કોર્ટે ફરીથી ફગાવી દીધી છે. આ પગલું તે દેશની કોર્ટમાં તેના પ્રત્યર્પણની સુનાવણી પહેલા લેવામાં આવ્યું હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર કોર્ટે સીબીઆઇ દ્વારા બેલ્જિયમના ફરિયાદ પક્ષને આપેલા મજબૂત કારણોના આધારે અપીલ ફગાવી દીધી હતી કે ચોકસી કાનૂની કાર્યવાહીથી બચવા માટે અગાઉ અનેક અધિકારક્ષેત્રોમાંથી ભાગી ગયો હતો અને જો જામીન પર મુક્ત કરવામાં આવે તો તે બીજા દેશમાં ભાગી શકે છે. તેમણે કહ્યું કે સીબીઆઇ દ્વારા મોકલવામાં આવેલી પ્રત્યર્પણ વિનંતીના આધારે એપ્રિલમાં ચોક્સીની બેલ્જિયમમાં ધરપકડ કરવામાં આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે બેલ્જિયમની કોર્ટ ઓફ કેસેશન દ્વારા તેની અગાઉની જામીન અરજી પર પણ સુનાવણી કરવામાં આવી હતી, જેને ફગાવી દેવામાં આવી હતી. ચોક્સીએ ૨૨ ઓગસ્ટના રોજ બીજી જામીન અરજી દાખલ કરી અને નજરકેદ રહેવાની માંગણી કરી હતી, પરંતુ અપીલ કોર્ટે આ અઠવાડિયાની શરૂઆતમાં તેને ફગાવી દીધી હતી.

તેમણે કહ્યું કે ગીતાંજલિ ગ્રૂપના માલિક ૬૬ વર્ષીય ચોક્સીના પ્રત્યર્પણ કેસ પર સપ્ટેમ્બરના મધ્યમાં બેલ્જિયમની એક કોર્ટમાં ચર્ચા થશે. સીબીઆઇ બેલ્જિયમના ફરિયાદ પક્ષને તેમની સામેના કેસોમાં ટ્રાયલનો સામનો કરવા માટે ભારત પાછા મોકલવા માટે એક મજબૂત કેસ બનાવવામાં મદદ કરશે.

અધિકારીઓએ જણાવ્યું કે ચોક્સી અને તેમનો ભત્રીજો નીરવ મોદી પંજાબ નેશનલ બેંકમાં ૧૩૦૦૦ કરોડ રૂપિયાના છેતરપિંડી કેસમાં વોન્ટેડ છે. આ છેતરપિંડી કથિત રીતે મુંબઇની બ્રેડી હાઉસ શાખાના કેટલાક બેંક અધિકારીઓ સાથે મળીને નકલી લેટર ઓફ અંડરટેકિંગ દ્વારા કરવામાં આવી હતી. ■

# જમ્મુ-કાશ્મીરમાં બે જગ્યાએ વાદળ ફાટવાથી ૧૧નાં મોત, અનેક ગુમ

જમ્મુઃ રિયાસી અને રામબન જિલ્લાના દૂરના ગામોમાં ભારે વરસાદને કારણે વાદળ ફાટવા અને ભૂસ્ખલનની બે ઘટનાઓમાં એક જ પરિવારના સાત સભ્ય સહિત ઓછામાં ઓછા ૧૧ લોકોનાં મોત થયાં છે અને અનેક લોકો ગુમ થયા હોવાની માહિતી જાણવા મળી છે.

જમ્મુ અને કાશ્મીર ગત પખવાડિયાથી કુદરતી આફતો સામે ઝઝૂમી રહ્યું છે, અને જીવનને પાટા પર લાવવા માટે પ્રયાસો ચાલી રહ્યાં છે.

અહીં ૧૪ ઑગસ્ટથી સતત વાદળ ફાટવા અને ભૂસ્ખલન થઇ રહ્યા છે. તાજેતરની ઘટનાઓ સાથે, જમ્મુમાં ૧૩૦ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૧૪૦ લોકો ઘાયલ થયા છે, જ્યારે ૩૨ યાત્રાળુ હજુ પણ ગુમ છે.

રિયાસી જિલ્લામાં ત્રિકુટા ટેકરીઓ પર સ્થિત માતા વૈષ્ણો દેવી મંદિરની યાત્રા શનિવારે પાંચમા દિવસે પણ સ્થગિત રહી હતી. મંગળવારે કટરાથી મંદિર સુધીના ૧૨ કિલોમીટરના વળાંકવાળા ટ્રેક રૂટ પર ભૂસ્ખલન થતાં ૩૪ જેટલા યાત્રાળુઓ મૃત્યુ પામ્યા હતા.

મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ અધિકારીઓને પરિસ્થિતિ પર ચોવીસ કલાક નજર રાખવા અને જોખમી વિસ્તારોમાંથી લોકોને સમયસર સ્થળાંતર કરાવવા નિર્દેશ આપ્યો છે.

આ અઠવાડિયાની શરૂઆતમાં જમ્મુ ક્ષેત્રમાં થયેલા રેકોર્ડ વરસાદને કારણે સેંકડો મિલકતોને નુકસાન થયું હતું અને ડઝનબંધ રસ્તાઓ અને પુલો ધોવાઈ ગયા હતા, જેના કારણે મુખ્ય રાજમાર્ગો પર ટ્રાફિક સ્થગિત થયો હતો, ઉપરાંત રેલ ટ્રાફિક લગભગ બંધ થયો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે શનિવારે વહેલી સવારે, રિયાસી જિલ્લાના દૂરના બદ્દેર ગામમાં ભૂસ્ખલનથી એક ઘર ધરાશાયી થયું હતું, જેમાં એક પરિવારના સાત સભ્યનાં મોત થયાં હતાં. મૃતકોની ઓળખ નઝીર અહમદ (૩૮), તેની પત્ની વઝીરા બેગમ (૩૫) અને તેમના પુત્રો બિલાલ અહમદ (૧૩), મોહમ્મદ મુસ્તફા (૧૧), મોહમ્મદ આદિલ (૮), મોહમ્મદ મુબારક (૬) અને મોહમ્મદ વસીમ (૫) તરીકે થઈ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે જ્યારે પહાડી ઢોળાવ પરનું તેમનું ઘર ભૂસ્ખલનથી નીચે ધસી ગયું ત્યારે નઝીર અને તેનો પરિવાર સૂઈ રહ્યા હતા, અને તેઓ જીવતા દટાઈ ગયા હતા, અધિકારીઓએ ઉમેર્યું હતું કે સ્થાનિક લોકોએ કાટમાળમાં શોધખોળ કરી હતી અને બાદમાં પોલીસ તેમની સાથે જોડાઈ હતી, પરંતુ માત્ર મૃતદેહો બહાર કાઢવામાં સફળ રહી હતી.

રામબન જિલ્લામાં, એક દૂરના ગામમાં વાદળ ફાટવાથી બે ભાઈ સહિત ચાર લોકોનાં મોત થયાં હતાં, જેમાં બે ઘર અને એક શાળાને નુકસાન થયું હતું. શુક્રવારે રાત્રે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ જિલ્લા મુખ્યાલયથી લગભગ ૨૫ કિલોમીટર દૂર આવેલા પર્વતીય રાજગઢમાં વાદળ ફાટવાથી અચાનક પૂર આવ્યું હતું.

રામબનના ડેપ્યુટી કમિશનર મોહમ્મદ આલિયાસ ખાને પીટીઆઈને જણાવ્યું હતું કે, ''સ્થાનિક સ્વયંસેવકો, પોલીસ અને એસડીઆરએફ સહિત બચાવકર્તાઓ દ્વારા ભારે શોધખોળ બાદ કાટમાળ નીચેથી ચાર લોકોના મૃતદેહ મળી આવ્યા હતા.''

ખાન, રામબનના વરિષ્ઠ પોલીસ અધિક્ષક અરુણ ગુપ્તા સાથે બચાવ અને રાહત કામગીરીનું નિરીક્ષણ કરવા માટે વહેલી સવારે સ્થળ પર પહોંચ્યા હતા.

અધિકારીઓએ મૃતકોની ઓળખ અશ્વની શર્મા (૨૪), તેમના ભાઈ દ્વારકા નાથ (૫૫), ભત્રીજી વિર્તા દેવી (૨૬) અને તેમના મહેમાન ઓમ રાજ (૩૮), જે રાજગઢના બંશારાના રહેવાસી છે, તરીકે કરી છે. બચાવકર્તાઓ શર્માની ભાભી વિદ્યા દેવી (૫૫)ને શોધી રહ્યાં છે.

અગાઉ હિમાચલ પ્રદેશમાં ગુરુવારે વરસાદે હાહાકાર મચાવ્યો હતો અને રવિ નદીમાં આવેલા અચાનક પૂરના કારણે કાંગડા જિલ્લાના દૂરસ્થ બડા બંગાળ નામના ગામમાં અનેક સરકારી ઇમારતો ધોવાઈ ગઈ છે. જોકે, કોઈ જાનહાનિના અહેવાલ નથી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

બૈજનાથ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (એસડીએમ) સંકલ્પ ગૌતમે ગુરુવારે જણાવ્યું હતું કે, ''મંગળવારે નીચલા બડા બંગાળમાં એક પ્રાથમિક અને ઉચ્ચ શાળા, પંચાયત ઘર, એક આયુર્વેદિક દવાખાનું અને એક નાગરિક પુરવઠા સ્ટોર જેમાં લગભગ ૭૦ ક્વિન્ટલ રાશન હતું તે ધોવાઈ ગયું હતું. બે પુલ પણ વહી ગયા હોવાથી ગામ રાજ્યના બાકીના ભાગથી કપાઈ ગયું છે.''

બડા બંગાળ ગામ, જે ૭૮૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલું છે અને ઊંચાઈવાળા થામસર અને કાલીહાની પાસ દ્વારા ફક્ત પગપાળા જ પહોંચી શકાય છે, તે શિયાળા દરમિયાન ચારથી છ મહિના સુધી રાજ્યના બાકીના ભાગથી કપાયેલું રહે છે. ''નીચલા બડા બંગાળમાં રાવી નદીના કિનારે આવેલાં ઘરોને સાવચેતીના પગલા તરીકે ખાલી કરાવવામાં આવ્યાં હતા. લગભગ ૧૮૦ ક્વિન્ટલ રાશન ગામ તરફ જઈ રહ્યું છે પરંતુ રસ્તાઓ બંધ છે. જરૂર પડ્યે આવશ્યક ચીજવસ્તુઓ અને દવાઓ હવા દ્વારા ફેંકવામાં આવશે,'' એમ એસડીએમએ જણાવ્યું હતું.

આ દરમિયાન, એક સ્થાનિકે જણાવ્યું હતું કે ગામના ૧૦૦થી વધુ ભરવાડ તેમના બકરા, ઘેટાં અને ઢોર સાથે ઊંચાઈ પર ફસાયેલા છે. ભારે વરસાદને કારણે ગામમાં ઘણાં ઘરો જોખમમાં મુકાયાં છે.

ગુરુવારે, રસ્તાનો એક ભાગ ધસી પડતાં પાંડોહ નજીક કાંચી મોર ખાતે ચંદીગઢ-મનાલી રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ થઈ ગયો હતો. પરિણામે, બંને બાજુ અનેક વાહનો ફસાયાં હતાં.

બિયાસ નદીના પાણીનો પ્રવાહ વિસ્તારમાં પ્રવેશ્યા બાદ મનાલીની તિબેટીયન કોલોનીમાં ફસાયેલા લગભગ ૧૩૦ લોકોને બુધવારે મોડી રાત્રે પોલીસે બચાવ્યા હતા, અધિકારીઓએ જણાવ્યું હતું કે એનડીઆરએફની ટીમે કાંગરા જિલ્લાના ઇન્દોરા ખાતે અરની યુનિવર્સિટી કેમ્પસમાં ફસાયેલા લગભગ ૪૨૫ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને બચાવ્યા છે.

સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર (જીઓઈસી) મુજબ, રાજ્યના ૧૨માંથી ૧૧ જિલ્લામાં કુલ ૫૩૬ રસ્તા બંધ કરવામાં આવ્યા હતા. જિલ્લામાં સંદેશાવ્યવહાર નેટવર્ક ખોરવાઈ જવાથી ચંબાથી કોઈ અહેવાલ પ્રાપ્ત થયો નથી, એમ તેમણે જણાવ્યું હતું.

બંધ કરાયેલા રસ્તાઓમાંથી ૨૧૭ મંડી જિલ્લામાં અને ૧૬૭ કુલ્લુમાં છે.

ઓપરેશન સેન્ટરએ જણાવ્યું હતું કે, લગભગ ૧૧૮૪ પાવર સપ્લાય ટ્રાન્સફોર્મર અને ૫૦૩ પાણી પુરવઠા યોજનાઓ પણ ખોરવાઈ ગઈ છે.

રાજ્યના કેટલાક ભાગોમાં મધ્યમથી ભારે વરસાદ પડ્યો હોવાથી, મંડી જિલ્લાના પંડોહમાં બુધવાર સાંજથી ૧૦૮ મિમી વરસાદ નોંધાયો છે, ત્યારબાદ ભરેરીમાં ૬૩.૮ મિમી, મંડીમાં ૫૬.૮ મિમી, ગોહરમાં ૫૩ મિમી, નૈના દેવીમાં ૩૬.૬ મિમી અને મનાલીમાં ૨૫ મિમી વરસાદ નોંધાયો છે. શિમલા, જુબ્બરહટ્ટી અને સુંદરનગરમાં વાવાઝોડાએ ભારે વરસાદ પડ્યો છે.

ઓપરેશન સેન્ટરના જણાવ્યા અનુસાર, ૨૦ જૂનથી ૨૬ ઓગસ્ટ દરમિયાન, હિમાચલ પ્રદેશમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ઓછામાં ઓછા ૧૫૮ લોકો મૃત્યુ પામ્યાં છે, જ્યારે ૩૮ લોકો ગુમ થયા છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં ૯૦ પૂર, ૪૨ વાદળ ફાટવા અને ૮૫ મોટા ભૂસ્ખલન થયા છે.

સરકારી ડેટા દર્શાવે છે કે વરસાદ સંબંધિત ઘટનાઓમાં તેને ૨૬૨૩ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. સ્થાનિક હવામાન કચેરીએ રવિવાર સુધી રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં ભારે વરસાદ માટે યલો એલર્ટ જારી કર્યું છે. ■

# પાઉન્ડ સામે રૂપિયાની ચાલ કેવી રહેશે?

## ડૉલર સામે રૂપિયો વિક્રમી તળિયે પહોંચ્યા બાદ સૌની નજર બ્રિટિશ પાઉન્ડ પર

**નીલેશ વાઘેલા**

મુંબઈઃ ડૉલર સામે રૂપિયો ઐતિહાસિક તળિયે આવી ગયો છે ત્યારે સૌની નજર હવે પાઉન્ડ તરફ મંડાઈ છે. યુકે સાથે ભારતે મુક્ત વ્યાપાર કરાર કર્યા હોવાથી આગામી સમયમાં પાઉન્ડ વધુ મહત્ત્વનું ચલણ બનશે.

નોંધવું રહ્યું કે ટૅરીફ વોર અને વિવિધ દેશ વચ્ચે યુદ્ધ ચાલતા હોવાથી આંતરરાષ્ટ્રીય વ્યાપાર વિનિમય દરો પર ભારે નકારાત્મક અસર થઈ છે.

આવા સંજોગોમાં નિષ્ણાતો પણ અવઢવમાં મુકાયા છે. નજીકના ભવિષ્યમાં બ્રિટિશ પાઉન્ડ સામે ભારતીય રૂપિયાના વિનિમય દરમાં અનિયમિત વધઘટ થવાની ધારણા છે, વિવિધ નિષ્ણાત સકારાત્મક અને નકારાત્મક વલણોના મિશ્રણની આગાહી કરે છે.

એક ફોરેક્સ ડીલરે જણાવ્યું કે, પાઉન્ડ-રૂપિયાનો વિનિમય દર સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં ૧૧૫.૪૨૦૦, ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ૧૧૬.૧૮૦૦ અને જૂન ૨૦૨૬ સુધીમાં ૧૧૮.૫૩૦૦ સુધી પહોંચશે.

જયારે અન્ય ડીલર અનુસાર પાઉન્ડ માટે ૩૦ દિવસનો સરેરાશ દર ₹૧૧૭.૫૨૮૩ છે, જે આજના દરની તુલનામાં ૦.૬૮% તફાવત ધરાવે છે. ટૂંકા ગાળામાં સરેરાશ દર ₹૧૧૮.૩૯૦૧ની આસપાસ રહેવાનો અંદાજ છે, જેની અંદાજિત ટ્રેડિંગ રેન્જ ₹૧૧૭.૨૦૬૨ અને ₹૧૧૯.૫૭૪૦ ની વચ્ચે છે.

આગામી અઠવાડિયે સરેરાશ દર ₹૧૧૮.૪૮૪૮ની આસપાસ રહેવાનો અંદાજ છે, જેની અંદાજિત ટ્રેડિંગ રેન્જ ₹૧૧૭.૨૯૯૯ અને ₹૧૧૯.૬૬૯૬ ની વચ્ચે છે.

આવતા મહિનાની વાત કરીએ સરેરાશ દર ₹૧૧૮.૬૭૪૧ની આસપાસ રહેવાનો અંદાજ છે, અંદાજિત ટ્રેડિંગ રેન્જ ₹૧૧૭.૪૮૭૪ અને ₹૧૧૯.૮૬૦૮ની વચ્ચે છે.

કેટલીક આગાહીઓ હકારાત્મક વલણ સૂચવે છે, જેમાં પાઉન્ડ સામે દર સપ્ટેમ્બર ૨૦૨૫માં વધીને ₹૧૨૦.૮૩ થવાની સંભાવના છે, જે ૨.૫૮ ટકાનો વધારો દર્શાવે છે.

અન્ય આગાહી અનુસાર સપ્ટેમ્બર ૨૦૨૫માં રોકાણકારો માટે ૪.૧૧ ટકાના સંભવિત વળતરની શક્યતા છે, જેમાં દર ₹૧૨૨.૩૮ સુધી પહોંચશે.

જોકે, કેટલીક આગાહીઓ નકારાત્મક વલણ પણ સૂચવે છે, જેમાં દર સંભવિત રીતે ₹૧૧૮.૬૫ સુધી ઘટીને ૦.૩૦ ટકા ઘટશે. એકંદરે, તાજેતરની આગાહીઓ અને બજારના સેન્ટીમેન્ટને આધારે, નજીકના ભવિષ્યમાં પાઉન્ડ સામે રૂપિયો મજબૂત થવાની શક્યતા ઓછી છે. ■

# એશિયા કપની મૅચો અડધો કલાક મોડી શરૂ થશે

દુબઈઃ એશિયા કપ ટી-૨૦ સ્પર્ધા સપ્ટેમ્બરમાં મૂળ ભારતમાં યોજાવાની હતી, પરંતુ એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી) દ્વારા લેવામાં આવેલા નિર્ણય મુજબ આ સ્પર્ધા હવે યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઇ)માં નવમી સપ્ટેમ્બરથી યોજાવાની છે, પરંતુ યુએઇમાં ગરમી અસહ્ય હોવાથી ૧૯માંથી ૧૮ મૅચના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ ૧૮ મૅચ ભારતીય સમય મુજબ રાત્રે ૮.૦૦ વાગ્યે શરૂ થશે.

આ મૅચો હવે મૂળ સમયપત્રકમાં જાહેર કરવામાં આવેલા સમય કરતાં અડધો કલાક મોડી શરૂ થશે, એવી જાહેરાત યુએઇના એમિરેટ્સ ક્રિકેટ બોર્ડ (ઇસીબી) દ્વારા કરવામાં આવી છે.

સુધારવામાં આવેલા સમયપત્રક મુજબ ૯-૨૮ સપ્ટેમ્બર દરમ્યાન ૧૮ મૅચ સ્થાનિક સમય મુજબ સાંજે ૬.૩૦ વાગ્યે (ભારતીય સમય મુજબ રાત્રે ૮.૦૦ વાગ્યે) શરૂ થશે. અગાઉ આ મૅચો

ભારતીય સમય પ્રમાણે સાંજે ૭.૩૦ વાગ્યે શરૂ થવાની હતી, પણ હવે અડધો કલાક મોડી શરૂ થશે.

આ ટૂર્નામેન્ટની એકમાત્ર ડે-મૅચ ૧૫મી સપ્ટેમ્બરે યુએઇ અને ઓમાન વચ્ચે રમાવાની છે જેનો અબુ ધાબીના ઝાયદ ક્રિકેટ સ્ટેડિયમમાં સ્થાનિક સમય મુજબ સાંજે ૪.૦૦ વાગ્યે આરંભ થશે.

ભારતની પ્રથમ મૅચ ૧૦મી સપ્ટેમ્બરે યુએઇ સામે રમાશે. આ ગ્રૂપમાં પાકિસ્તાન અને ઓમાન પણ છે. ગ્રૂપ ' બી'માં શ્રીલંકા, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને હૉન્ગકૉન્ગ છે. ■

# કાલકાજીમાં મંદિરના પ્રસાદમાં ચૂંદડી ન આપવાને મામલે ઢોરમાર મારતા સેવાદારનું મોત

દિલ્હીઃ દિલ્હીના કાલકાજીમાં શુક્રવારે રાત્રે લગભગ ૯.૩૦ વાગ્યે, ભક્તોએ એક સેવાદારને એટલો માર માર્યો કે તેનું મોત થઈ ગયું. કહેવામાં આવી રહ્યું છે કે પ્રસાદમાં ચૂંદડી ન મળવાથી કેટલાંક ભક્ત ગુસ્સે ભરાયા હતા. ગુસ્સામાં એ લોકોએ સેવાદારને એટલો માર માર્યો કે તેનું મોત થઈ ગયું. ઘટનાની માહિતી મળતા જ પોલીસની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આરોપી અતુલ પાંડેની ધરપકડ કરવામાં આવી હતી. કાલકાજી પોલીસ સ્ટેશનમાં હત્યાનો કેસ નોંધવામાં આવ્યો છે. મૃતકની ઓળખ ૩૫ વર્ષીય યોગેન્દ્ર સિંહ તરીકે થઈ છે. તે યુપીના હરદોઈનો રહેવાસી હતો.

આરોપીઓએ તેના પર લાકડીઓ અને સળિયાથી હુમલો કર્યો હતો.

હુમલા બાદ, તેને તાત્કાલિક એઈમ્સના ટ્રોમા સેન્ટરમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. સ્થાનિક લોકોનું કહેવું છે કે આરોપીઓ કાલકાજી મંદિરમાં દર્શન કરવા આવ્યા હતા. પ્રસાદમાં ચૂંદડી માગવા પર તેમની વચ્ચે ઝઘડો થયો હતો. ■

# નર્મદામાં તણાયેલાં બે બાળકોનાં મૃતદેહ મળ્યાં

અમદાવાદઃ ઉત્તર અને મધ્ય ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદને લઈને અનેક જગ્યાએ પાણી ભરાયા હોવાનું સામે આવ્યું છે. ધોધમાર વરસાદને પગલે નદી-નાળાં છલકાયા છે, ત્યારે નર્મદાના દેડિયાપાડાની કરજણ નદીના પાણીના પ્રવાહમાં બે બાળક ડૂબ્યા હતાં. બાળકો ડૂબવાની દુર્ઘટનામાં બંને બાળકોના મૃતદેહ મળી આવ્યા હતા. સમગ્ર ઘટનાને પગલે પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો. મળતી માહિતી મુજબ, નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના ગોપાલિયા ગ્રૂપ ગ્રામ પંચાયત હેઠળના શિયાલી ગામના વસાવા સોમકુમાર બિપિનભાઈ (ઉં.વ. ૧૩) અને વસાવા અક્ષય દિનેશભાઈ (ઉં.વ. ૧૨) નામના બે બાળકો ૨૯ ઑગસ્ટના રોજ સ્કૂલમાંથી છૂટ્યાં બાદ કરજણ નદી તરફથી ખેતરે જઈ રહ્યા હતા. ■

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૩૧-૮-૨૦૨૫ થી તા. ૬-૯-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં સિંહ રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ કન્યા રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ સિંહ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. વક્રી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. પ્રારંભે ચંદ્ર વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરે છે. તા. ૧લીએ ધનુ રાશિમાં, તા. ૪થીએ મકર રાશિમાં, તા. ૬ઠ્ઠીએ કુંભ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના સપ્તાહના કામકાજ એકંદરે સફળ થતાં જણાશે. નોકરી માટે તા. ૪, ૫, ૬ શુભ જણાય છે. પરિવાર માટે જરૂરી સાધન સગવડતા વસાવી શકશો. કુટુંબના સભ્યોનો સહયોગ નિજી કારોબારમાં મેળવી શકશો. વ્યક્તિગત પ્રભાવ અને પરસ્પર ગેરસમજૂતી દૂર કરવા માટે મહિલાઓને સફળતા મળશે. તા. ૨, ૪, ૬ મહિલાઓને કાર્યક્ષેત્રે શુભ જણાય છે. વિદ્યાર્થીઓને શાળા-કોલેજના અભ્યાસમાં સફળતા જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ, લે-વેંચનો વેપાર સફળ પુરવાર થશે. નોકરી માટે તા. ૧, ૫, ૬ શુભ જણાય છે. પ્રવાસ માટે તા. ૩૧, ૫, ૬ શુભ જણાય છે. કુટુંબના સભ્યોમાં સંપ વધશે. મુસાફરી દ્વારા પરિવારના કામકાજ સંપન્ન થઈ શકશે. ગૃહિણીઓને સંતાનના પ્રશ્નોમાં રાહત જણાશે. પ્રવાસ દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક કામકાજ સંપન્ન થતા જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજનો પ્રારંભ થાય. શૅરબજારની કાર્યપદ્ધતિમાં પરિવર્તનો લાવી શકશો. નોકરી માટે સમય શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરો ઉપયોગી થશે. પ્રવાસ માટે અનુકૂળ તકો જણાય છે. નવા કારોબારનો પ્રારંભ થઈ શકશે. નાણાં વ્યવસ્થા સાનુકૂળ રહેશે. મહિલાઓને કામકાજમાં પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવૃત્તિમાં સફળતા મેળવશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષિત નાણાં રોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૨, ૩, ૫ શુભ જણાય છે. નોકરીના મિત્રો દ્વારા અનુકૂળ તકો પ્રાપ્ત થશે. વેપાર વધશે. વેપારની, કારોબારની નાણાં આવકની વૃદ્ધિ થશે. પ્રવાસની સફળતા જણાય છે. કુટુંબમાં મતભેદો દૂર થાય. મહિલાઓને પ્રાસંગિક જવાબદારીમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના નિર્ણયો અનુકૂળ પુરવાર થશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ માટે સફળ તકો જણાય છે. નોકરી માટે આ સપ્તાહની તકો અનુકૂળ પુરવાર થશે. ભાગીદારીના સંબંધમાં પરિવર્તનો શક્ય છે. વેપારના મિત્રો ઉપયોગી થાય. નાણાં વ્યવહાર સફળ પુરવાર થશે. મહિલાઓને કુટુંબના સભ્યોમાં પરસ્પર યશસ્વી અનુભવ થાય. પ્રસંગો અનુકૂળ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસની તકો પ્રાપ્ત થતી જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબનું નાણાં રોકાણ શક્ય જણાય છે. તા. ૨, ૫ સફળતા સૂચક છે. વેપારની નાણાંની આવક જળવાઈ રહેશે. વેપારના નિર્ણયોમાં સફળતા જણાશે. મિત્રોમાં મહિલાઓને યશસ્વી અનુભવ થાય. મિત્રો દ્વારા આ સપ્તાહમાં કાર્યક્ષેત્રે પ્રગતિ સાધી શકશો. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અધ્યયનનો પ્રારંભ કરી શકશો.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં સફળતા રહેશે. નોકરીમાં તા. ૨, ૩, ૬ શુભ ફળદાયી છે. નોકરીના કામકાજ પૂર્ણ કરવામાં સફળતા મેળવશો. તા. ૫, ૬, નવીન કામકાજના પ્રારંભ માટે અનુકૂળ જણાય છે. નવા નાણાં વ્યવહારના સાધનો નિર્માણ થશે. નાણાં આવક વધશે. મહિલાઓને પડોશ મિત્રોમાં યશ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના શૈક્ષણિક કામકાજ સફળતાથી પૂર્ણ થતાં જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ માટે અનુકૂળ તકો મેળવશો. નોકરી માટે તા. ૪, ૫, ૬ સફળતાસૂચક છે. નોકરીના સ્થળની બદલી પણ શક્ય જણાય છે. કાર્યક્ષેત્રે નવા નાણાં આવકનાં સાધનો પ્રાપ્ત કરશો. અર્થવ્યવસ્થા સાનુકૂળ બની રહેશે. મહિલાઓના આ સપ્તાહના કુટુંબના જવાબદારીના કામકાજ સફળતાથી પૂર્ણ થતાં જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસની નવીન તકો પ્રાપ્ત થાય.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક વેપાર અને નાણાં રોકાણ અનુકૂળ બની રહેશે. નોકરીના કામકાજ અર્થે પ્રવાસ શક્ય છે. નોકરીમાં નવીન જવાબદારી પણ પ્રાપ્ત કરશો. વેપારના ક્ષેત્રે નાણાંવ્યવહાર અનુકૂળ બની રહેશે. આર્થિક અગવડતાઓ દૂર થાય. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયનની પ્રવૃત્તિઓમાં નિયમિતતા જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું જ્ઞાન, નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. તા. ૧, ૪, ૫ નોકરીના કામકાજમાં સફળતા દર્શાવે છે. પ્રવાસમાં યશસ્વી અનુભવ થાય. ભાગીદાર દ્વારા કાર્યક્ષેત્રે અનુકૂળતાઓ નિર્માણ થતી જણાશે. ભાગીદારથી નાણાંની અનુકૂળતા પણ નિર્માણ થશે. મિલકતના વહીવટમાં સાવધાની દાખવવી જરૂરી છે. મિલકત માટે જરૂરી અર્થવ્યવસ્થા પણ જળવાઈ રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબના સભ્યોનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે અનુકૂળ તકો મેળવશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ માટે અનુકૂળ તકો મેળવશો. તા. ૧, ૨, ૩ નોકરીના કામકાજમાં અનુકૂળતાઓ દર્શાવે છે. વ્યાપારમાં પ્રગતિ શક્ય છે. કુટુંબના કારોબારમાં પ્રગતિ જણાશે. કુટુંબના સભ્યો દ્વારા યશસ્વી અનુભવ થાય. મિત્રોમાં પરસ્પર સમજૂતી જળવાઈ રહેશે. નાણાંની પ્રવાહિતા અને વેચાણમાં પ્રગતિ જળવાઈ રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં સંતાનના જવાબદારીના કામમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અપેક્ષિત શૈક્ષણિક તકો પ્રાપ્ત થતી જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અને કાર્યક્ષમતા તથા અનુભવ દ્વારા વિશિષ્ટ સફળતા મેળવશો. નોકરીમાં પરિવર્તનો જણાય. નોકરીના સહકાર્યકરોમાં યશ મેળવશો. મુસાફરીમાં સફળતા મેળવશો. પ્રવાસમાં નવા મિત્રો, ઓળખાણો નિર્માણ થશે. નવા કારોબારનો પ્રારંભ થાય. નાણાંઆવક વધે. મહિલાઓને નોકરી ક્ષેત્રે સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનું અપેક્ષિત માર્ગદર્શન પ્રાપ્ત થશે.

## આજનું પંચાંગ

**દક્ષિણાયન - સૌર શરદઋતુ, રવિવાર, તા. ૩૧-૮-૨૦૨૫, દુર્ગાષ્ટમી, રાધાષ્ટમી, ધરોઆઠમ**

ભારતીય દિનાંક ૯, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭

વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ સુદ-૮

જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૮

પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫

પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪

મુસ્લિમ રોજ ૭મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭

મીસરી રોજ ૮મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭

નક્ષત્ર અનુરાધા સાંજે ક. ૧૭-૨૬ સુધી, પછી જયેષ્ઠા

ચંદ્ર વૃશ્ચિકમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૨, સ્ટા. ટા.

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતીઃ બપોરે ક. ૧૫-૫૮, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૬ (તા. ૧)

ઓટઃ સવારે ક. ૧૦-૧૪, રાત્રે ક. ૨૨-૪૮

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - અષ્ટમી. દુર્ગાષ્ટમી, રાધાષ્ટમી, ધરોઆઠમ, દધિચી જયંતી, ગૌરી આવાહન સાંજે ક. ૧૭-૨૬ સુધી, મહાલક્ષ્મી પ્રતારંભ, વિંછુડો, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૫૩. સૂર્ય મહાનક્ષત્ર પૂર્વાફાલ્ગુની, વાહન મહિષી.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું પૂજન, શિવપાર્વતી પૂજા, શ્રી સપ્તસતી પાઠ હવન, અગ્નિપૂજા, વિશેષરૂપે શનિ દેવતાનું પૂજન, નાગકેસરના ઔષધીય પ્રયોગો, વૈધૃતિ જન્મયોગ શાંતિ પૂજા, ગાયત્રી જાપ, હવન, નિત્ય થતાં પશુ લે-વેંચ, સ્થાવર લેવડદેવડના કામકાજ, બી વાવવું, પ્રાણી પાળવા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.

આચમનઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ લાગણીવાળા, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ કુટુંબના વ્યવહારમાં મુશ્કેલી આવે.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ. ચંદ્ર જયેષ્ઠા યુતિ

ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-સિંહ ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૩૧-૮-૨૦૨૫ થી તા. ૬-૯-૨૦૨૫

રવિવાર, ભાદ્રપદ શુક્લ-૮, વિ. સં. ૨૦૮૧, તા. ૩૧મી ઓગસ્ટ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર અનુરાધા સાંજે ક. ૧૭-૨૬ સુધી, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, રાધાષ્ટમી, ધરોઆઠમ, દધિચી જયંતી, ગૌરી આવાહન સાંજે ક. ૧૭-૨૬ સુધી, મહાલક્ષ્મી પ્રતારંભ, વિંછુડો, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૫૩. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, ભાદ્રપદ શુક્લ-૯, તા. ૧લી સપ્ટેમ્બર, નક્ષત્ર જયેષ્ઠા રાત્રે ક. ૧૯-૫૪ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં રાત્રે ક. ૧૯-૫૪ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. શ્રી હરિજયંતી, જયેષ્ઠા ગૌરીપૂજન, અદુઃખ નવમી, ભાગવત સપ્તાહ પ્રારંભ, તલ નવમી (બંગાલ-ઓરિસ્સા), વિંછુડો સમાપ્તિ રાત્રે ક. ૧૯-૫૬. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, ભાદ્રપદ શુક્લ-૧૦, તા. ૨જી, નક્ષત્ર મૂળ રાત્રે ક. ૨૧-૫૦ સુધી, પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. ગૌરી વિસર્જન, શ્રી દયાનંદગિરી ગુરુ બ્રહ્માનંદગિરી ચાને શ્રી મુંડિયાસ્વામી જન્મજયંતી (સૌરાષ્ટ્ર-ગુજરાત-કચ્છ), અવની મૂલમ (દક્ષિણ ભારત). શુભ દિવસ.

બુધવાર, ભાદ્રપદ શુક્લ-૧૧, તા. ૩જી, નક્ષત્ર પૂર્વાષાઢા રાત્રે ક. ૨૩-૦૭ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૨૦ સુધી (તા. ૪), પછી મકર રાશિ પર જન્માક્ષર. પરિવર્તિની એકાદશી (કમળકાકડી), બુધ પૂર્વમાં અસ્ત થાય છે. ભદ્રા સાંજે ક. ૧૬-૧૨થી મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૧. (તા. ૪). સામાન્ય દિવસ.

ગુરુવાર, ભાદ્રપદ શુક્લ-૧૨, તા. ૪થી, નક્ષત્ર ઉત્તરાષાઢા રાત્રે ક. ૨૩-૪૩ સુધી, પછી શ્રવણ. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. રેંટિયા બારસ, વામન જયંતી. શુભ દિવસ.

શુક્રવાર, ભાદ્રપદ શુક્લ-૧૩, તા. ૫મી, નક્ષત્ર શ્રવણ રાત્રે ક. ૨૩-૩૭ સુધી, પછી ઘનિષ્ઠા. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. પ્રદોષ, ગોત્રિ - રાત્રિ પ્રતારંભ, ઓનમ-થીરુઓનમ (કેરાલા), ઈદે મિલાદ (મુસ્લિમ), શિક્ષક દિન. શુભ દિવસ.

શનિવાર, ભાદ્રપદ શુક્લ-૧૪, તા. ૬ઠ્ઠી, નક્ષત્ર ઘનિષ્ઠા રાત્રે ક. ૨૨-૫૫ સુધી, પછી શતભિષા. ચંદ્ર મકરમાં સવારે ક. ૧૧-૨૦ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. અનંત ચતુર્દશી, ગણપતિ વિસર્જન, હર્ષલ વક્રી સવારે ક. ૧૦-૨૩, પંચક પ્રારંભ સવારે ક. ૧૧-૨૦. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રે ક. ૨૫-૪૧. શુભ કાર્ય વર્જ્ય છે.

# ભૂપેન્દ્ર પટેલે પૌરાણિક ગળતેશ્વર મહાદેવ મંદિર પાસે રાજ્યના ૨૪માં સાંસ્કૃતિક વનનું લોકાર્પણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના સરનાલ ગામમાં આવેલા ગળતેશ્વર મહાદેવ મંદિર પાસે રાજ્યકક્ષાના '૭૬માં વન મહોત્સવ'ની ૩૦મી, ઓગસ્ટના શનિવારના રોજ ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય પ્રધાન, સહિત મહાનુભાવોના હસ્તે આ પ્રસંગે ૫ હેક્ટર વિસ્તારમાં આકાર પામેલ ૨૪મા સાંસ્કૃતિક વન 'ગળતેશ્વર વન'નો સવારે ૧૦ વાગ્યે લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ યોજનાના લાભાર્થીઓને પ્રશસ્તિપત્ર એનાયત પણ કરવામાં આવ્યા હતા. વન વિભાગ દ્વારા સાંસ્કૃતિક વન તરીકે ગળતેશ્વર વનની ભેટ આપવામાં આવી હતી.

ગળતેશ્વર વનના લોકાર્પણ કાર્યક્રમમાં હાજર રહેલા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે મહિસાગર અને ગળતી નદીના સંગમ સ્થાન ઉપર આવેલા પૌરાણિક ગળતેશ્વર મહાદેવ મંદિરમાં મહાદેવની પૂજા-અર્ચના કરી હતી. આટલું જ નહીં તેમને અહીં મંદિરની પરિક્રમા કરી હતી, તેમણે આ પૌરાણિક મંદિરના સ્થાપત્યને નિહાળ્યું હતું અને ગાલ્વ ઋષિના માહત્મ્યથી પરિચિત થયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડા જિલ્લામાં ગળતેશ્વર તાલુકામાં મહીસાગર નદી કિનારે ૫ હેક્ટર વિસ્તારમાં રાજ્યનું ૨૪મું સાંસ્કૃતિક વન વિકાસ પામેલું છે. જેમાં ૩૦૦થી વધુ પ્રજાતિઓ વૃક્ષોને વિવિધ આકર્ષિત આકારમાં કટિંગ કરીને વાવવામાં આવ્યા છે. જેના થકી આ વન કોતર વિસ્તારમાં બાયોડાયવર્સિટીને સમૃદ્ધ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે, સાથે જ અહીં ઈકો ટુરિઝમને વિકસિત કરવામાં પણ ઉપયોગી બનશે.

નોંધનીય છે કે, આ ગળતેશ્વર વન સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરના ઠાકોરજીના ધામથી માત્ર ૧૦થી ૧૨ કિ.મી.ના અંતરે મહીસાગર અને ગળતી નદીના સંગમ સ્થાને ગળતેશ્વર મહાદેવના મંદિર પાસે વિકસિત કરાયું છે. ખાસ યાત્રાધામ ડાકોરમાં રોજના હજારો શ્રદ્ધાળુઓ ઉપરાંત માત્ર આ ગળતેશ્વર મહાદેવમાં દરરોજ ૧૨૦૦ દર્શનાર્થી આવે છે. આ મંદિરે શિવરાત્રીના દિવસે અહીં ભવ્ય મેળો પણ ભરાય છે અને પુરાતત્ત્વ ખાતા દ્વારા તેને રાષ્ટ્રીય સ્મારક પણ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે અહીં આવતા હજારો ભક્તો અને પર્યટકો પણ આ વનની આહલાદક સફરનો આનંદ માણી શકશે, જેના થકી સ્થાનિક અર્થ તંત્રને વેગ મળતા સ્થાનિક રોજગારી મળશે. ■

# જજ સંદીપ ભટ્ટની પ્રસ્તાવિત બદલીના વિરોધમાં હાઇ કોર્ટના વકીલોની હડતાળ પાંચ દિવસે સમેટાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટના જજ સંદીપ ભટ્ટની બદલી મુદ્દે હાઈ કોર્ટ એડવોકેટ એસોસિએશન દ્વારા ગત મંગળવારે બપોરે અચોક્કસ મુદતની હડતાળ જાહેર કરવામાં આવી હતી, જેને શનિવારે ૫ દિવસે સમેટી લેવામાં આવી હતી. હાઇ કોર્ટ એડવોકેટ એસોસિએશને જણાવ્યું હતું કે, ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયાને ૬ સભ્યોનું પ્રતિનિધિ મંડળ મળ્યું હતું. તેની રજૂઆત ઉપર વિચારણા થઈ રહી છે અને સુપ્રીમ કોર્ટના જવાબની રાહ જોવાઈ રહી છે. ત્યારબાદ આગામી નિર્ણય લઈ શકાય, પરંતુ પક્ષકારોના હિતને ધ્યાનમાં લેતા આ હડતાળ સમેટવામાં આવી છે. આમ, સોમવારથી હાઇ કોર્ટના કામકાજમાં વકીલો રાબેતા મુજબ સાથ સહકાર આપશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટની કોલેજિયમની એક બેઠકમાં વિવિધ હાઇ કોર્ટના ૧૪ જજોની ટ્રાન્સફરની ભલામણ કરવામાં હતી. જેમાં ગુજરાત હાઇ કોર્ટના જસ્ટિસ સંદીપ ભટ્ટની ટ્રાન્સફરનો પણ પ્રસ્તાવ સુપ્રીમની કોલેજિયમે કર્યો હતો. જસ્ટિસ સંદીપ.એન. ભટ્ટને મધ્ય પ્રદેશ હાઇ કોર્ટ ખાતે ટ્રાન્સફર કરવા ભલામણ કરવામાં આવી હતી. જેના વિરોધમાં ગુજરાત હાઇ કોર્ટ એડવોકેટ એસોસિએશનની જનરલ બોડી બેઠકમાં હડતાળનો નિર્ણય લેવાયો હતો. ગુજરાત હાઈ કોર્ટ બહાર વકીલોએ જજ સંદીપ ભટ્ટની બદલીનો વિરોધ પણ કર્યો હતો.

હાઇ કોર્ટ એડવોકેટ એસોસિએશનના પ્રમુખ બ્રિજેશ ત્રિવેદી અને જનરલ સેક્રેટરી હાર્દિક બ્રહ્મભટ્ટની આગેવાનીમાં ૬ સભ્યોનું પ્રતિનિધિ મંડળ દિલ્હીમાં સીજેઆઈને મળ્યું હતું. જેને સીજેઆઈએ શાંતિથી સાંભળ્યા હતા. સીજેઆઈ તરફથી પ્રતિનિધિ મંડળની રજૂઆતને વિગતે ધ્યાને લઈને અને પ્રત્યુતર આપવા જણાવવામાં આવ્યું હતું. પ્રતિનિધિ મંડળ દ્વારા સીજેઆઈને જજ સંદીપ ભટ્ટની બદલી ઉપર ફેરવિચારણા માટે રજૂઆત કરવામાં આવી હતી.

પ્રતિનિધિ મંડળે પોતાની રજૂઆતમાં જણાવ્યું હતું કે, કોલેજિયમ સામે સંદીપ ભટ્ટની બદલી માટે શું સામગ્રી મુકાઈ તેની તેમને ખબર નથી, પરંતુ સંદીપ ભટ્ટ એક નિષ્ઠાવાન અને પ્રામાણિક જજ છે. છેલ્લા ચાર વર્ષમાં તેમને ૧૯૦૦૦ કેસ ચલાવીને, નિકાલ કર્યો છે. ગુજરાત હાઇ કોર્ટ રજિસ્ટ્રીમાં સીસીટીવી લગાવવાના હુકમ અને મિસિંગ ફાઇલ અંગેના તેમના અવલોકનને કારણે આ પગલા ભરાયા હોવાની બાર એસો.ને સંભાવના લાગી રહી છે. તેમણે આપેલા સીસીટીવીના આદેશો ન્યાયિક પારદર્શિતા માટે જરૂરી હતા તેમની બદલી થશે તો ન્યાયતંત્રની છબી ખરડાશે. ■

# મહેસાણામાં પ્રેમલગ્નોના કાયદામાં ફેરફારની માગ સાથે સર્વ સમાજની જન ક્રાંતિ મહારેલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રેમલગ્ન નોંધણીના કાયદાઓમાં ફેરફારની માગ સાથે મહેસાણામાં ૩૦ ઓગસ્ટ શનિવારના રોજ એક જન ક્રાંતિ મહારેલી નીકળી હતી. આ રેલીમાં મહેસાણા જિલ્લાના વિવિધ રાજકીય પક્ષોના અને સમાજના અગ્રણીઓ જોડાયા હતા. રેલીનો મુખ્ય ઉદ્દેશ પ્રેમલગ્નોમાં માતા-પિતાની સહમતી ફરજિયાત બનાવવાનો હતો. રેલીમાં માગ કરવામાં આવી કે ૩૦ વર્ષ સુધીના યુવક-યુવતીઓ જો પ્રેમલગ્ન કરે તો તેમના માતા-પિતાની સહી ફરજિયાત હોવી જોઈએ. આ ઉપરાંત, પ્રેમલગ્ન માટેની કાયદાકીય પ્રક્રિયાઓમાં ફેરફારની પણ માગ કરવામાં આવી હતી.

રેલીમાં રજૂ થયેલી અન્ય મહત્ત્વની માગણીઓમાં એક સૂચન હતું કે છોકરી જે વિસ્તારની હોય, તે જ વિસ્તારની કોર્ટમાં પ્રેમલગ્ન થવા જોઈએ. આનાથી પરિવારને જાણ થવાની શક્યતા વધે અને ભાગેડુ લગ્નોને અટકાવી શકાય. આ ઉપરાંત, લગ્નના સાક્ષીઓની ઉંમર ૪૦ વર્ષથી વધુ રાખવાની માગ કરવામાં આવી, જેથી તેઓ વધુ સમજદારીપૂર્વક નિર્ણય લઈ શકે.

વધુમાં, એક કડક માગ પણ રજૂ કરવામાં આવી હતી કે ૩૦ વર્ષથી વધુ ઉંમરના યુવક-યુવતીઓએ પ્રેમલગ્ન કરવા હોય તો તેમણે પોતાનાં માતા-પિતાના નામે ૧૦ લાખ રૂપિયાની ફિક્સ્ડ ડિપોઝિટ (એફડી) કરાવવી ફરજિયાત હોવી જોઈએ. આ સાથે જ, આવા યુવક-યુવતીઓને તેમના માતા-પિતાની મિલકતમાંથી બેદખલ કરવાનો કાયદો લાવવાની માગ પણ કરવામાં આવી હતી. આ રેલીમાં પ્રેમલગ્નના કાયદામાં સુધારાની માગ ઉપરાંત, ગુજરાતના દરેક નાગરિકને મફત શિક્ષણ આપવાની માગ પણ ઉઠાવવામાં આવી હતી.

શહેરના અવસર પાર્ટી પ્લોટથી શરૂ થયેલી આ રેલીમાં મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા અને કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. આ રેલીનો ઉદ્દેશ્ય સામાજિક મૂલ્યોનું રક્ષણ કરવાનો અને યુવાનોને જવાબદાર બનાવવાનો છે. સરકાર આ માગણીઓ પર ગંભીરતાથી વિચારણા કરે તેવી અપીલ પણ કરવામાં આવી હતી.

આ રેલીને મહેસાણા જિલ્લાના ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (આપ)ના પ્રમુખોએ સમર્થન આપ્યું હતું. આ ઉપરાંત, વિવિધ સમાજોએ પણ આ રેલીને ટેકો જાહેર કર્યો હતો. ■

# ગુજરાતમાં વોટ ચોરી રાજકારણ શરૂ થયુંઃ કોંગ્રેસે પુરાવા આપી વિગત જાહેર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પણ વોટ ચોરી મુદ્દે રાજકારણની શરૂઆત થઈ હતી. ગુજરાત કોંગ્રેસ પ્રદેશ કમિટીના અધ્યક્ષ અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેણે ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની લોકસભા સીટ અંતર્ગત આવતી સુરતની ચોર્યાસી બેઠકનો ડેટા રજૂ કર્યો હતો. જેમાં તેમણે ૩૦ હજારનકલી મતદાર હોવાનો દાવો કર્યો હતો. તેમજ કહ્યું કે-આગામી સમયમાં મુખ્ય પ્રધાનના મતવિસ્તારની પણ તપાસ કરવામાં આવશે. જો આખા ગુજરાતની તપાસ કરીએ તો ૬૨ લાખ મતદારની ચોરી પકડાશે.

અમિત ચાવડાએ જણાવ્યું કે, ચોર્યાસી વિધાનસભા સીટમાં કુલ ૬,૦૯,૫૯૨ મતદારો છે, તેમાંથી ૪૦ ટકા એટલે કે ૨,૪૦,૦૦૦ મતદારોની ચકાસણી કરવામાં આવી હતી. આ દરમિયાન ૩૦,૦૦૦થી વધારે ડુપ્લિકેટ અથવા શંકાસ્પદ મતદારો મળી આવ્યા હતા. જો સમગ્ર મતદાર યાદીની ચકાસણી કરવામાં આવે તો ૭૫,૦૦૦થી વધુ બનાવટી મતદારો મળી શકે તેમ છે.

આ ઉપરાંત તેમણે જણાવ્યું કે, વોટ ચોરી પાંચ અલગ અલગ રીતે કરવામાં આવે છે. જેમકે એક વ્યક્તિના બે અલગ અલગ વોટ, નામમાં સ્પેલિંગની ભૂલના કરીને નવા મતદાર બનાવવા, એપિક નંબર બદલીને નવા મતદાર તરીકે નોંધણી કરવી, અલગ અલગ ભાષામાં ફોર્મ ભરીને મતદાર યાદીમાં નામ ઉમેરવું તથા અલગ અલગ સરનામાં બતાવીને મતદાર તરીકે નોંધણી કરાવવી.

ગુજરાતમાં કેટલા મતદારોની ચોરી પકડાઇ શકે છે

અમિત ચાવડાએ કહ્યું, જો ચોર્યાસી વિધાનસભામાં આટલી ચોરી પકડાય અને જો આ મુજબ ગણતરી કરવામાં આવે તો ગુજરાતના કુલ ૫.૦૬ કરોડ મતદારોમાંથી ૬૨ લાખ મતદારોની ચોરી પકડાશે તેમ કહી શકાય. જો લોકશાહી બચાવવી હોય તો આ ચોરીને ખુલ્લી પાડવાની જવાબદારી આપણા સૌની છે. ગુજરાતના નાગરિકોના મતાધિકારનું રક્ષણ થાય, બંધારણીય અધિકારોનું પણ રક્ષણ થાય તે માટે દરેક ભૂતિયા મતદારોને ખુલ્લા પાડવામાં આવશે.

આ ઉપરાંત રવિવારે કલેક્ટર ઓફિસ સામે વોટર અધિકારી જનસભા યોજવામાં આવશે. જેમાં સમગ્ર ગુજરાતમાંથી કોંગ્રેસના નેતાઓ ઉપસ્થિત રહેશે અને વોટ ચોરને ખુલ્લા પાડવામાં આવશે. અમિત ચાવડાએ સ્પષ્ટ કહ્યું કે, આ લડાઇ કોઇ પક્ષ કે ચૂંટણીની હાર-જીતની નથી પરંતુ દેશની લોકશાહી અને બંધારણીય અધિકારોને બચાવવા માટેની છે. ■

# ઉકાઈ ડેમમાંથી ૯૫ હજાર ક્યુસેક પાણી તાપીમાં છોડાતા નદી બે કાંઠે છલકાઈ

## અધિકારીઓને સ્ટેન્ડ બાય રહેવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત અને ઉપરવાસમાં ભારે વરસાદને કારણે તાપી નદી બે કાંઠે છલકાઈ છે. ઉપરવાસમાં આવેલા ઉકાઈ ડેમમાંથી સતત પાણી છોડવામાં આવી રહ્યું છે, જેના કારણે નદીની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. હાલમાં ઉકાઈ ડેમમાંથી ૯૫ હજાર ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું છે.

હવામાન વિભાગ દ્વારા સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર દ્વારા માછીમારોને આગામી ત્રણ દિવસ સુધી દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે. આ સાથે જ, તમામ અધિકારીઓને સ્ટેન્ડ બાય રહેવા માટે આદેશ કરાયા છે.

કોઝવેએ પોતાની ભયજનક સપાટી (૬ મીટર) વટાવીને ૮.૪૩ મીટરની સપાટીએ પહોંચ્યો છે. કોઝવેમાંથી ૧.૬૦ લાખ ક્યુસેક પાણી તાપી નદીમાં વહી રહ્યું છે. નીચાણવાળા વિસ્તારોને એલર્ટ રહેવા માટે સૂચના આપવામાં આવી છે. ■

# અમદાવાદમાં એસજી હાઈવે પર કેફેની આડમાં ધમધમતું હુક્કાબાર ઝડપાયું

અમદાવાદઃ શહેરમાં એસજી હાઇવે પર કેફેની આડમાં ચાલતું હુક્કાબાર ઝડપાયું હતું. મહંમદપુરા રોડ પર આલા બ્રુ રોસ્ટ કેફેમાંથી વિવિધ હર્બલ ફ્લેવરની જગ્યાએ નિકોટીનયુક્ત હુક્કા આપવામાં આવતા હતા.

પોલીસે મળેલી બાતમીના આધારે કેફેમાં દરોડો પાડ્યો હતો. ફેકેમાં ખુલ્લી જગ્યામાં ટેબલ પર હુક્કા મુકવામાં આવેલા હતા અને ત્રણ ગ્રાહકો હુક્કો પીતા હતા. પ્રતિ હુક્કા દીઠ ૧૦૦૦ રૂપિયા અને દોઢ કલાક બેસવાનો સમય આપવામાં આવતો હતો. પોલીસને કેફેમાંથી ૨૪ હુક્કા અને ૪૦ પાઇપો તેમજ અલગ અલગ ફ્લેવર મળી આવી હતી. આ તમામ મુદ્દામાલ કબ્જે કરી ફ્લેવરને તપાસ માટે એફએસએલમાં મોકલી આપવામાં આવી હતી. પોલીસ દ્વારા કેફેના ચાલક અબ્દુલ હમીદ અને દિવ્યરાજસિંહને બોલાવી તેનું નિવેદન લેતા તેઓ પોતે આ કેફેના માલિક હોવાનું અને અગાઉ પણ તેમની વિરુદ્ધ કેસ થયો હોવાનું કહ્યું હતું. પોલીસ દ્વારા મોકલવામાં આવેલા હુક્કા ફ્લેવર અંગે એફએસએલના રિપોર્ટ આવ્યો હતો. જેમાં નિકોટીનનો ઉપયોગ થયો હોવાનું સામે આવ્યું હતું. ■

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને રેનબસેરામાં લોકોને લાવવા માટે બસોનું ભાડું ₹ ૭૧ લાખ ચૂકવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનદ્વારા ઘરવિહોણા લોકો માટે વિવિધ વિસ્તારોમાં રેન બસેરા બનાવવામાં આવ્યા છે. શહેરનાચાંદખેડામાં આવેલ ૪૦૦ લોકોની ક્ષમતાવાળા રેન બસેરા ચલાવવા માટે વાર્ષિક અંદાજે રૂ. ૨૫ લાખથી રૂ. ૫૦ લાખનો ખર્ચ કરે છે. જોકે, નિરાધારોને વિવિધ સ્થળોએથી આ અને અન્ય આશ્રયસ્થાનોમાં લાવવા માટે થતો વાર્ષિક ખર્ચ કેટલીક વાર આ આશ્રયસ્થાનોના નિભાવ ખર્ચ કરતાં પણ વધુ થાય છે.

છેલ્લા એક વર્ષથી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દરેક ઝોનમાં સ્ટાફ સાથે એએમટીએસબસો ગોઠવીને રસ્તાઓ, ફ્લાયઓવર અને પુલ નીચે સૂતા લોકોને નાઈટ શેલ્ટર્સમાં લાવવાની ઝુંબેશ ચલાવી રહ્યું છે. તાજેતરમાં સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવેલી બસ ભાડાની વિગતો મુજબ, ગયા વર્ષે એએમસીએ તેના ૩૩ નાના-મોટા રેનબસેરામાં બેઘર લોકોને લાવવા માટે બસોનું ભાડું રૂ. ૭૧ લાખ ચૂકવ્યું હતું. જ્યારે ૧ એપ્રિલ, ૨૦૨૪થી ૩૧ માર્ચ, ૨૦૨૫સુધીના ૭૩ વિવિધ કાર્યક્રમો માટે ઉપયોગમાં લેવાતી બસોનું કુલ ભાડું રૂ. ૬.૬૪ કરોડ હતું.

આમાંથી, ખાસ કરીને નિરાધારોને રેન બસેરામાં લઈ જવા માટેના ૧૫ બિલની રકમ રૂ. ૭૧ લાખ હતી. એપ્રિલ ૨૦૨૪ થી માર્ચ ૨૦૨૫ દરમિયાન, આ હેતુ માટે દર મહિને સરેરાશ ૭૦ થી ૮૦ બસો તૈનાત કરવામાં આવી હતી, અને માસિક ખર્ચ રૂ. ૨ લાખથી રૂ. ૭ લાખ સુધીનો હતો. એએમસીએ શહેરના જુદા જુદા ભાગોમાં લગભગ ૩૩રેન બસેરા બનાવ્યા છે, જેમાંથી સૌથી મોટું ચાંદખેડામાં છે, જેની ક્ષમતા ૪૦૦ લોકોની છે. આ સિવાય ૨૫ નાના રેન બસેરા પણ છે. એક નાના રેન બસેરાનો સંચાલન ખર્ચ રૂ. ૭ લાખથી રૂ.૮ લાખની વચ્ચે છે, જ્યારે મોટા રેન બસેરાનો ખર્ચ રૂ. ૨૫ લાખથી રૂ. ૫૦ લાખની વચ્ચે છે. તમામ ૩૩રેન બસેરા કુલ સંચાલન ખર્ચ અંદાજે રૂ.૩ કરોડથી રૂ.૩.૫૦ કરોડની વચ્ચે હોવાનો અંદાજ છે.કોર્પોરેશન દ્વારા નિકોલ અને લાંભામાં પણ ૪૦૦ લોકોની ક્ષમતાવાળા વધુ બે આશ્રયસ્થાનો બનાવવામાં આવી રહ્યા છે. ■

# સાવજ ડેરીના ચેરમેન દિનેશ ખટારિયાએ જવાહર ચાવડા સામે ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના રાજકારણમાં ભર ચોમાસે ગરમાવો આવ્યો હતો. સાવજ ડેરીના ચેરમેન દિનેશ ખટારિયાએ જવાહર ચાવડા સામે ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો હતો. ખટારિયાના આરોપ મુજબ, પૂર્વ પ્રધાને મળતિયાઓ પાસેથી ૨૫-૨૫ લાખ લઈ જૂનાગઢ ડિસ્ટ્રીક્ટ બેંકમાં ભરતીનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પાટીલને કહી મેં ઓર્ડર અટકાવ્યા હતા.

દિનેશ ખટારીયાએ જણાવ્યું કે, ૧૯૮૮-૮૯માં માણાવદરમાં માર્કેટિંગ યાર્ડની સ્થાપના થઈ ત્યારથી ૨૦૨૧-૨૨ સુધી જવાહર ચાવડા તેના ચેરમેન રહ્યા હતા. આ ૩૫ વર્ષના સમયગાળામાં ખેડૂતો પાસેથી સેસ પેટે રૂ. ૫૦ કરોડથી વધુની માતબર રકમ ઉઘરાવવામાં આવી હતી, જેના મારી પાસે વર્ષવાર આંકડા છે. તેમણે આરોપ લગાવ્યો કે, ૧૯૯૦માં જ્યાં રૂ. ૫૦૦૦માં એક વીઘા જમીન મળતી હતી, તે સમયથી માંડી અત્યાર સુધી રૂ. ૫૦ કરોડનું કાગળ પર કામ કરી નાખવામાં આવ્યું હતું. કાગળ સિવાયના પણ કરોડો રૂપિયાના વ્યવહારો થયા હતા. આ ઉપરાંત તેમણે કહ્યું, જવાહર ચાવડાએ સત્તાનો દુરુપયોગ કરીને માર્કેટિંગ યાર્ડના ભોગે પોતાના અંગત કામ માટે કર્મચારીઓનો દુરુપયોગ કર્યો હતો. ખટારિયા ઉપરાંત અરવિંદ લાડાણીએ આક્ષેપ કરી કહ્યું કે, જવાહર ચાવડા યાર્ડમાં શાસન દરમિયાન કોઈને રોજગારી અપાવી શક્યા નથી તે હવે રોજગારી સહાયતા અભિયાનની વાત કરી રહ્યા છે. ખટારિયાએ કહ્યું કે, જવાહર ચાવડાની માનસિકતા એવી છે કે, સમાજનો હોય કે પાર્ટીનો કાર્યકર્તા હોય મોટો થાય એટલે તેને ડામી દેવાનું. આ ભાજપમાં ન કરી શક્યા એટલે પેટમાં તેલ રેડાયું છે અને નીકળી પડ્યા છે. ■

# સુરતમાં મનપાના કચરાની ગાડીની ટક્કરથી સ્ટેટ લેવલની રનરનું કરુણ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં અકસ્માતની વધુ એક ઘટના બની હતી. મનપાની કચરાની ગાડીની અડફેટે ૨૦ વર્ષની સ્ટેટ લેવલની રનરનું મોત થયું હતું. મનપાના કચરાના ટેમ્પો ચાલકે તેને ટક્કર મારતાં તેણી મોપેડ પરથી પટકાઇ હતી અને ગંભીર ઇજા થવાથી ઘટના સ્થળે જ મોત થયું હતું.

મળતી વિગત પ્રમાણે, ૧૯ વર્ષીય વિધિ કદમ સ્ટેટ લેવલ રનર તરીકે ઓળખાતી હતી અને તે નિયમિત રીતે ફિટનેસ માટે જીમ જતી હતી. સવારે તે પનાસ વિસ્તારમાંથી પોતાના મોપેડ પર પસાર થઈ રહી હતી, તે દરમિયાન સુરત મનપાના કચરાના ટેમ્પો ચાલકે તેને બેફામ રીતે ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે વિધિ કદમ મોપેડ પરથી નીચે પટકાઈ અને તેને ગંભીર ઈજાઓ થતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ ખટોદરા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે કચરા ગાડીના ચાલકને ઝડપી પાડીને વધુ તપાસ હાથ ધરી હતી. આ દુર્ઘટનાના પગલે વિધિના પરિવારમાં અને સમગ્ર શહેરમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. સ્ટેટ લેવલની પ્રતિભા ધરાવતી યુવતીનું આ રીતે કરુણ મોત થવાથી રમતગમત જગતમાં પણ ગમગીની છવાઈ ગઈ હતી.

સુરત મહાનગર પાલિકાની કચરાની ગાડીએ અકસ્માત સર્જ્યો તેના ડ્રાઇવર પાસે પાકું ડ્રાઇવિંગ લાઇસન્સ પણ નહતું. તે લર્નિંગ લાઇસન્સ પર જ મનપાનો ટેમ્પો ચલાવતો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ■

# ઈન્ટરનેશનલ સાયબર ક્રાઈમનો પર્દાફાશ

## અમદાવાદ એસઓજીએ એક આરોપીને ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ એસઓજી ક્રાઈમ બ્રાન્ચને ઇન્ટરનેશનલ સાયબર ક્રાઇમના ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી. દુબઇથી અમદાવાદ આવેલા એક શખ્સને એસઓજીએ ઝડપી લીધો હતો. આ આરોપી આઠ દિવસ પહેલા દુબઈથી ભારત આવી અમદાવાદ એરપોર્ટ સર્કલ પાસે આવેલી હોટલમાં રહ્યો હતો. જેને ઝડપી લઈ તપાસ કરતા કચ્છ ગાંધીધામ આદિપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનામાં ૧૯ બેંકોમાંથી સાડા ૧૩ કરોડના ટ્રાન્ઝેક્શન મળ્યા હતા.

ગુજરાતના કચ્છ પૂર્વ ગાંધીધામ, આદીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલા સાયબર ક્રાઇમના અલગ અલગ ગુનાઓનો એસઓજી ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. આ અંગેની વિગત આપતા એસઓજી ક્રાઈમ બ્રાન્ચના એસીપી બી. સી. સોલંકીએ જણાવ્યું હતું કે, આઠ દિવસ પહેલા દુબઈથી ભારતમાં આવેલા અને નાસતા ફરતા આરોપી દિલીપ ઉર્ફે મોનું સંગતાણીની ધરપકડ કરી છે જે કચ્છ ગાંધીધામનો રહેવાસી છે અને અમદાવાદ એરપોર્ટ સર્કલ પાસે આવેલી મહેર ઇન હોટલમાંથી તેને ઝડપી લેવામાં આવ્યો છે અને આગળની તપાસની કાર્યવાહી માટે આરોપીને કચ્છ પૂર્વ ગાંધીધામ સાયબર ક્રાઇમને સોંપવામાં આવ્યો છે.

પકડાયેલા આરોપી દિલીપ ઉર્ફે મોનું સંગતાણીની પૂછપરછ કરતા આરોપીની સાયબર ક્રાઇમની જે મોડસ ઓપરેન્ડી સામે આવી છે તે પ્રમાણે આરોપી અગાઉ પોલીસમાં પકડાયેલા તેના ભાઈ નરેશ સંગતાણી તેમજ અન્ય લોકો સાથે મળી જરૂરિયાતમંદ લોકોને બેંક એકાઉન્ટમાં ખાતા ખોલાવવાની લાલચ આપતો હતો. અલગ અલગ એકાઉન્ટ ધારકોને લોભ લાલચ આપી બેંક એકાઉન્ટ ખોલાવી એકાઉન્ટ ધારકો પાસેથી નવા ખોલાયેલા બેંક એકાઉન્ટની કીટ મેળવી લેતો હતો અને મુંબઈથી મેળવેલા સીમકાર્ડ નંબરો આ બેન્ક એકાઉન્ટમાં રજિસ્ટર્ડ કરાવતો હતો.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે બેંકમાં ખાતું ખોલાવનારને ૧૦ ટકા કમિશન આપતો હતો. એટલે કે તેમના ખાતામાં ૧ કરોડનું ટ્રાન્ઝેક્શન કરવાના ૧૦ લાખ એવી રીતે ૧૦ ટકાના કમિશનની લાલચ આપી ખાતામાં ટ્રાન્ઝેક્શન કરાવતો હતો. આરોપી દુબઈમાં જય ક્રિકેટનો મોટો સટ્ટો રમતો હતો. ક્રિકેટના સટ્ટા માટે તે દુબઈના સટોડિયાઓ સાથે પણ સંકળાયેલો હતો. આરોપી દોઢ બે મહિનાથી દુબઇથી અહીં અવરજવર કરતો હતો. તે ત્રણ ચાર વર્ષથી આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલો છે. હાલમાં તેનો ભાઈ નરેશ કચ્છ જેલમાં આ ગુના સજા કાપી રહ્યો છે. આરોપી દિલીપ પણ વર્ષ ૨૦૨૪ના એક અન્ય ગુનામાં વોન્ટેડ આરોપી છે. હાલમાં આ મામલે તપાસ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ■

# અમદાવાદને સ્વચ્છ રાખનાર સફાઈ કર્મચારીને એવોર્ડ મળશે

## ઈનામ આપી ફોટા ઓફિસમાં લગાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્વચ્છતા સર્વેક્ષણ વર્ષ ૨૦૨૪-૨૦૨૫ અંતર્ગત અમદાવાદ શહેરને ૧૦ લાખથી વધુ વસ્તીવાળાં શહેરો પૈકી દેશનું સૌથી સ્વચ્છ શહેરને પ્રથમ નંબર મળ્યો છે. શહેરની સ્વચ્છતા અને સુંદરતા જાળવી રાખવાના ભાગરૂપે શહેરનાં ૭ ઝોનનાં તમામ વોર્ડમાં રોજેરોજ કરવામાં આવતી રસ્તાઓની સફાઈની મેન્યુઅલ કામગીરીમાં રોકાયેલા સફાઈ કર્મચારીઓમાં પણ સ્વચ્છતા જાળવણી બાબતે સ્પર્ધાત્મક તુલના થઈ પ્રોત્સાહન મળી રહે તેના માટે હવે દરેક વોર્ડમાં સૌથી શ્રેષ્ઠ સફાઈ કરનાર કર્મચારીને એવોર્ડ આપવામાં આવશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તમામ ૪૮ વોર્ડમાં શ્રેષ્ઠ સફાઈ કામદાર સ્પર્ધા યોજશે. દરરોજ દરેક બીટમાં સફાઈ કર્મચારીની કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવશે. દરેક વોર્ડ દીઠ ૩ શ્રેષ્ઠ કર્મચારીઓની પસંદગી કરીને તેઓને અઠવાડિક ધોરણે એવોર્ડ આપવામાં આવશે. ત્રણ કેટેગરીમાં સફાઈ કામદારની થતા નક્કી કરવામાં આવશે જેના આધારે તેને એવોર્ડ આપવામાં આવશે. અઠવાડિક ધોરણે કેટેગરી દીઠ વોર્ડ મુજબ ૩ બેસ્ટ સફાઈ કામદારો નક્કી કરવાનાં રહેશે. જે માટે દરેક ઝોનમાં વોર્ડ લેવલે પી.એચ.એસ., ઝોનના ડે.ડાયરેક્ટર તથા સબ ઝોનના આસી. મ્યુનિ.કમિશનર મારફતે નક્કી કરવાનું રહેશે.

ત્રણ શ્રેષ્ઠ સફાઈ કામગીરી કરનારા કર્મચારીઓના એ૪ સાઇઝમાં કલર ફોટોગ્રાફ વોર્ડ ઓફિસોમાં 'મારી બીટ-મારું ગૌરવ' અભિયાન હેઠળ લગાડવવામાં આવેલા નોટિસ બોર્ડ ઉપર દર અઠવાડિયે લગાવવામાં આવશે અને પ્રોત્સાહક ઈનામ-સન્માન કરાવવામાં આવશે. આ સફાઈ કર્મચારીઓના ફોટા અને વોર્ડ-મસ્ટર, એમ્પ્લોય નંબર, બીટ કામગીરીનું સ્થળ વગેરે સાથેની માહિતી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં મોકલવામાં આવશે, જેથી તેમની આ બાબતની નોંધ પણ લેવામાં આવશે.

સતત ત્રણ વખત સૌથી શ્રેષ્ઠ સફાઈ કર્મચારી તરીકે પસંદગી પામેલા સફાઈ કામદારને ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર દ્વારા સન્માનિત કરવામાં આવશે. દરેક વોર્ડ વાઇઝ પસંદગી કરવામાં આવેલા ત્રણ શ્રેષ્ઠ સફાઈ કર્મચારીઓને અઠવાડિક ધોરણે પ્રતિ કર્મચારી ૧૦૦૦ રૂપિયા સુધીનાં મૂલ્યનો એવોર્ડ- ઇન્સેન્ટીવ આપવા માટેની કામગીરી અમલ કરવા માટેની સૂચના મ્યુનિસિપલ કમિશનર દ્વારા આપવામાં આવી છે. ■

# નાહુરમાં સિંગાપોર સ્ટાઈલનું બર્ડ પાર્ક બનશે
# પાલિકાએ ૧૬૬ કરોડ રૂપિયાના ટેન્ડર બહાર પાડયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાએ પૂર્વ ઉપનગરના નાહુરમાં બર્ડ પાર્ક બનાવવા માટે ૧૬૬ કરોડ રૂપિયાનું મહત્વાકાંક્ષી ટેન્ડર શુક્રવારે બહાર પાડયું હતું. આ બર્ડ પાર્કમાં વિદેશી પક્ષીઓની સાથે જ સ્વદેશી પક્ષીઓ પણ રહેશે.

પાલિકા પ્રસ્તાવિત આ બર્ડ પાર્ક મુંબઈગરા માટે એક નવું મનોરંજન સ્થળ બની રહેશે. આ પાર્કમાં સ્વિમિંગ પૂલ, બાસ્કેટ બોલ કોર્ટ અને ટેનિસ કોર્ટ સાથેનો લીલોછમ બગીચો પણ હશે. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ સિંગાપોરના જુરોંગ બર્ડ પાર્કની થીમ પર આ બર્ડ પાર્ક બનાવવામાં આવી રહ્યું છે, જયાં હાલ ૪૦૦ પ્રજાતિના પક્ષીઓ રહે છે.

હાલ મુંબઈમાં ભાયખલાના પ્રાણી સંગ્રહાલયમાં (રાણીબાગ)ની અંદર એક બર્ડ પાર્ક છે. નાહુરમાં પ્રસ્તાવિત બર્ડ પાર્ક શરૂ થયા બાદ પ્રાણીબાગના અમુક પક્ષીઓનું અહીં સ્થળાંતર કરવામાં આવશે. તો અમુક નવા પક્ષીઓને પણ અહીં લાવવામાં આવશે.

પાલિકાના અધિકારીના જણાવ્યાં મુજબ નાહુરમાં બર્ડ પાર્ક બનાવવા માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીને બે અલગ અલગ પ્રસ્તાવ મોકલવામાં આવ્યા હતા. આ પાર્ક ખાસ પક્ષીઓને માટે જ સમર્પિત હશે અને તે મોટી સંખ્યામાં પર્યટકોને આકર્ષશે. આ બર્ડ પાર્કમાં અલગ અલગ ઝોન વિકસાવવામાં આવશે જયાં ચોક્કસ ઝોનના પક્ષીઓને રાખવામાં આવશે. આ ઝોનમાં વિવિધ પ્રદેશોના રહેઠાણ અને સાંસ્કૃતિક પાસાઓનું અનુકરણ કરશે,જે પર્યટકોને મદદરૂપ થશે.

આ પક્ષીસંગ્રહાલય ૧૭,૧૫૦ ચોરસ મીટર અથવા ૬.૫ એકર વિસ્તારમાં ફેલાયેલું હશે અને તેને ૨૦૨૮ની સાલ સુધીમાં શરૂ કરવાની પાલિકાની યોજના છે. આ બર્ડ પાર્કમાં આફ્રિકા ઝોન, ઓસ્ટ્રેલિયા ઝોન અને યુએસએ ઝોન સહિત અનેક વિભોગમાં વિભાજિત કરવામાં આવશે. આ ઝોનમાં ખાસ કરીને આ પ્રદેશોના પક્ષીઓને રાખવામાં આવશે.

પાલિકાએ શુક્રવારે બહાર પાડેલા ટેન્ડર મુજબ આ બર્ડ પાર્કમાં ૨૨ વિવિધ પ્રજાતિના પક્ષીઓ હશે, જેમાં અમુક પક્ષીઓ સન કોન્યુર, ગોલ્ડન ક્યુનર, એક્સેકટસ પોપટ, આફ્રિકન ગ્રે પોપટ, શાહમૃગ, ટોકો ટુકન અને બ્લેક સ્વાન વગેરેનો સમાવેશ થાય છે. પેલિકન, બતક અને શાગમૃગ જેવા પક્ષીઓને સમાવવા માટે અહીં સમર્પિત હોલ્ડિંગ એરિયા પણ બનાવશે, જેમાં કૃત્રિમ જળાશયો અને પક્ષીઓના કુદરતી નિવાસ સ્થાનની પ્રતિકૃતિ સમાન જગ્યા ઉભી કરવામાં આવશે. પક્ષીઓને રાખવા ઉપરાંત આ પ્રોજેક્ટમાં મોટા પ્રમાણમાં માળખાકીય સુવિધાઓના કામનો પણ સમાવેશ થાય છે, જેમાં અન્ડર ગ્રાઉન્ડ પાર્કિંગ સિસ્ટમના નિર્માણનો પણ સમાવેશ થાય છે. એક વખતમાં અહીં ૬૦થી વધુ વાહનો પાર્ક કરી શકાશે. ■

## ઉલ્હાસનગરના જુવેનાઈલ હોમમાંથી છ છોકરી ફરારઃ બેને શોધી કઢાઈ

થાણેઃ ગેટનો સિક્યોરિટી ગાર્ડ જમવા ગયો ત્યારે ચાવીની મદદથી દરવાજો ખોલી જુવેનાઈલ હોમની છ છોકરી રફુચક્કર થઈ ગઈ હતી. પોલીસે સર્ચ ઑપરેશન હાથ ધરી બે છોકરીને શોધી કાઢી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના બુધવારની બપોરે બની હતી. જુવેનાઈલ હોમમાં રાખવામાં આવેલી છોકરીઓએ મુખ્ય ગેટની ચાવી મેળવી હતી. બાદમાં સિક્યોરિટી ગાર્ડ જમવા ગયો ત્યારે દરવાજો ખોલી છ છોકરી નાસી ગઈ હતી.

થાણે જિલ્લાના વિવિધ પરિસર અને મીરા-ભાયંદરમાંથી તાબામાં લેવાયેલી છોકરીઓને આ હોમમાં રાખવામાં આવી હતી.

છોકરીઓ ફરાર થતાં હિલ લાઈન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ડેપ્યુટી પોલીસ કમિશનર સચિન ગોરેના માર્ગદર્શન હેઠળ પોલીસે સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું. પોલીસની ટીમે બે છોકરીને તેમના ભાયંદરના ઘરેથી પકડી પાડી હતી. તેમને ફરી જુવેનાઈલ હોમમાં લઈ જવાઈ હતી. (પીટીઆઈ)■

## ડોંગરીમાં ગળું દબાવી યુવકની હત્યા

મુંબઈઃ દક્ષિણ મુંબઈના ડોંગરી વિસ્તારમાં ગળું દબાવી યુવકની હત્યા કરવામાં આવી હોવાની ઘટના પ્રકાશમાં આવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ અરફાત મેહબૂબ ખાન (૨૬) તરીકે થઈ હતી. ખાનનો મૃતદેહ શુક્રવારની રાતે ડોંગરીના લિબર્ટી હાઉસ ગેટ નજીકથી મળી આવ્યો હતો. ખાનનો ભાઈ ગેટ પાસે પહોંચ્યો ત્યારે તેને મૃતદેહ નજરે પડ્યો હતો.

બનાવની જાણ થતાં ડોંગરી પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફોરેન્સિક ટીમને પણ બોલાવવામાં આવી હતી. ખાનની ગરદન અને ગળા પર નિશાન હોવાથી ગળું દબાવી તેની હત્યા કરાઈ હોવાનું પ્રથમદર્શી જણાયું હતું.

આ પ્રકરણે પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો. આરોપીની ઓળખ મેળવવા માટે પોલીસ ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. (પીટીઆઈ) ■

## વીજળી ગૂલ થવાથી ટીએમટી બસ સેવાઓ પર અસરઃ ૧૨૩ માંથી ફક્ત ૧૭ ઈલેક્ટ્રિક બસો ઉપલબ્ધ

થાણેઃ ગયા અઠવાડિયે, રસ્તાના ખોદકામના કારણે વીજળી ગુલ થવાને કારણે થાણે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ અંડરટેકિંગ (ટીએમટી)ની ૧૨૩ માંથી ૩૧ ઇલેક્ટ્રિક બસો મુસાફરોના પરિવહન માટે ઉપલબ્ધ હતી. શનિવારે ફરી આવી જ ઘટના બની. ટેકનિકલ કારણોસર શુક્રવારે રાત્રે મહાવિતરણ દ્વારા વીજ પુરવઠો કાપી નાખવામાં આવતા થાણે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ અંડરટેકિંગની ઇલેક્ટ્રિક બસોની ચાર્જિંગ સુવિધા ખોરવાઈ ગઈ હતી. આને કારણે, ૧૨૩ બસોમાંથી માત્ર ૧૭ બસો મુસાફરોના પરિવહન માટે ડેપોની બહાર છે, જેની અસર નાગરિકો પર પડી છે.

થાણે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ અંડરટેકિંગ (ટીએમટી) પાસે તેના કાફલામાં ૪૫૩ બસો છે, જેમાંથી ૩૬૩ બસો મુસાફરોના પરિવહન માટે ઉપલબ્ધ છે. આને કારણે વહીવટીતંત્ર બસોની સંખ્યા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. આના ભાગરૂપે, પરિવહન વહીવટીતંત્રે બજેટમાં દાવો કર્યો હતો કે ૨૬૦ ઇલેક્ટ્રિક બસો, જેમાં ૧૦૦ પીએમ ઇ-બસ યોજનામાંથી અને ૧૬૦ કેન્દ્ર સરકારની એનસીએપી યોજનામાંથી હશે, એક વર્ષમાં ઉપલબ્ધ થશે. હાલમાં, ટીએમટી પાસે ૧૨૩ ઇલેક્ટ્રિક બસો છે. થાણે શહેરની વસ્તી ૨૫ લાખને વટાવી ગઈ છે.

પુણેમાં સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ રોડ ટ્રાન્સપોર્ટ (સીઆઈઆરટી)ની માર્ગદર્શિકા અનુસાર, દર ૧ લાખ વસ્તી માટે ૩૦ બસો હોવી જોઈએ. આ મુજબ, શહેરને કુલ ૮૨૫ બસોની જરૂર છે, જેમાં લગભગ ૭૫૦ અને ૧૦ રિઝર્વ બસોનો સમાવેશ થાય છે. વાસ્તવમાં મુસાફરોની સુવિધા માટે ૩૬૩ બસો ઉપલબ્ધ હોવાથી બસોની સંખ્યા મુસાફરોની સંખ્યા કરતા ઓછી છે.

ચાર્જિંગના અભાવે, શનિવારે સવારે મુસાફરોની સુવિધા માટે ૧૨૩ બસોમાંથી માત્ર ૧૭ બસો ડેપોમાંથી નીકળી હતી. આનાથી કામ પર જતા મુસાફરોને અસર થઈ. સૂત્રોએ માહિતી આપી હતી કે ચાર્જિંગના અભાવે બસો ડેપોમાં પાર્ક કરવામાં આવી હોવાથી ટ્રાન્સપોર્ટ એન્ટરપ્રાઇઝને લગભગ ૪ થી ૫ લાખનું નુકસાન થયું હતું. ■

## બંધારણમાં સુધારો કરવામાં કોઈ નુકસાન નથીઃ રાઉત

મુંબઈઃ શિવસેના (યુબીટી) ના નેતા સંજય રાઉતે શનિવારે કહ્યું હતું કે શિક્ષણ અને સરકારી નોકરીઓમાં અનામતની માંગણીઓ પૂર્ણ કરવા માટે બંધારણમાં સુધારો કરવામાં કોઈ નુકસાન નથી.

રાઉતે ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકાર પર રાજકીય લાભ માટે અન્ય પછાત વર્ગો અને મરાઠાઓ વચ્ચે ફાટ પાડવાનો આરોપ લગાવ્યો હતો.

રાઉતની ટિપ્પણીઓ મરાઠા ક્વોટા કાર્યકર્તા મનોજ જરંગે દ્વારા ઓબીસી શ્રેણી હેઠળ મરાઠાઓ માટે ૧૦ ટકા ક્વોટાની માગણીને આગળ ધપાવવા માટેની ભૂખ હડતાળ વચ્ચે આવી છે.

સેના (યુબીટી) ના સાંસદે ધ્યાન દોર્યું હતું કે જો અનામતનો મુદ્દો કેન્દ્ર સરકારના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે, જયાં ભાજપ સત્તામાં છે. ■

## મરાઠા આંદોલનના સવાલો એકનાથ શિંદેને પૂછોઃ રાજ ઠાકરે

થાણાઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના અધ્યક્ષ રાજ ઠાકરેએ શનિવારે આંદોલનકારી મનોજ જરાંગેના વડપણ હેઠળ ચાલી રહેલા મરાઠા આરક્ષણ આંદોલન અંગેના સવાલોને ફગાવી દીધા હતા અને આ સવાલોના જવાબો નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પાસે છે એમ સંભળાવ્યું હતું.

દક્ષિણ મુંબઈના આઝાદ મેદાન ખાતે જરાંગેની ભૂખ હડતાળ શનિવારે બીજા દિવસમાં પ્રવેશી હતી.રાજ્ય સરકાર મરાઠા સમુદાય માટે અનામત જાહેરાત કરે તે પછી જ તેઓ શહેર છોડશે એવું મક્કમ વલણ આંદોલનકારીઓએ અપનાવ્યું હતું. આંદોલનના હજારો સમર્થકોએ રાજ્યના વિવિધ ભાગો, ખાસ કરીને મરાઠવાડાથી મુંબઈ આવ્યા હતા.

આ આંદોલન અંગે સંવાદદાતાઓ દ્વારા પૂછવામાં આવેલા સવાલના જવાબમાં રાજ ઠાકરેએ કહ્યું હતું કે આ તમામ સવાલોના જવાબ એકનાથ શિંદે આપશે. શું નવી મુંબઈ જઈ શિંદેએ આ સમસ્યાનો નિવેડો લાવી દીધો છે? જો એમ હોય તો ફરીથી આવું આંદોલન શા માટે? એવા વળતા સવાલ કરી મનસેના અધ્યક્ષે ઉમેર્યું હતું કે ભૂતકાળમાં શું બન્યું હતું તે સૌ જાણે છે એટલે આ બધા પ્રશ્નો શિંદેને જ કરવા જોઈએ.

ગયા વર્ષે જાન્યુઆરીમાં શિંદેના વડપણ હેઠળની તત્કાલીન સરકારે કરેલી વિનંતીને પગલે જરાંગેની મુંબઈ તરફની કૂચ નવી મુંબઈના વાશી ખાતે અટકી ગઈ હતી. એ વખતે શિંદેએ અનામતની માગણીઓ માન્ય રાખવામાં આવશે તેવી ખાતરી આપી હતી. (પીટીઆઈ)■

તેરમાં પાનાનું ચાલુ

### દક્ષિણ મુંબઈ

મુદત માટે ભૂખ હડતાળ શરૂ કરી હતી. આ હડતાળ બીજે દિવસે શનિવારે પણ ચાલુ રહી હતી, જેને પગલે હજારો કાર્યકરોએ આઝાદ મેદાન આસપાસના પરિસરમાં ધામા નાખ્યા હતા. આંદોલન કરનારા રસ્તા પર બેસી જતાં દક્ષિણ મુંબઈ તરફ જતો ટ્રાફિક ઠપ થઈ ગયો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ શનિવારે સવારના સમયે સીએસએમટી બહાર કાર્યકરોએ રસ્તો જૅમ કરી નાખ્યો હતો, જેને પગલે વાહનવ્યવહાર થંભી ગયો હતો. સમજાવટ પછી કાર્યકરોને દૂર કરવામાં આવતાં વાહનવ્યવહાર ધીમી ગતિએ ચાલુ થયો હતો. આંદોલનકારીઓને સમજાવવામાં પોલીસે ખાસ્સી જહેમત ઉઠાવવી પડી હતી. બપોર બાદ ફરી દેખાવકારો રસ્તા પર ધસી આવ્યા હતા, જેને કારણે વાહનવ્યવહાર ફરી રોકી દેવો પડ્યો હતો. સાંજ સુધીમાં જે. જે. ફ્લાયઓવર બંધ થતાં આખો મોહમ્મદ અલી રોડ વાહનોથી ભરાઈ ગયો હતો. દક્ષિણ મુંબઈ આવવા માટે નાગરિકોએ ઘણી હાલાકી ભોગવવી પડી હતી. આંદોલન દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેની પૂરી તકેદારી પોલીસ દ્વારા લેવામાં આવી હતી. સુરક્ષાવ્યવસ્થા માટે પોલીસ સાથે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ, સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ અને રેપિડ ઍક્શન ફોર્સના જવાનોને પણ તહેનાત કરી દેવામાં આવ્યા હતા. આવી જ સ્થિતિ સીએસએમટી સ્ટેશન પરિસરમાં પણ હતી. સ્ટેશનો પર બેઠેલો અને સૂતેલા આંદોલનકારીઓ જોવા મળ્યા હતા. ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી) અને રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ)ના જવાનો દેખાવકારોને સ્ટેશન પરિસર ખાલી કરવા અને શાંતિ જાળવવાની વિનંતી કરતા નજરે પડ્યા હતા.

મેટ્રો સિનેમાથી સીએસએમટી તરફ આવતા માર્ગ પર દેખાવકારોએ વાહનો પાર્ક કરી દેતાં સામાન્ય વાહનવ્યવહાર માટે એ માર્ગ બે દિવસથી બંધ રહ્યો હતો. સીએસએમટી બહારના માર્ગને પણ જૅમ કરવામાં આવતાં બેસ્ટની બસો અને અન્ય વાહનો લગભગ બે કલાક એક જ સ્થળે ઊભાં હતાં. સદ્નસીબે ટ્રાફિક પોલીસ અને પોલીસ અધિકારીઓ એમ્બ્યુલન્સ માટે માર્ગ મોકળો કરી શક્યા હતા. બેસ્ટના અધિકારીએ જણાવ્યું હતું કે શનિવાર સવારથી લગભગ ૨૪ જેટલા રૂટ પરની બસોને આંદોલનની અસર થઈ હતી.

### મરાઠાઓ બીજા દિવસે પણ પિકનિક મૂડમાં ગેટવે ઓફ ઈન્ડિયા, નરીમાન પોઈન્ટ જેમ

મરાઠા અનામત માટે મુંબઈના આઝાદ મેદાન પહોંચેલા રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં મરાઠા દેખાવકારોએ બીજા દિવસે પણ મુંબઈમાં પર્યટનનો આનંદ માણવાનું ચાલુ રાખ્યું હતું. ગેટવે ઓફ ઇન્ડિયા, નરીમાન પોઇન્ટ અને તાજ હોટલની સામે મોટી સંખ્યામાં મરાઠા પ્રદર્શનકારીઓ એકઠા થતા જોવા મળ્યા હતા. ગેટવે ઓફ ઇન્ડિયા ખાતે યુવા આંદોલનકારીઓ ડ્રમ્સના તાલે નાચતા જોવા મળ્યા હતા.રાજ્યના ખૂણે ખૂણેથી ખાસ કરીને મરાઠવાડાથી મોટી સંખ્યામાં મરાઠા આંદોલનકારીઓ શુક્રવારે મુંબઈ પહોંચી ગયા હતા. શનિવારે પણ રાજ્યના ખૂણે ખૂણેથી પ્રદર્શનકારીઓ આવી રહ્યા હોવાથી મુંબઈ તરફ આવતા થાણે ક્રીક બ્રિજ, અટલ સેતુ, ઈસ્ટર્ન ફ્રીવે પર શનિવારે ભારે ટ્રાફિક જામ થઈ ગયો હતો. આઝાદ મેદાન કાદવ કીચડવાળું હોવાથી મુંબઈ પહોંચેલા ઘણા આંદોલનકારીઓએ પિકનિકને પ્રાધાન્ય આપ્યું હતું. ■

### આંદોલનકારીઓ કાદવ

પાલિકા મુખ્યાલયની સામે રસ્તા પર, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસની અંદર તેમ જ તેના બહારના પરિસરમાં અને જ્યાં જગ્યા મળે ત્યાં બેસી ગયા હતા. જોકે અનેક આંદોલનકારીઓ કીચડમાં જ મરોન જરાંગેની સામે બેસી રહ્યા હોવાનું જણાયું હતું. જોકે બાદમાં પાલિકાએ કીચડ હટાવીને ખડી નાખી હતી. ■

### ગણેશ ભક્તોની

વિદ્યાવિહાર અપ એન્ડ ડાઉન સ્લો લાઇન પર ટ્રેનની અવરજવર બંધ કરવાનું નક્કી કર્યું હતું. ચિંચપોકલી અને કરી રોડ રેલવે સ્ટેશનો પર ટ્રેન નહીં ઊભી રહે એવો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગણેશોત્સવ નિમિત્તે ચિંચપોકલી અને કરી રોડ સ્ટેશનો વચ્ચે લાખો મુસાફરો પ્રવાસ કરે છે. બ્લોકને કારણે લાલબાગના રાજા, ચિંચપોકલીના ચિંતામણી સહિત લાલબાગ, ચિંચપોકળી, કરી રોડ વિસ્તારમાં ગણપતિના દર્શને જતા ભક્તોને ભારે હાલાકી થશે એવા સંકેત હતા. ■

### પાણી બંધ કરવાનો

રહે તે માટે ફાયરબ્રિગેડની મદદથી હાઈ વોલ્ટેજની લાઈટ બેસાડવામાં આવી છે. આંદોલનકારીઓ માટે પીવાના પાણીના ૧૧થી વધુ ટેન્કર ઉપલબ્ધ કરી આપ્યા હતા. આઝાદ મેદાન અને પરિસરના તમામ સાર્વજનિક શૌચાલયો તથા પૈસા આપીને વાપરવામાં આવતા શૌચાલયો પણ મફતમાં ઉપલબ્ધ કરી આપ્યા છે. મોટી સંખ્યામાં મોબાઈલ ટોઈલેટની સાથે જ મેટ્રો થિયેટર પાસે ફેશન સ્ટ્રીટ પાસે ફૂટપાથ પર તેમ જ આજુબાજુના પરિસરમાં ૨૫૦ સીટિંગવાળા શૌચાલય મફતમાં ઉપલબ્ધ કરી આપવામાં આવ્યા છે. આંદોલન સ્થળ સહિત આજુબાજુના પરિસરની સફાઈ કર્મચારીઓ દ્વારા સતત સફાઈ કરાવવાની સાથે જ પેસ્ટ કંટ્રોલ કરાવવમાં આવી રહ્યું છે. ■

## હિન્દુ મરણ

**કપોળ**

નાના રાજકોટવાળા સ્વ. વસંતબેન રમણિકલાલ વલિયાના સુપુત્ર સુકેતુભાઇ (ઉં. વ. ૭૬) તા. ૨૮-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે વીણાબેનના પતિ. અરુણાબેન નિર્મળભાઇ દેસાઇના ભાઇ. સ્વ. લક્ષ્મીબેન મંગળદાસ હીરજી પૂંજાણીના જમાઇ. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. લક્ષ્મીબેન કટારીયા (ઉં. વ. ૮૨) ગામ રતડિયા હાલ મુલુંડ તા. ૨૯-૮-૨૫ શુક્રવારના રામશરણ પામેલ છે. સ્વ. પાર્વતીબેન ગોપાલજીના પુત્રવધૂ. સ્વ. મોહનલાલ ગોપાલજીના ધર્મપત્ની. સ્વ. વેલજી માવજી પલણ મોટી વીરાણીના પુત્રી. ગીરીશ, લહેરી, મંજુલાબેન જયેશભાઇ કોઠારી, અલ્પાબેન પરેશભાઇ સચદેના માતુશ્રી. જયોતિબેન તથા ગીતાબેનના સાસુમા. સ્નેહા જગદીશકુમાર, ધવલ, વીકી, પૂજા, યશના દાદીમા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૧-૮-૨૫ રવિવારના સાંજે ૫.૩૦થી ૭. ઠે. સારસ્વત વાડી, ૧લે માળે, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), બૈરાઓએ તેજ દિવસે આવી જવું, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. હંસાબેન ઠક્કર (કક્કડ) (ઉં. વ. ૮૨) કચ્છ ગામ ભાડરા હાલ મુલુંડ તા. ૨૯-૮-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. સ્વ. કાશીબાઇ મોરારજી ચંદે ગામ લાયજાની સુપુત્રી. સ્વ. પુરુષોતમ દેવજી ઠક્કરના ધર્મપત્ની. સ્વ. પ્રીતિ, પ્રવિણા, મુકેશ, ભાવેશ તથા જયશ્રીના માતુશ્રી. ગિરીશ, સંજય, મનિષ, શ્વેતલ તથા લીનાના સાસુમા. વિનીત, તન્વી તથા ધ્રુવના દાદીમા. રિકી, રાજુલ, દીપ તથા પાર્થના નાનીમા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૩૧-૮-૨૫ના ૪.૩૦થી ૬. ઠે. ગોપુરમ હોલ, ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**મોઢ પોરેચા વણિક**

નીરૂપમાબેન પટેલ (ઉં. વ. ૯૨) સ્વ. સુરેન્દ્રભાઇ કરસનદાસ પટેલના પત્ની. પ્રેરણા, હેમેન તથા બિમલના માતુશ્રી. મહેન્દ્રભાઇ કાપડિયા, જયના તથા બીનાના સાસુ. તા. ૩૦-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. લક્ષ્મીબેન દામજી જેઠાભાઇ અનમ ગામ વડાલાવાળા હાલ ડોમ્બિવલીની પુત્રવધૂ. ચેતનના ધર્મપત્ની મલ્લિકા (ઉ. વ. ૫૦) તા. ૨૯-૮-૨૫ શુક્રવારના શ્રીરામશરણ પામેલ છે. રોનકના માતુશ્રી. ગં. સ્વ. નિરંજના ગીરીશ સોમેશ્વરની પુત્રી. સુનીલ તથા શોભના શિવકુમાર ચંદેની ભાભી. રીટા, જિજ્ઞા, દીપાની નણંદ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૩૧-૮-૨૫ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. પવાણી હોલ, શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી, મુલુંડ (વે.), લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ચલાળાવાલા હાલ વિલેપાર્લે દિલીપ અનંતરાય મહેતાના ધર્મપત્ની અ. સૌ. જયોતિ (ઉં.વ.૭૧) તે દેવશ્રીના માતુશ્રી. જાગેશના સાસુ. વિયાનના નાની. સ્વ. પ્રમીલા નારણદાસ વલ્લભદાસ મહેતાની પુત્રી. ડોલરબેન તથા જયંતના બહેન તા. ૨૯-૮-૨૫ના શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

દ્વારકા નિવાસી હાલ કાંદિવલી, વૃંદાવન જાદવજી પાબારી (ઉં. વ.૮૬) સવિતાબેનના પતિ. અતુલ, અજય, ભાવેશ, રૂપેન, મીનાના પિતાશ્રી. દક્ષા, શીતલ, ઈલા, ગીતાના સસરા. વિધીના દાદાસસરા. સ્વ. ખીમજીભાઈ, સ્વ. દ્વારકાદાસ, સ્વ. શશિકાન્ત, ચદ્રકાન્ત,સ્વ. શુશીલા, કાન્તા, શાન્તા, પુષ્પાના ભાઈ. તા. ૨૯-૦૮-૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક પ્રથા બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રીય**

બગસરાવાળા હાલ દહિસર વેસ્ટ, સ્વ. કાંતિલાલ માધવજી પડિયાના સુપુત્ર હર્ષદભાઈ પડિયા (ઉં. વ. ૬૪) તા. ૨૬/૮/૨૫ને મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે હર્ષાબેનના પતિ, સાગરભાઈ, મિતેશભાઈના પિતાશ્રી, નરેન્દ્રભાઈ, સ્વ. પ્રભુદાસભાઇ, સ્વ. લલિતભાઈ, સ્વ. દિનેશભાઇ, વિજયભાઈ, સ્વ. જશવંતીબેન ભરતકુમાર બગરિયાના ભાઈ, સ્વ. પ્રદિપભાઇ મરછરના બનેવી. પ્રાર્થનાસભા તા. ૩૧/૦૮/૨૫ને રવિવારના ૪ થી ૬ સોનીવાડી, સીમ્પોલી ક્રોસ રોડ, બોરીવલી વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

આબુ નિવાસી હાલ કાંદિવલી, હસમુખભાઈ ચત્રભુજ મણિયાર(ઉ.વ.૭૫) તા. ૨૬/૦૮/૨૫ના મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે લતાબેનના પતિ, ભરત,પ્રશાંતના પિતા, સ્મિતાના સસરા, જીતુભાઇ, ભારતીબેન રમેશભાઈ ગગલાણી, પુનીબેન અનિલભાઈ જીવરાજકાના મોટાભાઈ, સ્વ. વિલાસબેન જયંતીલાલ ધાબલીયાનાં જમાઈ. લૌકિક વ્યવહાર/ પ્રાર્થનાસભા રાખેલ નથી)

**ઘોઘારી દશા દિશાવળ**

સ્વ.ઈન્દુમતીબેન અને સ્વ.નરેન્દ્રભાઈ પુરુષોત્તમભાઈ પારેખના સુપુત્ર મહેશભાઈ પારેખ તા. ૨૮-૦૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. જે દક્ષાબેનના પતિ, ઉર્વશીબેન, રક્ષાબેન, સ્વ. હેમંતભાઈ, જતિનભાઈના મોટા ભાઈ, પ્રતિકભાઈ, દર્શિકભાઈના પિતાશ્રી, સ્વ. શાંતિલાલ હરિલાલ મેહતાના જમાઈ (ભાવનગર). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દમણિયા દરજી**

કાંદિવલી ઇ, ઇનાબેન દમણિયા (ઉં. વ. ૬૧) ગુરુવાર તા. ૨૧/૦૮/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. અશ્વિન કેશવલાલના પત્ની, મીનાબેન પંકજભાઈના દેરાણી. મિતેશ અને પ્રિયેશના માતૃશ્રી, તન્વી, તેજલના સાસુ, કાશીબેન (કુસુમ) હરકીશનદાસના પુત્રી. પ્રાર્થનાસભા સોમવાર ૦૧/૦૯/૨૦૨૫ના ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ ,એલ.ટી.રોડ સ્ટેશન પાસે સામે ડાયમંડ સીનેમા. બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી લોહાણા**

મૂળગામ શેડુભાર હાલ કાંદીવલી, ગં.સ્વ મંગળાબેન કારિયા (ઉં.વ.૮૭) જે સ્વ. રતિલાલ દેવચંદ કારીયાના ધર્મપત્ની તા. ૨૯/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. રમણીકલાલભાઈ, સ્વ. ભગવાનજીભાઈ, સ્વ. લલીતાબેન અવંતીલાલ વાઘાણીના ભાભી. સ્વ. વાલજીભાઈ માધવજીભાઈ કોટક (આકોટ વાળા) ના દીકરી, સ્વ. સંજયભાઈ, નીતિનભાઈ, ભાવનાબેન રાજેશકુમાર જસાણી, રીટાબેન હરેશભાઈ અઢિયાના માતૃશ્રી, સુષ્માબેન તથા ઇલાબેનના સાસુ, આયુષ તથા હેતાના દાદી. પ્રાર્થનાસભા ૧-૯-૨૫ ૪ થી ૬. મહાવીરનગર પાવનધામ, રોડ બી સી સી આઈ ગ્રાઉન્ડ સામે, કાંદીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હિંદુ કચ્છી લોહાણા**

ગામ ગઢશીશા હાલે મુલુંડ, શૈલેષ ગણાત્રા (ઉં.વ.૬૧) તે સ્વ. દમયંતી અને સ્વ. હંસરાજ જાદવજી ગણાત્રાના પુત્ર, ચેતના ગણાત્રાના પતિ. ઋષભના પિતા. સ્વ. ભારતી અરવિંદ કોઠારી, માલતી હેમંત શેઠિયા, કલ્પના રમેશ ઠક્કર અને નીતિન, મમતાના ભાઈ. ત્રિવેણીબેન તથા મોહનલાલ ચંદે, સ્વ. દર્શના પંકજ ચંદે, સોનલ રમેશ તન્નાના બનેવી. ગુરુવાર તા.૨૮/૮/૨૫ના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી માહેશ્વરી**

મુળગામ રવાપર હાલે પનવેલ, સ્વ. રૂક્ષ્મણીબેન મલ્લ (ઉં.વ.૮૦) તા. ૨૯.૦૮.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે નાનજી જેતશી મલ્લના ધર્મપત્ની, સ્વ. શ્રી જેતશી વિસનજી મલ્લ (રવાપર) ના પુત્રવધુ, સ્વ. કાનજી પેરાજ માંડણ (રવાપર)ના દીકરી, નિર્મલભાઈ (જીતુભાઇ), પંકજભાઈના માતૃશ્રી, જ્યોતિબેન, સ્મિતાબેનના સાસુજી, કેતકી, આદિત્ય, મૈત્રી,પન્નાના દાદી, બંન્ને પક્ષે પ્રાર્થનાસભા તા. ૩૧.૦૮.૨૫ના રવિવાર, ૦૪ થી ૦૫:૩૦. શ્રી વિરૂપક્ષ મંગલ કાર્યાલય, રત્નાકર ખરે માર્ગ, અશોકબાગની સામે, પનવેલ.

**કપોળ**

મહુવા નિવાસી હાલ મુંબઇ પ્રભાદેવી, સ્વ. પ્રફુલભાઈ વામનરાય પારેખના ધર્મપત્ની, ગં. સ્વ. પુષ્પાબેન (ઉં. વ. ૮૬) તા. ૨૯-૦૮-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે રાજેન્દ્રભાઈ, નીનાબેન અને અમલભાઈના માતુશ્રી, રાજકુમાર, ફાલ્ગુની, દર્શના બેનના સાસુ. અમન, પ્રણવ, શ્રેયા, આશના તથા આદિત્યના નાની-દાદી. સ્વ. લક્ષ્મીદાસ ચત્રભુજ મોદી (સાવરકુંડલા વાળા)ના દીકરી. લૌકિક પ્રથા તથા પ્રાર્થનાસભા નથી.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

ભાવનગર નિવાસી હાલ વિરાર, ગં. સ્વ. શ્રીમતી ધીરજબેન મન્સુખલાલ શાહ તા. ૨૯-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે પ્રદીપ, પ્રમોદ તથા નરેશના માતુશ્રી. જયશ્રી, ભાવના તથા અલ્પાના સાસુ, શીતલ, ડિમ્પલ, યશ, વૈભવ તથા ધ્રુવીના દાદી, નાનાલાલ જેઠાલાલ સરવૈયાની દીકરી. કાંતિભાઈ, નિર્મળાબેન, રજનીકાંત, રંજનબેન તથા રણજીતની બહેન. સાદડી તા. ૨-૯-૨૫ના ૪ થી ૬. શ્રી સ્વામિનારાયણ મંદિર, ઓલ્ડ વિવા કોલેજ રોડ, વિરાર વેસ્ટ.

**વિશા લાડ વણિક**

જંબુસર નિવાસી હાલ મલાડ ઈસ્ટ, ગં. સ્વ. હંસાબેન ચોકસી (ઉં. વ. ૯૬) ૨૯/૮/૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ઇન્દ્રવદન અમૃતલાલ ચોકસીના પત્ની. સ્વ. હરીચંતલાલ ચણિયારીના બહેન, દીપિકા, મીના, બેલાના માતુશ્રી, મુકેશ, સૂર્યકાંત, પ્રજ્ઞેશના સાસુ. ભૂમિત, દર્શન, અવની, આકાશના નાની. અમૃતા, અમ્રતા, અભિજીતના નાનીસાસ. પ્રાર્થનાસભા, લૌકિક વ્યવહાર નથી.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**પાટણ વિસા શ્રીમાળી જૈન**

કનાસાનાં પાડાનાં હાલ સાંતાક્રુઝ પરેશભાઇ પ્રેમચંદ શાહ (ઉં. વ. ૭૮)ના અરિહંતશરણ થયેલ છે. તે સ્વ. ઉર્મિલાબેન પ્રેમચંદભાઇ ભગવાનદાસ શાહનાં સુપુત્ર. ગૌરવનાં પિતાશ્રી. ઝરણાબેનનાં સસરા. દિયા અને આર્યાના દાદા. વીણાબેન, દક્ષાબેન, મીનળબેન (લાડુ)નાં ભાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દિશા પોરવાડ જૈન**

પેથાપુર નિવાસી હાલ બોરીવલી કેયુર પ્રદીપભાઇ શાહ (ઉં. વ. ૪૧) તા. ૨૬-૮-૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે પ્રદીપભાઇ અને નયનાબેનના સુપુત્ર. પ્રાચીબેનના પતિ. અને વીરના પિતા. અંકિતાબેનના ભાઇ. પ્રકાશભાઇ અને અંજુબેનના જમાઇ. હેમાંગભાઇના સાળા. મહેક, હૈલીના મામા. પ્રાર્થનાસભા પાવન ધામ, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ), તા. ૩૧-૮-૨૫ રવિવારે બપોરે ૩થી ૫.

**ઝાલાવાડી વીસા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ બોરીવલી સ્વ. મહાસુખલાલ નરોતમદાસ વોરાના ધર્મપત્ની મંજુલાબેન વોરા (ઉં. વ. ૮૮) તે રાજેન, મિલન, લીના હિતેષભાઇ શાહ, શીતલ વિક્રમભાઇ શાહના મમ્મી. સિમ્મી તથા નીપાના સાસુ. અતિશ, ક્રીશ, નિયતી હિમાંશુ પટેલના દાદી. સ્વ. રસીકલાલ, સ્વ. શાંતાબેન, સ્વ. ચંદનબેન, સ્વ. સુશીલાબેન તથા સ્વ. સૂર્યાબેનના ભાભી. પિયર પક્ષે બોટાદ નિવાસી વીરચંદ ભુદર શાહની સુપુત્રી. શનિવાર, તા. ૩૦-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કરછી દશા ઓસવાલ જૈન**

ગામ નાની સીંધોડીના, સ્વ. હંસરાજ (પુનશી) (ઉં.વ.૭૪), તા. ૨૪-૦૮-૨૫, રવિવારના અરિહંતશરણ પામેલ છે, તે સ્વ. ધનબાઈ દેવશી ધરમશીના પુત્ર. ગં.સ્વ.ભારતી ધરમશીના પતિ. કોમલ, મિત્તલ પરેશ, બીજલ કેવલના પિતા. રિશીતા કોમલ, પરેશ મણીકાંત, કેવલ કેતનના સસરા. સ્વ. લીલબાઈ હિરજી, સ્વ. સુશીલા મણિલાલ, બાયાબાઇ માણેકજીના ભાઈ, સ્વ. સોનબાઇ ગોવિંદજી પદમશી મૈશેરી (કુવાપધ્ધર)ના જમાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર તા. ૩૧-૦૮-૨૦૨૫ના ૪ થી ૫.૩૦. શ્રી લોહાણા ભવન, પ્લોટ નં.૧૦/૧૪, સેક્ટર-૧૦, ડી-માર્ટની બાજુમાં, કોપર ખેરણે, નવી મુંબઈ. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

જેસર નિવાસી હાલ પુના, જયાબેન બેચરદાસ દુર્લભદાસ મહેતાના સુપુત્ર રાજેન્દ્રભાઈ(રાજુ મહેતા) (ઉં. વ. ૭૦) તા. ૨૨/૮/૨૫ને શુક્રવાર સ્વર્ગવાસ થયેલ છે. તે ગીતાબેનના પતિ, આશિષભાઈ, રાકેશભાઈ, મિતેશભાઈના પિતાશ્રી, કોમલ, મુગ્ધા અને પ્રાચીના સસરા, કિયારા, અયાન, આર્યન, મિહાનના દાદાજી, સ્વ. મહીપતભાઈ, ગુણવંતભાઇ, ભાવનાબેન જીતેશ કુમારના મોટાભાઈ. શ્વસુરપક્ષે રતીલાલ ફાવચંદ શાહ - (તળાજા વાળા) ના જમાઇ, પિતૃ વંદના તા. ૨/૯/૨૫ને મંગળવાર ૧૦ થી ૧૨.૩૦. ભાનુશાલી વાડી, ઘાટકોપર ઈસ્ટ.

**ખંભાત વીશા ઓસવાલ જૈન**

ખંભાત નિવાસી હાલ કેમ્પ્સ કોર્નર મુંબઈ, વિરેન્દ્ર સુંદરલાલ ઝવેરી (ઉં.વ.૭૯) નલિનીબેનના પતિ, ફાલ્ગુની અને ચૌલાના પિતા, અંકુરકુમાર અને વિશાલકુમારના સસરા, માહી, દિયા અને ક્રિશીવના નાના, સ્વ. પુનમભાઈ, સ્વ. જસવંતભાઈ અને રમાબેનના ભાઈ. ૩૦/૦૮/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

તલવાણાના નેમચંદ રતનશી દેઢિયા (ઉં.વ. ૭૫) તા. ૨૭-૮-૨૫ના અવસાન પામેલ છે. વેજબાઈ રતનશીના પુત્ર. પ્રભાબેનના પતિ. લીના, વિપુલા, સચીનના પિતાશ્રી. પ્રેમજી, મણીલાલ, કાંતીલાલ, અશોક, શોભનાના ભાઈ. રાયણના દેવકાંબાઈ શામજી માણેકના જમાઈ. પ્રા.શ્રી.વ.સ્થા.જૈન શ્રા. સંઘ શ્રી કરશન લધુ નિસર હોલ, દાદર (વે), ૧ લે માળે, ટા. ૧૦.૩૦ થી. ૧૨. નિ. સચીન દેઢિયા, ૬, મોમાયા પાર્ક, વિલેજ રોડ, ભાંડુપ (વે).

નાની ખાખરના જવેર દેઢીયા (ઉં. વ. ૮૧) તા. ૨૭-૦૮-૨૫ના અવસાન પામ્યા છે. માતુશ્રી દેવકાબાઇ/હીરબાઇ નાનજી કરમશી, જવેરબેન પ્રેમજી કરમશીના પુત્રવધુ. મણીલાલના પત્ની. કેતન, ગીરીશ, સ્વ. ગીતેશના માતુશ્રી. નાગલપુરના માતુશ્રી વેજબાઇ જગશી ધારશીના સુપુત્રી. શાંતીલાલ, જાદવજી, વસંતલાલ, નાની ખાખરના કુસુમ, ડેપાના ઉષા તારાચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : ગીરીશ મણીલાલ દેઢીયા, એ-૫, ૧૦૩-૧૦૪, યોગીનગર, એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ).

મોટા રતાડીયા હાલે બોરીવલીના રૂક્ષમણીબેન પ્રવિણભાઇ કેશવજી ગોસર (ઉ.વ. ૬૮) તા. ૨૭-૮-૨૫ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી ગંગાબેન કેશવજી નાનજી ગોસરના પુત્રવધુ. માતુશ્રી કેસરબેન મુળજી હીરજી બોરીચાના સુપુત્રી (વાંઢ). સ્વ. પ્રવિણ કેશવજી ગોસરના ધર્મપત્ની. હીરેન, સચીનના માતુશ્રી. રવિચંદ, જયંતીના બહેન. પ્રાર્થના સભા સ્થળ : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ હોલ, ૫મો માળો, લુહાણા મહાજન વાડી, એસ.વી.રોડ, કાંદીવલી (પશ્ચિમ).

લાકડીયાના રમણીકભાઈ ગાલા (ઉં. વ. ૬૫) તા. ૨૮-૮ ના અવસાન પામેલ છે. પાલઈબેન ગેલાના પુત્ર. મંજુલાના પતિ. અભિષેક, સ્નેહાના પિતા. ભીમશીભાઈ, રવજીભાઈ, ધનજીભાઈ, દિવાળીબેન, અમૃતબેનના ભાઈ. લાકડીયા જવેર શિવજી રણધીર ગડાના જમાઈ. પ્રા. સોમવારે, ૧-૯-૨૫, સ્થળ - નારાયણ શામજી મહાજનવાડી, ભાઉદાજી રોડ, માટુંગા (સે. રે.) ટા. ૧૦ થી ૧૨.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડિયાના રમણીક વાલજી કરમણ ગાલા (ઉં. વ.૬૫) ગુરૂવાર તા.૨૮.૦૮.૨૫ના અરિંહતશરણ પામેલ છે. પાલઈબેન ગેલાભાઈના પુત્ર, મંજુલાના પતિ. અભિષેક, સ્નેહાના પિતાશ્રી. પરીતા, પ્રિતેશ અમરશીના સસરા. લાકડીયાના જવેરબેન શીવજી રણધીર ગડાના જમાઈ. પ્રાર્થના સભાઃ સોમવારતા. ૦૧.૦૯.૨૦૨૫ના સવારે ૧૦.૦૦ થી ૧૨,સ્થળ. નારાયણ શામજી મહાજનવાડી, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે)

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ મનફરાના સતીષ પોપટલાલ ગાલા (ઉં. વ. ૬૬) તા. ૨૮.૦૮.૨૫ ગુરુવારના અવસાન પામેલ છે. સ્વ. વેલજીબેન પોપટલાલના પુત્ર, હિરલના પિતા, કિવાનના નાના. ભીનમાલના અભિષેક, ઘેરવચંદ્ર બાફનના સસરા. , સુહાની, નિષ્કાના . ભચાઉ સ્વ. ગોમતી રતનશી સત્રાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે.૨૦૯, એ-બિલ્ડીંગ, બીં-વીંગ, જયહરી સોસાયટી, ફોરજેટ સ્ટ્રીટ, ગ્રાંટરોડ-વેસ્ટ, મુંબઈ-૨૬.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

સૌરાષ્ટ્ર આવૃત્તિ

મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર

તા. ૩૧-૮-૨૦૨૫

કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# ડ્રેગન-એલિફન્ટની જુગલબંદી દુનિયાનાં સમીકરણો બદલી શકે, પણ જરા સંભાલ કે...!

**વર્ષો પહેલાં લાલ ચીનની દગાખોરીનો બહુ કડવો અનુભવ ભારતને થઈ ગયો છે. હવે અમેરિકાના ટ્રમ્પના બેફામ એવા ટૅરિફ તોફાનથી ભારત ચીન વધુ સમીપ સરકી રહ્યા છે. આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી મુત્સદ્દીભર્યા દાવ ખેલે અને ચીન જો કોઈ અવળચંડાઈ ન કરે તો મોદીજીની ચીનની આ તાજી મુલાકાત 'ગેમ ચેન્જર' બનીને ટ્રમ્પને ધાર્યા પાઠ ભણાવી શકે એમ છે!**



ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી જાપાનની બે દિવસની યાત્રા પતાવીને આજે ચીન પહોંચી જવાના છે અને મોદીની ચીન યાત્રા પર આખી દુનિયાની મીટ છે, કેમ કે આ યાત્રા વિશ્વના ઈતિહાસમાં નવો અધ્યાય શરૂ કરી શકે તેમ છે. દુનિયામાં સૌથી વધારે વસતિ ધરાવતા બે દેશ -ભારત અને ચીન વચ્ચે આર્થિક સહકારના નવા યુગની શરૂઆત મોદીની યાત્રાથી થાય એવા સંકેત મળી રહ્યા છે. ચીનનું ડ્રેગન અને ભારતનો એલિફન્ટની જુગલબંધી શું રંગ લાવે છે તે જાણવામાં સૌને રસ છે.

મોદી ચીનના તિયાનજિન શહેરમાં 'શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)' સમિટમાં હાજરી આપવાના છે. સાથે સાથે ચીનના પ્રમુખ શી જિનપિંગ અને રશિયાના પ્રમુખ વ્લાદીમિર પુતિન સાથે વન-ટુ-વન મીટિંગ પણ કરવાના છે. અમેરિકાએ ભારતના માલ પર ૫૦ ટકા ટૅરિફ ફટકારી છે, જ્યારે દુનિયાના બીજા દેશો પર પણ અલગ અલગ ટૅરિફ લાદી દીધી તેના કારણે દુનિયાનું અર્થતંત્ર સાથે રાજકીય વાતાવરણ પણ ડહોળાયેલું છે.

આ માહોલમાં દુનિયાના અર્થતંત્રમાં અત્યંત મહત્ત્વના એવા ૨૮ દેશ વચ્ચે મળી રહેલા શિખર સંમેલનમાં ટ્રમ્પની દાદાગીરીને કઈ રીતે ખાળવી એ અંગે મનોમંથન થવાનું છે તેથી અમેરિકા સૌથી વધારે ઊંચુંનીચું થઈ ગયું છે. અમેરિકાને સૌથી વધારે ચિંતા ભારત અને ચીન વચ્ચે થનારા આર્થિક સહકારની છે. અમેરિકાની ધમકીઓને અવગણીને ભારત અને ચીન આર્થિક સહકાર વધારવાની દિશામાં આગળ વધી રહ્યા છે. આ સહકારમાં ફાચર મારવા અમેરિકાએ યથાશક્તિ પ્રયત્નો કરી જોયા પણ ફાવ્યું નથી. હવે મોદી અને જિનપિંગ અમેરિકાને ઘોળીને પી જઈને હાથ મિલાવી લે તો દુનિયામાં અમેરિકાની સર્વોપરિતાના દિવસો ખતમ થઈ જાય.

ભારત માટે આ બેઠક અત્યંત મહત્ત્વની છે અને ચીન કોઈ અવળચંડાઈ ન કરે અને સીધું ચાલે તો અમેરિકાની ચુંગાલમાંથી ભારત મુક્ત થઈને એક નવા આઝાદ યુગમાં પ્રવેશી જશે. અમેરિકાના ટૅરિફના કારણે ભારતની નિકાસને મોટો ફટકો પડ્યો છે. ચીન સાથેનું જોડાણ આ નુકસાનને સરભર કરી શકે તેવી પૂરી શકયતા છે.

અમેરિકા અત્યારે ભારતનો સૌથી મોટો ટ્રેડ પાર્ટનર દેશ છે. ભારતે ૨૦૨૪માં ૯૨અબજ ડૉલરના માલની નિકાસ અમેરિકામાં કરી છે, જ્યારે ભારતની આયાત ૪૩ અબજ ડૉલર હતી એ જોતાં ભારતને ૫૦ અબજ ડૉલરનો ફાયદો થયો. ટ્રમ્પના ટૅરિફના કારણે ૨૦૨૬માં નિકાસ ૪૦ ટકાથી વધુ ઘટીને લગભગ ૫૦ અબજ ડૉલર થઈ જશે એવું મનાય છે. ભારતને પડનારો આ ફટકો ચીન સાથે વ્યાપાર વધારીને સરભર કરી શકાય તેમ છે.

અત્યારે ચીન ભારત પાસેથી બહુ ઓછો માલ ખરીદી રહ્યું છે. ૨૦૨૪માં ચીન પાસેથી ભારતે ૧૧૩.૪૫ અબજ ડૉલરનો માલ ખરીદ્યો હતો, પણ ભારત પાસેથી ચીને ફક્ત ૧૪.૨૫ અબજ ડૉલરનો માલ ખરીદ્યો. આમ ભારતને ચીન સાથેના વેપારમાં લગભગ ૧૦૦ અબજ ડૉલરની ખાધ છે.

જોકે, ટ્રમ્પની દાદાગીરી પછી ભારતનો વધારે માલ ખરીદીને ચીને વ્યાપાર ખાધ ઘટાડવાની તૈયારી બતાવી છે. આ સાથે ચીનની કંપનીઓ પણ ભારતમાં રોકાણ કરવા તૈયાર છે એ જોતાં વડા પ્રધાન મોદી મુત્સદીથી બાજી રમે તો અમેરિકાને ધોળા દિવસે તારા બતાવી શકાય તેમ છે.

ચીન એક સમયે ભારતને એસસીઓ ('શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન')માં સભ્ય બનાવવા જ તૈયાર નહોતું , પણ ભારતે દાદાગીરી કરીને પ્રવેશ મેળવ્યો હતો. ચીનની ખફગી ના વહોરવી પડે એટલે બીજા સભ્ય દેશો ભારત સાથે મુક્ત રીતે વ્યાપાર કરતાં ખચકાતા હતા, પણ હવે ચીન જ ભારત સાથે હાથ મિલાવી લે તો આ ખચકાટ દૂર થઈ જાય. ભારતને તેનો સૌથી મોટો ફાયદો દર વરસે અબજોનું વિદેશી હૂંડિયામણ ખાઈ જતા ક્રૂડની ખરીદીમાં મળે.

પેટ્રોલિયમની ભારતની કાયમી અને જંગી જરૂરિયાત છે. દુનિયામાં અત્યારે આરબ દેશો ઉપરાંત એસસીઓના સભ્ય ઉઝબેકિસ્તાન, તાજીકિસ્તાન અને કિર્ગીઝસ્તાન પાસે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ બન્નેનો મોટો ભંડાર પેટાળમાં સચવાયેલો પડ્યો છે. તોતિંગ નાણાકીય રોકાણના અભાવે આ દેશોમાં જંગી પ્રમાણમાં ઉત્પાદન શરૂ થયું નથી. ભારતે ૨૦૧૭થી આ ત્રણેય દેશ સાથે સબંધો સુધારવાની દિશામાં નક્કર પગલાં ભરવા માંડેલાં. ભારત આ દેશોમાં રોકાણ કરે ને બદલામાં પેટ્રોલિયમ મેળવે તે માટે આ દેશો તૈયાર છે. તેના કારણે આરબ દેશ પર આપણી નિર્ભરતા ઘટશે અને આપણને મોટો ફાયદો થશે.

કઝાકિસ્તાનમાં પેટાળમાં યુરેનિયમનો મોટો ભંડાર છે. દેશની ઊર્જા જરૂરિયાત વધતી જાય છે. આ જરૂરિયાત પૂરી કરવા પરમાણુ ઊર્જા મથકો સ્થાપ્યા સિવાય છૂટકો નથી કેમ કે કોલસા આધારિત વીજમથકોના કારણે પર્યાવરણની ગંભીર સમસ્યાઓ પેદા થઈ રહી છે. ભારત એક પછી એક પરમાણુ ઊર્જા મથકોની સ્થાપના કરી રહ્યું છે પણ પૂરી ક્ષમતા સાથે કાર્યરત નથી કરી શકતું કેમ કે પરમાણુ આધારિત વીજમથકો માટે યુરેનિયમનો અવિરત જથ્થો મળતો રહેવો જોઈએ.

બીજી બાજુ, અમેરિકા-ઓસ્ટ્રેલિયા પાસે જંગી પ્રમાણમાં યુરેનિયમ છે પણ બંને દેશ ભારતને આપવામાં નિયંત્રણ રાખે છે. ભારત અને કઝાકિસ્તાન વચ્ચે સહકાર વધે તો એ સમસ્યા પણ દૂર થાય.

ચીન યાત્રા દરમિયાન મોદીની પુતિન સાથેની મુલાકાત પણ મહત્ત્વની છે. અમેરિકાની ઐસીતૈસી કરીને પણ રશિયા પાસેથી ભારતે ક્રૂડ ખરીદવાનું ચાલુ રાખ્યું તેના કારણે ગિન્નાયેલા ટ્રમ્પે ૨૫ ટકા પેનલ્ટી ઠોકી દીધી છે. તેના કારણે પડનારા ફટકાને રશિયા સાથે સહકાર વધારીને સરભર કરી શકાય. મોદી-પુતિનની મુલાકાત તેનો તખ્તો તૈયાર કરશે.

રશિયા સાથેની મિત્રતા માટે ભારતને કોઈની જરૂર નથી. ભારત અને રશિયા વચ્ચે અલગ પ્રકારના સબંધો છે જ. જૂની મિત્રતાના કારણે ભારત હંમેશ રશિયાની પડખે રહ્યું છે ત્યારે રશિયા પણ તેની કદર કરી છે અને આગળ જતાં કરશે પણ ખરું. યુરેનિયમ, કુદરતી ગેસ, પેટ્રોલિયમ, સોનું સહિતના ભંડારોની રશિયા પાસે કમી નથી ને પુતિન સાથેની મુલાકાતમાં એ દિશામાં વધારે સહકાર થઈ શકે. ટૂંકમાં મોદીની મુલાકાત ભારત માટે એક નવી દિશા ખોલી દેશે.

## આ શાંઘાઈ કોઓપરેશન NATOનો વિકલ્પ બની શકે!



'શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન' (SCO)ને વૈશ્વિક બાબતોના નિષ્ણાતો ભવિષ્યમાં અમેરિકાની આગેવાની હેઠળના 'નાટો'નો વિકલ્પ માને છે. 'નોર્થ એટલાન્ટિક ટ્રિટી ઓર્ગેનાઈઝેશન' (NATO)માં યુરોપના ૩૦ અને ઉત્તર અમેરિકાના ૨ મળીન કુલ ૩૨ સભ્ય છે. બીજી તરફ, SCOમાં ૧૦ કાયમી સભ્ય, ૨ ઓબ્ઝર્વર, ૧૪ ડાયલોગ પાર્ટનર મળીને ૨૬ સભ્ય છે. ત્રણ વૈશ્વિક સંસ્થાઓ અને તુર્કમેનિસ્તાન ગેસ્ટ તરીકે હાજરી આપે છે.

વૈશ્વિક નિષ્ણાતોના મતે, અત્યારે દુનિયામાં 'નાટો'નો જવાબ આપે એવું કોઈ સંગઠન નથી, પણ SCO નાટોની સમકક્ષ બની શકે, કેમ કે ભારત-ચીન-રશિયા એમ ત્રણ મોટા દેશો તેના સભ્ય છે. SCO અત્યારે આર્થિક સહકાર માટે કામ કરે છે પણ ભવિષ્યમાં 'નાટો' ની માફક લશ્કરી કરાર કરે તો દુનિયાની સૌથી મોટી આર્મી ઊભી થઈ જાય. ભૌગોલિક ક્ષેત્ર અને વસતિની દ્રષ્ટિએ SCO વિશ્વનું સૌથી મોટું પ્રાદેશિક સંગઠન છે. વિશ્વના કુલ વિસ્તારના આશરે ૨૪ ટકા અને વિશ્વની વસતિના ૪૨ ટકાને આવરી લેતા SCOના સભ્ય દેશોની કુલ જીડીપી વિશ્વની જીડીપીમાં ૨૩ ટકા હિસ્સા ધરાવે છે. પાવર પરચેઝ પેરિટી (PPP) આધારિત જીડીપી તો વિશ્વની કુલ જીડીપીના લગભગ ૩૬ ટકા છે.

ચીનના શાંઘાઈમાં ૨૦૦૧માં સ્થાપના થઈ હોવાથી આ સંગઠનનું નામ 'શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન' (SCO) રાખવામાં આવ્યું છે. ચીન, રશિયા, કઝાકિસ્તાન, કિર્ગીઝસ્તાન, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાન સ્થાપક સભ્યો છે જ્યારે ૨૦૧૭માં કઝાકિસ્તાનના અસ્તાના શહેરમાં યોજાયેલી બેઠકમાં ભારત અને પાકિસ્તાનને કાયમી સભ્યનો દરજ્જો મળ્યો હતો. ૨૦૨૩માં ઈરાન અને બેલારૂસ તેના કાયમી સભ્યો બનતાં સભ્ય સંખ્યા ૧૦ થઈ છે. ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# ભૂખ્યા શું કામ રહેવું જોઈએ?

**આવો સવાલ પર્યુષણ ઉપરાંત બીજા કેટલાક ધાર્મિક તહેવારો વખતે સૌને અચૂક થતો હોય છે**



સિઝનલ પરિવર્તન જોયું? બધી ઋતુઓ એક એક મહિનો મોડી ચાલે છે. હમણાંથી તો કુદરત ચોતરફ મન મૂકીને વરસી રહી છે. શ્રાવણના તો સરવડા હોય એને બદલે સાંબેલાધાર વરસાદે અડધા ભારતને પાણી-પાણી કરી નાખ્યું. આવી અતિવૃષ્ટિને કારણે સમજાય કે ફક્ત માણસ જ નહીં પણ તંત્ર, નગરપાલિકા, પ્રશાસન, સંસ્થાઓ બધા જ એક તબક્કે તો કુદરત સામે લાચાર હોય છે. મનુષ્યને એવું લાગતું હોય છે કે બાહ્ય સંજોગો એના હાથમાં હોય છે, પણ આવો ગજવતો વરસાદ કે કુદરતની આવી કોઈ પણ કરામત માણસને સ્વ સાથે કર્મ કે ભાગ્યની ચર્ચા કરવા મજબૂર કરી દેતી હોય છે. જન્મ માણસના હાથમાં નથી, કુદરતી મૃત્યુ માણસના હાથમાં નથી તો એ બંને વચ્ચેનો જે લાંબો કે ટૂંકો સમયગાળો છે એને સુશોભિત કરવાનું નામ જિંદગી. સુશોભન એટલે મનનો આનંદ, ચિત્ત આનંદની પરાકાષ્ઠા અનુભવે તે. તેના મહાવરા માટે પર્યુષણ આવે છે. હમણાં જ પર્યુષણ તો પૂરા થયા પણ અત્યારે અમુક વાતોનું ચિંતન જરૂર કરી શકાય. પર્યુષણ એ એવી લાઇફ સ્ટાઈલ છે જે કાયમ અપનાવી શકાય. એ વાત તો આપણે ફરી ક્યારેક વિસ્તારથી કરીશું..

આમ જુઓ તો પર્યુષણ ફક્ત જૈનોનો પર્વ નથી એ માણસમાત્ર ઉજવી શકે, સંયમના માર્ગે ચાલીને. તો તરત સવાલ થાય કે કુદરતે આટલું બધું બનાવ્યું છે, આટલી બધી ભૌતિક સુખસગવડો છે, ખુશી મેળવવાના આટલા બધા રસ્તાઓ છે, ભોગવવા માટે આટલાં બધાં સંસાધનો છે તો એ બધાથી મોઢું કેમ ફેરવી લેવું? થોડા ડાહ્યા કે વડીલ કે રીલના શોખીન તરત રજનીશ અને એમનાં પ્રવચનોને ટાંકીને કહેશે કે ભોગવીને ત્યજવું જોઈએ. અમુક તો કહેશે કે ત્યાગ કરવાનો જ શું કામ ભાઈ. પહેલી નજરે વાત તો સાચી લાગે પણ મગજ ફૂલ ગીઅરમાં નાખીને, તાર્કિક શક્તિના બાવડા ફુલાવીને, આઇક્યુની ધાર સતેજ કરીને વિચારવાનું છે કે ક્યો આનંદ ચિરંજીવી બને છે? એવું તે કયું સુખ છે જે સતત ટકે છે ને આજીવન સંગાથી બને છે? છે એવું કોઈ ધ્યાનમાં સુખ? (હોય તો સરનામું -સેલ નંબર આપો! )

પિત્ઝા લગભગ બધાને ભાવે. રોજેરોજ ત્રણ ટંક ખાઈ શકશો? સેક્સ કોને ન ગમે? દિવસના દસ ઓર્ગેઝમ લેખે આખું વર્ષ એ ચરમસુખ તરીકે ઓળખાતી વ્યવસ્થા અવિરત મળ્યા જ કરે તો? સહન થશે એ?

પૈસા બધાને જોઈએ. જેટલા હજાર કરોડ જોઈતા હોય એટલા મળી જાય, જે જે ખરીદવું હોય એ બધું જ વસાવી લઈએ, આવતી બોતેર પેઢી માટેનો સંગ્રહ પણ થઈ જાય, પછી? પછી કંઈ વાતથી આનંદ આવશે?

સફળતા જોઈએ છે, પ્રખ્યાત થવું છે? પૂછો નાની ઉંમરમાં વર્લ્ડ ચેમ્પિયન બની ગયેલા ઇતિહાસમાં થઈ ગયેલા ઘણા રમતવીરોને.

દુનિયાના બધા જ મેડલ જીતી લીધા પછી કંઈ કરવાનું જ બાકી રહેતું નથી એટલે આટલો ધનવૈભવ અને ખ્યાતિ હોવા છતાં ડિપ્રેશન અનુભવાય છે. બીજી જે પણ પ્રવૃત્તિ કે પ્રવાસ કે કઈ પણ કામ/શોખ કે ઈવન સેવાથી આનંદ મળતો હોય એની અવધિ કેટલી રહે છે? નવી ગાડી કે નવા ઘરનો રોમાંચ કેટલાં મહિના ટકે છે? ઘરે બાળકનો જન્મ થાય ત્યારે હરખની હેલી છવાઈ જાય પણ એ જ બાળકને પ્રથમ વખત ખીજાવું પડે એના પછી હરખની તીવ્રતા એટલી જ રહે છે?

ક્ષણ કે બે ક્ષણ સુધીનું આયુષ્ય ધરાવતા આ દુન્યવી આનંદ સામે અમુક બહુ અભ્યાસુ અને જાણકાર આત્માઓએ આ કોન્સેપ્ટ મૂક્યો ડીટેચમેન્ટ અર્થાત અલગ થવું, અળગું થવું, છૂટા પડવું. એમાં શરૂઆત થઈ ખોરાકથી. જરૂર પૂરતો જ ખોરાક. શરીરને આવશ્યક હોય એટલો.

સ્કુટીમાં ડિઝલ નાખવાનું ન હોય ને ટ્રકમાં એરોપ્લેનનું એન્જિન બેસાડવાનું ન હોય, પણ અત્યારે સરેરાશ માણસ એ જ કરે છે - ઓવર ઇટિંગ. સામાન્ય કામ કરતાં સામાન્ય માણસના શરીરની જરૂરિયાત જ નથી ત્રણ ટંક ગળા સુધી જમવાની, પણ લગભગ દરેક માણસ એ જ કરે છે. સરવાળે અનેક રોગો. શરીરના તો ખરા પણ માનસિક વ્યાધિઓ વધુ.

શારીરિક રોગ તો જાતને બહુ નુકસાન કરે પણ માનસિક વ્યાધિઓ સમાજને નુકસાન કરે. એક અળવીતરો પાડોશી આખી સોસાયટીને નડે.

અત્યારે દરેક ઘરમાં આવા અળવીતરા છે (સાબિતી જોવી હોય તો એક કિલોમીટર જેટલું ઇન્સ્ટાગ્રામ સ્ક્રોલ કરી લો, બહુ નમૂના જોવા મળશે.)


લોકો આખો દિવસ રીલ જોવામાં સમય બગાડે છે એ પણ એક જાતનીહળવી માનસિક બીમારી જ સૂચવે છે. રીલ જોવાની આદત સૂચવે છે કે હવે સામાન્ય માણસના ખુશ થવાની અવધિ માંડ એક મિનિટની રહી છે. એક મિનિટ પછી બીજો કૂવો શોધવાનો, જે આનંદ આપે. પર્યુષણ જેવા ધાર્મિક દિવસો કહે છે બધું છોડો. ક્ષણભંગુર મોહમાયા છોડો. અસ્થિરતા પેદા કરવાનું રહેવા દો. સ્થિર થાઓ. કુદરતને પણ નડો નહીં. કંદમૂળ ન ખાઓ , જેથી જમીન ખોદવી ન પડે. લીલાં શાકભાજી બંધ કરી દો જેથી જીવહિંસા મીનીમમ થાય. જો ચાલતું હોય તો આઠેય દિવસ ભૂખ્યા કાઢો. વિજ્ઞાન હવે છેક કહે છે જે મહાત્માઓ બહુ પહેલા કહી ગયેલા કે નિરોગી અને સ્વસ્થ રહેવાની ચાવી છે શરીરને ફોર્મેટ કરવામાં.

જેમ મોબાઈલ રિ-સ્ટાર્ટ કરીએ એમ. બધા અંગને આરામ આપો. કેન્સર જેવા રોગોની શક્યતા ઘટશે. ઇન્દ્રિયોથી કન્ઝ્યુમ કરવાનું સાવ ઓછું કરી દો. હળવા થઈ જાઓ. ખૂબ સારું લાગશે. પોતાની ખરી જાત સાથે મિલન થશે. સંસાર પ્રત્યે નવી દૃષ્ટિ ખુલશે. તેજ આવશે. ગ્લો આવશે.આખું વ્યક્તિત્વ ડિટોક્સીફાય થશે. અને છેલ્લે, માફી માગો. તમે જેને પણ જાણતા કે અજાણતા હર્ટ કર્યા હોય દુઃખ પહોંચાડ્યું હોય એવા સંસારના સમસ્ત જીવોને હાથ જોડીને ખમાવીને 'મિચ્છામી દુક્કડમ' કહો.

બોલો, આનાથી વધુ કોઈ સચોટ તરીકો છે આનંદ માટે? ■

સૉલ ઓફ ટૂર

## શા માટે દક્ષિણ કોરિયા ભારતીય પ્રવાસીઓનું ફેવરેટ ડેસ્ટિનેશન બની ગયું છે?



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

*સંસ્કૃતિ, ઈતિહાસ અને કુદરતી સૌંદર્યનું આકર્ષક મિશ્રણ આપતું દક્ષિણ કોરિયા ભારતીય પ્રવાસીઓમાં મોસ્ટ ફેવરેટ ટ્રાવેલ ડેસ્ટિનેશન બની ગયું છે. ચાલો પૂછીએ ઑરોરા ટુર્સનાં મેનેજિંગ ડિરેક્ટર ધવલ જાંગલાને કે શા માટે ભારતીય પ્રવાસીઓમાં આ દેશને એક્સપ્લોર કરવાની ખ્વાઈશ વધી ગઈ છે.*

**★ ધવલભાઈ છેલ્લા કેટલાક વર્ષોમાં ઈન્ટરનેશનલ ટ્રાવેલ માટે કોરિયાની વધતી જતી ડિમાન્ડનું એવું તે શું કારણ છે?**

આ વિશે જણાવતા ધવલભાઈ કહે છે, રાજધાનીનું શહેર સોલ, મોડર્ન વંડર્સ અને સમૃદ્ધ ઐતિહાસિક સ્થળો બંને સાથે એક ખળભળાટ મચાવતી મેગા સિટી છે. કોરિયન ડિમિલિટરાઇઝ્ડ ઝોન (DMZ), ઇમર્જિંગક પીસ પાર્ક, જાજરમાન ગ્યોંગબોકગુંગ પેલેસ અને પેટિટ ફ્રાન્સ જેવા યુનિક સ્થળો પર પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઊમટી પડે છે, જે આખા દેશનાં અનોખા વારસાનું પ્રદર્શન કરે છે.



**★ જેજુ આઈલેન્ડઃ**

જેજુ આઇલેન્ડ એ બીજું એક ટોપનું સ્થળ છે જે પ્રવાસીઓમાં ખૂબ લોકપ્રિય છે. આ શહેર તેના મનોહર લેન્ડસ્કેપ્સ અને શાંત વાતાવરણ માટે પ્રખ્યાત છે. પ્રવાસીઓ સીઓનજ્યુપ એ પારંપરિક ગામને એક્સપ્લોર કરી શકે છે, ગ્વાંગચીગી બીચ પર અદ્ભુત કુદરતી દૃશ્યોનો આનંદ માણી શકાય છે અને મનમોહક નાન્તા શોનો અનુભવ કરવા અહીં મળે છે. ચેઓનજીયોન વોટરફોલ અને હેલીમ પાર્કમાં હરિયાળીભર્યા નજારાઓ જેજુનાં કુદરતી સૌંદર્યને પ્રકાશિત કરે છે, જે તેને પ્રકૃતિના ઉત્સાહીઓ માટે મુલાકાત લેવા માટે આવશ્યક બનાવે છે.



બુસાનની ખાસિયત છે અહીંનાં સુંદર દરિયાકિનારા અને બીચ પરનાં આકર્ષણો. પ્રવાસીઓ અહીંની પ્રખ્યાત હ્યુંડે સ્કાય કેપ્સુલ અને સોંગડો સસપેન્શન બ્રિજનો અનુભવ લઈ શકે છે. જે સમુદ્ર અને શહેરનો પેનારોમિક વ્યુ આપે છે. આવા વૈવિધ્યસભર સ્થાનો સાથે, દક્ષિણ કોરિયાએ ભારતીય પ્રવાસીઓનું ધ્યાન નિશ્ચિતપણે કબજે કર્યું છે, જે કલ્ચર, એડવેન્ચર અને લિઝરનાં મિશ્રણવાળો અનુભવ આપે છે.

**★ કોરિયન અટ્રેક્શનઃ**

પ્રવાસના સ્થળો ઉપરાંત, ટેક્નોલોજી, ઓટોમોટિવ અને બ્યુટી જેવા વિવિધ ક્ષેત્રોમાં દક્ષિણ કોરિયાની વૃદ્ધિએ ભારત સાથેના તેના સંબંધોને મજબૂત બનાવ્યા છે. હ્યુન્ડાઇ અને કિયા જેવી મોટી કંપનીઓએ ભારતીય બજારમાં નોંધપાત્ર સ્થાન મેળવ્યું છે. નવી - નવી કાર ઓફર કરી છે અને નોકરીઓનું સર્જન કર્યું છે, જ્યારે ટેક્નોલોજી અને વેપારમાં પણ વૃદ્ધિ જોવા મળી છે. આ વધતું જોડાણ દક્ષિણ કોરિયાને ભારતીય પ્રવાસીઓ માટે એક આકર્ષક સ્થળ બનાવે છે, જ્યાં તેઓ સંસ્કૃતિ અનુભવવા સાથે વૈશ્વિક ઉદ્યોગોના વિકાસના સાક્ષી પણ બની શકે છે.

**★ ભારતમાં કોરિયન ફૂડ અને સ્ટ્રીટ ફૂડનો ક્રેઝઃ**

આજકાલ ભારતનાં વિવિધ ઠેકાણે તમને કોરિયન સ્ટ્રીટ ફુડ સ્પેશ્યાલિટી કિમચી, ટીટોકબોક્કી, ગમ્જા હોટડોગ્સ અને કોરિયન ડમ્પલિંગ જેવી વાનગીઓ જોવા મળી છે અને ઓલરેડી આ વાનગીઓએ ભારતીયોનાં મનમાં સ્થાન મેળવી લીધું છે. મેજર ઈન્ડિયન સિટીમાં કોરિયન રેસ્ટોરન્ટ્સ અને સ્ટ્રીટ ફૂડ સ્ટોલ્સ મસાલેદાર, સ્વાદિષ્ટ અને અનોખા કોરિયન ફ્લેવર્સ પિરસે છે અને લોકો એને પસંદ પણ કરી રહ્યા છે. કોરિયન ખાદ્યપદાર્થોએ નિઃશંકપણે ભારતીય મેનુમાં તેનું વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે.

**★ કે-પોપ અને કે-ડ્રામાની દિવાનગી**

ભારતમાં કે-પોપ અને કે-ડ્રામાનો ક્રેઝ સર્વકાલીન ઉચ્ચત્તમ સ્તરે છે, BTS અને BlacPink જેવા પોપ સિંગર ગ્રૂપ્સનાં ચાહકોની ભારતમાં ખૂબ મોટી સંખ્યા છે. ખાસ કરી ને જેન-ઝીમાં કે-પોપનો ખાસ ક્રેઝ છે. વિશ્વભરનાં કે-પોપ અને કે-ડ્રામાનાં ચાહકો અવારનવાર શહેરના વાઇબ્રન્ટ ગંગનમ ડિસ્ટ્રિક્ટનો અનુભવ કરવા માટે સોલની મુલાકાત લે છે, જેમાં ઘણા લોકો ગંગનમ સ્ટાઇલ સ્ટેચ્યૂની મુલાકાત લે છે જે વિશ્વને તરબોળ કરનાર વાયરલ ગંગનમ સ્ટાઈલ ગીતને શ્રદ્ધાંજલિ છે. કે-પોપની સાંસ્કૃતિક નિકાસે ભારતીય ચાહકો માટે સોલને ટોચનું સ્થળ બનાવ્યું છે, જેઓ તેમનાં આઈડલનાં મૂળસ્થાન સાથે જોડાવા આતુર હોય છે.

**★ ભારતમાં કોરિયન સ્કિનકેર અને બ્યુટી પ્રોડક્ટ્સની ડિમાન્ડ**

કોરિયન સ્કિનકેર ભારતમાં જ નહીં, પણ આખા વિશ્વમાં વખણાય છે. લોકો સ્વસ્થ અને કાચ જેવી ચમકતી ત્વચા માટે દેશનું પ્રખ્યાત બ્યુટી રૂટિન અપનાવવા આતુર છે. શીટ માસ્ક, સીરમ અને મોઇશ્ચરાઇઝર્સ જેવી પ્રોડક્ટ્ને ભારતીય બજારમાં જોરદાર પ્રતિસાદ મળ્યો છે. ભારતમાં કોરિયન બ્યુટી પ્રોડક્ટ્સની સફળતાનો શ્રેય તેમના ઉચ્ચ-ગુણવત્તાવાળા ઘટકો અને સ્કિનકેર ઇનોવેશન પ્રત્યેની પ્રતિબદ્ધતાને આભારી છે, જે દક્ષિણ કોરિયાને ભારતીય સૌંદર્ય ઉદ્યોગમાં મુખ્ય ખેલાડી બનાવે છે.


વિવિધ ક્ષેત્રોમાં તેના વધતા પ્રભાવ સાથે, દક્ષિણ કોરિયા આજે ભારતીય પ્રવાસીઓ માટે ખરેખર એક આકર્ષક સ્થળ બની ગયું છે, જે માત્ર એક રીચ કલ્ચરલ અનુભવ લેવા માટેનો દેશ નહીં, પણ એને વૈશ્વિક પાવરહાઉસ બનાવે છે. સાથે જ આ દેશ ટેક્નોલોજી અને ઔદ્યોગિક પ્રગતિની ઝલક પણ આપે છે. ઐતિહાસિક સ્થળો માટે હોય, વાઇબ્રન્ટ પોપ કલ્ચર માટે હોય, કોરિયન ગ્લાસ સ્કિન મેળવવા માટેની પ્રોડક્ટ્સ માટે હોય કે પછી વિકાસશીલ ઉદ્યોગો માટે, દક્ષિણ કોરિયા એક એવો દેશ છે જે ભારતીયોની દરેક પ્રકારની કલ્પનાને મોહિત કરે છે.


Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

## આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# શું વાંકમાં કોઈ જ નથી?





૧૯૪૭માં અમુક રાજ્યોએ તો માલિકો જ બદલ્યા. અંગ્રેજ ગયા અને ગુંડા આવ્યા અને પાછી વ્યવસ્થાએ ત્યાંની જમીનમાં એવી ફળદ્રુપતા ભરી દીધી હતી કે ત્યાંની માંઓની કૂખેથી સાવ ભોળા, પેદા થવું એટલે શું એ હકથી પણ અજાણ્યા, ત્રણ વેળાના ભોજનને બદલે સરેરાશ એક વખત અડધા ભોજનને પરમની કૃપા સમજનારા અને અવાજ ઉઠાવવો એ મોટો ગુન્હો છે એમ માનીને જીવનારા ખેતમજૂરો, કારખાનાના કામદારો, ડ્રાઈવરો, રોજીરોટી માટે સતત પરિભ્રમણમાં 'ગુલતાન' મહાન સહનશીલ જ જન્મે, અને એ પણ માંઓનું પેટ ભરાવાનું બંધ થાય, એટલે કે ૪૫-૫૦ વર્ષની વય સુધી, એટલે કે પાંચથી છ પરિવાર દીઠ ખરાં જ ખરાં. આ 'ખાસ' રાજ્યોમાંથી એક ખાસ રાજ્યમાંથી તો આખી દુનિયામાં જે પવિત્ર જીવનશૈલી અને કરુણા વિશ્વમાં વ્યાપ્યા એવા બે અવતારપુરુષો આવ્યા, પણ ત્યાંનું જીવન બહુ 'સુંદર' રીતે વધુ ને વધુ ઉતરતી કક્ષાનું બનતું જ ગયું, બનતું જ ગયું. આ વસતિમાંથી કેટલાક 'બહાદુર' અલગ થઈને ઘરમાં અવતાર પુરુષોનાં ફોટાના ધૂપદીપ સાથે માથાં ઊંચકવા માંડ્યા અને જેવો એમણે પ્રચલિત રાજકારણી ગુંડાગીરી સામે અવાજ ઉઠાવ્યો કે તરત એક નવો જ શબ્દ ત્યાંની શબ્દકોશીય ગોઠવણમાં ઉમેરવો પડ્યોઃ સાઠગાંઠ. બીજા વર્ગની ફરજ એટલી જ-ચૂંટણીઓ જીતાડી આપવાની, કોઈ પણ હિસાબે અને જોખમે... પહેલા વર્ગની બાંહેધરી એટલી જ-બાકીના સમયમાં તમારે જે કરવું હોય એ કરો - ચોરીચપાટી લૂંટફાટ, બળાત્કાર, કારખાનાંઓના માલિકો પાસેથી પ્રોટેક્શન મની ઉઘરાવવાના, મજૂર કામગાર ઈત્યાદિ પાસેથી જીવતો રહેવા દેવા માટેના હપ્તા વસૂલ કરવાના ઈત્યાદિ ઈત્યાદિ. હવે આવા વિનાશનાં વાતાવરણમાં કદાચ શ્વાસ તો મફત છે એટલે લઈ શકાય પણ આ પાંચ-છ વેજા (મેઘાણીનો શબ્દ) જણનારી પત્ની અને વૃદ્ધ કે અપંગ કે બીમાર કે ત્રણે એકસાથે મા-બાપને ખવડાવવાનું શું? એટલે શરૂ થયું અવતાર પુરુષો ના ય પરિભ્રમણ કરતાં અનેકગણું દૈવી, પવિત્ર અને દિવ્ય ભ્રમણ. દર બે-ત્રણ વર્ષે, નોકરી આપતાં સમૃદ્ધ રાજ્યોમાંથી અતિ વહાલા વતને પંદર-વીસ દિવસ માટે આવી જવું, સંતાનોનાં મુખ ઉપર સમૃદ્ધ રાજ્યમાંથી લવાયેલી ભેટ મેળવતા આવતી મુસ્કાન નિરખવી, અન્ય આકસ્મિક ફરજોનું પાલન કરવું જેમ કે મા-બાપની દવા, પત્નીની આંશિક જરૂરિયાતોનું અલ્પાંશિત પોષણ વગેરે વગેરે, 'ને આભમાં જોઈ આભાર માની પાછા આવવાનું, એ સંતોષ સાથે કે 'આટલું તો તેં આપ્યું!'

પરમ પરમ છે જ પણ જગતભરની વૈચારિક નિર્વિર્યતામાં સૌથી મોટો ભાગ પરમનો છે. પરમ જો કે શરીરમાં સતત વિર્ય પૂરીને સતત, જંગી અને ભયજનક વસતિ વધારા દ્વારા સરભર કરી આપે છે... પણ એની વાત ફરી ક્યારેક. અત્યારે વળી મારી 'નાસ્તિકી'ના ક્યાં ઢોલ વગાડું! ઢોલ તો વાગી જ રહ્યા છે ને આ હમણાંના દસ દિવસના! એમાં ગુલતાન રહીએ ને!

આજે ઈન્સ્ટાગ્રામ પર એક કવિતા જોઈ. મારા મતે હિન્દીના સૌથી અસરકારક શ્રેષ્ઠ અછાંદસ કવિ સુદામા પાંડે 'ધુમિલ' પછી ૫૦ વર્ષે આવી કવિતા નિરખવા એવી મળી કે સીધી કાળજે ઘણ મારી દીધો. એરપોર્ટ, રેલવે પ્લેટફોર્મ, વહાણ બાંધવાના તૂતક ઈત્યાદિ જેમાંથી બને ને! એ લોઢાના પદાર્થનું નામ છે Chequerred plate છેલ્લાં થોડા વર્ષોમાં મારી નિર્વિચતાને સાક્ષીભાવના નામે ઓળખાવા પૂરતો શાણો બન્યો છું, - છતાં, ચામડી છ મિલીમીટરની ચેકર્ડ પ્લેટથી વધુ જાડી કરી નાખી હોવા છતાંય આંખની આંતરિક સિસ્ટમમાં વર્ષોથી બંધ પડેલી ફેક્ટરી ફરી ચેતનવંતી થઈ અને થોડાક આંસુ સરી પડ્યાં.

*મેરે ભારત કી અય અદ્‌ભુત વ્યવસ્થા!*
*જીન્હેં તૂમ ઢુંઢ રહી હો વો નહીં મિલેંગે ઘરબારમેં*
*ઠીક વૈસૈ હી જૈસે ઉન્હે રોઝગાર નહીં મિલ પાયા બિહાર મેં...*

*વો મિલેંગે તુમ કો ઇંટમેં ગારોમેં*
*મુંબઈ કી ઊંચી દિવારો મેં...*
*વો મિલેંગે તુમ કો કશ્મીર કી રેંકડીયોમેં, પટરીયોમેં*
*ઔર ગુજરાત કી ફેક્ટરીયોં મેં...*
*બિન ખોજે હી મિલ જાયેંગે વો રાજસ્થાનકી તપતી રેંતોમેં*
*પંજાબ કે જુતતે ખેતોમેં*
*ઉન્હેં કોઈ કામ મિલ હી નહીં પાયા બિહારમેં*
*ભલા વો કૈસે રહતે અપને ઘરબારમેં?!*
*ખોજો ઉનકો દિલ્હી મેં દૌડ રહી ઓટોમેં*
*ઉજડી હુઈ ઝુગ્ગીઓમેં યા ફિર ઢાલી જા રહી છતોમેં...*
*સૂનો! તુમ્હારી સરકાર સે ઝયાદા પૈસા વે બિહાર કે વિકાસ મેં લગાતે હૈ.*
*વો સારા બિહાર ભેજ દેતે હૈ જો વો દિલ્લી ઔર પંજાબમેં કમાતે હૈ...*
*યે જો ગાંવમેં રોનક આઈ હૈ વો ઈન્હી પ્રવાસીયોં કી કમાઈ હૈ...*
*ઢુંઢના હૈ તો ઢુંઢો ઉન્હે ઉનકી માંઓ કે ઉદાસ ચહેરોમેં.*
*ઉનકી પત્નીઓંકી પથરાઈ આંખોં મેં, ઉનકી બેટીઓંકે*
*બિખરે સપનો મેં*
*જો અપનોં કી ખાતીર જી રહે હોતે હૈં*
*ગૈરોમેં વો નહીં મિલ પાતે ઢૂંઢને સે ભી અપનોમેં*
*વો આતે હૈં અપને ઘર છઠમેં, હોલીમેં, ઈદમેં...*
*ચૂનાવમેં.*
*જીનકા નામ કાટને કે લિયે તુમ ઘૂમ રહે હો ગાંવમેં...*

*સૂનો મેરે ભારત કી અય અદ્‌ભુત વ્યવસ્થા....*
*કવિતા સબકો સમઝ નહીં આતી હૈ*
*ઉનકો તો કતઈ નહીં જીનકો સત્તાકી ગુલામી ભાતી હૈ...*

આજે આટલું જ... ■

## સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




### થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા

ઇલિયાસને ઉપરના વોર્ડમાં ખસેડાયો ત્યારથી નિર્મલ ચૂપ હતો. એ સૂતો રહેતો. રાતે જમવાનું આવ્યું, પણ એણે જરાતરા ખાઇને પ્લેટ બાજુએ મૂકી દીધી. એ કંઇક બબડી રહ્યો હતો. દૂરના બેડ પરના એક દરદીએ એનો બબડવાનો અવાજ સાંભળ્યો. એણે નિર્મલને જોયો. એ પડખાં ફેરવી રહ્યો હતો અને થોડી થોડી વારે કંઇક બબડતો હતો. પેલા દરદીએ ઊભા થઇને કોઇને બોલાવવાની કોશિશ કરી, પણ કોઇ દેખાયું નહીં. એ વોર્ડની બહાર આવ્યો. એણે ત્યાંથી પસાર થઇ રહેલા ગોપાળને જોયો.

'અરે સૂનો ભાઇ અંદર એક આદમી કો કૂછ તકલીફ લગતા હૈ.'

ગોપાળ તાબડતોબ રાતપાળીની નર્સ જયમાલાને બોલાવી લાવ્યો. જયમાલાએ એનો તાવ માપ્યો. ૧૦૧ જેટલો તાવ હતો. એણે એક ગોળી આપી. નર્સે ગોપાળને કહ્યુંઃ 'તાવમાં બબડે છે.' નિર્મલ અધખુલ્લી આંખે નર્સને જોઇ રહ્યો. ફરી કંઇક બબડ્યો.

નર્સે પૂછ્યુંઃ 'શું બોલો છો, સમજાતું નથી. કંઇ જોઇએ છે.?' નિર્મલ બબડતો રહ્યો.

'તને કંઇ સમજાય છે એ શું બોલે છે?' નર્સે ગોપાળને પૂછ્યું.

'કિનુ....કિનુ સંભળાય છે.' ગોપાળે જેટલું સમજી શક્યો એ કહ્યું. દૂરના પલંગ પરનો માણસ તેમનો આ સંવાદ સાંભળી રહ્યો હતો.

'બુખાર ઉતર જાયેગા....તો બોલના ભી બંધ હો જાયેગા.' નર્સ જતા જતા બોલી.

ગોપાળે પેલા માણસને કહ્યુંઃ 'આમને કંઇ વધુ તકલીફ થાય તો મને કહેજો. હું જાગું છું.' પેલા માણસે હાથ ઊંચો કરીને ભલે કહ્યું.

સવારે ડૉ. સાળુંખે આવ્યાં ત્યારે સૌથી પહેલાં ગોપાળે એમને નિર્મલની વાત કરી.

'મેડમ, કાલે રાતે નિર્મલ પરીખને તાવ હતો. એ તાવમાં બબડતા હતા.' એટલામાં નર્સ જયમાલા આવી.

'તને વ્હાલા થવું બહુ ગમે છે. હોસ્પિટલની બધી વાત તારે જ કરવી જરૂરી છે? ઇન્ચાર્જ હું છું કે તું?' ડૉ. સાળુંખેની સામે જયમાલાએ તેને આ પહેલીવાર ઝાટક્યો નહતો.

'ડૉક્ટર, હું તમને ઇન્ફોર્મ કરવાની જ હોઉંને? હજી તમે આવીને શ્વાસ લીધો ત્યાં બધું ઓકી નાખવાનું?'

ડૉ. સાળુંખે બન્નેને સારી રીતે ઓળખતા હતાં. જયમાલાની કામચોરી અને ગોપાળની સ્વભાવગત સેવાથી પરિચિત હતાં. એ કંઇ બોલ્યાં નહીં, માત્ર જયમાલાની સામે જોયું.

'એને ૧૦૧ જેટલો તાવ હતો.' જયમાલાએ રિપોર્ટીંગ શરૂ કર્યું.

'બીજીવાર તાવ ક્યારે માપ્યો હતો?' ડૉ. સાળુંખેએ પૂછ્યું. જયમાલાની ચુપકીદી જ એનો જવાબ હતો.

'મેડમ, હું વહેલી સવારે ચારેક વાગે જોવા ગયેલો. તાવ હોય એવું ન લાગ્યું. એ ઘસઘસાટ સૂતા હતા.' ગોપાળએ કહ્યું.

ડૉ. સાળુંખેએ નારાજગી સાથે જયમાલાની સામે જોયું. એ નીચું જોઇ ગઈ. એની પાસે સરકારી હોસ્પિટલની લાદી જોવા સિવાય બીજી કોઇ જગ્યા નહતી.

'મેડમ, મેં પેલી બેભાન મિસ એક્સના મોંમાથી સેમ્પલો લીધા ત્યારથી હું જમી શકતી નથી. એક પણ કોળિયો ખાઇ શકતી નથી, ઉંઘી શકતી નથી, મને એજ દેખાય છે.'

'એ જ તો ફરક છે અન્યોના અને આપણા વ્યવસાયમાં, એ લોકોએ કદાચ રૂપિયા ગણવાના છે અને આપણે સેવા. આપણે લોહીથી ખરડાયેલા ઇજાગ્રસ્તોની સારવાર કરવાની છે, પીડામાં કણસતા દરદીઓને સાંત્વન આપવાનું છે, આપણે છેલ્લો શ્વાસ લેતા દરદીઓ જોવાના છે, બિહામણા મૃતદેહો જોવાના છે. જયમાલા, કેમ કે આપણે સેવા કરવાના શપથ લીધા છે. આ આપણે પસંદ કરેલો વ્યવસાય છે.' ડૉ. સાળુંખેની વાણીમાં ભારોભાર વેદના હતી. તેઓ એકેક શબ્દ તોલી તોલીને બોલી રહ્યાં હતાં. જયમાલાની નજર શરમથી નીચે ઝુકેલી હતી.

'ચાલ ગોપાળ...' ડૉ. સાળુંખેની પાછળ ગોપાળ ઝડપથી ચાલવા લાગ્યો. એની પાછળ જયમાલા હતી. ત્રણેય નિર્મલના બેડ પાસે પહોંચ્યા. નિર્મલ હજી સૂતો હતો. ડૉ. સાળુંખેએ તાવ માપ્યો...આંગળીમાં ઓક્ઝિમીટર ભરાવ્યું. થોડી ક્ષણોની ખામોશી પછી બોલ્યાંઃ 'તાવ નથી. ઓક્સિજન લેવલ ઇઝ ઓલસો ઓકે.'

> **'આંખોની ભાષામાં શબ્દો અને લિપિ નથી હોતા છતાંય ઘણું બોલાય અને સંભળાય જતું હોય છે.'**

ડૉ. સાળુંખેએ જતાં જતાં જયમાલાને કહ્યુંઃ 'કદાચ આપણી પાસે કોઇ મોટું નામ કરી જવાનો હુન્નર નહીં હોય, પણ થોડાંક દરદીઓ અને એના સગાવ્હાલાઓ આપણું નામ યાદ રાખે એવું કામ તો આપણે જરૂર કરી શકીએ.'

*******************

જયમાલા રાતપાળી પતાવીને ઘરે જઇ રહી હતી ત્યારે ડૉ. સાળુંખેના આકરા શબ્દો હજી ય એના કાનમાં સોયની જેમ ભોંકાઇ રહ્યા હતા. એ ડૉ. સાળુંખેના શબ્દોની સચ્ચાઇ જાણતી હતી, પણ એને દુઃખ એ વાતનું હતું કે એમનો દરેક શબ્દ એની મનોવેદનાને વકરાવતો હતો. જયમાલાની આંતરિક વ્યથાના મૂળમાં કોરોના હતો. કોરોનાના આ કપરા કાળમાં નાનકડી દીકરીને માને ત્યાં મૂકવાનું દુઃખ, પતિ રમેશની દારૂની લત, લોકડાઉનમાં દારૂ માટેના એના હવાતિયાં...મારપીટ અને રોજના કજીયા....એના સેવાભાવી સ્વભાવમાં ઓટ આવી કોરોનાને કારણે. એનો સ્વભાવ ચીડિયો થઇ ગયો તો એ કોરોનાએ ઊભા કરેલા સંજોગોને કારણે. કોરોનાએ એનો આખો સુખી સંસાર ડહોળી નાખ્યો હતો.

પહેલાં કેટલું સારું હતું. રમેશની નાનકડી નોકરી હતી. હા, રાતે જરા દારૂ પીને આવતો, પણ ક્યારેય મારપીટ, કજિયો કે ધમાલ કરી નહતી. રમેશને દીકરી વિના તો બિલકુલ ચાલે નહીં....કેટલું વ્હાલ કરે. સ્કૂલેથી આવતા મોડું થાય તો ઊંચોનીચો થઇ જતો...બહાર નાકા સુધી જોવા જતો. જયમાલા રાતપાળી કરીને વહેલી સવારે ઘરે જતી વખતે હૉસ્પિટલના ક્વાટર્સને રસ્તે આવતા ઝાડ પરથી ખરેલાં ફુલો વીણતી, એની પર બાઝેલા ઝાકળબિંદુઓને સ્પર્શતી, પક્ષીઓનો કલરવ માણતી. કોરોનાએ એના જીવનમાં કલરવને સ્થાને કંકાસ ભરી દીધો હતો. હવે રમેશ સાથે નાની નાની બાબતોમાં ઝઘડો થવા લાગ્યો, હાથ ઉપાડવા સુધી વાત પહોંચી જવા લાગી....દીકરી અને દારૂ રમેશની નબળાઇ બની ગઇ હતી. અધૂરામાં પૂરું જયમાલાને કોરોનાના દરદીઓની વચ્ચે રહેવાનો ભય કોરી ખાતો હતો ....ક્યાં સુધી આમ જીવવું પડશે. એનો જવાબ જયમાલા તો શું કોઇની પાસે નહતો.

આંતરિક વલોપાતની વચ્ચે ઘર ક્યારે આવી ગયું એની જયમાલાને ખબર પડી નહીં. રમેશ જાગી ન જાય એની તકેદારી સાથે એણે દરવાજો ખોલ્યો. એના આશ્ચર્યની વચ્ચે રમેશ જાગતો હતો. એ જાગતો ન હતો, એ તરફડતો હતો દારૂ વિના.

'જાગી ગયો.?' જયમાલાએ પૂછ્યું.

'સૂતો જ ક્યાં છું.' પથારીમાં પડ્યા પડ્યા રમેશ બોલ્યો.

'કેમ...?' એવું પૂછવાનું જયમાલાને મન થયું, પણ એનો જવાબ એ જાણતી હતી એટલે મૌન રહી. હાથ ધોઇ....સેનેટાઇઝ કરીને એ પલંગ પર આડી પડી ત્યારે મોં સુઝણું થઇ રહ્યું હતું. આ એનું રૂટીન હતું. લોકડાઉન અને રાતપાળીએ ખોરવી નાખેલું આ જ એનું જીવન હતું.

રાતભર દારૂની તલબથી તડપતા રમેશને બીજી પણ એક તલબ લાગી હતી. જયમાલાની રાહ જોવામાં પડખાં ઘસીને રાત પસાર કરનારા રમેશે જયમાલાની છાતી પર પોતાના હાથ મુક્યો. જયમાલાએ હળવેકથી એનો હાથ ખસેડ્યો. એને ભય હતો કે દર વખતની જેમ રમેશ ચીડાશે, ઘાંટા પાડશે, જોર-જબરજસ્તી કરશે, બળાત્કાર કરશે, પણ રમેશે એવું કંઇ કર્યું નહીં. જયમાલાને આ વાતનો વધુ ડર લાગ્યો. રમેશની કામેચ્છા હિંસક ન બની...એ ચૂપચાપ બહારની રૂમમાં જતો રહ્યો. ક્યારેક ક્રિયા કરતા પ્રતિક્રિયા વધુ વરવી હોય છે.

*****************

ડૉ. શાહની કેબિનમાં ડૉ. સાળુંખે, સોલંકી અને નર્સ જ્યોતિ ઊભાં હતાં. જ્યોતિ તું પહેલાં કોઇ મૂક-બધીરની સંસ્થામાં કામ કરી ચૂકી છોને?

'હા સર.'

'તો તું મૂક-બધિરની સાંકેતિક ભાષા જાણતી હોઇશ'

'સર, શીખવાની શરૂઆત કરેલી, પણ થોડી શીખી શકી.'

'આપણે થોડાથી કામ ચલાવશું, ટ્રાય કરીશું...મિસ એક્સ પણ કદાચ આ ભાષા સમજતી હોય.'

'સર, મને લાગે છે કે આપણે સૌથી પહેલાં તો એના કોરોનાના રિપોર્ટની રાહ જોવી જોઇએ.' ડૉ. સાળુંખેએ કહ્યું.

'કમ સે કમ આપણે એનું નામ, સરનામું જાણી લઇએ. ટેસ્ટ માટે સેમ્પલો મોકલીએ ત્યારે દરદીની વિગતો મોકલવી પડશેને.' ડૉ. શાહે કહ્યું.

'મેં અને સોલંકીએ બહુ મહેનતે.....આઉટ ઓફ ધી વે જઇને સેમ્પલો મોકલ્યા છે.' ડૉ. સાળુંખે બોલ્યાં.

'મેડમ, આઉટ ઓફ ધ વે અને ગેરકાનૂની કામ મારી ડિક્શનેરીમાં નથી....આટલી ઉતાવળ સારી નહીં.' ડૉ. શાહે નારાજગી બતાવી.

'સાહેબ, મારો વાંક છે....મેં જ ઉતાવળમાં પગલું ભરી કાયઢું....પણ તમે ચિંતા ન કરો સાહબ, હું સંભાળી લેવા.' સોલંકીને પસ્તાવો થયો.

'જ્યોતિ, તું મૂક-બધિરની ભાષામાં એનું નામ, સરનામું પૂછી જો.'

'ઓકે સર' કહીને જ્યોતિ ઑપરેશન રૂમમાં ગઇ. એ દોડતી પાછી આવી. એ હાંફતી હતી.

'સર, સર, મિસ એક્સ ઑપરેશન રૂમમાં નથી.' કેબિનમાં બેઠેલા બધાના ધબકારા વધી ગયા. સૌથી પહેલાં સોલંકીએ બહાર આવીને બૂમ મારી. હરી, ગોપાળ, જયુ....બધા દોડી આવ્યા.

'મિસ એક્સ રૂમમાં નથી. ઢૂંઢો. જ્યોતિ, તું બાથરૂમ, ટોઇલેટ ચેક કર.' બધા મિસ એક્સને શોધવામાં લાગી ગયા. સોલંકીએ રિસેપ્શનિસ્ટને પૂછ્યું.

'વો લડકી દેખી?'

'વો તો અભી ગઇ?'

'ક્યા? તુમને ઉસકો જાને દિયા?' ગુસ્સામાં બોલતા બોલતા એ બહાર ગેટ પાસે નીકળ્યો. બહાર નીકળતા જ એણે જોયું....પગથિયાં પર મિસ એક્સ બેઠી હતી. એનો શ્વાસ હેઠો બેઠો. સોલંકી એની પાછળ ઊભો રહી ગયો. મિસ એક્સ હૉસ્પિટલના આંગણાંમાં ખરી પડેલાં સૂકાં પીળાં પાંદડાને એકીટશે જોઇ રહી હતી. એણે ઉપર નજર કરીને ઝાડને જોયું. સૂકાયેલા ઝાડમાંથી એક પીળું પાંદડું ખર્યું...એ ખરતાં, હવામાં ફંગોળાતાં પાંદડાને જોઇ રહી હતી. હલકી હવાના સહારે આમતેમ ફંગોળાતું દિશાહીન પાંદડું બીજા પાંદડાની વચ્ચે જઇને પડ્યું. અચાનક પવનના એક સપાટાએ સૂકા પાંદડાઓને હડસેલીને ખુણા કરી દીધા. પીળા પાંદડાઓની વસતિમાં પણ એકલુંઅટુલું હતું.!

સોલંકી ધીમેથી એની બાજુમાં જઇને બેસી ગયો. બન્નેની નજર મળી. થોડી વાર સુધી બંને મૌન બેસી રહ્યાં. પછી સોલંકી ઊભો થઇને અંદર જવા માંડ્યો. એની પાછળ મિસ એક્સ પણ ધીમા ડગલે ચાલવા માંડી. આંખોની ભાષામાં શબ્દો અને લિપિ નથી હોતા છતાંય ઘણું બોલાય અને સંભળાય જતું હોય છે.

(ક્રમશઃ)■

## ફોકસ

કિરણ ભાસ્કર
feedback@bombaysamachar.com

# શું વરસાદમાં નથી જઈ શકતાં જિમ? તો ઘરે જ કરો એક્સરસાઈઝ...



**વરસાદ** વરસે એટલે આપણી દિનચર્યા ખોરવાઈ જાય છે. આપણાં અનેક કામ અટકી પડે છે. થોડો વરસાદ આવે કે પછી મુશળધાર મેઘ વરસે આપણે જિમ જવાનું, વૉક કરવાનું, વર્કઆઉટ કરવાનું અથવા અન્ય કસરત કરી શકતા નથી. એવામાં જો તમે એક્સરસાઈઝ નથી કરી શકતા તો ટેન્શન લેવાની જરૂર નથી. વર્કઆઉટની રીતભાતમાં થોડો ફેરફાર કરીને ફિટ રહેવાનું રૂટિન બનાવી શકાય છે.

**ટાઈમ**

દરરોજ એક્સરસાઈઝ માટે ઓછામાં ઓછી ૩૦ મિનિટનો સમય કાઢો. એના માટે એક ટાઈમ ફિક્સ કરી રાખો અને એ સમયે કસરત કરો. વરસાદને કારણે જિમમાં જવાનું શક્ય નથી તો સ્પોટ રનિંગ અને ડાન્સિંગ જેવી ઈન્ડોર એક્સરસાઈઝ કરો. ઘરની અંદર તમે ૧૦થી ૧૫ મિનિટ વૉક કરી શકો છો.

**ઉંમર પર પણ રાખો ધ્યાનઃ**

ઘરમાં કસરત કરતી વખતે પરિવારમાં તમારા કરતા નાની ઉંમરના લોકો સાથે સ્પર્ધામાં ન ઉતરો. ૫૦ અને ૬૦ની ઉંમરના લોકોએ હળવા યોગાસન ઘરની અંદર કરવા.

**સિડીઓ ચડ-ઉતર કરવીઃ**

સોસાયટીમાં વૉકિંગ કરવાની સાથે જ ઘરની સિડીઓ ચડવી અને ઉતરવી. એ પણ વ્યાયામ છે. થોડી મિનિટ સિડીઓ ચડવી અને ઉતરવાથી પણ તમે ફિટ રહી શકો છો.

**યોગાસનઃ**

વરસાદની ઋતુમાં સ્વાસ્થ્ય સંબંધી બીમારીઓ પણ વકરે છે. રોગપ્રતિકારક શક્તિ વધારવા અને શ્વાસ સંબંધી તકલીફોથી બચવા માટે યોગ કારગર છે. ઘરની અંદર યોગ કરીને પોતાને તરોતાજા રાખી શકાય છે.

**ડાન્સ કરીને રહો સ્વસ્થઃ**

આપણે સૌ જાણીએ છીએ કે ડાન્સ એક બેસ્ટ વર્કઆઉટ છે. જોકે એવું જરૂરી નથી કે તમે ડાન્સમાં માહેર હોવ. ઘરની અંદર જ રહીને હાઈ એનર્જીના ગીત ટીવી પર પ્લે કરીને અને તેના જેવા જ ડાન્સ સ્ટેપ્સ કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

**ઘરમાં જિમ વસાવોઃ**

જો તમારા ઘરમાં પૂરતી જગ્યા હોય તો ઘરનાં એક ખૂણામાં ઈક્વિપમેન્ટ્સ વસાવી લો. જેવા કે ડમ્બેલ્સ, યોગા મેટ, રેઝિસ્ટન્સ બેલ્ટ વગેરેનો ઉપયોગ કરીને વર્કઆઉટ કરી શકાય છે. બેડમિન્ટન અને ટેબલ ટેનિસ જેવી ગેમ રમીને પણ વર્કઆઉટ કરી શકાય. ખેલ-કૂદ આપણી કેલરીઝને બર્ન કરવાની સાથે શરીરને સ્વસ્થ પણ રાખે છે.

**વોર્મઅપ કરોઃ**

કોઈપણ પ્રકારની એક્સરસાઈઝ કરતાં પહેલાં પોતાને વોર્મઅપ કરવા જરૂરી છે. ઘરે રહીને તમે રસ્સી કૂદવી, જમ્પિંગ, જોગિંગ કરી શકો છો. આ સિવાય સ્ટ્રેચિંગ અથવા પોતાના શરીરને પોતાની તરફ ખેંચવું અને માંસપેશીઓને ઢીલી છોડવી એ પણ એક પ્રકારની કસરત છે, જે શરીરને ઊર્જા આપે છે.

**એરોબિક્સઃ**

એરોબિક્સ એક પ્રકારે માંસપેશીઓને મજબૂત બનાવવા, વજન ઘટાડવામાં તો મદદ કરે જ છે, પરંતુ સાથે જ યોગાસનની જેમ એ પણ એક સારું વર્કઆઉટ છે.

**ઘરકામ કરવુંઃ**

ઘરનું કામ કરવું એ પણ એક સારું વર્કઆઉટ ગણવામાં આવે છે. જોકે ગૃહિણીઓ માટે આ પૂરતું નથી. આ સિવાય તેમને યોગાસન, વૉકિંગ અથવા પોતાની ઈચ્છા પ્રમાણે વર્કઆઉટ કરવું જોઈએ. ઘરની સાફસફાઈ કરવી, કબાટમાં દરેક વસ્તુઓને સારી રીતે ગોઠવવી, કપડાંને વ્યવસ્થિત ગોઠવવા, હાથેથી કપડાં ધોવા. એટલે કે ઘરના કામથી જ વર્કઆઉટ કરી લેવું જોઈએ. ■

સર્જકના સથવારે


રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ફૂલના રંગોમાં ગુલશનની કહાની કહેતા શાયર નૂર પોરબંદરી

**હામ બાકી છે જીવી જવાની ઘણી**
**મારા દિલમાં હજી દર્દ સચવાય છે**

‘ચલ મન શબદને વેપાર’ મેઘાણી શબ્દ-વ્યવસાયની વાટ ચીંધે છે. પોતાના અંતરતમ ચેતન વિના શબ્દોના ચેતનને કોણ પામી શકશે? શબ્દકોશમાં રહેલાં શબ્દો કોલસો છે. કવિ તેને પોતાની અંતરની ભઠ્ઠીમાં અંગાર કરી મૂકે છે. એટલે તો વેદ કહે છેઃ ‘પાવકા નઃ સરસ્વતી’ - સરસ્વતી અમને પાવન કરો! અરબીમાં એક કહેવત છેઃ ‘કવિઓ તો પાયા છે, જેના પર પ્રભુ પોતાના મહાલય રચે છે.’ આમ જે કવિ એક એક શબ્દનો મહિમા પિછાણે છે, તેને માટે, અને તેના મારફત ચેતનના કાંગરા ચણાય છે. આવા એક બહુ ઓછા જાણીતા શાયર ‘નૂર’ પોરબંદરીની ગઝલસૃષ્ટિ પાસે જઈએ અને એમના સાચા શબ્દોને જાણીએ.

એમનું આખું નામ નૂરમોહંમદ અબ્દુલ રહેમાન અયબાની. પોરબંદરના બેરાવાળા નામના અતિસમૃદ્ધ વેપારી કુટુંબ સાથે સંબંધ ધરાવતા ‘નૂર’ નાનપણથી જ શબ્દોના ચેતનને પામી ગયા હતા. એ કુટુંબનો વ્યવસાય પથ્થરનો, વહાણવટાનો અને અનાજનો, પણ ‘નૂર’નો જીવ એમાં લાગ્યો નહીં. વીસમી સદીના પાંચમાં દાયકામાં લખાતી ગુજરાતી ગઝલો વાંચીને-સાંભળીને એનામાં પણ ગઝલ કહેવાની અદમ્ય ઈચ્છા જાગી કે પોતે પણ કંઈક આવું લખે. પોરબંદરમાં એ વખતના ગઝલકારો પાસેથી ગુરુમંત્ર લઈને આગળ વધ્યા. એમણે ક્યારેય આગળ આવવાનો પ્રયત્ન ન કર્યો, એમ પાછળ પણ ન રહ્યા - એ સ્થિરતાથી પોતાના સ્થાને અડગ રહીને લખ્યા કર્યા જેના પરિપાકરૂપે ‘સરભરા’ નામના ગઝલસંગ્રહથી પોતાનું આસન જમાવ્યું છે. ભાઈ નૂરની પહેલી ગઝલ ૧૯૪૫માં




રાંદેરના માસિક પત્ર ‘કારવા’માં પ્રગટ થઈ અને ૧૯૪૬માં મુંબઈના સાપ્તાહિક પત્ર ‘બે ઘડી મોજ’માં એમણે મુક્તકો મોકલ્યા ત્યારે શયદા સાહેબે આખું પાનું આપીને પાંખડીઓ એવા શીર્ષકથી મુક્તકો પ્રગટ કર્યા. એ પાંખડીઓએ ભાઈ નૂરને એવું પ્રોત્સાહન આપ્યું કે એમણે પછી તો પાંખડીમાંથી ફૂલ અને ફૂલમાંથી બગીચાનું સર્જન કર્યું. ચાલો એ ઉદ્યાનની મહેક ફેલાવતા ફૂલોને માણીએઃ

**જ્યારે હવા ચમનની ગમી ગઈ’તી એમને**
**ત્યારે હું આસપાસ હતો, કોણ માનશે?**
* *

**હાલ જીવનનો પૂછો, જોઈ લો મારી ગઝલ**
**ફૂલના રંગોમાં ગુલશનની કહાની હોય છે**
* *

**ચમનમાં ફૂલ મારા પગલે ના વેરાય તો સારું**
**મને મારાજ ઘરમાં સરભરા માફક નહીં આવે.**
* *

**એ જરૂરી નથી પાલવમાં ચમન આખું હો**
**કોઈ એકાદ સુમન હો તો ગઝલ થઈ જાયે.**
* *

**પાલવમાં કંટકો છે અમારા, ભલે રહ્યા**
**કિન્તુ તમારા માર્ગમાં ફૂલો બિછાવશું.**
* *

**એકાદ એની વેણીમાં ગૂંથી શક્યો નહીં**
**મારા ચમનમાં ફૂલ વિવિધ રંગના હતાં**
* *

**જીવનમાં એટલે જ ખિલાવ્યાં હતા સુમન**
**મૃત્યુ પછી મઝારની શોભા બની શકે.**

આપણાં અગ્રગણ્ય શાયર શૂન્ય પાલનપુરીએ ‘સરભરા’ ગઝલ સંગ્રહની પ્રસ્તાવનમાં કહ્યું છે કે ‘સરભરા’ એટલે સાદગીના આંગણે, સ્વયં લખીને, પ્રકાશ રેલવનારી શમાની કદરદાનીનો અણમોલ અવસર.’ જનાબ નૂર પોરબંદરીના જીવન-કવનથી સંપૂર્ણપણે વાકેફ છું. પ્રસિદ્ધિના મોહ વિના એમણે ગઝલની કરેલી મૂક સાધના મારા મન પર અમીટ છાપ મૂકી ગઈ છે. ગઝલમાં એમણે ગાયું છે એ એમની જીવનશૈલીનો આબેહૂબ ચિતાર છે, એમ કહીએ કે ગઝલના શેરો એમના જીવનનું પ્રતિબિંબ છે. ગઝલ એક કાવ્ય પ્રકાર છે, જેમાં જિંદગી પ્રેમની પરિભાષામાં પોતાના મનોભાવો, પોતાની વેદનાઓ, ખુશીઓ વગેરે આડંબર રહિત શૈલીમાં વ્યક્ત કરતી રહે છે. આ સાદગી ગઝલનો પ્રાણ છે. ગઝલમાં બુદ્ધિની વેવલાઈને કોઈ સ્થાન નથી. એમાં તો ઊર્મિની ભાવ ગૂંથણી જ હોઈ શકે. સાવ સરળ ભાષામાં હાડ સોંસરી નીકળી જાય એવી લાગણીની અભિવ્યક્તિ એજ ગઝલની અસલિયત.

નૂર વ્યવસાયે પત્રકાર હતા. ધાર્યું હોત તો પોતાનું ઘણું છપાવી શક્યા હોત પણ એ હંમેશાં પ્રસિદ્ધિથી દૂર રહ્યા અને બીજાઓને બિરદાવતા રહ્યા. પોતાની સંગ્રહ પણ પ્રકાશિત ના કર્યો. મરણોત્તર પ્રકાશન થયું એ ખૂબ જ સંતોષની ઘટના છે. શૂન્યભાઈએ નૂરના વિવિધ પાસાંઓની છણાવટ કરતાં નોંધ્યું છે કેઃ ‘ગઝલની આ સરળતા અને વેધકતા માત્ર એ લોકોને જ નસીબ થઈ શકે જેમનું જીવન સાવ સાદું હોય પણ વિચારો બહુ ઊંચા હોય. જનાબ નૂર પોરબંદરી આ વિષયમાં બહુ ભાગ્યશાળી છે. એમના જીવનની સાદગી પર સાચી ગઝલ ફિદા ગઈ છેઃ

**નજર બનીને સમાયા છો એની આંખોમાં**
**હવે તમારા ઉપર નૂર કોઈ ઘાત નથી**

નૂરનો દિવાન એટલે એમની જીવન-કથાના વેધક પ્રસંગો. એમણે બધું જ ખુલ્લે દિલે કહી નાંખ્યું છેઃ

**જિંદગી મારી છે કંગાળના પહેરણ જેવી**
**એના પાલવમાં કોઈ ચીજનો ચમકાર નથી**

આવા ચોખ્ખું કહ્યા પછી એ બીજાના જીવનનું મૂલ્યાંકન કરનારને ઈશારો કરવાનું ચુક્તા નથી જેમ કેઃ

**દુઃખમાં ના માપો કોઈને**
**રાતે રંગો ના પરખાય!**

નૂરની વ્યથા અને વેદના મહાસાગરમાં તરતી હિમશિલાઓ જેવી છેતરામણી છે. સપાટી પર માત્ર હોય દેખાય પણ ભીતર માઈલો સુધી પથરાયેલાં હિમનો ડુંગર હોય જેમ કેઃ

**તમને હું નૂર હસીને મળ્યો હતો**
**મારા જીવનમાં સુખની એ અંતિમ ઘડી હતી.**
* *

**અંતે કાંઠે આવીને નાવ ડૂબી ગઈ**
**બુદબુદાથી નાવ ટકરાઈ હતી.**

અહીં બુદબુદા સાથે નાવની ટક્કર ઘણું કહી જાય છે. એનું વિવરણ જૂજ શબ્દોમાં શક્ય નથી. નૂર જીવનમાં બીજાની લાગણીઓનો પણ ખ્યાલ રાખે છેઃ

**ગમતું નથી કે કોઈની આશાનું ખૂન હો**
**જીવનનું ચિત્ર દોર્યું છે રંગો ભર્યા વિના**

નૂર કંગાળતા પહેરણ શબ્દનો ઉપયોગ કરીને જીવન દશાને છુપાવતા નથી. તો બીજીબાજુ સાંકેતિક ભાષાનો પણ કલામય ઉપયોગ કરી લે છેઃ

**આવી વિષમ દશાનું નિવારણ કહો કોઈ**
**ફૂલોની ગોદમાં મને શબનમનો ત્રાસ છે.**
* *

**મીટ માંડી સુખના સૂરજને નિહાળી ના શક્યો**
**આંખ જ્યાં મારી ખુલી આકાશ કાળુંમસ હતું.**

શૂન્યભાઈએ બહુ સરસ વાત કરી છે કે ઘણાં ફૂલો એકલા એકલા ખિલે છે. એને કોઈ જોતું નથીઃ MANY A flower are born to blush unseen. ભાઈ નૂર આ વાતને બીજા રૂપકમાં રજૂ કરે છેઃ

**એવા સિતારા પણ આ ગગનમાં અસંખ્ય છે**
**ચમકીને ડૂબી જાય છે, આંખે ચડ્યા વિના**

આ શાયર સ્વયંના તેજે તપતા હતા અને એ ખુમારીમાં જીવતા હતા. કોઈની ક્યારેય મોહતાજી કરી ન હતી એટલે કહે છે કે-

**નથી અંધકારમાં મેં માર્ગ શોધ્યો પારકા તેજે**
**ગઝલમાં ‘નૂર’ છું ને જિંદગીમાં ખુદ પ્રકાશિત છું**

નૂરનો એવો આગ્રહ હતો ‘કોઈ મારી ઓળખાણથી મારી ગઝલોનો પરિચય મેળવે એ કરતાં મારી ગઝલો દ્વારા મને ઓળખે એ મને ગમે.’ એમની ગઝલો જ એમનો પરિચય છે. શેરોની મોતન માળ સજાવેલી છે ચાલો આપણે તેના પ્રકાશમાં ઝળહળિએઃ

**હામ બાકી છે જીવી જવાની ઘણી**
**મારા દિલમાં હજી દર્દ સચવાય છે**
* *

**નિશ્ચિત જગા જીવનમાં મળી જ્યારે એમને નૂર**
**બેસી શક્યા ના એટલા થાકી ગયા હતા.**
* *

**બહુ સાવધાનીથી પગલાં ભરું છું**
**મને જિંદગી થોડી ભારે પડી છે**
* *

**નૂરને મગ્ન રહેવા દો એકાંતમાં**
**મેદની વચ્ચે જઈ એકલા થઈ જશે**
* *

**દશા મારી સમજી શકો તેવી સમજો**
**હસીને કહું છું - ખુદાની દયા છે**
* *

**નૂર ચણતર કરે છે જીવનનું**
**તારા આપેલા જખ્મ ખડકે છે.**
* *

**હમણાં અમારી રીતે આ જીવન વિતાવશું**
**સુખ જેવું કંઈ થશે પછી તમને જણાવશું**
* *

**જીવનની હકીકત પૂછ નહીં વ્યાપક છે જીવનમાં એકલતા**
**હું નૂર થઈને અંધારી રાતોના સહારે જીવું છું**
* *

**અંતે જ્યાં થાકીને બેસી જઈશ**
**એ તો કેવળ નૂર મારું ઘર હશે.**

* * * * * * ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com


# કોઈની ભૂલને સજાને બદલે માફી આપીને પણ સુધારી શકાય...


ઓગસ્ટ, ૨૦૨૫ના ત્રીજા સપ્તાહમાં ઈન્દોરમાં ચોરીની એક ઘટના બની. નિશા ઝુનઝુનવાલા નામની એક બિઝનેસવુમનના ઘરમાંથી બાર લાખ રૂપિયાનાં ઘરેણાંની ચોરી થઈ. પોલીસ તપાસમાં બહાર આવ્યું કે એ ઘરેણાં ઝુનઝુનવાલાની વિશ્વાસુ નોકરાણીએ જ ચોર્યાં હતાં!

નોકરાણીએ પોલીસ સમક્ષ કબૂલી લીધું કે હા, મેં જ આ ઘરેણાંની ચોરી કરી હતી. આવા કિસ્સામાં સામાન્ય રીતે એવું જ બને કે પોલીસ નોકરાણીની ધરપકડ કરે અને પછી નોકરાણી ચોરીના આરોપ હેઠળ જેલભેગી થઈ જાય. જોકે, આ કિસ્સામાં એવું બન્યું કે જેના કારણે પોલીસ અધિકારીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા અને પછી એ વાત શહેરમાં ફેલાઈ એટલે બધા લોકોએ પણ સુખદ આશ્ચર્યની લાગણી અનુભવી.

નોકરાણીએ ચોરીની કબૂલાત કરી લીધી, પણ એ વખતે એણે કહ્યું કે ‘ હું આ ઘરેણાં પહેરવા ઇચ્છતી હતી અને પછી પાછા આપી દેવાનો ઇરાદો મારા મનમાં હતો....’

સ્વાભાવિક રીતે આવી વાત પોલીસ અધિકારીઓનાં ગળે ન ઊતરે. જોકે નિશા ઝુનઝુનવાલાએ પોલીસને કહ્યું કે ‘મારે મારી નોકરાણી સામે કશી કાનૂની કાર્યવાહી નથી કરવી. મારે તેને જેલમાં ધકેલવી નથી કે સજા પણ નથી અપાવવી. પોતાનાં કૃત્ય માટે અફસોસ છે એટલું પૂરતું છે. હું એને માફ કરવા ઇચ્છું છું.’




નિશા ઝુનઝુનવાલાને સલામ કરવી જોઈએ કે એમણે પોતાની નોકરાણીની ભૂલ માફ કરી દીધી. ઘણી વાર માણસને સજાને બદલે માફી સુધારી શકે. પેલી નોકરાણી કદાચ ચોરીના આરોપ હેઠળ જેલમાં ગઈ હોત તો રીઢી ગુનેગાર બનીને બહાર આવી હોત, પણ ઝુનઝુનવાલાએ ઉદાર હૃદય સાથે એને માફ કરી દીધી.

આ કિસ્સો જાણીને મને વિકટર હ્યુગોની જગવિખ્યાત નવલકથા ‘લે મિઝરેબ્લ’ યાદ આવી ગઈ. એ નવલકથામાં વિકટર હ્યુગોએ એ વાત આલેખી છે કે કોઈ માણસનો સદ્‌ભાવભર્યો અને ક્ષમાજનક વર્તાવ કોઈ માણસના જીવનમાં કેવો ચમત્કાર કરી શકે છે. એ વાત અહીં ટૂંકમાં વાચકો સામે મૂકું છું....

એક સીધોસાદો, ભોળો ખેડૂત જિન વાલજિન સમાજના અન્યાયનો ભોગ બનીને બહારવટે ચડયો. દબાયેલી સ્પ્રિંગ જોરથી ઉછળે એ રીતે એની અંદર ધરબાયેલો આક્રોશ બહાર આવ્યો ને એણે ચોતરફ કાળો કેર વર્તાવી દીધો. એ માણસની અંદરનું સારાપણું ખતમ થઈ ગયું અને એની અંદર જાણે શેતાનનો પ્રવેશ થઈ ગયો.

જોકે સત્તાધીશોએ જિન વાલજિનની પાછળ સિપાઈઓને છોડી મૂક્યા અને કેટલાક સમય પછી એ ઝડપાઈ ગયો ને એને જેલમાં ધકેલી દેવાયો. એણે એટલા બધા ગુના કર્યા હતા કે બે દાયકા સુધી એણે જેલમાં સબડવું પડ્યું.

જેલમાંથી છૂટીને બહાર આવ્યા પછી જિન વાલજિને કામ શોધવાની કોશિશ કરી, પણ તેનું નામ એટલું કુખ્યાત થઇ ગયું હતું કે કોઈ એને પોતાની બાજુમાં ઊભો રાખવા પણ તૈયાર નહોતું. જિન ભૂખ્યો-તરસ્યો ભટકતો હતો. એ દરમિયાન એની મુલાકાત એક ભલા પાદરી સાથે થઈ. પાદરીને જિનની દયા આવી ગઇ. એમણે જિનને ભરપેટ જમાડ્યો અને પછી રહેવાની વ્યવસ્થા પણ કરી આપી. પાદરીને ખબર પડી હતી કે જિન વાલજિન કુખ્યાત માણસ છે. અને વર્ષો સુધી જેલની સજા ભોગવીને બહાર આવ્યો છે, પણ પાદરીએ એને માનભેર આશરો આપ્યો.

પાદરી પાસે ચાંદીનાં વાસણો હતાં અને જિનને એમાં જમવાનું આપતા હતા. જિનને તે પાદરીના ઉમળકાભર્યા અને આદરયુક્ત વર્તાવથી આશ્ચર્ય થયું. એણે જિંદગીમાં આવો માણસ જોયો નહોતો.

પેલો પાદરી જિનને બહુ જ સારી રીતે સાચવતો હતો, પણ એક રાતે જિનની અંદરનો શેતાન જાગી ગયો અને એ પાદરીની ચાંદીની થાળીઓ ચોરીને ભાગી ગયો.

જોકે ચાંદીની થાળીઓ સાથે ભાગી રહેલો જિન સિપાઈઓના હાથમાં ઝડપાઈ ગયો. સિપાઈઓએ એને પૂછ્યું કે આ થાળીઓ ક્યાંથી ચોરી આવ્યો? જિને કહી દીધું કે ‘પાદરીને ત્યાંથી.’

સિપાઈઓએ પાદરીને બોલાવીને કહ્યું કે ‘તમારી ચોરાયેલી ચાંદીની થાળીઓ સાથે અમે જિનને પકડી પાડ્યો છે.’ પાદરીએ કહ્યું, ‘અરે! આ થાળીઓ તો મેં તેમને ભેટ આપી છે!’

એ પછી પાદરીએ જિનને કહ્યું કે ‘આ ચાંદીની થાળીઓ સાથે વાડકાઓ આપવાનું તો હું ભૂલી જ ગયો હતો. લો, એ વાડકાઓ પણ લઈ જાઓ!’

જિન તો પાદરીને જોતો જ રહી ગયો. એ પાદરીની ક્ષમા માગવા લાગ્યો.

પાદરીએ જિનને કહ્યું, ‘ઈશ્વર પર ભરોસો રાખ. એ સૌ સારાવાનાં કરશે અને તારું ભલું કરશે.’

પાદરીના એ શબ્દો સાંભળીને જિન વાલજિનના હૃદયનું પરિવર્તન થઇ ગયું અને એ સાધુ બની ગયો.

ooo ooo

કોઈ માણસ કશુંક ખોટું કરી બેસે ત્યારે એને સજાને બદલે માફી આપીને પણ સુધારી શકાય. ઇન્દોરનાં બિઝનેસવુમન નિશા ઝુનઝુનવાલાએ વિકટર હ્યુગોની નવલકથા વાંચી હશે કે નહીં એ તો ખબર નથી, પણ એમણે નોકરાણીને માફી આપીને ઉમદા કામ કર્યું છે. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# મૂંગા સંબંધોની બોલીઃ વહાલથી વફાદારી સુધી...

**ટાઈટલ્સઃ**

***સત્તા પર હસવું કે ભસવું નહીં.*** (છેલવાણી)


એક માણસ પોતાના ત્રણ પાળેલાં કૂતરાને રસ્તા પર ફરવા લઈ જતો હતો. ત્યારે કોઇએ ક્યૂટ કૂતરાઓ જોઇને પૂછ્યું, ‘આમનાં નામ શું છે?’

‘પ્રાણજીવન, નવજીવન અને હરજીવન.’ પેલાએ કહ્યું,

‘...ને તમારું નામ?’

‘ટોમી!’, કૂતરાના માલિકે શરમાઇને કહ્યું!

એકવાર હું જ્યારે ‘આનંદ’ કે ‘અનાડી’ કે ‘અભિમાન’ જેવી ફિલ્મોનાં મહાન નિર્દેશક ઋષિકેશ મુખર્જીને એમના બંગલે મળવા ગયેલો ત્યારે એ એક જ પ્યાલામાંથી કૂતરાઓને દૂધ પીવડાવે અને પછી એમાંથી જ પોતે પીતા...એ જોઇને ચોંકી ગયેલો. વળી, ઋષિકેશ મુખર્જી, કૂતરાઓ સાથે બંગાળીમાં વાર્તાલાપ પણ કરતા ને કૂતરાઓ પણ ગહન મુદ્રામાં સાંભળતા! એક થિયરી છે કે શિયાળ મૂળમાંથી ઊતરી આવેલ શ્વાન ખૂબ વફાદાર પ્રાણી છે, છતાં આપણે એને ગાળોમાં ‘પેલો કૂતરાની મોતે મરશે’ કે ‘પેલી સાવ ‘બિચ’ કે કૂતરી જેવી છે.’ જેવું ના કહેવાનું કહીએ છીએં.



તમને થશે કે શ્વાન-પુરાણ કેમ માંડ્યું છે?

હમણાં જ દર વર્ષની જેમ આ ૨૬ ઓગસ્ટે પણ ‘ઇન્ટરનેશનલ ડોગ-ડે’ ઉજવવામાં આવ્યો એટલે સમગ્ર શ્વાન-પ્રજા અને શ્વાન-પ્રેમીઓને અર્પણ કરતો આ ખાસ લેખ છે, જેની નોંધ જગતભરનાં રખડતાં અને પાળેલાં કૂતરાંઓ કદાચ ગંભીરતાથી લેશે અને મને કદી નહીં કરડે એવી આશા છે, કારણ કે આજકાલ કૂતરા વિરોધી અને કૂતરા તરફ એમ બે ભાગમાં આખો દેશ વહેંચાઇ ગયો છે. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં ચુકાદો આપ્યો છે કે પાટનગર અને એની આસપાસના વિસ્તારોમાંથી કૂતરાંને દૂર કરવામાં આવે અને રખડતાં કૂતરાઓની નસબંધી કરવામાં આવે અને હડકવાનાં રસી મૂકવામાં આવે, જેથી એમેની વસતિ વધતી અટકે અને કરડવાના કિસ્સા ઘટે. જોકે આ વિશે બેઉ પક્ષની લાંબી ચર્ચાઓ કદાચ ગલીના તમામ કૂતરાઓ સહિત બધાંને જ હવે ખબર છે એટલે મુદ્દો અહીં બહુ ચર્ચતા નથી.

હવે કૂતરાઓનો માનવ માટેનો અને માનવનો કૂતરાઓ પરનો પ્રેમ અજબ લેવલનો થઇ ગયો છે. હવે તો મુંબઇ જેવાં શહેરોમાં કૂતરાંઓ માટે ખાસ બ્યૂટી-પાર્લરો પણ ખૂલ્યાં છે, જ્યાં મોંઘા ભાવે કૂતરાને નવડાવે, વાળને શેમ્પૂ કરે, નખ પણ કાપી આપે!

બીજી બાજુ, ‘રસ્તે રઝળતાં હિંસક કૂતરાંઓનું શું કરવું?’-એ ઉખાણું છે. ઘણાં વખત પહેલાં મહારાષ્ટ્રના નાગપુરમાં ૩ વરસના વંશ નામનાં બાળકને રખડતાં કૂતરાંઓએ ગળા પર બચકાં ભરીને ફાડીને મારી નાખેલો! વંશની માતા માનસીએ, ગર્ભધાનની સ્પે. ટ્રીટમેંટથી માંડમાંડ એને જન્મ આપેલો એટલે સૌ વંશને ‘મિરેકલ બોય’ કહેતા, પણ બાળક વંશનો અ-કાળ અંત આવ્યો.

ઇતિહાસમાં શિવાજી મહારાજનો ‘વાઘ્યા’ નામનો મિશ્ર જાતિનો કૂતરો, વફાદારી અને શાશ્વત ભક્તિના પ્રતીક તરીકે ઓળખાય છે. કહેવાય છે કે છત્રપતિ શિવાજીના અંતિમ સંસ્કાર વખતે ‘વાઘ્યા’ કૂતરો ચિતામાં કૂદી પડ્યો હતો. રાયગઢ જિલ્લામાં ‘વાઘ્યા’ની યાદમાં કાંસાની એક ખાસ મૂર્તિ ગોઠવવામા આવી છે.

***ઇન્ટરવલઃ***

***ક્યા હૈ કરિશ્મા કૈસા ખિલવાડ હૈ?***
***જાનવર આદમી સે ઝ્યાદા વફાદાર હૈ (નીરજ)***

૨૦૨૪માં અમેરિકામાં સાઉથ ડાકોટાનાં મહિલા ગવર્નર ક્રિસ્ટી નોઈમે એનાં ૧૪ મહિનાનાં કૂતરાને ગોળી મારી, કારણ કે એ પાગલ થઈ ગયેલો. ક્રિસ્ટીએ જાહેરમાં કહ્યુંઃ ‘જો કૂતરાંઓ બેકાબૂ થઈને હિંસક હુમલાઓ કરે તો મારી નાખવા જોઇએ.’ ગયા વર્ષે અમેરિકન રાષ્ટ્રપતિ, બાઈડેનના ‘કમાંડર’ નામનાં કૂતરાએ, અનેક સિક્રેટ સર્વિસ એજન્ટો પર હુમલા કર્યા કરેલા. છેવટે ‘એ ‘કમાંડર’ને વ્હાઇટ હાઉસમાંથી કોઇ અજ્ઞાત સ્થળે મોકલી દેવામાં આવ્યો હતો... આટઆટલા લોકોને કરડ્યા પછી ય એ કૂતરો હજી કેટલાને કરડશે- એની રાહ જોવાની? આવાં કૂતરાંઓને તો મારી જ નાખવા જોઈએ...એ પછી ટીવી-છાપાં-ફેસબૂક-ટ્વિટર(X) પર ક્રિસ્ટીનાં સંવેદનહીન વાત પર ખૂબ ગાળો મળી.

શ્વાન અને મારા વચ્ચે લવહેટ નહીં, પણ લવ ફિયરનો સંબંધ છે. મહોલ્લામાં ફરતા નિર્દોષ પોસ્ટમેન કે ભિખારીને ચોર કે આતંકવાદી માનીને અચાનક ત્રાટકતા ખતરનાક કૂતરાઓથી મને બહુ ડર લાગે છે. કોઇ મિત્રના ઘરે એનો કૂતરો મારી પાસે ધસી આવે તો મૂર્તિવત બની જઉં છું પછી મિત્ર સમજાવે, ‘અરે, ડર નહીં, એ કંઇ નહીં કરે!’

ત્યારે હું કહું કે- ‘આ વાત કૂતરાંને સમજાવ કે હું પણ એને કંઇ નહીં કરું માટે મને ડરાવે નહીં...! ’ જો કે પછી આખી પાર્ટીમાં એ કૂતરો મારા ખોળામાં પ્રેમિકાની જેમ માથું મૂકીને પ્રેમથી બેસે એવું પણ બન્યું છે, છતાંયે પ્રેમ-સંબંધોનાં જખ્મોની જેમ કૂતરાંઓનો ડર મનમાંથી જતો નથી.

મારી નાની બહેનનાં ઘરે ‘ચોકો’ નામનો ક્યૂટ કૂતરો છે, જેની સાથે મેં માતૃભાષાનો પ્રચાર થાય એવા શુભઆશયથી ગુજરાતીમાં વાર્તાલાપ કરી જોયો છે. મારા અમુક લેખ પણ ઉત્સાહથી સંભળાવી જોયા, પણ એણે મને હસીને કે ભસીને કે ચાટીને કોઇ પ્રતિભાવ હજૂ નથી આપ્યો જેની મને ચાટી ગઈ છે... પણ એણે હિંસક હુમલો કરીને મને લખતાં અટકાવ્યો નથી એ સ્વીકારવું પડે.

જોકે એમ તો દાદરનાં કબૂતરખાના પાસે પરિંદાઓને પંખીપ્રેમીઓ ચણ નાખે એનો ય વિરોધ થાય છે. પશુપંખી પ્રેમીઓ અને સત્તાવાળા સામસામે આવી ગયા છે. એક જમાનામાં કબૂતર તો શાંતિના દૂતનું પ્રતીક ગણાતું, જે આજે અશાંતિનું કારણ બની ગયું છે. મહાનગર મુંબઇમાં અનેક બેઘર લોકો ભૂખ્યા સૂતા હશે પણ એમને કોઇ પૂછતું નથી, કૂતરાં-કબૂતરા પર લોકોને પ્રેમ ઉભરાઇ આવે છે. જોકે આ સારી વાત છે કે આજે આવાં મૂંગા જીવ પર દયા આવે છે કાલે લાચાર માનવીઓ પર પણ આવશે એવી આશા રાખીએ. અંગ્રેજીમાં એક કહેવત છેઃ ‘એવરી ડોગ હેઝ અ ડે’ અર્થાત ‘હર કૂત્તે કા દિન આતા હૈ!’ એમ એક દિવસ માણસનો યે દિવસ આવશે જ્યારે લોકો કરુણા પ્રેમ ને ખાસ તો ખાવાનું વરસાવશે.

***એન્ડ-ટાઈટલ્સઃ***

***ઈવઃ હું ‘પપ્પી’ લઈ આવી.***
***આદમઃ પણ કોની?*** ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# બોડીગાર્ડનો સશક્ત ઈતિહાસ

## મુઘલોનાં હરમની ઉર્દૂ બેગીસથી સલમાનના શેરા સુધી...





ભારતમાં બોડીગાર્ડને કોઈએ 'ફેમસ' બનાવ્યા હોય તો એ છે એક્ટર સલમાન ખાન. પોતાની અંગત સુરક્ષામાં શેરા નામનો બોડીગાર્ડ એટલો જ જાણીતો છે જેટલો એક્ટર પોતે. એમ તો વડા પ્રધાન મોદીથી લઈને ઉદ્યોગપતિ મુકેશ અંબાણી સુધી દરેક વીવીઆઈપી લોકોના બોડીગાર્ડ હોય છે, પરંતુ એ બધા ગુમનામ હોય છે. લોકોને એમના વિશે કશી જાણકારી નથી હોતી. માત્ર સલમાન ખાનના કિસ્સામાં જ એના બોડીગાર્ડનું નામ અને ચહેરો લોકોમાં જાણીતો છે.

હજુ હમણાં થોડા દિવસ પર શેરાના પિતાનું અવસાન થયું ત્યારે એના પરિવારજનોને સાંત્વન આપવા સલમાન એના ઘરે ગયો હતો. તે વખતે પણ શેરા મીડિયામાં છવાઈ ગયો હતો. ટૂંકમાં, શેરા પડછાયાની જેમ ગુમનામ નથી રહેતો. એ ખુદ સલમાનના ચાહકોમાં એક સેલિબ્રિટી સ્ટેટ્સ ભોગવે છે.

સલમાન અને શેરાનો સંબંધ માત્ર બોસ અને બોડીગાર્ડનો નથી. સલમાન ખાને ઘણી વખત કહ્યું છે કે એ શેરા પર ઘણો વિશ્વાસ કરે છે... તો ભાઈ જેવો છે અને અમારા પરિવારનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો પણ છે. શેરાના દરેક કામને સલમાન ટેકો આપે છે. શેરા ખાન પરિવાર સાથે પણ એટલો જ જોડાયેલો છે.

શેરાનું સાચું નામ ગુરમિત સિંહ જોલી છે. છેલ્લાં ૩૦ વર્ષથી એ સલમાન ખાનના અંગરક્ષક તરીકે કામ કરી રહ્યો છે. ખાનની સુરક્ષા ટીમનો એ વડો અને સલમાન ખાનનો અંગત અંગરક્ષક છે. ૧૯૮૭માં મુંબઈ જુનિયરનો એ ખિતાબ જીત્યો હતો અને ૧૯૯૮માં 'મિસ્ટર મહારાષ્ટ્ર જુનિયર સ્પર્ધા'માં ઉપવિજેતા રહ્યો હતો. શેરા પોતાની ખાનગી સુરક્ષા કંપની પણ ચલાવે છે.

ભારતમાં બોડીગાર્ડની સંસ્કૃતિ નવી છે. ખાસ કરીને એંસી અને નેવુંના દાયકામાં મુંબઈ જેવા મહાનગરોમાં અપરાધીકરણ વધ્યું પછી પ્રાઈવેટ બોડીગાર્ડનું ચલણ વધ્યું હતું. ત્યાં સુધી માત્ર સાર્વજનિક જીવનને સમર્પિત લોકોને જ, જેમાં રાજકારણીઓ, રાજ્યના વડાઓ, મંત્રીઓ, સરકારી અમલદારો અને સુરક્ષા અધિકારીઓને સરકારી સુરક્ષા પ્રદાન થતી હતી.

ભારતમાં સરકારી બોડીગાર્ડની પહેલી વ્યવસ્થા ૧૮મી સદીમાં અમલમાં આવી હતી. તે વખતે ભારતના ગવર્નર જનરલની સુરક્ષા માટે બોડીગાર્ડ નીમવામાં આવ્યા હતા, જે પાછળથી વાઇસરોય બોડીગાર્ડ અને પ્રેસિડેન્ટ બોડીગાર્ડ બન્યા હતા. ૧૭૭૩માં જ્યારે વોરેન હેસ્ટિંગ્સને ભારતના વાઇસરોય જનરલ બનાવવામાં આવ્યા ત્યારે એમણે પોતાની સુરક્ષા માટે એક રેજિમેન્ટની રચના કરી હતી. રેજિમેન્ટમાં યુદ્ધમાં કુશળ એવા ૫૦ ઊંચા કદના સૈનિકો હતા અંગ્રેજો દ્વારા લગભગ ૨૦૦ વર્ષની ગુલામી પછી, ભારત વર્ષ ૧૯૪૭માં સ્વતંત્ર થયું અને અંગ્રેજો કાયમ માટે અહીંથી ચાલ્યા ગયા. જોકે, આ રેજિમેન્ટે પોતાની જવાબદારીઓ નિભાવવાનું ચાલુ રાખ્યું હતું.

આમ તો બોડીગાર્ડની સંસ્કૃતિના જનક રાજા-મહારાજાઓ છે. ભારતમાં અને અન્ય સામ્રાજ્યોમાં શાહી અંગરક્ષકોનું ચલણ હતું. પ્રાચીન સમયમાં, રોમન સામ્રાજ્યમાં પ્રેટોરિયન ગાર્ડસ, પર્સિયન સામ્રાજ્યમાં પર્સિયન ઈમ્મોર્ટલ્સ અને ઓટોમન સામ્રાજ્યમાં જાનિસરીઝ નામના સુરક્ષાકર્મીઓ શાહી સમુદાયની સુરક્ષા કરતા હતા. પ્રાચીન જાપાનમાં સમુરાઈ નામના યોદ્ધાઓ સુરક્ષાકર્મીની ફરજ બજાવતા હતા. આ સુરક્ષાકર્મીઓ સૈન્યમાંથી આવતા હતા. આધુનિક સમયની સિક્યુરિટી એજન્સીઓનો અવતાર આ પ્રાચીન વ્યવસ્થામાંથી થયો હતો.

સુરક્ષા સેવાઓના વિકાસની સાથે ગુપ્તચરોનો પણ ઉદય થયો. આ મરઘી પહેલી કે ઈંડું જેવો પ્રશ્ન છે. મહત્ત્વની વ્યક્તિને સુરક્ષિત રાખવાની હતી એટલે તેના પર જોખમને લગતી માહિતીઓ એકઠી કરવાની જરૂર ઉભી થઇ કે પછી જોખમની માહિતીઓ મળતી હતી એટલે સુરક્ષા કવચ બનાવવામાં આવ્યું તે કહેવું મુશ્કેલ છે. 'ધ સિક્રેટ વર્લ્ડઃ એ હિસ્ટ્રી ઓફ ઇન્ટેલિજન્સ'માં લેખક ક્રિસ્ટોફર એન્ડ્રુએ દાવો કર્યો છે કે પશ્ચિમની દુનિયામાં જાસૂસીનો પ્રારંભ યહૂદી પયગંબર મોસેઝના નેતૃત્વમાં ઇઝરાયલીઓએ ઈજિપ્તમાંથી સિનાઈ પર્વત તરફ ઉચાળા ભર્યા ત્યારે થયો હતો.

પ્રાચીન ગ્રીસમાં મહાન એલેકઝાન્ડરેની સેનાની એક નાનકડી ટુકડીને અંગત સુરક્ષા માટે રોકી હતી. એ 'સોમાટોફીલેક્સ' કહેવાતા હતા. તેમાં મેસેડોનિયન અશ્વસેનાના સાત ઉચ્ચ અધિકારી રહેતા હતા. તે સમયે આ સાત બોડીગાર્ડ આખી દુનિયામાં સૌથી તેજ અને સાહસિક ગણાતા હતા. રોમન રાજાઓએ ગ્રીસની આ અંગરક્ષક પ્રણાલી અપનાવી હતી.

થોડા દિવસ પહેલાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઈંગ્લેંડના પ્રવાસે ગયા ત્યારે એમના અંગરક્ષકોની ટીમમાંથી એક મહિલા કમાન્ડોની તસવીર વાયરલ થઇ હતી. તેનું નામ અદાસો કાપેસા છે. મણિપુરની છે અને સ્પેશ્યલ પ્રોટેકશન ગ્રુપ (એસપીજી)માં જોડાનારી પહેલી મહિલા છે.

રસપ્રદ વાત એ છે કે પ્રાચીન ભારતમાં પણ મહિલા બોડીગાર્ડની પ્રથા હતી. મૌર્ય સામ્રાજ્યમાં, ખાસ કરીને ચન્દ્રગુપ્ત મૌર્યના સમયમાં, મહિલાઓને શાહી સુરક્ષામાં રોકવામાં આવતી હતી. ગ્રીક ઇતિહાસકાર મેગાથેનેસ અને કૌટિલ્ય બંનેએ આ હકીકત નોંધી છે. તે માત્ર રક્ષકો જ નહોતી, પરંતુ કુશળ યોદ્ધાઓ પણ હતી અને હથિયારો ચલાવી શકતી હતી.

એક અન્ય ઈતિહાસ અનુસાર, ભારતના શાહી મહેલોમાં કિન્નરોની ઉપસ્થિતિ નોંધાયેલી છે, પણ મહિલા અંગરક્ષકોની ખાસ નોંધ નથી. કહે છે કે આવી રક્ષકોને મધ્ય એશિયામાંથી ભારત લાવવામાં આવતી હતી. ભારત અને પર્સિયન મહેલોમાં પુરુષ રક્ષકોને પગ મૂકવાની ઈજાજત નહોતી એટલા માટે રાજાઓ અને રાણીઓની સુરક્ષા માટે મહિલાઓને નીમવામાં આવતી હતી. આવી રક્ષકોમાં સ્ત્રી જેવી નજાકત નહોતી. સંસ્કૃતમાં એના માટે 'પુરૂષાયિતા' શબ્દ છે- જે પુરુષ જેવી દેખાય છે તે.

ભારતમાં મુઘલ વંશની સ્થાપના કરનાર બાબરે ઈબ્રાહીમ લોધીને હરાવ્યો ત્યારે એ પોતાની સાથે એનું હરમ (સ્ત્રીઓનો કાફલો) લઈને આવ્યો હતો, જેના રક્ષણ માટે એણે મહિલા રક્ષકો નીમી હતી. આ મહિલાઓ સામાન્ય રીતે હબસી, તાતાર, તુર્ક અને કાશ્મીરી મૂળની હતી. પછીથી મુઘલ વંશ પરંપરામાં એને 'ઉર્દૂ બેગીસ' કહેવાતી હતી- ઉર્દૂ એટલે શિબિર અથવા દરબાર અને બેગીસ એટલે મહિલા સરદાર.

શબ્દની વાત નીકળી છે તો, અંગ્રેજી બોડીગાર્ડ અથવા હિન્દી અંગરક્ષકનો અર્થ થાય છે શરીરનું રક્ષણ કરવું. આજે વડા પ્રધાન જેવા વીવીઆઈપી લોકો બુલેટપ્રૂફ જેકેટ પહેરે છે તેવી રીતે અગાઉના સમયમાં રાજાઓ અંગોની રક્ષા કરે તેવાં વસ્ત્રો પહેરતા હતા. તેના પરથી ઉર્દૂ ભાષામાં 'અંગરખા' શબ્દ આવ્યો છે, જે મૂળ સંસ્કૃત અંગરક્ષાનો અપભ્રંસ છે.


અંગરખું છાતીથી ઘૂંટણ સુધી પહોંચતું એક લાંબું ભારતીય વસ્ત્ર છે, જે ૧૯મી સદીમાં ઉત્તર ભારતમાં ખૂબ જ લોકપ્રિય હતું અને પશ્ચિમ ભારતના પુરુષો પણ થોડો બદલાવ કરીને તે પહેરતા હતા. અંગરખાના ઘણા પ્રકારો છેઃ ફ્રોક શૈલી, કમર સુધી લાંબી કમરપટ અને ઘૂંટણ સુધી પહોંચતું લાંબું અંગરખું. અત્યારે તો તે ફેશન તરીકે જોવામાં આવે છે, પરંતુ તે સમયે અંગરખાનો હેતુ શરીરનાં અંગોને એવી રીતે ઢાંકવાનો થતો હતો જેથી એના પર વાર કરી ન શકાય. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# જહાં નહાના મના હૈ!





દુનિયા આખી આધુનિકતાને રવાડે ચડીને પોતાની અતિ સુંદર પરંપરાને ઝડપભેર દફનાવી રહી છે. આવામાં ઘણાં આદિવાસી સમુદાયો પોતાના રિવાજ, પરંપરા અને સંસ્કૃતિનું જીવની જેમ જતન કરે છે. બહુ ભણેલાગણેલા ન હોવા છતાં પોતાની પરંપરા માટે લડવું પડે એટલી સમજ અને ઝનૂન પણ ધરાવે છે.

આવો જ એક આદિવાસી સમાજ છે હિમ્બા. આફ્રિકા ખંડના તાંઝાનિયા દેશમાં આ આદિવાસીઓની વસતિ અંદાજે પચાસેક હજાર જેટલી છે. રણ વિસ્તારની આસપાસમાં અને જંગલમાં રહેતા હિમ્બા લોકો પર્યાવરણની પૂજા કરે છે. આ લોકોનો જીવન-નિર્વાહ મુખ્યત્વે પશુ પાલન અને થોડી ઘણી ખેતી પર ચાલે છે.

આ લોકો રહે છે ત્યાં પાણીની ભયંકર તંગી હોય છે. આને લીધે સદીઓથી તેમનામાં નહાવાની મનાઈ છે. હજી આધુનિકતાના વાયરાથી ઘણાં બચીને રહેતા હિમ્બા લોકો આ રિવાજનો અમલ કરે છે. આ લોકો નહાતા નથી એટલું જ નહીં, હાથપગ સુદ્ધાં ધોતા નથી. કંઈ કામકાજ કર્યા કે જમ્યા બાદ પણ હાથ સાફ કરવા પાણીનો ઉપયોગ કરતા નથી.

જૈન મુનિઓ પણ નહાતા નથી કારણકે સૂક્ષ્મ જીવોનો નાશ ન થાય. તેઓ પાણીનો માત્ર ખપ પૂરતો ઉપયોગ કરે છે. આ જોઈને ઘણાંના મનમાં અનેક સવાલો ઉઠતા રહે છે.

આ આદિવાસીઓ વિશે આશ્ચર્યની બાબત એ છે કે નહાતી ન હોવા છતાં આફ્રિકામાં સૌથી સુંદર મહિલા તરીકે હિમ્બા મહિલાનું જ નામ આવે છે. હિમ્બા મહિલા જીવનમાં એકવાર, હા માત્ર એકવાર, સ્નાન કરે અને એ પણ એના લગ્ન વખતે. ક્યારેય સ્નાન ન કરવા કે હાથપગ સુદ્ધાં ન ધોવા છતાં તેઓ સાજી અને ખૂબસૂરત કેવી રીતે રહે છે?

હિમ્બા મહિલા પાણી પર નિર્ભર રહેવા કે એના અભાવ બદલ કકળાટ કરવાને બદલે રાજીખુશીથી અન્ય નુસ્ખા અપનાવે છે, જે સંપૂર્ણપણે કુદરતી હોય છે. આ બાબત તેમને સુંદરતા બક્ષવા સાથે રોગોથી મુક્ત રાખે છે. તેઓ ખાસ જડીબુટ્ટીઓ પાણીમાં ઉકાળે છે. એ ઉકળતા પાણીની વરાળથી પોતાના શરીરને સાફ અને શુદ્ધ રાખે છે. આ સિવાય તડકાથી બચતા રહેવા માટે તેઓ ખાસ પ્રકારનું ઘરે બનાવેલું કુદરતી સામગ્રીમાંથી બનેલું લોશન આખા શરીર પર ચોપડે છે.

આ લોશન જાનવરોની ચરબી અને હેમાટાઈટ નામના ખાસ ખનિજમાંથી બને છે. આને લીધે ત્વચા સુંદર અને સ્વચ્છ ઉપરાંત સુગંધી પણ રહે છે. બોનસમાં ત્વચા તડકા અને જીવજંતુથી બચવા ઉપરાંત ચમકતી પણ રહે છે.

આ વરાળના સ્નાન અને લોશનના લેપની પરંપરા સદીઓથી ચાલતી આવી છે. આને લીધે તેમની ચામડી એકદમ લાલચોળ થઈ જાય છે.

હિમ્બા મહિલાએ ક્યારેય પુરુષ સમોવડી બનવાનો પ્રયાસ તો ઠીક, વિચાર સુદ્ધાં કર્યો નથી. કારણ એટલું કે પોતાના આદિવાસી સમાજમાં તે પુરુષથી સવાયી છે. હા, હિમ્બા નારી પુરુષથી વધુ મહેનત કરે છે, બાળકને જન્મ આપે છે અને ઉછેર પણ કરે છે. ઘરના બધા, ખાસ તો આર્થિક, નિર્ણય હિમ્બા નારી જ લે છે.

આવી સબળ-સુંદર નારી ધરાવતો હિમ્બા સુમદાય અર્ધ-વિમુક્ત સમાજ છે. પાણી તો માત્ર પીવા અને રાંધવા માટે ઉપયોગ કરનારા હિમ્બા લોકો પોતાના મૂળ, કુળ, પરંપરા અને કુદરત સાથે જે રીતે સદીઓથી જોડાયેલા છે એ આશ્ચર્ય સુખદ છે અને ન નહાવા સિવાય પણ એમની ઘણી પરંપરા એવી છે કે જે આજના કહેવાતા આધુનિકોને નીચાજોણું કરાવી દે. ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# શૅરબજારમાં સફળતા માટે... ગણપતિ બાપ્પાના કયા ગુણો કામ આવી શકે?

**આજે ગ્લોબલ અનિશ્ચિતતા- ટ્રમ્પ ટૅરિફ- યુદ્ધ - મોંઘવારી જીડીપી ઈત્યાદિને બદલે બધાને જેમના પર અપાર શ્રદ્ધા છે એવા ગણપતિ બાપ્પાના અમુક ગુણો પરથી આપણે માર્ગદર્શન મેળવીને કઈ રીતે શૅરબજારમાં વ્યવહાર કરી શકાય તે અહીં સમજવાનો પ્રયાસ કરીએ...**



### શૅરબજારમાં શ્રીગણેશ કયારે કરાય?

શ્રી ગણેશજીના નામ સાથે આપણે જેમ દરેક શુભ કાર્યનો આરંભ કરીએ છીએ તેમ શેરબજારમાં રોકાણનો પ્રારંભ કોઈ પણ સમયે થઈ શકે છે. અલબત, આપણો આ અભિગમ લાંબા ગાળાનો હોવો જોઈએ. શેરબજારમાં પ્રવેશવાનો કોઈ સમય ખરો છે કે નહીં એ એણે જ વિચારવાનું હોય, જેને ટૂંકા ગાળા માટે રોકાણ કરવું હોય છે. એટલે જ શુભ મુહૂર્ત ન પણ હોય તો શ્રી ગણેશજીના નામ કે પૂજા સાથે શેરબજારમાં લાંબા ગાળા માટે પ્રવેશવાનો દરેક સમય શુભ છે.

### ગણેશજીની પ્રદક્ષિણા પ્રમાણે પોર્ટફોલિયો બનાવો

ગણપતિ બાપ્પાની કથા મુજબ જેમ ગણપતિજીએ માતા પાર્વતી અને પિતા શંકર ભગવાનની આસપાસ પ્રદક્ષિણા કરી લીધી અને સમગ્ર વિશ્વને એક જબરદસ્ત સંદેશ આપી દીધો કે માતા-પિતામાં જ સમગ્ર પૃથ્વી કે જગત આવી જાય છે એમ અહીં રોકાણકારો માટે સંદેશ એ છે કે એમણે આખા બજાર પાછળ દોડવાને બદલે પસંદગીની ચોકકસ મર્યાદિત સ્ક્રિપ્સ આસપાસ જ રહેવું જોઇએ. માત્ર કોઈપણ કહે એટલે જુદા-જુદા શેરો જમા કરતા જવાને અને રોકાણનો પોર્ટફોલિયો અનેક સ્ક્રિપ્સથી મોટો કરતા જવાને બદલે મર્યાદિત રાખવો સલાહભર્યું છે. ઈન શોર્ટ, સારી- મજબૂત સ્ક્રિપ્સ એક-બેની સંખ્યામાં જમા કરતા જવામાં પણ શાણપણ હોય છે.

### શૅરબજારમાં નાના-મોટાનો ભેદ ન રાખો

'મને તો શેરબજારમાં બધી જ ખબર પડે, હું ધારું અહીં એમ જ થાય છે, હું તો ખોટો પડું જ નહીં' જેવા ભ્રમમાં કે અભિમાનમાં રહેનારા માટે ગણપતિ બાપ્પાનો સંદેશ એ જ છે કે તમારી વિવેક બુધ્ધિથી વ્યવહાર કરો. કોઈ પણ કામ જયારે શુભ હેતુથી થતું હોય ત્યારે તે નાનું કે મોટું હોતું નથી, તે શ્રેષ્ઠ જ ગણાય છે એટલે જ ગણપતિ બાપ્પા પોતે જ વ્યાસમુનિ પાસે બેસી મહાભારતનાં લહિયા બની ગયા હતા. એમણે ઉંદર જેવા નાનકડા જીવને પણ અનોખું સ્થાન આપ્યું. એને સદાય પોતાની સાથે જ રાખે છે...મીઠાઈ તરીકે બાપાએ મોદકને પણ અનોખી ઓળખ આપી છે. આમ ફરી મેસેજ એ જ છે કે શેરબજારમાં શીખવા- સમજવા માટે દરેક નાની કે નવી બાબત પણ મહત્ત્વની હોય છે.

### લાડુ ને પ્રોફિટ બુકિંગ

ગણપતિ બાપ્પાને લાડુ કેટલા વહાલા છે તે જગજાહેર છે, શેરબજારમાં લાડુ ખાઈ લેવાનો અર્થ પ્રોફિટ ઘરમાં લઈ લેવાનો થાય છે. શેરબજારમાં સમયાંતરે તેજી- મંદી આવતી રહે છે. રોકાણકારે ચોકકસ સમયે સારો નફો મળતો હોય તો એ આંશિક પ્રમાણમાં પણ લઈ લેવો જોઈએ. અર્થાત વળતરનો સંતોષ રાખીને પણ નફો લઈ લેવામાં સાર છે. એ પછી પણ નફો વધે એવા સંજોગો ઊભા થઈ શકે,પછી પણ વધુ લાડુના થાળ કે મોકા આવતા રહેશે માટે એ પહેલા થોડા લાડુ ખાઈ લેવામાં ડહાપણ છે.

### વિસર્જન પણ જરૂરી

શેરબજારમાં રોકાણ કરવું એટલે બજાર પર જ ધ્યાન રાખવું પડે, પણ કાયમ બજારના જ વિચાર કરતા રહેવું પડે એ સ્થિતિ આદર્શ ન ગણાય કે સતત બજારમાં લે-વેચ કરતા રહેવી પડે એ પણ સારી નિશાની નથી. આમ કરનાર રોકાણકાર નહીં, પણ ટ્રેડર કે સ્પેકયુલેટર ગણાય. ગણપતિ બાપ્પા વરસમાં એક જ વાર આવે છે અને વ્યક્તિગત કે સાર્વજનિક ઉત્સવોમાં દોઢથી લઈ મહત્તમ દસ દિવસ રહે છે. ત્યારબાદ 'પુઢચ્યા વર્ષી લવકર યા...આવતે વર્ષે જરૂર પધારશો' એમ કહેવામાં આવે છે. આમ ગણપતિ બાપ્પા આપણા જીવનમાં ભલે સદા રહે, પરંતુ ઉત્સવ તરીકે દસ દિવસ માટે જ પધારે છે. અર્થાત સંકેત એ કે બજારમાં સતત ચોંટી ન રહેવાય. બજારમાં સતત લે-વેચને બદલે ઈન્વેસ્ટમેન્ટ કલ્ચર ફેલાવા દેવું યોગ્ય છે તેમ જ પોતાની સ્ક્રિપ્સ પર બરાબર ધ્યાન આપવું અને યોગ્ય સમયે બજારમાંથી વિસર્જિત થઈ પુનઃ પ્રવેશ કરવામાં ડહાપણ છે.

### બજારમાં દોરવાઈ કે ગભરાઈ જવું નહીં

ગણપતિજીની કથા કહે છે કે જ્યારે માતા પાર્વતી ઘરમાં નહાવા જાય છે ત્યારે બહાર પુત્ર ગણપતિને ઊભા રહી ચોકી કરવાનું કહે છે અને કોઈને અંદર નહીં આવવા દેવાની સૂચના આપે છે. એ સમયે ભગવાન શંકર ત્યાં આવે છે તો ગણપતિ તેમને પણ ભીતર જવાની ના ફરમાવે છે અને એ વખતે ભગવાન શંકર પોતાના આ પુત્ર વિષે અજાણ હોવાથી ક્રોધમાં આવી ગણપતિનું માથું ધડથી અલગ કરી દે છે. ત્યારબાદ માતા પાર્વતીને આ વાતની જાણ થતા ભગવાન શંકર અને માતા પાર્વતી વચ્ચે વાર્તાલાપ થાય છે અને ભગવાન શંકર પહેલા જે માર્ગમાં મળે એનું માથું લઈ આવી ગણપતિનાં ધડ પર બેસાડવાની પ્રતિજ્ઞા કરે છે, જેમાં સૌપ્રથમ રસ્તામાં હાથી મળે છે તેથી ભગવાન શંકર હાથીનું માથું કાપી લઈ ગણપતિનાં ધડ પર મૂકે છે....

આ કથાનો સંદેશ શેરબજારમાં એ રીતે લઈ શકાય કે રોકાણકારમાં શેરો કે સંજોગો પ્રત્યે કન્વીકશન હોવું જરૂરી છે અને તે આવે છે અભ્યાસ તેમ જ વિશ્વાસ પરથી. જો આપણે સિલેકટ કરેલા શેરોમાં વિશ્વાસ ધરાવતા હોઇશું તો આપણા નિર્ણયને વળગી રહી શકીશું,

અન્યથા કોઈપણ વ્યક્તિ કે વલણ-વહેણ આપણા નિર્ણયને બદલાવી નાખે કે આપણને ડરાવી નાખે એવી પરિસ્થિતિ પણ ઊભી થઈ શકે છે. આમ રોકાણકારે લાંબા ગાળાનાં રોકાણ નિર્ણય વખતે કે પછી સારી કામગીરીવાળી કંપની પસંદ કરતી વખતે પેનિકમાં આવી જવું જોઇએ નહીં.

આમ આ ઉત્સવમાં આવી સમજણ મેળવી જયઘોષ સાથે કહીએ :

'ગણપતિ બાપ્પા મોરયા!' ■

ટૂંકુ ને ટચ

feedback@bombaysamachar.com

# ઈ-પાસપોર્ટ ને સામાન્ય પાસપોર્ટ વચ્ચે શું તફાવત?



દેશમાં સામાન્ય પાસપોર્ટ ઉપરાંત ઈ-પાસપોર્ટ પણ છે. જાણો બંને વચ્ચે શું તફાવત છે અને ઈ-પાસપોર્ટ મેળવવાના ફાયદા કે મુશ્કેલીઓ શું છે.

ભારતમાં રહેતા લોકો માટે કેટલાક દસ્તાવેજો હોવા ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ દસ્તાવેજોમાં પાસપોર્ટ જેવો મહત્વપૂર્ણ દસ્તાવેજ પણ શામેલ છે. આજના યુગમાં પાસપોર્ટ ફક્ત વિદેશ મુસાફરીનું સાધન નથી પણ તમારી ઓળખ અને સુરક્ષા સાથે સંબંધિત દસ્તાવેજ પણ છે. જ્યારે પણ આંતરરાષ્ટ્રીય મુસાફરીની વાત આવે છે, ત્યારે પાસપોર્ટને પહેલા જરૂરી માનવામાં આવે છે. પરંતુ હવે એક નવો વિકલ્પ સામે આવ્યો છે. જેને ઈ-પાસપોર્ટ કહેવામાં આવે છે. સામાન્ય લોકો ઘણીવાર વિચારે છે કે આ સામાન્ય પાસપોર્ટ વચ્ચે શું તફાવત છે. શું ઈ-પાસપોર્ટ મેળવવાથી પ્રક્રિયા ઝડપી અને સરળ બનશે કે તેના કેટલાક ગેરફાયદા પણ છે.

### સામાન્ય પાસપોર્ટ અને ઈ-પાસપોર્ટ વચ્ચે તફાવત

સામાન્ય પાસપોર્ટ એક સરળ પુસ્તિકા જેવો છે જેમાં તમારો ફોટો, વ્યક્તિગત માહિતી અને ઈમિગ્રેશન સીલ નોંધાયેલ હોય છે. ઈ-પાસપોર્ટમાં આ બધું હાજર હોય છે પરંતુ તેની સાથે એક ઇલેક્ટ્રોનિક ચિપ પણ જોડાયેલી હોય છે. આ ચિપમાં મુસાફરની બાયોમેટ્રિક અને વ્યક્તિગત માહિતી સુરક્ષિત રાખવામાં આવે છે જેને સ્કેનર તરત જ વાંચે છે. આનો ફાયદો એ છે કે ચકાસણી ઝડપથી થાય છે અને પાસપોર્ટની નકલ બનાવવી લગભગ અશક્ય બની જાય છે. સામાન્ય પાસપોર્ટની તુલનામાં, ઈ-પાસપોર્ટને વધુ સુરક્ષિત અને તકનીકી રીતે અદ્યતન માનવામાં આવે છે. જો કે આ માટે જરૂરી મશીનો દરેક જગ્યાએ ઉપલબ્ધ નથી. તેથી તેનો સંપૂર્ણ લાભ હાલમાં બધા એરપોર્ટ પર ઉપલબ્ધ નથી.

### ઈ-પાસપોર્ટ ફાયદાકારક છે કે નહીં?

ઈ-પાસપોર્ટ ઘણી રીતે ફાયદાકારક સાબિત થઈ શકે છે. કારણ કે તેમાં રહેલી ઈલેક્ટ્રોનિક ચિપ મુસાફરની માહિતી સુરક્ષિત રાખે છે અને ચેક-ઈન પ્રક્રિયાને ખૂબ જ ઝડપી બનાવે છે. આનાથી એરપોર્ટ પર લાંબી કતારોમાં ઉભા રહેવાથી રાહત મળી શકે છે અને નકલી પાસપોર્ટ બનાવવા જેવી છેતરપિંડી અટકશે. પરંતુ હાલમાં દરેક એરપોર્ટ પર જરૂરી ટેકનોલોજી અને સ્કેનર્સ ઉપલબ્ધ નથી. આવી સ્થિતિમાં મુસાફરો દરેક જગ્યાએ આ લાભ મેળવી શકતા નથી. તેથી આમાં સાયબર ખતરાની પણ શક્યતા છે. એટલે કે, આમાં નફો અને નુકસાન બંનેની શક્યતા છે. ■

વાર- તહેવાર

દિક્ષિતા મકવાણા
feedback@
bombaysamachar.com

# તિબેટમાં બૌદ્ધ દેવતા કેવી રીતે બન્યા ગણપતિબાપ્પા?

## અહીં એમનું સ્વરૂપ પણ કેટલા અંશે બદલાયું એ પણ જાણો...

**ગણપતિદાદા** એક એવા આપણા દેવ છે,જેને જાતભાતના રૂપે-સ્વરૂપે આપણે રજૂ કરી શકીએ. એ બધા જ સ્વરૂપે એના ભક્તોને બડા પ્યારા લાગે! મહારાષ્ટ્ર સહિત અનેક દેશ વિદેશમાં ગણેશ ઉત્સવ ગયા સપ્તાહથી શરૂ થયો છે.

ગણપતિની ઓળખ ફક્ત ભારત પૂરતી મર્યાદિત નથી. કાળક્રમે એ નેપાળ, તિબેટ, શ્રીલંકા, ઇન્ડોનેશિયા, થાઇલેન્ડ, મંગોલિયા, જાપાન, કંબોડિયા અને ઘણા બૌદ્ધ પ્રભુત્વ ધરાવતા દેશોમાં દેવ - દેવતા તરીકે પૂજવામાં આવી રહ્યા છે.

એ બધા વચ્ચે- ખાસ કરીને તિબેટનો ઇતિહાસ ખૂબ જ રસપ્રદ છે, જ્યાં એક તરફ ગણપતિને મુશ્કેલી સર્જનાર 'વિઘ્નકર્તા' માનવામાં આવતા હતા તો બીજી તરફ, એમને ઘણી જગ્યાએ બૌદ્ધ તાંત્રિક દેવ તરીકે સ્થાન મળ્યું છે.

અત્યારે ચાલી રહેલા ગણેશ ઉત્સવ દરમિયાન એ જાણવું ઘણું રસપ્રદ રહેશે કે ગણપતિ તિબેટિયન બૌદ્ધ પરંપરામાં કેવી રીતે આવ્યા અને એમને લામા પરંપરા (લામ ધર્મ) સાથે શા માટે અને કઈ રીતે સાંકળી લેવામાં આવે છે?

**ગણપતિદાદા તિબેટમાં કેવી રીતે પ્રવેશ્યા?**

ભારત અને તિબેટ વચ્ચે પ્રાચીન કાળથી સાંસ્કૃતિક અને ધાર્મિક આદાન-પ્રદાન થઈ રહ્યું છે. નાલંદા અને વિક્રમશિલા જેવા મહાવિહારોના ઘણા આચાર્યો તિબેટ ગયા અને ત્યાં ધર્મનો ઉપદેશ આપ્યો. આ સાથે તાંત્રિક બૌદ્ધ પરંપરા (વજ્રયાન) માં હિન્દુ દેવતાઓને ધર્મપાલ અથવા રક્ષક દેવતાઓ તરીકે અપનાવવામાં આવ્યા.





ગણપતિનું તિબેટીકરણ મુખ્યત્વે આઠમી-નવમી સદીમાં ગુરુ પદ્મસંભવ (ગુરુ રિનપોચે) ના સમયગાળા દરમિયાન થયું હતું. એવું માનવામાં આવે છે કે એ સમયે બૌદ્ધ પ્રથામાં અવરોધને પ્રતીકાત્મક રીતે 'વિઘ્ન' કહેવામાં આવતા હતા અને ગણપતિને આ અવરોધના દેવ માનવામાં આવતા હતા અને એમની પૂજા અને નિયંત્રણ માટે કાયદો બનાવવામાં આવ્યો હતો.

**તિબેટીયન બૌદ્ધ પરંપરામાં ગણ પતિનાં વિવિધ સ્વરૂપ**

તિબેટિયન કલા અને સાહિત્યમાં ગણપતિ વિવિધ સ્વરૂપોમાં જોવા મળે છે, જેમકે ...

**મહાકાલ ગણપતિઃ**

અહીં એમને શક્તિ અને સમૃદ્ધિના પ્રદાતા માનવામાં આવે છે. એમને સફેદ ગણપતિ (સિદ્ધિ ગણપતિ) કહેવામાં આવે છે, જેમના હાથમાં રત્ન કે મધુપત્ર છે. આ સ્વરૂપ સમૃદ્ધિ અને ધર્મના રક્ષકનું છે.

**લાલ કે નૃત્ય કરતા ગણપતિઃ**

આ સ્વરૂપમાં એ નૃત્ય મુદ્રામાં જોવા મળે છે, જે ઊર્જા -શક્તિ અને આનંદનું પ્રતીક છે.

**મહા-વિઘ્નેશ્વરઃ**

કેટલાક ગ્રંથોમાં આ દેવતાને વિરોધી શક્તિઓના સર્જક તરીકે વર્ણવવામાં આવ્યા છે. એમને કડક તાંત્રિક વિધિઓથી સાધકો દ્વારા નિયંત્રિત કરવામાં આવતા હોવાનો ઉલ્લેખ છે.

**લીલા - નીલ ગણપતિઃ**

વિવિધ તાંત્રિક પ્રથાઓ સાથે આવો રંગમાં તફાવત સંકળાયેલો છે. આ દર્શાવે છે કે તિબેટી ધાર્મિક પ્રથામાં ગણપતિનું સ્થાન બહુપક્ષીય રહ્યું છે.

**લામવાદ સાથે ગણપતિનું જોડાણ**

લામવાદ એ તિબેટિયન બૌદ્ધ ધર્મનું નામ છે. તેનું મૂળ સ્વરૂપ તાંત્રિક બૌદ્ધ પરંપરા છે. અહીં તાંત્રિક દેવમંડળનું ખૂબ મહત્ત્વ છે. ગણપતિને અહીં ક્યારેક સમૃદ્ધિના 'સહાયક દેવ' તો ક્યારેક 'અવરોધક દેવતા' માનવામાં આવ્યા છે.

લામા સાધકો એમની ધાર્મિક વિધિઓમાં ગણપતિનું આહવાન કરે છે, જેથી સાધનામાં આવતા અવરોધ દૂર થાય. ઘણી જગ્યાએ, ગણપતિને મહાકાલ (રક્ષક દેવ) ના સાથી તરીકે પણ પૂજવામાં આવે છે. આ રીતે આપણા ગણપતિ બાપ્પા લામા ધર્મ સાથે સંકળાયેલા છે.

**તિબેટી લોકવાયકામાં ગણપતિ**

એક વાયકા મુજબ જ્યારે ધાર્મિક પ્રવૃત્તિઓમાં સતત અવરોધ આવવા લાગ્યો ત્યારે પદ્મસંભવે તાંત્રિક સાધના કરીને ગણપતિને પ્રસન્ન કર્યા અને એમને 'ધર્મ રક્ષક' તરીકે સ્થાપિત કર્યા. એવું પણ કહેવાય છે કે ગણપતિજી બૌદ્ધ દેવ મહાકાલ સાથે રહે છે અને સાધકોને અપાર ભૌતિક સમૃદ્ધિ આપે છે. નૃત્ય કરતા ગણપતિની મુદ્રા તિબેટી ચિત્રો (થાંગકા) અને મૂર્તિઓમાં વારંવાર જોવા મળે છે, જે આનંદ અને શક્તિના પ્રતીક છે.

**તિબેટમાં ગણપતિ ધ્યાન અને સમૃદ્ધિના રક્ષક છે**

તિબેટમાં બૌદ્ધ દેવતા તરીકે ગણપતિની સ્થાપના એ હકીકતનું પ્રતીક છે કે ભારતીય સંસ્કૃતિ અને ધર્મ દ્વારા સમયાંતરે પડોશી સંસ્કૃતિઓ પર ઊંડો પ્રભાવ પાડ્યો છે. તિબેટિયન બૌદ્ધ ધર્મમાં એમને ક્યારેક અવરોધ દૂર કરનારા 'વિઘ્નહર્તા' દેવ માનવામાં આવતા તો ક્યારેક એમને ધ્યાન અને સમૃદ્ધિના રક્ષક તરીકે સ્વીકારવામાં આવતા. એટલું જ નહીં, ગણેશના તહેવારો અને પૂજા, ઈત્યાદિ એશિયાથી યુરોપ અને અમેરિકા સુધી હજુ પણ જીવંત છે.

ગણેશનું આ વૈશ્વિક સ્વરૂપ આપણને શીખવે છે કે એ માત્ર અવરોધો દૂર કરનાર નથી, પણ વિભિન્ન સંસ્કૃતિઓને જોડનાર પ્રતીક પણ છે. એમના સ્વરૂપમાં આપણે ભારતીય આધ્યાત્મિકતા, તિબેટી તંત્ર, જાપાની કલા અને થાઈ માન્યતા, ઈત્યાદિ પણ સ્પષ્ટ સંકળાયેલી જોવા મળે છે. ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@
bombaysamachar.com

# મદદ કરવા જતા મુસીબત આવી

**જૈનોના** પવિત્ર પર્યુષણ પર્વ હાલમાં જ સમાપ્ત થયો. રંગભૂમિને કારણે મને જૈન ધર્મનો પરિચય થયો હતો. હું જોગેશ્વરીમાં રહેતી હતી ત્યારે સ્થાનિક જૈન વેપારીના કહેવાથી 'પ્રતિક્રમણ' નામનું નાટક કર્યું હોવાની વાત આ કોલમમાં મેં કરી હતી. પ્રતિક્રમણ જૈનોની એક ધાર્મિક ક્રિયા છે જેનો અર્થ 'થયેલાં પાપની માફીની પ્રાર્થના' થાય એવું મને કોઈએ સમજાવ્યું હતું. જૈન ધર્મમાં ક્ષમાપનાનું વિશેષ મહત્ત્વ છે. પર્યુષણનો અંતિમ દિવસ ક્ષમાપના દિવસ હોય છે. ક્ષમા વીરસ્ય ભૂષણમ મતલબ કે ક્ષમા આપવી એ વીરનું આભૂષણ કહેવાયું છે. ક્ષમા આપવાનો ગુણ કેળવવો આસાન નથી, પણ મેં એવી કોશિશ કરી છે અને એમ કરવાથી આંતરિક શાંતિ અનુભવી છે. જાણવાની વાત એ છે કે જૈન ધર્મની બારીકીઓ સમજાવવાના પ્રયાસો નાટકના મંચન દ્વારા થતા આવ્યા છે.

સિદ્ધાર્થ રાંદેરિયાની સલાહ માની બિમલ માંગલિયાની ગુજરાતી ફિલ્મ માટે ખોટું કારણ આપી ના પાડી મેં 'સાચાબોલા જુઠાલાલ' સ્વીકારી લીધી. અલબત્ત કેટલાક લોકોએ 'નાટક માટે ફિલ્મ છોડાતી હશે?' એવું કહ્યું તો 'મહેશ્વરી, તારો નિર્ણય બરાબર છે' એવું કહેનારા પણ હતા. જોકે, મને સિદ્ધાર્થના કથનમાં પૂરી શ્રદ્ધા હતી અને એટલે હું તો ફિલ્મની ઓફર ભૂલી જઈ કિરણ સંપટના નાટકના રિહર્સલમાં વ્યસ્ત થઈ ગઈ.

'સાચાબોલા જુઠાલાલ'માં મને શરદ સ્માર્ત સાથે કામ કરવાનો મોકો મળ્યો. શરદ ભાઈ બહુમુખી પ્રતિભા ધરાવતા કલાકાર હતા. અભિનય ઉપરાંત નાટ્ય દિગ્દર્શન પણ તેમણે કર્યું હતું. મને બરાબર યાદ છે બર્નાર્ડ શોના 'પિગ્મેલિયન' નાટકના મધુ રાયએ કરેલા ગુજરાતી સંસ્કરણ 'સંતુ રંગીલી' નાટકમાં શરદ ભાઈએ ભાષાશાસ્ત્રી ડો. બુવારિયાનો રોલ કર્યો હતો. નાટકમાં સંતુ તેમ જ પ્રોફેસર હિમાદ્રિ વદન વૈષ્ણવ ઉપરાંત ડૉ. બુવારિયાની ભૂમિકા પણ મહત્ત્વની હતી. લાલુ શાહની 'બહુરૂપી' સંસ્થા માટે શરદ ભાઈએ દિગ્દર્શિત કરેલા 'કરવટ બદલે લાશ'ને પણ સારો આવકાર મળ્યો હતો. શરદ ભાઈ સાથે કામ કરવાથી ઘણું શીખવા મળ્યું.

નાટકના કલાકારોના કાફલામાં એક હતી સુનિતા સોનાવાલા. અમારી ઓળખાણ જૂની હતી. ૧૯૮૦ના દાયકામાં જ્યારે હું કાંતિ મડિયાનું નાટક 'કોરી આંખો ને ભીના હૈયા'માં કામ કરતી હતી ત્યારે સુનિતા નાટક જોવા આવતી હતી અને ત્યારથી એ મારી ચાહક બની ગઈ હતી. અમારું મળવાનું નિયમિત નહોતું, પણ મળતા ત્યારે નાટકની અને બીજી અલકમલકની વાતો કરતા. નાટકમાં ક્યારેય સાથે કામ નહોતું કર્યું. આ પહેલો જ પ્રસંગ હતો.

એ સમયે સુનિતા કદાચ કોઈ અંગત સમસ્યામાં ઘેરાઈ હશે એટલે ગુજરાતી નાટકોના એ સમયના જાણીતા અભિનેતા મુકેશ રાવલના ઘરે રહેતી હતી. અચાનક એક દિવસ આવી મને કહેવા લાગી કે 'મહેશ્વરી બહેન, તમે સાવ એકલા રહો છો તો પેઈંગ ગેસ્ટ કેમ નથી રાખતા? સારી કંપની મળે અને થોડી આવક પણ થાય.' જોકે, મારી એવી કોઈ ઈચ્છા નથી એમ કહી મેં એને સાફ ના પાડી દીધી.



પોતાની પાસે એ સમયે રહેવા માટે ઘર નહોતું એમ સુનિતાએ મને કહ્યું. એટલે પેઈંગ ગેસ્ટ તરીકે મારે ત્યાં રહેવા ઉત્સુક હતી. શું પ્રોબ્લેમ હતો એ જાણવાની મેં કોશિશ પણ કરી નહીં, કારણ કે જીવનમાં એવી કેટલીક બાબતો હોય છે એ ન જાણીએ એ આપણા હિતમાં હોય છે. જોકે, રહેવા માટેની સુનિતાની જરૂરિયાત અને વ્યથા સમજી મેં એને એટલું જ કહ્યું કે 'હું પેઈંગ ગેસ્ટ તરીકે તો તને નહીં રાખું. હા, આપણે એક જ ક્ષેત્રમાં સાથે કામ કરીએ છીએ એટલે હું પંદરેક દિવસ મારા ઘરમાં તારા રહેવાની વ્યવસ્થા કરી આપું છું. દરમિયાન તું તારા રહેવાની વ્યવસ્થા કરી લે.'

આ પ્રકારની ઘણી મુશ્કેલીઓમાંથી હું પસાર થઈ છું એટલે સુનિતાનો સમય સાચવી લેવા હું મદદરૂપ થઈ. ત્યારે ક્યાં ખબર હતી કે મદદ કરવા જતા મુસીબતમાં મુકાઈ જઈશ. પંદરેક દિવસમાં તું જગ્યા શોધી લેજે એમ કહી એને મારા ફ્લેટમાં રહેવા જગ્યા આપી.

એના સ્વભાવથી કે એની રહેણીકરણીથી હું જરાય પરિચિત નહોતી. જોકે, સાથે રહ્યા પછી ખબર પડી કે મોંઘીદાટ સિગારેટનું ધૂમ્રપાન નિયમિત કરવાની તેને આદત હતી. શરાબની પણ શોખીન હતી. ખાણીપીણીની પણ શોખીન હતી. એને ગુજરાતી દાળ બહુ ભાવતી એટલે હું એ બનાવી એને જમાડતી. મારું કોઈ અંગત હોય એ રીતે એનું હું બનતું ધ્યાન રાખતી હતી.

એક દિવસ એવી ઘટના બની કે હું સ્તબ્ધ થઈ ગઈ. હાથીના ચાવવાના દાંત જુદા અને દેખાડવાના જુદા એ કહેવત મેં સાંભળી હતી, પણ એનો સાક્ષાત પરિચય એ દિવસે થયો.

નિયત સમયે સુનિતા બહાર જવા નીકળી અને થોડી વાર પછી ઘરના દરવાજા પર બેલ વાગી. દરવાજો ખોલી જોઉં છું તો કેટલાક અજાણ્યા માણસો ઊભા હતા. એમાંથી એક જણે મને પૂછ્યું કે 'મહેશ્વરી બહેન છે?' મેં સામો સવાલ કર્યો કે 'શું કામ છે?' સામો જવાબ આવ્યો કે 'અમારે મહેશ્વરીબહેનને મળવું છે.' એટલે મેં કહ્યું કે હું જ મહેશ્વરી બહેન છું. બોલો, શું કામ છે?'

પછી ચાલેલો વાર્તાલાપ ચોંકાવનારો અને સ્તબ્ધ કરી દેનારો હતો. દરવાજા પર ઉભેલા અજાણ્યા લોકોમાંથી એક વ્યક્તિ બોલી કે 'ના, ના, તમે નહીં. મહેશ્વરીબહેન તો ભૂત જેવા દેખાય છે. એમનું કામ છે. એમને બોલાવો.' હું સમજી ગઈ કે આ લોકો સુનિતા સોનાવાલાને મળવા માગે છે.

હું સ્વભાવે પરગજુ છું. કપરા સમયે કોઈની પડખે ઊભા રહેવું જોઈએ, બનતી મદદ કરવી જોઈએ એવું મારું માનવું છે. જોકે, જીવનમાં એવા એવા અનુભવ થયા છે કે ક્યારેક આપણે શું લેવાદેવા એવો વિચાર મનમાં ઝબકી જાય છે. સુનિતા સાથેનો અનુભવ આ પ્રકારનો રહ્યો. અને પછી પેલા લોકોએ જે વાત કરી એ સાંભળી હું ગભરાઈ ગઈ.

### સાત અંકના નાટકમાં ૬૯ ગીત

૧૯૩૦ના દાયકામાં કલકત્તામાં ફિલ્મ થિયેટરના માલિક તેમ જ ફિલ્મ ડિરેક્ટર તરીકે નામના મેળવનારા જે. જે. મદનએ ૧૯૩૨માં 'ઈન્દ્રસભા' નામની ફિલ્મ બનાવી હતી. આ ફિલ્મ એના ૬૯ ગીત (કેટલેક ઠેકાણે ૭૨ ગીતની નોંધ છે, પણ નેશનલ ફિલ્મ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયાની વેબસાઈટ પર ૬૯ ગીત હોવાનો ઉલ્લેખ છે)ને કારણે વધુ સ્મરણમાં રહી છે. આ સંદર્ભમાં એક રસપ્રદ વાત જાણીએ. વાત એમ છે કે 'મોરબી આર્ય સુબોધ નાટક મંડળી'ના સ્થાપક વાઘજી આશારામ ઓઝા ૧૮૮૨માં 'ચાંપરાજ હાડો અને સોનરાણી' કથાને આધારે સાત અંકનું નાટક લખ્યું હતું. નાનુભાઈ વકીલ નામના દિગ્દર્શકે 'ચાંપરાજ હાડો' નામની ફિલ્મ પણ ૧૯૨૩માં બનાવી હતી અને એનું લેખન વાઘજીભાઈએ કર્યું હોવાની નોંધ છે. આ નાટકના સંવાદો દર્શકોને બહુ પસંદ પડ્યા હતા અને શો પૂરો થયા પછી અનેક મોઢે એ સાંભળવા મળતા. આજે જ્યારે બે અંકનું નાટક પણ લોકોને લાંબું લાગે છે ત્યારે સાત અંકના નાટકનો ઉલ્લેખ માત્ર ધ્રુજાવી દે. જૂની રંગભૂમિના નાટકોમાં ગીત-સંગીતનો ખાસ્સો પ્રભાવ રહેતો અને 'ચાંપરાજ હાડો અને સોનરાણી' નાટકમાં ૬૯ ગીત હતા. એક રીતે આ નાટકે 'ઈન્દ્રસભા'ની બરાબરી કરી એમ કહી શકાય. આ નાટકની અન્ય એક લાક્ષણિકતા એ હતી કે એમાં કેટલાક સંવાદો ઉર્દૂમાં હતા તો કવિ ગંગના છંદ મારવાડી બોલીમાં રજૂ થતા. ભાષાની આવી ભેળ ભાગ્યે જ કોઈ નાટકમાં જોવા મળી હશે. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@
bombaysamachar.com

# આવો, રિવેમ્પ કરીને બનાવીએ ગુજરાતી ભાષાને બ્રાન્ડ...

**વર્ષે** કેટલી બ્લોકબસ્ટર ગુજરાતી ફિલ્મો અને નાટકો આવે છે? બીજા શબ્દોમાં કેટલા લોકો ગુજરાતી નાટકો અને ફિલ્મો જોવા જાય છે? કેટલા ગુજરાતી પુસ્તકો વેચાય છે અને વંચાય છે? કેટલી ગુજરાતી શાળાઓ સફળતાપૂર્વક મુંબઈમાં ચાલે છે? ગુજરાતમાં અંગ્રેજી અને ગુજરાતી માધ્યમની શાળાઓ ખુલવાનો રેશિયો શું છે?

આ બધાના જવાબ મહદ અંશે આપણે જાણીયે છીએ. મારે અહીં નકારાત્મક વાતો નથી કરવી પણ જયારે આપણી માતૃભાષા ગુજરાતીની સરખામણી ઉપરોકત પરિબળોને લઈને બીજી ભાષાઓ સાથે કરીયે ત્યારે દુઃખ થાય.

ગયા રવિવારે -૨૪ ઓગસ્ટના કવિ નર્મદ (નર્મદશંકર લાભશંકર દવે)ની જન્મજયંતી હતી અને તેને ગુજરાતી ભાષા, સંસ્કૃતિ અને સાહિત્યને સમર્પિત દિવસ તરીકે- 'ગુજરાતી ભાષા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

કવિ નર્મદને આધુનિક ગુજરાતી ભાષાના પિતા તરીકે ગણવામાં આવે છે. એ નાટ્યકાર, નિબંધકાર, વક્તા, લેક્સિકોગ્રાફર (શબ્દકોશો સંકલન કરવાનો વ્યવસાય) અને સુધારક હતા. બ્રિટિશરાજ હેઠળ રચાયેલું એમનું કાવ્ય 'જય જય ગરવી ગુજરાત' ગુજરાત રાજ્યનું રાજ્યગીત છે. એમણે ભારે વિપત્તિઓ વચ્ચે નવો ગુજરાતી શબ્દકોશ બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. શબ્દકોશમાં તમામ બોલીઓના શબ્દો તેમના વિવિધ ઉપયોગો સાથે છે. આપણે આ બધી વાત જાણતા જ હશું, પણ પૂર્વ ભૂમિકા બંધાવી જરૂરી છે કે આટલો મોટો દિવસ શા માટે આટલા મોટા ગજાના મહાપુરુષના જન્મદિનને સમર્પિત છે.

બ્રાન્ડિંગ જેમ પ્રોડક્ટ, સર્વિસ કે પર્સનલ વ્યક્તિનું થાય તેમ ભાષાનું પણ થવું જોઈએ અને તેને યોગ્ય રીતે પ્રમોટ કરવી જોઈએ. આજે અંગ્રેજી ભાષાનું વર્ચસ્વ વધ્યું છે અને વેપાર જગતમાં પણ આ સ્વીકૃત ભાષા છે.

આપણા દેશમાં ૧૨૧ થી વધુ ભાષા બોલાય છે અને ૨૨ સત્તાવાર ભાષા છે. ભારતનું ડિજિટલ ઇકોસિસ્ટમ એક નવા યુગમાં પ્રવેશી રહ્યું છે અને તેના કારણે પ્રાદેશિક ભાષાઓનું મહત્ત્વ વધી રહ્યું છે.

KPMG-Googleના એક અહેવાલ મુજબ, ભારતમાં ૨૦૨૫ સુધીમાં ૫૩૬ મિલિયનથી વધુ ઇન્ટરનેટ વપરાશકર્તાઓ હોવાનો અંદાજ છે, જે અંગ્રેજીમાં નહિ પણ પોતાની સ્થાનિક ભાષાનો ઉપયોગ કરશે.

૨૦૨૪ના IAMAI અને નીલ્સન અભ્યાસ દર્શાવે છે કે ૬૮% ભારતીય ઇન્ટરનેટ




વપરાશકર્તાઓ એમની માતૃભાષામાં કન્ટેન્ટ (વાચન સામગ્રી) જોવી અને વાંચવી પસંદ કરે છે, જે સંખ્યા વર્ષ-દર-વર્ષે વધતી રહે છે.

આ ડેટા આપવાનું કારણ તે કે આજે ડિજિટલ યુગમાં પ્રાદેશિક ભાષાનું મહત્ત્વ લોકોને સમજાઈ રહ્યું છે. આવા સમયે આપણી પાસે તક છે આપણી ભાષાનો વૈભવ લોકો સમક્ષ મૂકવાનો. ભાષાને રિવેમ્પ-પુનરુદ્ધાર કરવાનો અર્થાત્ સમય પ્રમાણે તેનામાં બદલાવ લાવવાનો છે. રિવેમ્પ-ભાષામાં બદલાવ નહિ પણ ભાષાને લોકો સમક્ષ નવી રીતે મૂકવી પડશે,પણ કઈ રીતે કરીશું એવો પ્રશ્ન થાય.

કોઈ પણ બ્રાન્ડ લાંબા ગાળા સુધી રમવા માટે યુવાનોને પોતાનો ટાર્ગેટ બનાવે છે. જેમ જેમ યુવાન કે સમય બદલાય તેમ બ્રાન્ડની ભાષા અને કોમ્યુનિકેશન બદલાય, જેમ યુવાન ચાહે તેમ એની સાથે વાત કરે. બસ આવી જ રીતે આપણે એક વ્યવસ્થિત વ્યૂહરચના બનાવી ગુજરાતી ભાષાને આજના યુવાનને આકર્ષે તેમ એની સમક્ષ મૂકવી પડશે.

કોઈ પણ ભાષા પ્રચલિત કરવા તે બોલાવી જોઈએ, લખાવી જોઈએ, વંચાવી જોઈએ અને આજની તારીખે જોવાવી જોઈએ. આજના OTT પ્લેટફોર્મના જમાનામાં દુનિયા નાની થઇ ગઈ છે અને સારું કન્ટેન્ટ રાજ કરે છે. આજે લોકો માટે કન્ટેન્ટ મહત્ત્વનું છે અને નહિ કે ભાષાનું...

આપણી વેપારી તરીકેની મનોદશા-છાપ, સાહિત્ય, કલા, સંસ્કૃતિમાં ઓછો રસ,ઈત્યાદિ નબળાઈ જોઈએ તો ખ્યાલ આવે કે આજની પેઢીને ભાષાથી લગાવ નથી, વાંચનમાં રસ નથી. આમ છતાં તકની વાત કરીયે તો આજે પ્રાદેશિક ભાષાને વધુ મહત્ત્વ મળે છે અને આજનો યુવા વર્ગ અગાઉ કરતાં આજે વધુ ઓપન માઇન્ડેડ છે- વધુ મુક્ત મનનો સહજતાથી નવા વિચારો ગ્રહણ કરનારો છે. આજે યુવાન ગ્લોબલી એક્સપોઝ્ડ છે. એ જાણે છે કે વિશ્વભરમાં લોકો પોતાની ભાષાને કેટલું મહત્ત્વ આપે છે. આવા સમયે એને માતૃભાષા શીખવા પ્રેરિત કરી શકાય. આજે સફળ નીવડેલા દેશોમાં એક વાતે સમાનતા એ છે કે સમાન છે એ લોકોએ પોતાની ભાષાને છોડી તરછોડી નથી. બસ, આજ વાત ધ્યાનમાં રાખી ગુજરાતી ભાષાને આપણી આજની પ્રજા સમક્ષ મૂકવી પડશે.

ઉપરોકત મુજબ આપણે માતૃભાષાને પણ એક બ્રાન્ડ તરીકે લોકો સમક્ષ મૂકવી જોઈએ અને તેના માટે આજે આપણી પાસે સૌથી મોટું અને સરળતાથી યુવાનો સુધી પહોંચી શકાય તેવું સાધન છે ઓનલાઇન પ્લેટફોર્મ્સ. સારું કન્ટેન્ટ બનાવો અને એમને આપો. માફ કરજો, પણ આપણું કન્ટેન્ટ બીજા કન્ટેન્ટની સરખામણી પણ નથી કરી શકતું. સમસ્યા ટેલેન્ટની નથી નિયતની છે. આપણે નાટક હોય કે ફિલ્મ્સ, આપણું લોજિક હોય છે કે દર્શકોને આવું જ જોઈએ છે. બાળકને શું આપવું તેની માને ખબર હોય. તેવી જ રીતે સમાજને શું પિરસવું તે સર્જકોના હાથમાં છે, કારણ એ લોકોને આની જાણ છે નહીં કે દર્શકોને...


વેપારી બુદ્ધિ વાપરશું તો સમજાશે કે સારું કન્ટેન્ટ સારા પૈસા કમાવી આપશે અને ભાષાને પણ આનાથી ફાયદો થશે.

આજની પેઢીને રસપ્રદ પોડકાસ્ટ જોઈએ છે, આપણા સાહિત્યને ઓડિયો બુક્સમાં કન્વર્ટ કરી સાંભળવા આપો. એવા બ્લોગ્સનું નિર્માણ કરો જેને વાંચવામાં તેને રસ પડે. ઈવેન્ટ્સ ઊભી કરો જેમાં એ સક્રિય સહભાગી થઇ શકે. નવા સ્વરૂપે, નવી વાતો મુકવી પડશે તો બ્રાન્ડ ગુજરાતી ભાષા ખરા અર્થમાં ગ્લોબલ બનશે. ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# પ્રકૃતિનો અલભ્ય નજારો-વેલી ઓફ ફ્લાવર્સ



*‘કુછ દેર બેઠ કર પ્રકૃતિ કે નજારો કા આનંદ લે.’ - જીવનમાં થોડી ક્ષણો માટે જંપી જેવા જેવું સ્થળ ‘વર્લ્ડ હેરિટેજ સાઇટ’ - વેલી ઓફ ફ્લાવર્સ*

રાત્રિનાં ગાઢ અંધકારમાં તેજસ્વી ધનુએ તેના ચમકતા સેંકડો તારાઓ વડે જાણે હિમાલયનાં ઉત્તંગ શિખરોને ચળકતી ચાદર ઓઢાડી હોય એવું અનુપમ દૃશ્ય સર્જાયું હોય તે સમયે જ્યારે હનુમાનજી મૂર્છિત લક્ષ્મણજીને બચાવવા માટે સંજીવની બુટ્ટી લેવા માટે કૈલાશ અને ઋષભ પર્વત વચ્ચે આવેલા દેવી ઔષધીય મહાપર્વત પર આવી પહોંચે ત્યારે ત્યાં ઝગમગતી સેંકડો ઔષધી જોઈને જે દુવિધા અનુભવી અને સમગ્ર પર્વત ઉપાડી લંકા લઈ ગયા એ આપણે સૌ કોઈ જાણીએ છીએ. હવે સવાલ એ વાતનો થાય કે જે સ્થળે હનુમાનજીને બે ઘડી વિચલિત કરી શકે તે કેટલું ભવ્ય અને વૈવિધ્યસભર હશે. ઉઘડતી સવારે નાનકડાં ઘાસ પર છવાયેલી ઝાકળની બૂંદો પગને સ્પર્શીને છેક હૃદયનાં ઊંડા ખૂણે સંવેદનાનાં તાર ઝણઝણાવે, સૂરજની સોનેરી રોશની ગંગોત્રી રેન્જનાં ગગનચુંબી પહાડોને વ્હાલાપથી ઢંઢોળે, લક્ષ્મણગંગાનાં વહેણ મેડિટેશનની અવસ્થામાં પહોંચાડી દે એવા સંગીતમય રીતે સત્તા વહેતા હોય અને અસંખ્ય રંગોનાં નાનાથી લઈને મોટાં ફૂલોની ચાદર ઓઢીને ધરણી મીઠી મુસ્કાન છેડી રહી હોય ત્યારે હું મારી જાતને એક દિવ્ય અવસ્થામાં પામું છું. જો આ સ્થળને અનુભવીને જાણવું હોય તો આપણે ઉત્તરાખંડમાં ગઢવાલ હિમાલય પહોંચી જવું પડશે. હા, સ્થાનિકોના અને પુરાણોના ઉલ્લેખ મુજબ વેલી ઓફ ફ્લાવર તરીકે ઓળખવામાં આવતી ફૂલોની ઘાટી એ જ આપણો સંજીવની બુટી વાળો મહાપર્વત. અમસ્તું જ કઈ આ વિસ્તારમાં સત્વ અને દિવ્યતા ન અનુભવી શકાય ને? સામાન્ય રીતે ભારતમાં વેલી ઓફ ફ્લાવર્સ ઘણા સ્થળે છે, ઉત્તરાખંડ સિવાય પણ સિક્કિમમાં છેક ચીનની સરહદ નજીક નાથન્ગ વેલી અને યુમથાંગ વેલી તરીકે ઓળખાતી પણ વેલી ઓફ ફ્લાવર્સ જ છે પણ ઉત્તરાખંડમાં આવેલી વેલી દિવ્ય સત્ત્વ અને તત્ત્વનો સાક્ષાત્કાર સહુ કોઈને કરાવવા માટે સમર્થ છે. ઉત્તરાખંડમાં આવેલ વેલી ઓફ ફ્લાવર્સ નેશનલ પાર્ક વિશે એટલું ચોક્કસથી કહી શકાય કે જો સ્વર્ગના રસ્તાઓ ક્યાંકથી નીકળતા હશે તો તે આવા જ હશે. સ્થાનિકો દ્વારા તો એવું પણ કહેવામાં આવે છે કે અહીં આ સુંદર સ્થળ પર પરીઓનો વાસ હતો અને જે કોઈ પણ ત્યાં જાય તેનું પરીઓ અપહરણ કરી લેતી હતી. હવે આટલું સાંભળીને તો જરૂરથી પરીઓને મળવાનું મન થાય. વેલી ઓફ ફ્લાવર્સ એ ૧૧૫૦૦ ફૂટની ઊંચાઈએ આવેલ ભારતનો સૌથી જૂનો અને ખૂબસૂરત કહી શકાય એવો ટ્રેકિંગ રૂટ છે અને વિશ્વના સૌથી વધુ પ્રસિધ્ધ થયેલા ટ્રેકિંગ રૂટમાં શામેલ છે.



વેલી ઓફ ફ્લાવર્સ એટલે સુગંધોની સફર. આપણે હંમેશાં આપણી આસપાસ ઊંચી ઇમારતો જોવા ટેવાઈ ગયેલા છીએ પરંતુ જે લોકો ખરેખર પ્રકૃતિ પ્રત્યે લગાવ ધરાવે છે તેઓએ ચોક્કસથી આ ટ્રેક દ્વારા કુદરતના ખોળે ભમવું જોઈએ. અહીંની વિશાળતા જોઈને એવું લાગે કે માનવી ભલે ગમે તેટલી શોધ કરી લે, નવા નવા યંત્રો શોધી કાઢે પરંતુ નિસર્ગના સર્જન સામે તે હંમેશાં પાંગળો જ રહેશે. કોઈ પણ માનવી અથાક પ્રયત્નો પછી પણ આવી ફૂલોની ઘાટી બનાવવા અસમર્થ છે. આ વિશાળ અને ખૂબસૂરત વિસ્તાર ખૂબ જ વિશાળ છે પરિણામે નિર્જન હોય એવું દીસે. અહીંનું વાતાવરણ હંમેશાં શાંતિપૂર્ણ અને આહલાદક છે. અહીં જવાનો સમય જૂનથી સપ્ટેમ્બર મહિના સુધીનો છે. સામાન્ય રીતે હિમાલય વિસ્તારમાં ચોમાસા દરમિયાન ભૂસ્ખલન જેવી ઘટનાઓ બનતી રહે છે, પરંતુ જુલાઈના અંતમાં જ અહીં બધાં ફૂલો એના સંપૂર્ણ રંગોમાં રંગાય છે એટલે એને એના વાસ્તવિક રૂપમાં જોવા માટે આ સમયગાળો જ શ્રેષ્ઠ છે.

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં સ્થિત વેલી ઓફ ફ્લાવર્સ એ નંદાદેવી બાયોસ્ફર રિઝર્વનો એક ભાગ છે. વર્ષો સુધી આ સ્થળ માણસોની પહોંચથી પરે રહ્યું હતું, પરંતુ સૌપ્રથમ ફ્રેન્ક એસ સ્મિથ અને તેમના સાથી જે કામેત પર્વત એક્સપ્લોર કરી પરત ફરતા હતા તે દરમિયાન તેઓ અનાયાસે જ આ સ્થળ પર પહોંચ્યા. આમ બ્રિટિશ પર્વતારોહકો દ્વારા આ સ્થળ લોકોના પરિચયમાં આવ્યું. ૧૯૮૨માં ભારત સરકાર દ્વારા વેલી ઓફ ફ્લાવર્સને નેશનલ પાર્ક જાહેર કરવામાં આવ્યો. આ સ્થળ ત્યારે વધુ મહત્ત્વનું બની ગયું જયારે યુનેસ્કોએ આ સ્થળને વર્લ્ડ હેરિટેજ સાઈટ જાહેર કર્યું. આ ટ્રેકની શરૂઆત ગોવિંદઘાટથી થાય છે. જે જોશીમઠ નજીક આવેલું છે તેમજ આ ટ્રેક માટે ત્યાંના ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ પાસેથી પરવાનગી લેવી જરૂરી છે. આ વિસ્તાર પ્રોટેકટેડ વાઇલ્ડ લાઈફ એરિયાનો ભાગ છે તેથી રાત્રી દરમિયાન ત્યાં કોઈ રોકાઈ શકે નહીં. તો આપણે ગોવિંદઘાટથી આ સફરની શરૂઆત કરીએ. અલકનંદાનાં કાંઠે વસેલું આ સ્થળ ખૂબ જ અગત્યનું છે. બદ્રીનાથ, હેમકુંડ સાહેબ અને વેલી ઓફ ફ્લાવર્સનો રસ્તો ગોવિંદઘાટથી જ પસાર થાય છે. અહીંથી આગળનો પડાવ ઘાંઘરીયા ગામ છે પણ તે પહેલાં પુલના ગામ આવે જે ગોવિદાઘાટથી ત્રણ થી ચાર કિલોમીટર દૂર છે. બસ ત્યાં સુધી જ વાહન દ્વારા આવી શકાય પણ આગળ પુલનાથી ઘાંઘરીયા દસ કિલોમીટર જેટલો રસ્તો છે ત્યાંથી ટ્રેકિંગ શરૂ થાય છે. આ રસ્તામાં પુષ્પાવતી નદી આપણને સાથ આપશે. ઊંચી પહાડીઓ પરથી ઠેર ઠેર પડતા શ્વેત ઝરણાંઓ પણ આ ટ્રેકને ખાસ બનાવે છે. લીલીછમ પહાડીઓ અને ઝરણાંઓ જાણે દરેકને મીઠો આવકારો આપવા આતુર હોય એવું જ લાગે. અહીંથી ઘાંઘરીયા જઈ કઈ ખાસ કરવાનું હોતું નથી તેથી અહીંના રસ્તાઓને માણતા માણતા, પુષ્પાવતી નદીના કિનારે પથ્થર પર બેસી તેની સાથે ગોષ્ઠિ કરતા કરતા, નદીના પાણીને ખોબે ખોબે પીતાં, બે ઘડી બેસી હાથ પાછળ જમીન પર ટેકવી આકાશના દૂરના નજારાઓને આંખોમાં કેદ કરતા કરતા ક્યારે ઘાંઘરીયા આવી જાય ખબર પણ નહીં પડે, હા પણ તે માટે થોડું અગાઉથી ફિટનેસ પર ધ્યાન આપવું રહ્યું. બીજી એક વાત ગોવિંદઘાટથી ઘાંઘરીયાના રસ્તાઓ પર જમવા માટે કે નાસ્તામાં કાઈ ખાસ સુવિધા નથી તો પોતાની જરૂરીયાત મુજબ સાથે ડ્રાયફ્રૂટ્સ વગેરે લઇ શકાય જેથી વજન પણ ઓછો ઊંચકવો અને સારી એનર્જી પણ મળી રહેશે.

ઘાંઘરીયા આ વિસ્તારનું અંતિમ એવું સ્થળ છે જ્યાં માણસોની વસાહત છે. ઘાંઘરીયાથી આગળ બે ટ્રેક બને જેમાંથી એક ટ્રેક જાય વેલી ઓફ ફ્લાવર્સ અને બીજો ગુરુદ્વારા હેમકુંડ સાહિબ તરફ. શીખ ધર્મના સૌથી ઊંચાઈ પર આવેલ ગુરુદ્વારા એટલે હેમકુંડ સાહેબ ગુરુદ્વારા. ત્યાંથી પ્રવાહિત થતો લક્ષ્મણ ગંગા અથવા તો હેમગંગાનો પ્રવાહ કે જે હેમકુંડમાંથી નીકળે છે તે ઘાંઘરીયા નજીક પુષ્પાવતી નદીને મળે છે ત્યાંથી આગળ આ પુષ્પાવતી નદી ગોવિંદઘાટ પાસે અલકનંદા નદીને મળે છે. હિમાલયનો ગંગોત્રી વિસ્તાર અમસ્તા જ દેવોની ભૂમિ નથી કહેવાતો. અહીંનું કુદરતી સૌંદર્ય ખૂબ જ સત્ત્વ અને તત્ત્વથી ભરેલું છે. પ્રકૃતિનો નશો અહીં દરેક ટેકરીઓમાં, ઠેર ઠેર ખળખળ વહેતાં ઝરણાઓમાં, બરફાચ્છાદિત ધવલ પહાડો પાછળથી ડોકિયું કરતાં રૂનાં પૂમડાં જેવા વાદળોમાં, બાળકો માફક કિલકિલાટ કરતાં હિમાલયન પક્ષીઓનાં સંગીતમાંથી સીધો જ આપણી નસ નસમાં વહેવા લાગે એવું અનુભવી શકાય. ગોવિંદઘાટથી ગુરુ ગોવિંદસિંગની તપોભૂમિ એવા હેમકુંડનો ટ્રેક શરૂ થાય છે. અલકનંદા પર હવામાં ઝોલાં ખાતાં લાકડાંનાં પુલને પાર કરીને રંગબેરંગી ફૂલોથી સજાવેલા ટેરેસ ગાર્ડન તો વળી ક્યાંક નાનકડાં ખેતરોના કુદરતી માહોલની કંપની વચ્ચે ચઢાઈ કરતાં કરતા સૌંદર્ય સફર શરૂ થાય છે જેમાં વચ્ચે અલકનંદાને મળવાનાં હરખમાં લક્ષ્મણગંગા વેગવંતી ઝડપે દોડતી આંખો અને કાનને પ્રકૃતિનો ગજબ પરિચય કરાવે છે. આશરે ત્રણેક કિમી ટ્રેક કર્યા પછી લીલોતરી અને બર્ફીલા શિખરો વચ્ચે લક્ષ્મણગંગાનો મિજાજ વધુ ઝડપી બંને છે જે આપણા થાકને પણ એના વહેણ સાથે જ વહાવી લઈ જાય છે. ઘાંઘરીયાથી હેમકુંડ સાહેબ ૬ કિલોમીટર જેટલું સ્ટીપ ટ્રેકિંગ છે. આ રસ્તા પર અનેક શીખ બંધુઓ ગુરુદ્વારા દર્શન કરવા જતાં મળી આવશે. શીખધર્મની સૌથી કઠિન યાત્રા કહી શકાય. શીખધર્મના દસમા ગુરુ ગોવિંદસિંગ એ અહીં ધ્યાનમાં વર્ષો વ્યતીત કર્યા હતા. અહીંના ગુરુદ્વારાની ખાસિયત એ છે જે તે પંચકોણીય આકારમાં બંધાયેલું એક માત્ર ગુરુદ્વારા છે કારણ કે અહીં છ મહિના દરમિયાન થતી બરફ વર્ષાથી ગુરુદ્વારાને રક્ષણ મળે તે માટે, અહીં આસપાસ સાત શિખરો આવેલાં છે અને તેની મધ્યમાં ગુરુદ્વારા, હેમકુંડ અને લક્ષ્મણ મંદિર આવેલું છે. અહીંના હેમકુંડમાં આસપાસના ગ્લેશિયરમાંથી પાણી આવે છે. આ કુંડનું પાણી એકદમ ક્રિસ્ટલ ક્લિયર છે જે આપણને બે ઘડી અચંબિત કરી મૂકશે સાથે સાથે આધ્યાત્મિક વાતાવરણમાં અહીં લગાવેલી ડૂબકી અસ્મરણીય બની જશે. અહીં રામાયણ સાથે જોડાયેલું લક્ષ્મણ મંદિર પણ છે. હેમકુંડ સાહેબ માટે એટલું જ કહી શકાય કે અહીંનું વાતાવરણ એકદમ પવિત્ર છે. ગમે તે ધર્મમાં માનતા હોઈએ પણ આ જગ્યાએ આવીને બે ઘડી શાંતિની પળોનો એહસાસ સરળતાથી કરી જ શકીએ.

ઘાંઘરીયાથી આગળ જતો બીજો ટ્રેક આપણા વેલી ઓફ ફ્લાવર્સ તરફ જાય છે. ત્યાં આશરે ચાર કિલોમીટર જેટલો ટ્રેક છે. અહીંથી પસાર થતા એવું લાગે કે જો રસ્તો જ આટલો સુંદર છે તો વેલી કેટલી રમણીય હશે. અહીંનો સફર દરેક પગલે કઇંકને કઈંક નવું દૃશ્ય અને શ્રાવ્ય બંને રીતે આપે છે. આ સ્થળની એક બહુ જ ખાસ વાત એ છે કે આ વિસ્તાર સંપૂર્ણ રીતે પ્લાસ્ટિક પ્રતિબંધિત છે. તમને ક્યાંય રસ્તા પર ફેંકાયેલા પ્લાસ્ટિક નહીં દેખાય. રસ્તા પર એક મજાનું બોર્ડ દેખાશે જેના પર લખ્યું હશે ‘કુછ દેર બેઠ કર પ્રકૃતિ કે નજારો કા આનંદ લે.’ વેલી ઓફ ફ્લાવર્સનો મિજાજ જ અલગ પ્રકારનો છે. વેલીમાં દાખલ થતાં જ એમ લાગે જાણે કોઈ કલ્પનાનાં પ્રદેશમાં પહોંચી ન ગયા હોઇએ. ચારે તરફ ગાઢ વનરાજી, વિશાળ પર્વતો, હિમશિખરો અને તેમની વચ્ચે દેખાતા ગ્લેશિયર એ બધાના વર્ણન માટે શબ્દો ખૂટી પડે. ચોતરફ નજર કરીએ તો રંગબેરંગી, વિવિધ આકારોમાં અલગ અલગ રૂપરંગના અઢળક ફૂલો મરક મરક હાસ્ય કરતા જોવા મળે. આ વેલીમાં પાંચસોથી પણ વધુ પ્રકારના વિવિધરંગી ફૂલો જોવા મળે છે અને તેને પૂર્ણ રીતે ખીલવાનો સમય મધ્ય જુલાઈથી મધ્ય ઓગસ્ટ વચ્ચેનો હોય છે. વેલીમાં દાખલ થતાં જ આપણે ક્યારેય ન જોયેલા એવાં ભિન્ન ભિન્ન આકારના પર્ણો અને વનસ્પતિ દિગ્મૂઢ કરી મૂકે. પ્રાચીન સમયમાં જેના પર લખાણ થતું એવાં ભોજપત્રોનાં વૃક્ષો પણ ઠેર ઠેર જોઇ શકાય. આ ઉપરાંત જંગલી ગુલાબ, બ્રહ્મકમળ, બ્લુ પોપી જેવા ફૂલો સાથે વેલીનું અપાર સૌંદર્ય કોઈ પણને મંત્રમુગ્ધ કરી દે. અહીંનાં સૌંદર્ય થકી કોઈ પણ ઉંમરનો વ્યક્તિ બાળકની માફક જિજ્ઞાસુ અને ઉત્સાહિત બની જાય. ઊંચી પહાડીઓ તેમજ તેની વચ્ચે આવેલા વિશાળ બુગ્યલો એટલે કે ઘાસનાં વિશાળ મેદાનો અને તેમાંથી પસાર થતા ખળ ખળ વહેતા સંગીતમય ઝરણાઓ, રંગબેરંગી હિમલાયના પક્ષીઓના મધુર અવાજો, પવનના સુસવાટા, પાંદડાઓનો અવાજ દરેક ભેગા મળીને એક કર્ણપ્રિય સંગીતમય ધૂનની રચના કરે છે અને આવી અદ્ભુત ધૂનને માણતા માણતા અહીં જ હંમેશાં માટે સ્થાયી થઇ જવાનું મન થઇ જાય. આ વેલી માત્ર સૌંદર્યની દ્રષ્ટિએ જ નહીં પરંતુ અહીં કેટલીક એવી ઔષધીઓ પણ મળી આવે છે જે સમગ્ર વિશ્વમાં અપ્રાપ્ય છે. પક્ષીવિદો અને વનસ્પતિમાં રસ ધરાવતા વ્યક્તિઓ માટે તો આ સ્થળ સ્વર્ગસમા ખજાના જેવું કહી શકાય.

કોઈ પણ આશય વિના ક્યાંક નીકળી પડવું હોય તો ઉત્તરાખંડની આ જગ્યા સર્વશ્રેઠ કહી શકાય. અહીં બધા જ સરળતાથી પહોંચી શકે છે. અહીં પહોંચવા માટે ઋષિકેશથી વાહનો સરળતાથી મળી રહે છે અને નજીકનું સહુથી મોટું માર્કેટ જોશીમઠ છે. જોશીમઠમાં એકાદ બે દિવસ રહીને અહીંનો આનંદ લઇ શકાય છે. નિસર્ગનો આનંદ જે સ્થળે મળે એ સ્થળે ખુલ્લા દિલથી લઇ લેવો જોઈએ કેમ કે આજના આધુનિક યુગમાં ધીરે ધીરે કુદરત લુપ્તતાનાં આરે આવીને ઊભી છે. ■




ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ઈન્ટરનેટ પર કસ્ટમર કેર એટલે ખોટા નંબરની માયાજાળ?

માહિતી હોય કે મેસેજ, કોઈ વસ્તુ ક્રોસ ચેક કરવાની થાય ત્યારે સૌથી પહેલા ઈન્ટરનેટ પર એ વિષયવસ્તુ સંબંધીત ખાંખાંખોળા કરવામાં આવે છે. ડેટા સામગ્રી તો ઠીક, પણ કોઈ કસ્ટમર કેર કે અન્ય કોઈ હેલ્પલાઈન નંબરને લઈને જ્યારે પણ સર્ચ કરવામાં આવે છે ત્યારે એક્યુરેસી- ચોક્કસાઈના મામલે ઘણી વાર અનેક લોકો થાપ ખાઈ બેસે છે.

ડિજિટલની દુનિયામાં સમસ્યાનું સમાધાન શોધવા ઈન્ટરનેટ હાથવગું હથિયાર સાબિત થાય છે ત્યારે કેટલીક બાબત મુશ્કેલીમાં પણ મૂકી દે છે. ઈન્ટરનેટ પર સર્ચ કરાતા વિષયોની યાદી ક્યારેય પૂરી થતી નથી, જેમકે દિલ્હીમાં બેસ્ટ સ્ટ્રીટ ફૂડ ક્યાં મળે?, દિવાળીમાં શોપિંગ મેલા ક્યાં છે?, વેઈટલોસ કરવા શું કરવું જોઈએ?, ટીવી કે મ્યુઝિક સિસ્ટમની ઓનલાઈનમાં કિંમત કેટલી? વગેરે વગેરે, જેટલી જિજ્ઞાસા એટલા સવાલ....

આ બધા વચ્ચે ઘણીવાર કસ્ટમર કેરનો નંબર સર્ચ કરવાની ભૂલ કરવા જેવી નથી. બેંક, ઓનલાઈન શોપિંગ સાઈટ, ટેલિકોમ કંપનીઓના નંબર, પ્રોડક્ટ રિપ્લેસમેન્ટ જેવી વસ્તુઓ માટે સર્ચ કરવામાં આવતા નંબરમાં એક પૂર્વઆયોજિત કાવતરું છે. ટેલિકોમ સર્વિસ પૂરી પાડતી કંપનીઓ દરેક શહેરમાં પોતાની એક ઓફિસ ખોલે છે, જેના વિશે ગૂગલ સર્ચ કરવામાં આવે તો જે તે કંપનીનો એક સામાન્ય નંબર એના સંપર્કના ખાનામાં હોય છે.

અહીંયાથી શરૂ થાય છે નંબરની માયાજાળ...

જ્યારે નંબરને લઈને વાત આવે છે ત્યારે કેટલાક એકમને બાદ કરતા ફ્રોડ, પાયરેસી, ટ્રેકિંગ અને લોકેશન મોનિટરિંગની શ્રેણી શરૂ થાય છે. સ્ક્રીન પર દેખાતા વેબપેજ કે એપ્સ પર માત્ર એક નંબરની ઉપર-નીચે તિજોરી (બેંક બેલેન્સ) ખાલી કરવા માટે પૂરતું છે. સર્ચ કરનાર કસ્ટમર કેર સુધી પહોંચવાના બદલે પહોંચી જાય છે સાયબર ગઠિયાના અડ્ડા સુધી!

સાયબર ફ્રોડ એ પણ નંબર ઉપરથી કરનારા ગૂગલ અને સર્ચ માટેના બીજા અલ્ગોરિધમ સારી રીતે જાણતા હોય છે. ક્યો શબ્દ ટાઈપ કરવાથી અને કઈ લિંકને સૌથી વધારે ફોલો કરવાથી સિસ્ટમ ટ્રેક થાય એની આખી યાદી આવા સાયબર ફ્રોડવાળાઓ પાસે હોય છે. આમાં થાય છે એવું કે, આપણે જે તે કસ્ટમર કેર સુધી પહોંચવાના બદલે ફ્રોડના દરવાજે ટકોરા મારી બેસીએ છીએ. સાવ સામાન્ય નંબર કે વેબસાઈટના સ્પેલિંગમાં નાનકડી અમથી ઉપર-નીચે કરી એક લિંક તૈયાર કરવામાં આવે છે. જે જાણીતી કંપનીના નામ, બ્રાંડ, નંબર કે સંપર્ક સ્રોત સાથે બિલકુલ મળતી આવે છે. પહેલી નજરે કોઈ ફરક પણ દેખાતો નથી. આને સાયબરની પરિભાષામાં ‘વેબસાઈટ ક્લોન’ કહેવાય છે. જ્યારે નંબરને લઈને કંઈ સર્ચ કરવામાં આવે તો પ્રોગ્રામમાં સર્ચના નંબરના મોટાભાગના અંક હોય છે. ભલે સિરિયલમાં ન હોય તો પણ. સર્ચના પરિણામમાં આવી વેબલિંક પણ ઉપર આવી જાય છે. જે અસલમાં ફેક હોય છે, પણ નંબરની માઈનોર અદલાબદલીથી સરખા જ દેખાય છે.

હવે સર્ચ કરનારા કોઈ વ્યક્તિ આ નંબર પરથી કોઈ કોલ કરે તો કસ્ટમર કેરના બદલે પહોંચે છે ડાયરેક્ટ સાયબર ગઠિયા સુધી. ગૂગલ સર્ચ પર નીયર મી શબ્દથી સર્ચ કરવામાં આવતા કોઈ પણ પરિણામ પર નંબરની ગેરેન્ટી ગૂગલ આપતું નથી. મેપિંગ અને ટ્રેકિંગ વખતે કંપની આવું કોઈને લખીને પણ કહેતી નથી એટલે શરૂ થાય છે ફ્રોડ ગેમ. પછી ક્રેડિટકાર્ડ, ડેબિટકાર્ડ, પ્રોડક્ટ, ઓટીપીનો ખેલ શરૂ થાય છે.

સામાન્ય રીતે આવા કેસમાં સામા છેડેથી બોલતી વ્યક્તિનો અવાજ પણ અસલી હોતો નથી. જે નંબર પરથી સામેથી કોલ આવે છે નંબર પણ હંગામી હોય છે જે એકવાર ઉપયોગમાં લેવાયા બાદ સર્ચ કરનારા કોઈ લગાવે તો લાગતા નથી. નંબર જ એક્ટિવ નથી તો લાસ્ટ લોકેશન કે ટ્રેકિંગ કરવાથી કે ફરિયાદ કરવાથી પણ કોઈ ફાયદો નથી. આવું સિમ જ્યારે બીજા કોઈ મોબાઈલમાં નાખવામાં આવે અને પછી ફોન ચાલુ થાય તો એ કાયમ રહેશે એ પણ નક્કી નથી. મોટાભાગના કેસમાં આવા મોબાઈલ પહાડી વિસ્તારો, દુર્ગમ એરિયા તો ક્યારેક વિદેશથી પણ ચાલુ થતા હોય છે, જેના લીધે ફરિયાદ થાય તો પણ એ એટલા ઝડપથી કોઈ સાયબર પોલીસની પકડમાં આવતા નથી.

દિલ્હીનો સાયબર ફ્રોડનો એક કિસ્સો જાણીને આંચકો અવશ્ય લાગશે. જેમાં ચોરાઈ ગયેલા ફોનનું લોકેશન છેક ચીનમાં દેખાતું હતું... ! જ્યારે ઓટીપી અને જે નંબરથી ફોન આવ્યો હતો એ લોકેશન મણિપુર હતું. ટ્રેપ આખી એવી હતી કે, એક ટ્રાવેલરનો મોબાઈલ નંબર ગઠિયા ટ્રેક કરતા હતા. પછી જે તે ડેસ્ટિનેશન પરથી એ ફોન ચોરાયો. જેમાં મામલો પૈસા લેવાનો નહીં પણ સામેથી આપવાની વાત હતી. ‘લકી અને સ્પેશ્યલ નંબર‘માં આ મોબાઈલ નંબર આવ્યો છે... ટુરિંગ ડેસ્ટિનેશન પર જ ગિફ્ટ મળશે... એ પણ ઓનલાઈનમાંથી પાર્સલ આવશે....’ એવી માહિતી આપવામાં આવી ... પાર્સલ તો ન આવ્યું પણ બેંક બેલેન્સની સાથે મોબાઈલ પણ ચોરાઈ ગયો હતો !

કોઈ કોન્ટેક નંબરની જરૂર હોય તો શું કરવું ?

જ્યારે કોઈ કસ્ટમર કેરના નંબરની જરૂર પડે તો ડાયરેક્ટ ગૂગલ સર્ચ કરવાના બદલે જે તે પ્રોડક્ટની કંપનીની ઓફિશિયલ વેબસાઈટને ફોલો કરો. દરેક વેબસાઈટ પર કોન્ટેક્ટ નંબર હોય છે એમાંથી એનો સંપર્ક કરો. નજીકની રિજનલ ઓફિસમાં જાવ ત્યારે વેબસાઈટ અને એમનો નંબર ક્રોસ ચેક કરો. ટેલિકોમ કંપનીઓ પોતાના વોટ્સએપ બોટ ચલાવે છે. એની એપ્લિકેશન ડાઉનલોડ કરીને એના બોટ પર હેલ્પનો મેસેજ મૂકો, જ્યાંથી ડાયરેક્ટ કસ્ટમર કેર મેનેજર ક્નેક્ટ થશે. વેબસાઈટની લિંકને ધ્યાનથી તપાસો. સ્પેલિંગ મિસ્ટેક લાગે તો ક્લિક કરવાનું ટાળો. બેંક સંબંધિત કોઈ મામલો હોય તો મેન બ્રાંચને જાણ કરો. એ ૨૪ કલાકમાં મુશ્કેલી ઉકેલી દેશે. કોઈ પણ કસ્ટમર કેર અધિકારીને તમારા મોબાઈલ નંબર સિવાય બીજી કોઈ જ વિગતની જરૂર હોતી જ નથી. અને પૂછે તો આપવાની થતી નથી. ■

**આઉટ ઓફ ધ બોક્સ**

*વર્ષ ૨૦૧૫માં પહેલી વખત કોઈ ઈમેઈલ એડ્રેસમાં નંબરની સાથે બીજા ડોમેઈન પરથી ફ્રોડ મેઈલની શરૂઆત થઈ હતી. એ પછી ઓનલાઈન શોપિંગ સર્વિસ આપતી કંપનીઓએ પોતાના મેલમાંથી નંબર જ હટાવી દીધા હતા.*

વાચકની કલમે

feedback@bombaysamachar.com

# કૃષ્ણ ને રાજનીતિ...

■ હિમ્મતલાલ પ્રભુદાસ ભૂતા

‘કાજલકી કોઠરી મેં કૈસો ભી સયાનો જાય. કાજલ કો ડાઘ ભાઈ લાગે રે લાગે’ આ ઉક્તિ રાજનીતિને સંપૂર્ણ રીતે લાગુ પડે છે. રાજનીતિ એ ધર્મની વિરુદ્ધ દિશા છે. જિંદગીમાં એટલે કદાચ ગૌતમ બુદ્ધ અને મહાવીર જેવા પ્રજ્ઞપુરુષોએ રાજપુત્રો હોવા છતા રાજનીતિનો ત્યાગ કર્યો, જ્યારે કૃષ્ણ તો રાજનીતિમાં જીવનભર ગળાડૂબ રહ્યાં. રાજનીતિના રૂપમાં જે તેમણે મહાભારતના યુદ્ધમાં કર્યું એ. ભીષમની આગળ શીખંડીને ઊભો રાખી એને દગાથી મરાવ્યા, દ્રોણ ને અશ્વત્થામા મરી ગયો એવું ખોટું બોલાવીને મરાવ્યા, કર્ણને જ્યારે રથનું પૈડું ફસાઈ ગયું ત્યારે એ નિઃશસ્ત્રને મરાવ્યો, દુર્યોધનને એની જાંગ પર ગદાનો પ્રહાર કરાવી મરાવ્યો. આ બધું હોવા છતાં આપણે કૃષ્ણને પૂર્ણાવતાર તરીકે પૂજીએ છીએ-તે સામાન્યજનની નજરે અપ્રસ્તુત નથી???

ઘણાં કૃષ્ણભક્તોના મનમાં આ પ્રશ્ન ઊઠતો હશે. કૃષ્ણના જીવન કાર્યોને સમજવા થોડા જટીલ છે. ચાલો આપણે સમજવા પ્રયાસ કરીએ...

કૃષ્ણ આધ્યાત્મિક પુરુષ-ધાર્મિક નહીં. આધ્યાત્મ સમગ્ર જીવનને આવરી લે છે. ધર્મ એક દિશા છે. અન્ય બુદ્ધ પુરુષો ધાર્મિક છે આધ્યાત્મિક નહીં. એ અર્થમાં તેમણે એક દિશાને પસંદ કરી છે. કૃષ્ણને આખું જીવન પસંદ છે. એટલા માટે કૃષ્ણને રાજનીતિ ડરાવી શકતી નથી. રાજનીતિ પણ જીવનનો ભાગ છે. કૃષ્ણને જીવનમાં ફૂલ અને કાંટા બંનેર સ્વીકૃત છે. ફૂલ અને કાંટા એક બીજાના દુશ્મન નથી, પણ એકબીજાના પૂરક છે. બન્ને ઊંડાણમાં જોડાયેલા છે. કૃષ્ણ એવા સાધનોનો ઉપયોગ કરે છે કે જેને ઉચિત નહીં કહી શકાય. અસત્યનો, છળનો, કપટનો ઉપયોગ કરે છે. કૃષ્ણ સ્વિકારે છે કે જિંદગીમાં શુભ અને અશુભ વચ્ચે પસંદગી નથી હોતી. જીવનની બધી જ પસંદગી સાપેક્ષ છે.

સવાલ એ નથી કે કૃષ્ણએ જે કર્યું તે ખરાબ હતું, સવાલ એ છે કે જો એ ન કરત તો શું એનાથી ભલું થાત કે વધારે ખરાબ થાત? પસંદગી હંમેશાં લેસર ઈવિલ અને ગ્રેટર ઈવિલ વચ્ચેની છે. કૃષ્ણની સામે જે પસંદગી છે. ઓછા ખરાબ અને વધારે ખરાબની વચ્ચે છે અને કૃષ્ણએ જે જે છળકપટનો ઉપયોગ કર્યો તેનાથી વધારે છળકપટ સામો પક્ષ કરતો હતો અને કરી શકે તેમ હતો. સામો પક્ષ સાધારણ ખરાબ ન હતો એ અસાધારણ દુષ્ટની સામે સારાની જીતની કોઈ સંભાવના ન હતી. દાખલા તરીકે તેમણે મહાભારતના યુદ્ધને રોકવા પાંડવોના વિષ્ટકાર તરીકે કૌરવોને માત્ર પાંચ ગામ પાંડવોને આપવાની કરી, તેનો પણ સ્વિકાર ન થતા કૃષ્ણને માટે યુદ્ધ સિવાય કોઈ માર્ગ બચ્યો નહીં. જરાસંઘના આક્રમણને રોકવા અને તેને લીધે થનાર મથુરાના સામાન્ય લોકોના વિનાશને રોકવા કૃષ્ણે મથુરા છોડી પલાયન થવાનું સ્વીકાર્યું. ભરી સભામાં કૃષ્ણનું અત્યંત હિન ભાષામાં અપમાન કરનાર શિશુપાલને પણ નવ્વાણું ગાળો સહન કરીને પણ કૃષ્ણ મારતા નથી, જ્યારે પાણી માથા પરથી જવા લાગ્યું ત્યારે જ શિશુપાલનો વધ તેઓ કરે છે.

કૃષ્ણ યુદ્ધખોર નથી જ...

# અર્ધ સદીમાં અર્ધ રાત્રે મળેલી અર્ધ સ્વતંત્રતા...

■ આલોક ગાગડેકર

તમારા અંતરમનને ધ્રુજાવી નાખે એવી એક વાત કહેવી છે ૩૫ કરોડની જનસંખ્યા ધરાવતું દેશ આઝાદ થાય અને એમાંથી એક કે દોઢ કરોડ લોકોને આઝાદ ના કરવામાં આવે તો એ એક દોઢ કરોડ લોકો ઉપર શું વીતી હશે એ આપવિતી જેવું સંશોધન તમારી સમક્ષ મૂકું છું. વાત ૧૯૪૭ની છે જયારે આપણો દેશ સ્વતંત્ર થયો હતો. લોકો ઉત્સવ મનાવી રહ્યા હતા શહેરની એકે એક શેરી, ગામ, ગલી, ગોત્ર બધું શણગારવામાં આવી રહ્યું હતું. પણ અમુક લોકો કાટાઓની વાડની પાછળ આંસુડા વહાવી રહ્યા હતા. એ લોકો એટલે વિચરતી ભટકતી જનજાતીઓનો એક મોટો વર્ગ. જેમાં ૧૯૨ જનજાતીઓને આઝાદી ના મળી કારણ કે એમને તો ૧૮૭૧માં જ અંગ્રેજોએ Born Criminal કહીને આજીવન કારાવાસમાં બંધ કરી દીધા હતા એ હતા સેનાપતિના પદ ઉપર બિરાજેલા સ્લીમન નામના એક કલકત્તા આર્મીના ઓફિસર જેણે બનાવેલી યાદી મુજબ ભામટા, વરાડ, કેકાડી, પારધી, ચીડીમાર, ભેડકૂટ, કંજર, સાંસી (સાહસી) જેવી ૧૯૦ જનજાતીઓને ‘જન્મજાત અપરાધી’ જેવી એક ભેદી ઓળખાણ આપી હતી. અને એ ઓળખાણ આજ સુધી એ જનજાતીઓનો પીછો છોડતી નથી. આપણે ત્યાં સ્વતંત્રતાની પ્રથમ ચળવળ શરૂ થઇ એ સમય હતો ૧૮૫૭ મંગલ પાંડે વિદ્રોહ એ સર્વ વિદિત છે. ત્યારે ‘આનંદ મઠ’ લખનારા બંકિમ બાબુ બાર વર્ષના હતા. એ પછી આ ચળવળ લોકમાન્ય તિલક અને ગોપાલ કૃષ્ણ ગોખલે એ આગળ વધારી એ પણ સર્વવિદિત છે. પણ આ ચળવળો પહેલા પણ એક ચળવળ શરૂ થઇ હતી. એનું નામ હતું ‘જંગલ સત્યાગ્રહ’ અને એના આગેવાનો હતા જનજાતીય યોદ્ધાઓ જેમણે હુંણ, શક, મંગોલિયન, પોર્ટુગીઝ, મુગલ અને બ્રિટિશરોમાંથી એકેયની ગુલામી સ્વીકારી ન હતી. મુગલ તો માત્ર એમના પાલતું મોટા મોટા સુવ્વર જોઈનેજ ભાગી જતા હતા. ઘાસી સિંહ સિંહભૂમ, જેમને ૧૭૬૦માં અંગ્રેજો સામે બળવો પોકારેલો, ટનંટયા મામા જેને ટનટયા ભીલથી લોકો જાણે છે, બિરસા મુંડા, સાહસી ફુકન, રાની દુર્ગાવતી, ટાનાભગત જેવા સેકડો બળવાનોએ પોતાનું લોહી રેડી રેડીને આ ધરતીની સેવા કરી હતી. વિદેશિઓ અહીંની મૂરતિઓ, આભૂષણો, દરિયા માર્ગે લઇ જતા હતા ત્યારે એ માલ મિલકતને અંગ્રેજોથી લૂટીને પાછા રજવાડામાં આપી દેતા હતા. એક સમયે રાજા રણજીતસિંહ સાંસીના મુકુટ પર કીમતી કોહિનૂર હીરો ચમકતું હતું એ રાજા પણ આ જનજાતિના જ હતા. આ રાજા રજવાડાઓ એમની આ હિંમતની દાદ આપતા અને એમને ગામની સીમમાં રહેવાની સુવિધાઓ કરી આપતા. સમય જતા આ લોકોની હિંમત બ્રિટિશરોના માથાનો દુખાવો બનવા લાગી અને ઉપર જણાવ્યું એમ સ્લીમન નામના ઓફિસરે એમને નજર કેદ કર્યા. આટલા મોટા વર્ગને એક સાથે જેલમાં કઈ રીતે રાખવાના એ મોટી સમસ્યાનું સમાધાન એ લાવ્યું કે એમના માટે વિશિષ્ઠ પ્રકારની જેલોની રચના કરવામાં આવી જે જેલોમાં તેઓ પોતાના પરિવાર સાથે રહી શકે. જેલમાં ત્રણ વિભાગ હતા પુરુષો, સ્ત્રીઓ અને બાળકો. બેડીયો બાંધેલા પુરુષો મિલોમાં કામ કરવા જતા, સ્ત્રીયો વિદેશીઓના ઘરના કામ કરે અને અંગ્રેજી બાળકોને સ્તનપાન કરાવે અને બાળકો સફાઈ કરે અને શિક્ષણ પ્રાપ્ત કરે. દૂરથી જોતા હિટલરનું concentration camp લાગે. ૧૮૭૧થી આ સમુદાયને પણ આશા હતી કે જયારે દેશ બ્રીટિશરોના ગુલામીથી મુક્ત થશે ત્યારે આપણે પણ મુક્ત થઇ જઈશું. પણ આઝાદ દેશના વહેલા તે પહેલા વડા પ્રધાન જવાહર લાલ નેહરુ જે જાતે પણ ઘુમક્કડ જ હતા કેમ કે કાશ્મીરની નહેરના સહારે સહારે એમના વંશજો પણ પ્રયાગરાજમાં આવીને વસ્યા હતા. ને એ માણસે આ જનજાતિઓને ૧૯૫૨માં માંડ માંડ વિમુક્ત કર્યા ત્યારે આ લોકો Notified થી Dnotified થયા. આ ઐતિહાસિક જેલો આજે પણ છે અને એ જેલોની બહાર આજે પણ એ જનજાતીઓ વસે છે. મગજની ગુલામીની સાથે. તો થઇને આ અર્ધ સદીની અર્ધી સ્વત્રંતા. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ચિત્તલના પાદર જેવું ઉજજડ



વર્ષો પહેલા ગોહિલવાડની રાજધાની ભાવનગર નહીં શિહોર હતી. ગોહિલરાજ અખેરાજજીનો એકનો એક સોળ વર્ષનો દીકરો અને શિહોરનો યુવરાજ વખતસિંહ ગોહિલ હતો જેને ઈતિહાસ ‘આતાભાઈ’ના હુલામણા નામથી ઓળખે છે. એક વૃદ્ધે આતાભાઈને રડમસ ચહેરે ફરિયાદ કરી કે ‘મારી પરણેલી દીકરી દુઃખની મારી માવતર ભાગી આવેલી. એટલે એના સાસરિયેથી બે જણ આવ્યા અને દીકરીને ઉપાડી ગયા. આમ ગરીબની રખેવાળી કોણ કરે?’ આ વેણ આતાભાઈને હાડોહાડ લાગી આવ્યું અને વૃદ્ધને સધિયારો આપી ઘોડીને એડી મારી વૃદ્ધની દીકરીને બચાવવા નીકળી પડ્યા. પૂરપાટ વેગે દોડતી ઘોડીએ દીકરીને ઉપાડી જતા બે ઘોડેસવારને આંતરી લીધા. તેમની પર વાર કરતા બંને ડરીને નાસી ગયા અને આતાભાઈએ દીકરીને હેમખેમ એના બાપુ પાસે પહોંચાડી દીધી. ત્યારે દીકરીએ ગળગળા થઈ કહ્યું, ‘બાપુ, તમને બીજું તો શું આપું, પણ મારા વીર, અંતરના આશિષ આપું છું કે ભાઈ, તમે જ્યાં ઘોડે ચડશો ત્યાં તમારી ફતેહ થશે.’ આ આશીર્વાદ ફળ્યા અને વખતસિંહજીના કાર્યકાળમાં ભાવનગર ખૂબ સુરક્ષિત થયું ને સ્ટેટના સીમાડા વિસ્તારવાની દૃષ્ટિએ જોઈએ તો આતાભાઈ ભાવનગર સ્ટેટના સૌથી સફળ રાજવી તરીકે પંકાયા.

આવા આ આતાભાઈ અને સૌરાષ્ટ્રના કાઠી દરબારો વચ્ચે સંઘર્ષ રહ્યા કરતો હતો. વખતસિંહજીનો વખત સમાપ્ત કરવો હોય તો આપણે એક થવા વિના છૂટકો નથી એ વાત કાઠીઓને સુપેરે સમજાઈ ગઈ. ભવનગરનો સામનો કરવા બધા કાઠીઓ અમરેલી જિલ્લાના ચિત્તલ ગામમાં એકઠા થયા. ચિત્તલ એટલે ‘મૂછાળી મા’ તરીકે પ્રસિદ્ધ શિક્ષણશાસ્ત્રી અને દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના સ્થાપક ગિજુભાઈ બધેકાનું ગામ. પોતાની સામે મોરચો માંડવામાં આવ્યો છે એની જાણ વખતસિંહજીને થઈ ગઈ અને મોટી ફોજ લઈ ચિત્તલ પર ધસી ગયા. કાઠીઓ ઊંઘતા ઝડપાઈ ગયા અને તેમના પક્ષે મોટી ખુવારી થઈ. બધા વેરવિખેર થઈ ગયા અને બધા કાઠીઓને તગેડી મૂક્યા પછી વખતસિંહજીએ ચિત્તલને ખેદાનમેદાન કરી ઉજજડ બનાવી દીધું. ત્યારથી **ચિત્તલના પાદર** જેવું ઉજજડ કહેવત પ્રચલિત થઈ. આ ઘટના પછી જ્યાં પણ મોટી તારાજી કે નુકસાન જોવા મળે ત્યારે આ કહેવતનો ઉપયોગ થાય છે.

ENગ્લિશ વિંGLISH

## FUNNY Proverbs

ભાષામાં શબ્દાર્થ અને ભાવાર્થ ઘણી વાર સાવ વિપરીત જોવા મળે છે. ઉપર ઉપરથી રમુજી લાગતી ભાવાર્થમાં અર્થપૂર્ણ ઊંડાણ હોય, તત્ત્વજ્ઞાન ડોકિયાં કરતું હોય એવું ય જોવા મળે છે. આજે આપણે એવા કેટલાક ઉદાહરણ તપાસીએ. પહેલી કહેવત છે A Lie Travels Around The World While Truth Is Putting Her Boots On (French Proverb). જૂઠાણું જગત ઘૂમે ત્યારે સત્ય હજી જૂતા પહેરતું હોય છે એ શબ્દાર્થ સ્પષ્ટ નથી. અહીં અસત્યને દાવાનળની પેઠે ફેલાતા વાર નથી લાગતી જ્યારે સત્ય પહોંચતા અને એનો સ્વીકાર કરતા ખૂબ સમય લાગતો હોય છે એ એનો ભાવાર્થ જાણે કે જીવનનું સત્ય સમજાવે છે. અમેરિકન લેખક માર્ક ટ્વેઇનની કૃતિમાં એનો ઉપયોગ થયો છે. Anger Can Be An Expensive Luxury (Italian Proverb) કહેવતમાં ગુસ્સો, રોષ, ક્રોધથી થતા નુકસાનની વાત કરાઈ છે. ગુસ્સા પર કાયમ નિયંત્રણ રાખવું જોઈએ અને ગુસ્સા સામે ક્રોધ કરવાથી સરવાળે નુકસાન જ થતું હોય છે. રોષમાં બોલાયેલા શબ્દો પાછા ખેંચી નથી શકાતા અને એ ખૂબ ખર્ચાળ સાબિત થઈ શકે છે. ત્રીજી કહેવત છે You Will Never Plough A Field If You Only Turn It Over In Your Mind (Irish Proverb). વિચાર કરવાથી ખેતર ખેડાઈ નથી જતું. એને માટે હાથ પગ ચલાવી મહેનત કરવી જરૂરી હોય છે. આમ અહીં ઉદ્યમ



– મહેનતનો મહિમા ગવાયો છે. હાથ જોડી બેસી રહેવાથી કદી કોઈ કામ નથી થતા. Experience Is A Comb Which Nature Gives Us When We Are Bald (German Proverb) વાંચી અનુભવ એ સૌથી મોટો શિક્ષક છે એ ઉક્તિનું સ્મરણ જરૂર થયું હશે. જીવનમાં અનેક બાબતો અનુભવથી શીખાતી હોય છે. આજની અંતિમ કહેવત છે If You Dig A Hole For Someone, You'll Fall Into It. (Hungarian Proverb). કોઈનું નુકસાન કરવાના બદઈરાદાથી પોતાના જ નુકસાનને નોતરું દેવાઈ જાય એ આ કહેવતનો ભાવાર્થ છે. ‘ખાડો ખોદે તે પડે’ એ કહેવત તમે જાણતા જ હશો.

રાષ્ટ્ર ભાષા

## हरियाणवी बोली

ક્રિકેટ પ્રેમી જનતા હરિયાણાને મહાન ક્રિકેટર ઓલ રાઉન્ડર કપિલ દેવના વતન તરીકે ઓળખે છે. આર્યવર્ત અને બ્રહ્મવર્ત તરીકે એક સમયે પ્રચલિત હરિયાણા રાજ્ય ૧૯૬૬માં અસ્તિત્વમાં આવ્યું હતું. આ રાજ્યમાં બોલાતી ભાષા હરયાણવી તરીકે ઓળખાય છે. આ ભાષા કરતા બોલી વધુ છે. એની સ્વતંત્ર લિપિ નથી અને દેવનાગરીમાં લખાય છે. **हरियाणवी में स्थानीय शब्दावली और व्याकरण के विशिष्ट रुप मिलते है, जिसका प्रयोग हरियाणा, दिल्ली और आसपास के क्षेत्रो में किया जाता है. हरियाणवी को पश्चिमी हिंदी की बोली माना जाता है, जिसमें कौरवी (खडी बोली) और व्रज शामिल हैं.** આ બોલીના બંધારણમાં હિન્દી સાથે સામ્ય જોવા મળે છે. બોલીમાં કૌરવી (ખડી બોલી) અને વ્રજ ભાષા સામેલ છે. એક ઉદાહરણ જોઈએ. **के हो रह्या सै?** મતલબ કે શું ચાલી રહ્યું છે? હિન્દીમાં **इसका अर्थ है क्या हो रहा है?** ક્યા કે બની ગયો છે. માણસના કર્મ એને નાનો કે મોટો બનાવે છે જે હિન્દીમાં **आदमी कर्मो से बडा बनता है।** કહેવાય છે. આ જ વાત હરિયાણવીમાં **आदम कर्म तै बडा बण्य है।** નજીવો તફાવત છે. આદમી આદમ થઈ ગયો છે અને બનતા બણ્ય બની ગયો છે. **यो राह कुण-से गाम में जावै है?** વાક્યના શબ્દો હિન્દીને ખાસ્સા મળતા આવે છે. **इसका अर्थ है यह रास्ता कौन से गाँव में जाता है?** આ રસ્તો કયા ગામ તરફ જાય છે? રસ્તા બની ગયો છે રાહ અને કૌન બની ગયો છે કુણ. સ્થાનિક બોલીના આ પ્રતાપ છે.

સગ્ગી बहिण

## नागपूरची भाषा

બિન મરાઠી લોકોમાં નાગપુર એટલે સંતરાનું શહેર, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન અને કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીનું શહેર અને રાજ્યની બીજી રાજધાની તરીકે જાણીતું છે. નાગપુરની મરાઠી ભાષા અન્ય શહેરોની સરખામણીએ ખાસ્સી જુદી પડે છે. એનું મુખ્ય કારણ કદાચ એનું ભૌગોલિક સ્થાન છે. નાગપુરની એક સીમા મધ્ય પ્રદેશને અડીને છે અને એક સમયે નાગપુર ‘સીપી એન્ડ બેરાર’ પ્રાંતની રાજધાની હોવાથી ત્યાં હિન્દી ભાષી લોકો કામધંધા નિમિત્તે આવી વસી ગયા હતા. એટલે નાગપુરના મરાઠી ભાષી લોકોની બોલીમાં હિન્દીનો પ્રભાવ જોવા મળે છે. **आता फळांचंच बजा, द्राक्षांना अस्सल नागपूरकर कधीन द्राक्षं म्हाणणार नाही. बरोबर ओळखलंत तो ‘अंगुर’ म्हणेल. आता काही म्हणीतील हा तर हिंदी शब्द आहे. अगदी बरोबर. पण नागपुरकरांनी त्याला एवढं आपलंस केलं आहे की कुणालाही तो हिंदी शब्द आहे यावर विश्वास बसत नाही. द्राक्षं म्हणणारा नागपुरात तुम्हाला दिवा घेऊन शोधलं तरी सापडायचा नाही.** ફળના ઉદાહરણ પરથી વાત સ્પષ્ટ થઈ જશે. દ્રાક્ષ મરાઠીમાં પણ દ્રાક્ષ જ કહેવાય છે, પણ નાગપુરના રહેવાસીઓ એને અંગુર કહે છે. **द्राक्षाप्रमाणे सफरचंदाचेही तसेच. नागपुरात त्याला कुणीही सफरचंद म्हणत नाही, इथे हिंदीतला ‘सेब’ अपभ्रंश होवून मराठीत ‘सेप’ बनतो.** દ્રાક્ષ જેવું જ સફરજનની બાબતમાં નજરે પડે છે. સફરજન મરાઠીમાં સફરચંદ કહેવાય છે, પણ નાગપુરના લોકો એને હિન્દી અનુસાર સેબ કહે છે જેનું અપભ્રંશ થઈ સેપ બની ગયું છે. **बटाटे हे ‘आलू’ व टमाटे टमाटर या हिंदी नावांनी ओळखले जातात.** એવી જ રીતે બટેટા નાગપુરમાં આલુ અને ટામેટા ટમાટર તરીકે ઓળખાય છે જે હિન્દી શબ્દો છે. **माकडा सारख्या प्राण्याला आम्ही नागपूरकरांनी हिंदीतीत ‘बंदर’व नागपुरी मराठीत ‘वांनेर’ हे नवीन नाव दिलं आहे.** વાંદરો મરાઠીમાં માકડ કહેવાય છે, પણ નાગપુરના લોકો એને બંદર અથવા વાંનેર કહી બોલાવે છે. ■

મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી
feedback@bombaysamachar.com

# હરનાઝ સંધુ

## વધુ એક વિશ્વસુંદરીનું બોલિવૂડમાં આગમન



ઐશ્વર્યા રાય- સુસ્મિતા સેન-લારા દત્તા- માનુષી છિલ્લર...આ બધી જ બોલિવૂડની અભિનેત્રીઓમાં એક ચીજ કોમન છે કે આ બધી વિશ્વસુંદરીનો તાજ જીતીને બોલિવૂડમાં પ્રવેશી છે અને એમણે પોતાનું અલગ જ સ્થાન ઊભું કર્યું છે.

આ બધામાં વધુ એક નામ ઉમેરાયું છે અને એ છે હરનાઝ કૌર સંધુનું. ટાઈગર શ્રોફ અને સંજય દત્તની આગામી ફિલ્મ ‘બાગી-ફોર’થી હરનાઝ સંધુ હિન્દી ફિલ્મોમાં પ્રવેશી રહી છે.

ત્રીજી માર્ચ, ૨૦૦૦ના પંજાબના ગુરદાસપુરમાં જન્મેલી હરનાઝે ૨૦૨૧માં ‘મિસ યુનિવર્સ’નો ખિતાબ જીતીને ભારતને ગૌરવ અપાવ્યું હતું. ગુરુદાસપુરના નાનકડા અમથા ગામ કોહલીમાં પ્રીતમપાલ સિંહ સંધુ અને રબિન્દર કૌરને ત્યાં જન્મેલી હરનાઝે પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં માસ્ટર્સની ડિગ્રી મેળવી છે. પંજાબી ઉપરાંત હિન્દી અને અંગ્રેજી ભાષા એ સારી રીતે જાણે છે.

માત્ર ૧૭ વર્ષની ઉંમરે હરનાઝે ૨૦૧૭માં ‘મિસ ચંદીગઢ’નું ટાઈટલ મેળવ્યું હતું. ત્યાર પછી એણે ‘ટાઈમ્સ ફ્રેશ ફેસ કોન્ટેસ્ટ-૨૦૧૭’માં ભાગ લીધો હતો અને તેમાં એ ‘રનર અપ’ આવી હતી. ત્યાર પછી ૨૦૧૮માં એણે ‘મિસ મેક્સ ઈમર્જિંગ સ્ટાર ઈન્ડિયા-૨૦૧૮’ની સ્પર્ધા જીતી લીધી હતી. ત્યાર બાદ એણે ‘ફેમિના મિસ ઈન્ડિયા-૨૦૧૯’માં પ્રાદેશિક રાઉન્ડમાં ભાગ લીધો હતો અને તેમાં વિજય મેળવ્યો હતો.

૨૦૧૯ની ‘ફેમિના મિસ ઈન્ડિયા’માં પંજાબ વતી ભાગ લીધો અને એમાં એણે મિસ બ્યુટીફુલ સ્કીન, મિસ બિચ બોડી, મિસ બ્યુટીફુલ સ્માઈલ, મિસ ફોટોજેનિક અને મિસ ટેલન્ટેડ જેવી સ્પર્ધાની ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. આ સ્પર્ધાના અંતમાં એ વિજેતા ઘોષિત થઈ હતી અને છેલ્લે ૨૦૨૧માં ‘મિસ યુનિવર્સ’ સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું પછી ૧૩ ડિસેમ્બર ૨૦૨૧ના એણે આ પ્રતિષ્ઠિત તાજ મેળવ્યો.

૨૦૨૧ના જ એણે પંજાબી ફિલ્મોદ્યોગમાં પ્રવેશ કર્યો. ૨૦૨૨માં એણે બીજી એક પંજાબી ફિલ્મ કરી અને હવે સાજીદ નડિયાદવાલાની ફિલ્મ ‘બાગી-ફોર’માં એને મુખ્ય અભિનેત્રી તરીકેની ભૂમિકા મળી છે. જો કે, હિંસાથી ભરપૂર આ ફિલ્મમાં હરનાઝને અભિનયની કેટલી તક મળશે એ કહેવું મુશ્કેલ છે.

‘ઉડારિયાં’ નામની ટી. વી. સિરીઝમાં એણે નાનકડી ભૂમિકા ભજવી હતી, જેમાં એની સુંદરતાની સાથે જ એનાં અભિનયના વખાણ થયા હતા.

‘બાગી-ફોર’ એ ટાઈગર શ્રોફ-સાજીદ નડિયાદવાલાની ‘બાગી’ ફિલ્મની સિરીઝનો ચોથો ભાગ છે, પણ આ ફિલ્મ ‘એનિમલ’નાં હિંસક દૃશ્યોને પણ પાછળ મૂકી દેશે એવી અત્યારે વાતો ચાલી રહી છે. ‘બાગી-૨૦૧૬’માં આવી હતી. એમાં ટાઈગર શ્રોફની સાથે શ્રદ્ધા કપૂર હતી. ‘બાગી-ટુ’ ૨૦૧૮માં આવી હતી. તેમાં ટાઈગરની સાથે દિશા પટણી અને મનોજ બાજપાઈ હતા. ‘બાગી-થ્રી’માં ટાઈગરની સાથે ફરી શ્રદ્ધા કપૂર હતી અને સાથે રિતેશ દેશમુખ અને અંકિતા લોખંડે હતાં, જે ૨૦૨૩માં રિલીઝ થઈ હતી.

OTTનું હોટસ્પોટ

## ૩૧ ઓગસ્ટથી ૭ સપ્ટેમ્બર સુધી શું શું જોવા જેવું છે?

* ‘મેટ્રો ઈન દિનો’ અને ‘કિંગ્ડમ’ ધૂમ મચાવવા તૈયાર

આદિત્ય રોય કપૂર, પંકજ ત્રિપાઠી, સારા અલી ખાન, અનુપમ ખેર, નીના ગુપ્તા અભિનિત ફિલ્મ ‘મેટ્રો ઈન દિનો’ ફિલ્મ ‘નેટફ્લિક્સ’ પર રજૂ થઈ રહી છે. અનુરાગ બાસુ દિગ્દર્શિત આ ફિલ્મ બોક્સ ઓફિસ પર એટલું ઉકાળી શકી નથી.

આવી જ બીજી એક ફિલ્મ ‘કિંગ્ડમ’ પણ નેટફ્લિક્સ’ પર રજૂ થવાની છે. વિજય દેવરકોંડા, રુકમિણી વસંત અભિનીત આ ફિલ્મ ‘સાઉથ’ની ફિલ્મ છે, એ પણ એટલી ચાલી નથી. જો કે, ઘણીવાર એવું જોવા મળે છે કે થિયેટરમાં ન ચાલેલી ફિલ્મ ‘ઓટીટી’ પર દર્શકોને ખૂબ જ પસંદ પડે છે. આ બંને ફિલ્મનું પણ આવું થાય એની શક્યતા છે. દરમિયાન આપણે હવે OTT પર હાલમાં ટ્રેન્ડ કરી રહેલી સિરીઝ વિશે પણ જાણીએ...

* એમ એક્સ પ્લેયર :
* ‘હાફ સીએ’ (બીજી સિઝન)
* ‘સેના’ (વોર ડ્રામા-સસ્પેન્સ) થલપતિ વિજયની વારીસ
* ‘હન્ટર-ટુ’; સુનીલ શેટ્ટી-જેકી શ્રોફની
* જિયો હોટસ્ટાર: અહીં ધૂમ મચાવનારી અનેક સિરીઝનું પ્રસારણ ચાલુ છે તેમાં સલાકાર- ‘સ્પેશ્યલ ઓપ્ટ-ટુ’
* ક્રિમિનલ જસ્ટિસ- ડોરેમોન, - ‘સરઝમીન’(કાજોલ) અને અંગ્રેજી ‘ગેમ ઓફ થ્રોન્સ’ની નવી સિઝનનો સમાવેશ થાય છે.
* નેટફ્લિક્સ: ‘સારે જહાં સે અચ્છા’ (જાસૂસી સિરીયલ)
* ‘અંગ્રેજી સિરિયલ ‘વેન્સડે’ની બીજી સિઝન, સના ખાન અને સનાયા ઈરાની અભિનિત ‘ઝિંદાબાદ’ની સાથે જ પાંચમી સપ્ટેમ્બરથી નવી સિરીઝ ‘ઈન્સ્પેક્ટર ઝેન્ડે’ શરૂ થવાની છે.
* એમેઝોન પ્રાઈમ: અહીં પહેલી સપ્ટેમ્બરે નવી સિરીઝ ‘ધ રન અરાઉન્ડ’ શરૂ થવાની છે. એ સિવાય ‘ધ વર્કિંગ મેન’ અને ‘બ્લેક બેગ’ જેવી અંગ્રેજી સિરિયલો તો છે જ. પ્રાજક્તા કોળી, પ્રિયા બાપટ અભિનીત સિરીઝ ‘અંધેરા’ પણ ફરી રજૂ થઈ રહી છે.
* સોની લીવ: સોની લીવ પર ‘શાર્ક ટેન્ક ઈન્ડિયા’ની નવી સિઝન, ‘ધ હન્ટ: ધ રાજીવ ગાંધી એસેસીનેશન કેસ, માયાસામા, કોર્ટ કચહરી’ વગેરે જોઈ શકાશે.■




વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# કચ્છનો વરસાદ: આશા - આગાહી ને અનુભવની લ્હાણી...





વરસાદ કચ્છ માટે ફક્ત ઋતુ નથી, પરંતુ જીવાદોરી છે. અહીંની કવિતાઓ, કહેવતો, આગાહીઓ અને લોકશ્રદ્ધા એ સાબિત કરે છે કે કચ્છની પ્રજા કુદરત સાથે કેટલી ઊંડે સુધી જોડાયેલી છે. આધુનિક વિજ્ઞાન આજે વરસાદની આગાહી માટે સેટેલાઇટનો સહારો લે છે, છતાં લોકવિશ્વાસ અને પરંપરાગત જ્ઞાનની પોતાની આગવી કદર છે. કચ્છના લોકો વર્ષોથી કુદરતનું નિરીક્ષણ કરતા આવ્યા છે. તારાઓ, નક્ષત્રો, પવન, વનસ્પતિ, પક્ષીઓ, આ બધાના વર્તન પરથી ચોમાસાની આગાહી કરવામાં આવે છે. આ આગાહીઓ ફક્ત ધાર્મિક માન્યતાઓ નહીં, પરંતુ પેઢીઓના અનુભવ પર આધારિત જ્ઞાન છે, તો આવો માણીએ દિનેશભાઈ સંઘવીએ જહેમતથી સંકલિત કરેલી માહિતીને.

ભડલીનાં વાકયો આજે પણ ઘણા ખેડૂત અને વડીલ લોકો માટે માર્ગદર્શક છે. ભડલીના વાકયો લોકપ્રિય છે, પણ કચ્છમાં તો ચોમાસાની આગાહી માટે આ વાકયો હજી જીવંત છે.

‘પડવે મૂળને પાંચમ ભરણી, આઠમ કૃતિકા નોમ રોહીણી, દશમ આશ્લેષા સુણ રે સહી.’ પાંચે નક્ષત્રો જ્વાળામુખી કહી. આ નક્ષત્રોની અવસ્થાના આધારે લોકો વરસાદની તીવ્રતા નક્કી કરતા.

‘કૃતિકા કલ્યાણ કરે રોહિણી કરે સુકાળ, જે વર્ષે મૃગશીર્ષ તો, નિશ્ચે પડે દુકાળ.’ એક જ નક્ષત્ર વર્ષને સમૃદ્ધિ આપે તો બીજું સુકાળનું નિશાન ગણાય.

‘સ્વાતિ દિવા જો બળે, વિશાખા છૂટે ગાય, ચાક ચડાવે મેદની, પૃથ્વી પ્રલળે જાય.’ આકાશી પરિસ્થિતિના નિરીક્ષણ પરથી ખેડૂત પોતાના પાકની યોજના બનાવતો.

પ્રકૃતિ પરથી આગાહીઓ કઈક એવી છે કે કચ્છના ગામોમાં વરસાદ આવવાનો અંદાજ વૃક્ષો, પક્ષીઓ અને પ્રાણીઓના વર્તન પરથી લગાવવામાં આવે છે.

ગુગળના છોડ - ગુગળના છોડ ઉનાળામાં સૂકાઈ જાય- ચોમાસામાં મોસમ પહેલાં જયારે આછાં-પાતળાં વાદળાં આકાશમાં દેખા દે તે વખતે ગુગળમાં જો લીલાં ફળ, ઝીણાં પાન અને છોડમાં પાતળી સળીઓ નીકળે તો સમજવાનું કે વરસાદ ઢુકડો આવી ગયો.

કેરડાના ઝાડ - રતીલાલ બેરા, નીલપરના મતે ‘ચોમાસામાં કેરડાનાં ઝાડમાં જયાં સુધી ફૂલ રહે ત્યાં સુધી વરસાદ ન આવે.’ એવી માન્યતા છે.

ચકલી અને કીડીઓ - ચકલીયું ધૂળમાં ન્હાય કે કીડીઓ ઈંડા લઈને બહાર આવે તો વરસાદ નજીક છે એમ માનવામાં આવે છે.

મોર અને પંખીઓ -મોરના ગળાફાડીને નૃત્ય કરતા અવાજ પણ વરસી આવવાની નિશાની છે. આવી માન્યતાઓમાં વૈજ્ઞાનિક તર્ક છુપાયેલો છે, કારણ કે પ્રકૃતિના દરેક પ્રાણી-પક્ષી વાતાવરણના ફેરફારોને માનવ કરતાં વહેલા અનુભવે છે.

કચ્છી સમાજમાં વરસાદને લગતી કહેવતો પણ ખાસ લોકપ્રિય છે.

‘વસે પુખ તો વિઝે ભૂખ પુષ્ય નક્ષત્રમાં વરસાદ પડે તો ભૂખ દૂર થાય.’

‘વસ વસ તું હાથિઆ, કુણબુણ પૂરે સાથીઆ.’ હસ્તિ નક્ષત્રમાં વરસાદ આવે તો સમાજમાં ખુશાલી ફેલાય.

‘જ લગે કામાય, ત નીર ન સમાય’ વાયવ્ય પવન જો ભારે ફુંકે તો અતિ વરસાદ આવે.

‘જેઠી મી અને પુણેઠી જો પુતર.’ જેઠમાં પડેલો વરસાદ પણ એટલો જ વ્હાલો, જેટલો પહેલો પુત્ર. આવા વાક્યો દર્શાવે છે કે વરસાદ ફક્ત કૃષિ માટે જ નહીં, પરંતુ સાંસ્કૃતિક જીવનમાં પણ કચ્છવાસીઓ માટે મહત્ત્વનો છે. કચ્છની લોકવાણીમાં ફક્ત વરસાદ જ નહીં, પણ અતિવૃષ્ટિ અને કુદરતી આફતો વિશે પણ આગાહી જોવા મળે છે.

પિત્તળ, કાંસુ અને લોઢાને કાટ ચડે, લોટાનું પાણી ગરમ થઈ જાય, ચકલીયું ધૂળમાં ન્હાય, કીડીઓ ઈંડા ઉપાડીને જાતી દેખાય, જળચર પક્ષીઓ જળ પર ભમવા લાગે, ગાયો આકાશ તરફ જુએ, ગોરહડાની છાસ ખાટી થઈ જાય, હુરીયો વા-વાય, અને મોરલા ગળાફાડીને ગહેકવા લાગે તો હેલી મંડાય-ધરતી જળબંબાકાર થાય.

ઊલ્કાપાત વિષે નાગજી કુંડલીયો - ઊલ્કાપાત અવનીયે, હસિત પ્રતિમા હોય, ત્રાસત,ભામત ધન ઘણ અર્ક ઊદે તે જોય, અર્ક ઊદે તે જોય, તોયપિ છલકે તપ તરણી, કુંપ ગ્રજે કવિકંપ, અગ્ર ઊડગણ હુંસ ઘરણી, કહે નાગજી વિપ્ર, શ્વાન સ્વર-શિયાળ પ્રભાતા, દવ દિનદિન ઘુડ ઘોષ, અવનીયે ઊલ્કાપાત. એવી માન્યતા હતી.

કચ્છ અને વરસાદનો સંબંધ કેવો છે? કચ્છના લોકો માટે વરસાદનો અર્થ છે; જીવનનો આધાર, કારણકે પાણી વગર અહીં ખેતી અશક્ય છે. સામાજિક ઉત્સવ તરીકે, કારણકે પ્રથમ વરસાદે ગામડાંઓમાં તહેવાર જેવી ખુશી છવાય છે. ધાર્મિક ભાવના તરીકે વરસાદને ઈશ્વરની મહેરબાની ગણવામાં આવે છે. કચ્છની પ્રજાએ પાણી માટે લડત લડતી જીવનશૈલી વિકસાવી છે. ક્યારેક ટાંકા, કૂવા, વીરડા, ડેમ જેવા પરંપરાગત સ્રોતો તો ક્યારેક આજના ટેંકર પાણી અને પાઇપલાઇન સુધીનો સફર આ ધરતીના તરસને દર્શાવે છે. સરસ કવિતા સાથે વિરમીએ,

*કચ્છી વલે વતન જા વીર પાલર પાણી પિયાર્યા*
*વિરીયુ ને વિરા તેમે વારી ગઈ*
*હણે હુન હધતે કોલાય ગોઠ વસાયો*
*પાતારજીપાણી ખણી તેં કેતા છલાયો*
*ખૂવા સેલોરૂ સુક્યુ નેસ પણ નાય રેયો*
*ટેંકર પાણી જી ભરે કુલાય કયા કરાયો*
*વાઇએ મેં વેજ થેઆ કયા પાતાર પાધરો*
*ખેત તરાઇયુ ભરે પાણી આકાશમે ઉડાયો*
*શર ને સન સુકાન ઈ ધ્રો ધરતી મથે કતે*
*ઢંઢ મથે હાણે કલાયતા પખીયે કે પુકારે યો*
*પાણી પાઈપ લેન મે પુજે તો પંજા ગાઉએ*
*અચીંધો આજકાલમે વઠા નળ કે ને યારયો*
*ગધા ગાજી ચે પાણી પામે પણ નાયરેઓ*
*નરમદા જા નીર પીયણ વાટુ નેયરિયો*

આવી રચના કચ્છની પાણી પ્રત્યેની વેદના અને આત્મિયતા વ્યક્ત કરે છે. પાણી મળે તો પ્રકૃતિ જીવંત થાય છે, અને પાણીનો અભાવ હોય તો જીવન જ મરી જાય છે. આ પંક્તિઓ આજે પણ કચ્છના હૃદયમાંથી નીકળેલો સત્ય અવાજ છે. ■

# બિન્નીએ બીસીસીઆઈની ગાદી અચાનક છોડ્યા બાદ હવે શુક્લા ચૂંટણી સુધી કાર્યવાહક પ્રમુખ



મુંબઈઃ ભારતીય ક્રિકેટના વહીવટમાં સર્વોચ્ચ સ્તરે મોટો ફેરફાર થયો છે જેમાં રોજર બિન્નીએ બોર્ડ ઑફ કંટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઈ)નું પ્રમુખપદ અચાનક છોડી દીધું છે અને ઉપ-પ્રમુખ રાજીવ શુક્લા તેમના સ્થાને કાર્યવાહક પ્રમુખ બની ગયા છે.

૧૯૮૩માં ભારતને વન-ડે વર્લ્ડ કપની ઐતિહાસિક ટ્રોફી અપાવનાર કપિલ દેવની ટીમના મહત્ત્વના ખેલાડી રોજર બિન્નીએ ઑક્ટોબર ૨૦૨૨માં સૌરવ ગાંગુલીના સ્થાને બીસીસીઆઈનું પ્રમુખપદ સંભાળ્યું હતું.

૧૯મી જુલાઈએ રોજર બિન્ની ૭૦ વર્ષના થયા અને બીસીસીઆઈના બંધારણ મુજબ કોઈ પણ હોદ્દેદાર ૭૦ વર્ષની ઉંમરે પહોંચે ત્યારે તેઓ બોર્ડમાં કોઈપણ પ્રકારના હોદ્દા પર રહી ન શકે એ નિયમને બિન્ની અનુસર્યા હોવાનું મનાય છે. દરમ્યાન, ટીમ ઇન્ડિયા માટે બીસીસીઆઈ નવા મુખ્ય સ્પોન્સરની શોધમાં પણ છે.

૬૫ વર્ષના રાજીવ શુક્લા ૨૦૨૦ના વર્ષથી બીસીસીઆઈના ઉપ-પ્રમુખપદે છે. અગાઉ તેઓ આઈપીએલની ગવર્નિંગ કાઉન્સિલમાં હતા. તેઓ આગામી વાર્ષિક સભા સુધી ક્રિકેટ બોર્ડનો રોજબરોજનો કારભાર સંભાળશે.

બીસીસીઆઈની ઍન્યુઅલ જનરલ મીટિંગ (એજીએમ) સપ્ટેમ્બરમાં યોજાવાની સંભાવના છે અને એ મીટિંગમાં તમામ રાજ્યોના ક્રિકેટ અસોસિયેશનોના મત જાણ્યા પછી નવા ફુલ-ટાઈમ પ્રમુખ નક્કી કરવામાં આવશે.

અગાઉ પીટીઆઈના એક અહેવાલમાં એવું જણાવવામાં આવ્યું હતું કે બીસીસીઆઈ હવે નવા રાષ્ટ્રીય ખેલકૂદ ખરડા હેઠળ આવી ગયું હોવાથી એના એક નિયમ મુજબ કોઈપણ સ્પોર્ટ્સ ફેડરેશનના હોદ્દેદાર ૭૫ વર્ષની ઉંમર સુધી હોદ્દા પર રહી શકે. જોકે બીસીસીઆઈના વર્તમાન બંધારણમાં હોદ્દા પર રહેવા ૭૦ વર્ષની વયમર્યાદા છે અને કહેવાય છે કે રોજર બિન્નીએ આ નિયમને અનુસરીને હોદ્દો છોડી દીધો છે. બીસીસીઆઈ કેન્દ્ર સરકારના નવા ખરડાનો હજી ઊંડાણપૂર્વક અભ્યાસ કરી રહ્યું છે.

રોજર બિન્નીએ ૧૯૮૩ના વર્લ્ડ કપમાં કુલ ૧૮ વિકેટ લીધી હતી અને એ ટૂર્નામેન્ટના તમામ બોલર્સમાં તેમની ૧૮ વિકેટ હાઈએસ્ટ હતી.

૨૦૦૦ની સાલમાં બિન્નીના કોચિંગમાં ભારતની અન્ડર-૧૯ ટીમ વર્લ્ડ ચૅમ્પિયન બની હતી. ત્યારે મોહમ્મદ કૈફ ટીમનો કેપ્ટન હતો અને એ ટીમમાં યુવરાજ સિંહ પણ હતો. બિન્ની પછીથી સિલેક્ટર પણ બન્યા હતા. ■

# લલિત મોદી અને માઇકલ ક્લાર્ક, શરમ કરોઃ શ્રીસાન્તની પત્ની

## ભુવનેશ્વરીએ કહ્યું, ‘ શ્રીસાન્ત-ભજ્જી ૨૦૦૮ની ઘટના ભૂલી ચૂક્યા છે અને બન્ને જણ પિતા પણ બની ગયા, પરંતુ તમે લોકો જૂની વાત પાછી ઉખાડીને બેઠા છો’

નવી દિલ્હીઃ આર્થિક ગેરરીતિના મામલે બીસીસીઆઇ સાથેના ઘર્ષણને પગલે વર્ષોથી લંડનમાં સ્થાયી થયેલા આઇપીએલના ભૂતપૂર્વ ચૅરમૅન લલિત મોદીએ ૧૮ વર્ષે શ્રીસાન્ત અને હરભજન સિંહ વચ્ચેનો ૨૦૦૮ની સાલનો વિવાદ ફરી ઉખેડયો એટલે શ્રીસાન્તની પત્ની ભુવનેશ્વરી ગુસ્સે થઈ છે અને તેણે લલિત મોદીની તેમ જ તેનો તાજેતરમાં ઇન્ટરવ્યૂ લેનાર ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કૅપ્ટન માઇકલ ક્લાર્કની ખૂબ ટીકા કરી છે.





૨૦૦૮ની આઇપીએલની એક મૅચ બાદ પરાજિત ટીમ મુંબઈ ઇન્ડિયન્સના હરભજન સિંહે મૅચ દરમ્યાન કિંગ્સ ઇલેવન પંજાબના શ્રીસાન્તે તેને કોઈ વાતે ઉશ્કેર્યો હતો એટલે મૅચ પછી મેદાન પર તેને (શ્રીસાન્તને) ઊંધા હાથે લાફો મારી દીધો હતો. એ વિવાદને કારણે આઇપીએલ ટૂર્નામેન્ટ પહેલા વર્ષથી જ ચકચારમય અને લોકપ્રિય થઈ ગઈ હતી. ભજ્જીને એ કરતૂત બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો અને પછીથી ભજ્જીએ શ્રીસાન્તની માફી માગી હતી અને સમય જતાં બન્ને વચ્ચે ફરી દોસ્તી પણ થઈ ગઈ હતી.

તાજેતરમાં માઇકલ ક્લાર્કના ‘ બિયૉન્ડ૨૩ ક્રિકેટ પૉડકાસ્ટ’ પરની મુલાકાતમાં લલિત મોદીએ દાવો કર્યો હતો કે તેની પાસે ૨૦૦૮ના લાફા-પ્રકરણનું એવું વીડિયો ફૂટેજ છે જે અગાઉ ક્યારેય કોઈને નહોતું જોવા મળ્યું.

શ્રીસાન્તની પત્ની ભુવનેશ્વરીએ લલિત મોદીના આ ફૂટેજ વાઇરલ થતાં સોશ્યલ મીડિયા પરની એક પોસ્ટમાં આપેલી પ્રતિક્રિયામાં કહ્યું છે કે ‘ લલિત મોદી અને માઇકલ ક્લાર્ક, તમે બન્ને શરમ કરો. તમારામાં માણસાઈ જેવું કંઈ છે કે નહીં? માત્ર સસ્તી પબ્લિસિટી માટે અને લોકોના મંતવ્યો જાણવા ૧૮ વર્ષ જૂનો કિસ્સો પાછો ઉખેડ્યો છે. શ્રી અને હરભજન, બન્ને જણ એ કિસ્સાને ક્યારનાયે ભૂલી ગયા છે. શ્રી અને હરભજન પિતા બની ગયા છે અને તમે બન્ને જણ (લલિત મોદી અને ક્લાર્ક) તેમના જૂના જખમની ફરી વાત લઈને બેઠા છો. તમે બન્નેએ આ બહુ ખરાબ કર્યું. તમારામાં દિલ જેવું કંઈ છે કે નહીં?’

ભુવનેશ્વરીએ પોસ્ટમાં લલિત મોદી-ક્લાર્ક વિશે એવું પણ લખ્યું છે કે ‘ ૨૦૦૮ના કિસ્સાને ફરી ચગાવવામાં આવ્યો એની અમારા પરિવાર પર માઠી અસર થઈ છે. જીવનના કપરા સંજોગોને વિસરીને શ્રી હવે માનભેર જિંદગી માણી રહ્યા છે. તેની પત્ની અને તેના સંતાનોની માતા તરીકે મને આ ૧૮ વર્ષ જૂની ઘટના કારણ વગર ફરી ચગાવવામાં આવતાં ખૂબ દુઃખ થયું છે. તમે લોકોના પ્રતિભાવ મેળવી શકો એટલે જૂનો કિસ્સો પાછો ઉખેડ્યો અને અમારા પરિવારને આઘાત આપ્યો. તમારા આ અભિગમથી ખેલાડીઓ પર નહીં, પણ તેમના નિર્દોષ બાળકોના માનસ પર અવળી અસર થાય. હવે આ બાળકોએ કારણ વિના લોકોના સવાલના જવાબ આપવા પડશે.’ ■

# રોહિતે ઑસ્ટ્રેલિયાના પ્રવાસ પછી ટેસ્ટ છોડી, હવે કાંગારુંઓ સામેની વન-ડેથી મેદાન પર કમબૅક

## હિટમૅને થકવી નાખતી બ્રૉન્કો ટેસ્ટ આપવી પડશે, સેંકડો મીટર દોડવું પડશે

બેંગલૂરુઃ રોહિત શર્માએ ગયા વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતને ટ્રોફી અપાવ્યા પછી ટી-૨૦ આંતરરાષ્ટ્રીયને તિલાંજલિ આપી હતી અને આ વર્ષની શરૂઆતમાં ઑસ્ટ્રેલિયા ખાતેના નિરાશાજનક ટેસ્ટ-પ્રવાસ પછી ટેસ્ટના ફૉર્મેટને ગુડબાય કરી હતી, પરંતુ તેણે વન-ડે ફૉર્મેટ હજી નથી છોડ્યું અને એના દ્વારા મેદાન પર કમબૅક કરતાં પહેલાં તેણે બ્રૉન્કો ટેસ્ટ આપવી પડશે.

### શું છે આ બ્રૉન્કો ટેસ્ટ?

ક્રિકેટ ટીમ માટેની બ્રૉન્કો ટેસ્ટમાં ખેલાડીઓએ શટલ રનિંગ કરવાનું હોય છે અને એ પણ બ્રેક વિના. ક્રિકેટરે પહેલાં ૨૦ મીટર, ૪૦ મીટર અને પછી ૬૦ મીટર કોઈ પણ પ્રકારના બ્રેક વિના સતત દોડવું પડે છે. એક સેટમાં ત્રણ દોડ હોય છે અને પ્રત્યેક ખેલાડી માટે આવા પાંચ સેટ રાખવામાં આવે છે. ટૂંકમાં, ખેલાડીએ અટક્યા વગર ૧૨૦૦ મીટર દોડવું પડે છે અને પાસ થવા માટે તેણે છ મિનિટની અંદર આ અંતર પૂરું કરવું પડે છે. આ પરીક્ષાથી ખેલાડીના સ્ટેમિના, શારીરિક શક્તિ અને ઝડપ માપવામાં આવે છે.

### અગાઉ યોયો, હવે બ્રૉન્કો

અગાઉ ક્રિકેટરો માટે યોયો ટેસ્ટ રાખવામાં આવતી હતી, પણ હવે બ્રૉન્કો ટેસ્ટ આપવી પડે છે. ભારતની આગામી વન-ડે સિરીઝ ઑસ્ટ્રેલિયા સામે રમાશે અને ત્યારથી રોહિત ફરી મેદાન પર જોવા મળશે. જોકે એ પહેલાં તેણે તેમ જ બીજા ઘણા ખેલાડીઓએ બ્રૉન્કો ટેસ્ટમાં પાસ થવું પડશે.

રોહિત છેલ્લે જૂનમાં ચૅમ્પિયન્સ ટ્રોફીમાં રમ્યો હતો જેમાં તેના સુકાનમાં ભારતે ચૅમ્પિયનપદ મેળવ્યું હતું. ઉલ્લેખનીય છે કે રોહિતની જેમ વિરાટ કોહલી પણ માત્ર વન-ડેમાં રમતો જોવા મળશે. ■



**મહારથીઓનું મિલન**

બેંગલૂરુમાં ગઈ કાલે બીસીસીઆઇના સેન્ટરમાં રોહિત શર્મા અને શુભમન ગિલ. ટેસ્ટમાં રોહિતની નિવૃત્તિ બાદ ગિલે સફળતાથી કૅપ્ટન્સી સંભાળી લીધી છે.

# બેંગલૂરુ નાસભાગ કેસમાં દરેક મૃતકના પરિવારને આરસીબીનું પચીસ લાખ રૂપિયાનું વળતર

બેંગલૂરુઃ બેંગલૂરુ ભાગદોડ કેસમાં રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)એ વળતરની જાહેરાત કરી છે જેમાં જીવ ગુમાવનારાઓના પરિવારજનોને પચીસ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. આરબીસીની ટીમ ત્રીજી જૂને પહેલી વાર આઇપીએલનું ટાઇટલ જીતી ત્યાર બાદ ચોથી જૂને બેંગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર ધક્કામુક્કીની એ ઘટનામાં ૧૧ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

આરસીબી દ્વારા બેંગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હજારો ક્રિકેટ-ફૅન્સ એકત્ર થયા હતા અને નાસભાગ મચી હતી.

આરસીબીએ ‘એક્સ’ પર પોસ્ટમાં લખ્યું હતું કે, ૪ જૂન ૨૦૨૫ના રોજ અમે ખૂબ દુઃખી થયા હતા. અમે એ દિવસે આરસીબી પરિવારના ૧૧ સભ્ય ગુમાવ્યા હતા. તેઓ અમારા પરિવારનો હિસ્સો હતા. તેમને કારણે આપણા શહેર, આપણા સમાજ અને આપણી ટીમને અનોખી ઓળખ મળી શકી. તેમની ગેરહાજરી અમને સૌને સદા વર્તાશે. ગમે એટલા પૈસાથી તેમની ખોટ કદી નહીં પૂરી શકાય, પરંતુ પ્રથમ પગલાં તરીકે અને હૃદયના ઊંડા ભાવ સાથે આરસીબી દરેક મૃતકના પરિવાર માટે પચીસ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરે છે. આ માત્ર આર્થિક મદદ નથી, પરંતુ એકતા અને નિરંતર સાર સંભાળનો વાયદો છે. મૃત્યુ પામેલાઓની સ્મૃતિમાં આ અમે માત્ર એક શરૂઆત કરી છે. અમારું કમિટમેન્ટ લાંબા સમયગાળા માટેનું છે. હવે પછીનું પ્રત્યેક પગલું ચાહકોની અપેક્ષાઓને ધ્યાનમાં લઈને ભરવામાં આવશે.’

બેંગલૂરુ ભાગદોડ કેસ બાદ કર્ણાટક સરકારે કુન્હા આયોગની રચના કરી હતી. તેની બાદ આયોગે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે બેંગલૂરુનું એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ મોટાં આયોજનો માટે અસુરક્ષિત છે. તેની બાદ મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫ની બેંગલૂરુમાં યોજાનારી મેચને બીજે શિફ્ટ કરવામાં આવી છે. હવે આ મેચો નવી મુંબઈના મેદાનમાં યોજવામાં આવશે. ■

# સૅમસનની અફવાઓ વચ્ચે દ્રવિડે રાજસ્થાનની ટીમ છોડી દીધી

## આરઆરના મૅનેજમેન્ટે વ્યાપક સત્તા ઑફર કરી છતાં ભૂતપૂર્વ ક્રિકેટરે ટીમને ગુડબાય કરી

નવી દિલ્હીઃ રાહુલ દ્રવિડે રાજસ્થાન રૉયલ્સ (આરઆર)ના હેડ-કોચ તરીકેનો હોદ્દો છોડી દીધો છે. આ ટીમના ફ્રૅન્ચાઇઝીએ જાહેર કર્યું છે કે દ્રવિડ આઇપીએલની ૨૦૨૬ની સીઝન પહેલાં પોતાની મુદત પૂરી કરશે. સંજુ સૅમસન આ ટીમ છોડી દેવા માગે છે એવી ચર્ચા વચ્ચે હવે દ્રવિડે આ ટીમને ગુડબાય કરી દીધી છે. ૨૦૨૫ની સીઝનમાં ટીમમાં યશસ્વી જયસ્વાલ હોવા છતાં સૅમસનની ઈજાને પગલે રિયાન પરાગને ટીમની કૅપ્ટન્સી સોંપવામાં આવી હતી એ મુદ્દે દ્રવિડ નારાજ હતો કે શું એ મુદ્દો ચર્ચાસ્પદ થયો છે.



રાજસ્થાન રૉયલ્સના ફ્રૅન્ચાઇઝીએ દ્રવિડને વ્યાપક સત્તાની ઑફર કરી હતી, પરંતુ દ્રવિડે એ ઓફર નકારી કાઢી હતી. એક જાણીતા ભારતીય કોચના મતે જ્યારે પણ કોઈ ફ્રૅન્ચાઇઝી એના હેડ-કોચને વ્યાપક સત્તા આપવાની વાત કરે ત્યારે સમજી જવાનું કે એ પ્રમોશન એટલે પનિશમેન્ટ. એનો બીજો અર્થ એ પણ થાય છે કે હેડ-કોચને વધુ સત્તા આપવાની વાત કરીને ફ્રૅન્ચાઇઝીના માલિકો તેમને ટીમના ઘડતરમાં ખાસ કંઈ ભૂમિકા આપવાની તરફેણમાં જ નથી હોતા. દ્રવિડ આરઆરની ટીમ સાથે ફરી જોડાયો એને માત્ર એક સીઝન (૨૦૨૫) થઈ હતી. દ્રવિડ આ ટીમ સાથે સૌથી પહેલાં ૨૦૧૧માં જોડાયો હતો. મેગા ઑક્શનમાં તેને મેળવવામાં આવ્યો ત્યાર બાદ તે ત્રણ વર્ષ સુધી રાજસ્થાન વતી રમ્યો હતો. ૨૦૧૪ અને ૨૦૧૫માં તેણે આ જ ટીમને કોચિંગ આપ્યું હતું. ત્યાર બાદ તે બેંગલૂરુમાં બીસીસીઆઇની ક્રિકેટ ઍકૅડેમીમાં અને પછી ભારતના કોચિંગ સ્ટાફમાં હેડ-કોચ તરીકે જોડાયો હતો.

૨૦૨૫ની સીઝનમાં રાજસ્થાનની ટીમ બીજા રાઉન્ડ સુધી પહોંચવામાં નિષ્ફળ રહી હતી. આ ટીમ ૧૪માંથી ચાર જ મૅચ જીતી હોવાથી નવમા સ્થાને રહી હતી. ૨૦૨૨ની સીઝન બાદ આરઆર ટીમનું આ સૌથી ખરાબ પ્રદર્શન હતું. દ્રવિડે ૨૦૨૫ની સીઝન પહેલાં એક ઈજાને કારણે શરૂઆતની ઘણી મૅચો સુધી વ્હિલચેરમાં જ બેસવું પડ્યું હતું અને મેદાન પર ટીમને કોચિંગ આપવામાં પણ તે વ્હિલચેરમાં બેસીને આવ્યો હતો.

બાવન વર્ષના દ્રવિડના રાજીનામાનો નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે આ ટીમ મોટા ફેરફાર જોઈ રહી છે. ઘણા અહેવાલોમાં જણાવાયું છે કે કૅપ્ટન સંજુ સૅમસન રાજસ્થાનની ટીમ છોડી દેવા માગે છે. કહેવાય છે કે તેને ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)એ સાઇન કરવામાં રસ બતાવ્યો છે.

જોકે આરઆરના ફ્રૅન્ચાઇઝીના ટોચના મૅનેજમેન્ટે કોચિંગ સ્ટાફમાં ફેરફાર કર્યો હોવાથી સૅમસન આરઆર સાથે જ જોડાઈ રહેવાનું પસંદ કરશે કે કેમ એ જોવું રહ્યું. ■

# બ્રેડમૅનની બૅગી ગ્રીન કૅપ ૨.૫૩ કરોડ રૂપિયામાં ખરીદાઈ

સિડનીઃ ઑસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટર સર ડૉન બ્રેડમૅને ૧૯૪૬-’૪૭માં ઇંગ્લૅન્ડ સામેની ઍશિઝ ટેસ્ટ સિરીઝમાં જે બૅગી ગ્રીન કૅપ પહેરી હતી એ નૅશનલ મ્યૂઝિયમ ઑફ ઑસ્ટ્રેલિયાએ ૪,૩૮,૫૦૦ ઑસ્ટ્રેલિયન ડૉલર (અંદાજે ૨.૫૩ કરોડ રૂપિયા)માં ખરીદી છે. બીજા વિશ્વયુદ્ધ બાદ રમાયેલી આ પહેલી જ ઍશિઝ શ્રેણી હતી જેમાં બ્રેડમૅન આ કૅપ પહેરીને રમ્યા હતા. ઑસ્ટ્રેલિયા પાંચ મૅચની એ સિરીઝ ૩-૦થી જીતી ગયું હતું. ■






**બેંગલૂરુ થયું ક્રિકેટરમય**

બેંગલૂરુમાં બીસીસીઆઇના સેન્ટર ઑફ એક્સેલન્સમાં દુલીપ ટ્રોફીની ઈસ્ટ ઝોન તથા નોર્થ ઝોન વચ્ચેની મૅચ વખતે પેસ બોલર્સ અર્શદીપ સિંહ, હર્ષિત રાણા તથા મોહમ્મદ સિરાજ (એકદમ ડાબે). બેંગલૂરુના આ જ સ્થળે શુભમન ગિલ (વચ્ચે) તેમ જ મહિલા ટીમની મુખ્ય ફાસ્ટ બોલર રેણુકા સિંહ ઠાકુર (ડાબે) પણ હાજર હતાં. તેઓ પ્રૅક્ટિસ, તાલીમ તેમ જ ફિટનેસ ટેસ્ટને લગતા કાર્યો માટે બેંગલૂરુ આવ્યાં હતાં. (પીટીઆઇ)

# દુલીપ ટ્રોફીઃ સેન્ટ્રલ ઝોન ૬૭૮ રનથી, નોર્થ ઝોન ૫૬૩ રનથી આગળ

બેંગલૂરુઃ સેન્ટ્રલ ઝોને ચાર દિવસીય દુલીપ ટ્રોફી ક્વૉર્ટર ફાઇનલમાં પ્રથમ દાવમાં ડેનિશ માલેવારના ૨૦૩ રન (રિટાયર્ડ આઉટ) તથા કૅપ્ટન રજત પાટીદારના ૧૨૫ રનની મદદથી ૫૩૨/૪નો સ્કોર નોંધાવ્યો ત્યાર બાદ નોર્થ ઈસ્ટ ઝોનની ટીમ ફક્ત ૧૮૫ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી અને ગઈ કાલે ત્રીજા દિવસે બીજા દાવમાં સેન્ટ્રલની ટીમે શુભમ શર્માના ૧૨૨ રન, યશ રાઠોડના ૭૮ રન અને પાટીદારના ૬૬ રનની મદદથી બીજો દાવ (૩૩૧/૭) પણ ડિક્લેર કરીને મૅચમાં કુલ ૬૭૮ રનની સરસાઈ લીધી હતી અને નોર્થ ઈસ્ટ ઝોનને ૬૭૯ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો. બીજી ક્વૉર્ટરમાં નોર્થ ઝોનના ૪૦૫ રનના જવાબમાં ઈસ્ટ ઝોને ૨૩૦ રન કર્યા હોવાથી નોર્થ ઝોનને ૧૭૫ રનની સરસાઈ મળી હતી. બીજા દાવમાં નોર્થ ઝોને બે વિકેટે ૩૮૮ રન કર્યા જેમાં કૅપ્ટન અંકિત કુમારના અણનમ ૧૬૮ રન અને યશ ધુલના ૧૩૩ રન સામેલ હતા. આયુષ બદોની ૫૬ રને રમી રહ્યો હતો. સરસાઈ સહિત નોર્થ ઝોનની ટીમ કુલ ૫૬૩ રનથી આગળ છે. ■

# નીરજ ફરી વર્લ્ડ ચૅમ્પિયન બનવા મક્કમ




નવી દિલ્હીઃ નીરજ ચોપડા ગુરુવારે રાત્રે ભાલાફેંકની ડાયમંડ લીગ ફાઇનલમાં ૮૫.૦૧ મીટરના અંતર બદલ બીજા નંબરે આવ્યો ત્યાર બાદ તેણે પત્રકારોને કહ્યું હતું કે તે ધાર્યા જેવું પર્ફોર્મ ન કરી શક્યો, પરંતુ હવે આ વર્ષમાં યોજાનારી વર્લ્ડ ચૅમ્પિયનશિપમાં તે ૯૦.૦૦ મીટરનું અંતર પાર કરવાની સાથે ફરી વિશ્વ વિજેતા બનવા મક્કમ છે. ડાયમંડ લીગમાં જુલિયન વેબર ૯૧.૩૭ મીટર દૂર ભાલો ફેંકીને પ્રથમ સ્થાને રહ્યો હતો. ■

# ભારત-પાકિસ્તાન મૅચ વિશે યુએઇના ક્રિકેટ બોર્ડનું ચોંકાવનારું નિવેદન, ‘૧૦૦ ટકા ગૅરન્ટી તો કોઈ ન આપી શકે’

દુબઈઃ કાશ્મીરના પહલગામમાં હિન્દુ સહેલાણીઓ પરના આતંકવાદીઓના જીવલેણ હુમલા પછી ભારતે ટૂંકા યુદ્ધમાં પાકિસ્તાનને કચડી નાખ્યું ત્યાર બાદ હવે બન્ને દેશ વચ્ચે ક્રિકેટના રણમેદાન પર જંગ થવાની તૈયારીઓ થઈ રહી છે ત્યારે આયોજક યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઇ)ના ક્રિકેટ બોર્ડનું એક નિવેદન સૌને વિચારતા કરી મૂકનારું છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૪મી સપ્ટેમ્બરે ટી-૨૦ એશિયા કપની લીગ મૅચ તો રમાવાની જ છે, સુપર-ફોર રાઉન્ડમાં બન્ને દેશ વચ્ચે ૨૧મી સપ્ટેમ્બરે મુકાબલો થઈ શકે એમ છે. ત્યાર બાદ બન્ને ટીમ ફાઇનલમાં પહોંચશે તો ૨૮મી સપ્ટેમ્બરે તેઓ ફરી સામસામે આવશે. આમ, એક જ ટૂર્નામેન્ટમાં ત્રણ-ત્રણ હાઈ-વૉલ્ટેજ મુકાબલા થઈ શકે એમ છે. ભારત એશિયા કપનું ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે અને મુખ્ય યજમાન પણ છે. જોકે ભારત-પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ વચ્ચેની સમજૂતી મુજબ આ સ્પર્ધા યુએઇના તટસ્થ સ્થળે રાખવામાં આવી છે.

યુએઇ ક્રિકેટ બોર્ડના મુખ્ય સંચાલન અધિકારી સુભાન અહમદે કહ્યું છે કે ‘ટૂર્નામેન્ટની તૈયારી પૂરજોશમાં થઈ રહી છે. એશિયા કપ માટે દરેક ક્રિકેટ બોર્ડે પોતપોતાની સરકારની મંજૂરી મેળવી લીધી છે. એમ છતાં કોઈ ૧૦૦ ટકા ગૅરન્ટી ન આપી શકે. અમને આશા છે કે ભારતીય ટીમ આ ટૂર્નામેન્ટમાં પાકિસ્તાન સામે રમશે જ. આ મુકાબલાનો બહિષ્કાર કરાશે એવી કોઈ જ ધમકી અમને નથી મળી. ફૅન્સ હંમેશાં ક્રિકેટ અને રાજકારણને અલગ રાખવામાં માને છે. આ વખતે પણ અમને આવી જ અપેક્ષા છે.’

સુભાન અહમદે ક્રિકેટપ્રેમીઓને મૅચોની ટિકિટો ઑનલાઇન મેળવતી વખતે કોઈ છેતરપિંડીનો શિકાર ન થઈ જવાય એની ખાસ તકેદારી રાખવાની સલાહ આપી છે. તેમણે સત્તાવાર વેબસાઇટ પરથી જ ટિકિટો ખરીદવા કહ્યું છે. તેમણે જણાવ્યું છે, ‘આવનારા દિવસોમાં યોગ્ય કિંમતે ટિકિટોનું વેચાણ શરૂ થઈ જશે. હજી ટિકિટોનું સત્તાવાર વેચાણ શરૂ નથી થયું એટલે જે પણ લોકો ટિકિટોના વેચાણનો દાવો કરી રહ્યા છે તેઓ બનાવટી છે.’ ■

**અનામતની આગ**

આંદોલનને વધુ એક દિવસની પરવાનગી

# દક્ષિણ મુંબઈ બીજે દિવસે પણ બાનમાં

- કાર્યકરોએ રસ્તા પર બેસી વાહનવ્યવહાર જૅમ કર્યો
- જે. જે. ફ્લાયઓવર બંધ થતાં વાહનધારકો કલાકો સુધી રઝળી પડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મરાઠા આરક્ષણના આંદોલને બીજે દિવસે પણ વાહનવ્યવહાર ઠપ કરીને દક્ષિણ મુંબઈને જાણે બાનમાં લીધું હતું. ઐતિહાસિક છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ બહાર આંદોલનકારીઓ રસ્તા પર બેસી જતાં આસપાસના પરિસરમાં ટ્રાફિક જૅમ થઈ ગયો હતો. દક્ષિણ મુંબઈને જોડતા મહત્ત્વના જે. જે. ફ્લાયઓવરને પણ બંધ કરવામાં આવતાં વાહનધારકો કલાકો સુધી ટ્રાફિકમાં રઝળી પડ્યા હતા. પોલીસની સમજાવટ છતાં પરિસ્થિતિમાં ઝાઝો ફેર પડ્યો નહોતો. આવી જ પરિસ્થિતિ રવિવારે પણ રહેવાની શક્યતા છે. આંદોલન માટે એક દિવસની પરવાનગી વધારવામાં આવતાં રવિવારે મોટી સંખ્યામાં કાર્યકરો ભેગા થઈ શકે છે. મરાઠા અનામત આંદોલનના નેતા મનોજ જરાંગેએ શુક્રવારથી દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં અચોક્કસ (જુઓ પાનું ૪) ▶▶

**આજે પણ આવો જ રહેશે માહોલ**

## પોલીસની રજા રદ

ગણેશોત્સવમાં વીઆઈપી મૂવમેન્ટ, વરસાદ અને તેમાં મરાઠા અનામતના આંદોલનને પગલે સુરક્ષાવ્યવસ્થાનાં કારણોસર મુંબઈ પોલીસની રજા રદ કરી દેવામાં આવી હતી. આઝાદ મેદાનમાં આંદોલનને પગલે ૨૦૦૦થી વધુ પોલીસ અધિકારી-કર્મચારીને સુરક્ષા માટે ગોઠવી દેવામાં આવ્યા છે. ઉપરાંત, ગણેશોત્સવમાં ઠેકઠેકાણે બંદોબસ્ત માટે પોલીસની હાજરી જરૂરી છે. તેમાંય વીઆઈપીઓની અવરજવરને ધ્યાનમાં રાખી વધારાના પોલીસ દળને તૈયાર રાખવામાં આવ્યું છે. શનિવારે કેન્દ્રીય ગૃહ પ્રધાન મુંબઈમાં આવ્યા હોવાથી પોલીસને માથે સુરક્ષાની જવાબદારી ઓર વધી ગઈ હતી. એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ દરેક મુદ્દાને ધ્યાનમાં લઈ પોલીસ કર્મચારીની રજા રદ કરી દેવામાં આવી છે. રજા પર ગયેલા કર્મચારીઓને ફરી ડ્યૂટી પર જોડાવાની સૂચના આપવામાં આવી છે. (પીટીઆઈ)■

મરાઠાઓની અમુક માગણી સ્વીકારાઈ, છતાં...

# ‘કુણબી’ જાહેર કરો, નહીં તો...:

## જરાંગેની સરકારને ખુલ્લી ચેતવણી

મુંબઈઃ મરાઠા અનામતના મુદ્દે ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ સમિતિના અધ્યક્ષ સંદીપ શિંદે શનિવારે (૩૦ ઓગસ્ટ) આઝાદ મેદાનમાં મનોજ જરાંગે પાટીલને મળ્યા હતા. વાર્તાલાપમાં જરાંગેએ સાતારા અને હૈદરાબાદ ગેઝેટિયર્સના રેકોર્ડ મુજબ સર્ટિફિકેટ આપવાની માગ કરી હતી. શિંદે સમિતિ પાસે છ મહિનાનો સમય માગવામાં આવ્યો છે. જોકે મરાઠા સમાજને ‘કુણબી’ જાહેર કર્યા વગર તેઓ અહીંથી ઊભા નહીં થાય તેમ મનોજ જરાંગેએ જણાવ્યું હતું. પ્રધાનમંડળે હૈદરાબાદ ગેઝેટને સૈદ્ધાંતિક મંજૂરી આપી હોવાનું શિંદે સમિતિએ જણાવ્યું હતું.

(તમામ તસવીરોઃ અમય ખરાડે)



સુરક્ષા જવાનોને તહેનાત કરાયા



જે.જે. ફ્લાયઓવર નજીકનો ટ્રાફિક

### ઈસ્ટર્ન ફ્રીવે પર પણ ટ્રાફિક જૅમ

‘એક મરાઠા લાખ મરાઠા’ જેવા સૂત્રોચ્ચાર કરી મરાઠા આંદોલનકારીઓ આઝાદ મેદાનની બહાર રસ્તા પર ઉતરી આવતા આ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી. એની આડ અસર ઇસ્ટર્ન ફ્રીવે પરના ટ્રાફિકને પણ અસર થઈ હતી. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ તરફ આવી રહેલા વાહનો આ માર્ગ પર અટવાઈ જતા વાહનોની લાંબી લાઈન લાગી હતી.

થાણે અને પનવેલથી મુંબઈ ઝડપથી પહોંચવા માટે ઈસ્ટર્ન ફ્રીવે સૌથી અનુકૂળ રસ્તો હોવાથી આ માર્ગ પર દરરોજ મોટી સંખ્યામાં વાહનો મુંબઈ આવે છે. જોકે મુંબઈમાં મરાઠા આંદોલનને કારણે ઈસ્ટર્ન ફ્રીવે પર સતત બે દિવસથી વાહન વ્યવહાર માટે મુશ્કેલી ઊભી થઈ છે. આંદોલનકારીઓએ શનિવારે મુંબઈ મહાનગરપાલિકાના પરિસરમાં ધરણાં કર્યા ત્યારે આ વિસ્તાર તરફ જતા વિવિધ માર્ગો પર આંદોલનકારીઓએ વાહનો પાર્ક કર્યા હતા. વળી, લાખો મરાઠા પ્રદર્શનકારીઓએ રસ્તાઓ પર ટ્રાફિકની સમસ્યા પેદા કરી છે. ■

### લોકલ ટ્રેનો ખીચોખીચ

શનિવારે લોકલ ટ્રેનોમાં ખૂબ ઓછી ભીડ હોય છે. જોકે મરાઠા આંદોલનકારીઓના વાહનોને કારણે મુંબઈ બહારના વિસ્તારમાં ટ્રાફિક જામ થતા ઘણા દેખાવકારોએ લોકલ ટ્રેનમાં પ્રવાસ કરી આઝાદ મેદાન પહોંચવાનો નિર્ણય લીધો હતો. પરિણામે થાણે, કલ્યાણ, વાશી, પનવેલથી આવતી લોકલ ટ્રેનો બપોરે ૧૨ વાગ્યાની આસપાસ મુસાફરોથી ખીચોખીચ ભરેલી જોવા મળી હતી.

શનિવારે મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓએ ‘એક મરાઠા લાખ મરાઠા’ના નારા લગાવીને મુંબઈમાં ઠલવાઇ રહ્યા હતા. પરિણામે મુંબઈમાં ભારે ટ્રાફિક જામ થતા પ્રદર્શનકારીઓના અનેક વાહનો અટવાઈ ગયા હતા. આથી દેખાવકારોએ રોડની બાજુમાં પોતાની કાર પાર્ક કરી રેલવે દ્વારા સીધા જ આઝાદ મેદાન પહોંચવાનું પસંદ કર્યું હતું. અનેક લોકોએ કલ્યાણ, થાણે, વાશી અને પનવેલથી ટ્રેન પકડી હતી. લોકલ ટ્રેનોમાં મરાઠાઓએ ગર્દી કરતા શનિવાર હોવા છતાં સેન્ટ્રલ અને હાર્બર લાઇનની ટ્રેનોમાં ભીડ જામી હતી. પરિણામે કામધંધે જતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ■



લોકલના ફર્સ્ટ ક્લાસમાં પણ કબજો કર્યો

### મનોજ જરાંગેને મળ્યા પછી શિંદે સમિતિના અધ્યક્ષે શું કહ્યું?

અમુક અંશે સમાધાન થયું છે. હવે પ્રધાન મંડળ સાથે ચર્ચા બાદ આગળની વાટાઘાટ થશે. હું હવે પેટાસમિતિનો સંપર્ક કરીશ. કેટલીક બાબતોને સૈદ્ધાંતિક રીતે મંજૂરી આપવામાં આવી છે. એ અંગે જરાંગે કેટલાક મંતવ્ય ધરાવે છે, જેની જાણ પ્રધાનમંડળને કરવામાં આવશે. ત્યારબાદ અંતિમ નિર્ણય પ્રધાન મંડળ લેશે. હૈદરાબાદ ગેઝેટને સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે. મડાગાંઠ ઉકેલવા અંગે નિર્ણય પ્રધાન મંડળ લેશે. અમે કોઈ નિર્ણય ન લઈ શકીએ.■

### જરાંગેએ જીઆરની માગણી કરી

શિંદે સમિતિએ ૧૩ મહિના સુધી અભ્યાસ કર્યો. હવે મરાઠવાડાના મરાઠા કુણબી જ છે એવી સ્પષ્ટતા કરતો અહેવાલ રજૂ કરો. ૫૮ લાખ રજીસ્ટ્રેશન કુણબી અને મરાઠા સમાન હોવાના પુરાવા છે. આ સંદર્ભે મનોજ જરાંગેએ મરાઠાઓ અને કુણબીઓ સમાન છે એવો સરકારી ઠરાવ (જીઆર) બહાર પાડવાની માગણી કરી છે. જો મરાઠાઓ કુણબી નથી, તો ઓબીસીમાં તેમનો સીધો પ્રવેશ કઈ રીતે થાય છે? એવો સવાલ મનોજ જરાંગેએ કર્યો છે. તેમનું કહેવું છે કે અડધા મરાઠાઓ કુણબી અને અડધા મરાઠાઓ મરાઠા કેવી રીતે હોઈ શકે? અડધું પશ્ચિમ મહારાષ્ટ્ર, અડધું મરાઠવાડા કુણબી છે. કોંકણના મરાઠા અને ઊંચાઈ પરના વિસ્તરણ રહેવાસીઓ મરાઠા છે જ્યારે ખાનદેશ અને વિદર્ભના મરાઠાઓ કુણબી છે.■

### હૈદરાબાદ ગેઝેટ શું છે?

હૈદરાબાદ ગેઝેટ એ એક આદેશ/ગેઝેટ છે, જે ૧૯૧૮માં તત્કાલીન હૈદરાબાદ નિઝામશાહી સરકાર દ્વારા જારી કરવામાં આવ્યો હતો. તે સમયે હૈદરાબાદ રાજ્યમાં મરાઠા સમુદાયની બહુમતી હતી અને સત્તા તેમજ નોકરીમાં તેમની અવગણના કરવામાં આવી હોવાના અહેવાલ હતા. એટલે નિઝામ સરકારે એક આદેશ બહાર પાડીને મરાઠા સમુદાયને હિન્દુ મરાઠાના નામે શિક્ષણ અને નોકરીઓમાં અનામત (અમુક અંશે અનામત બેઠકો) આપી હતી. ૧૯૧૮માં હૈદરાબાદ નિઝામશાહી દ્વારા જારી કરાયેલા આદેશમાં મરાઠા સમાજને શિક્ષણ અને નોકરીમાં અનામત આપવામાં આવી હતી. આજે પણ મરાઠા સમાજની અનામત માટેની લડાઈમાં આ વાતને ઐતિહાસિક પુરાવા તરીકે ટાંકવામાં આવે છે. ■



શહેરમાં ઠેકઠેકાણે ગંદકી

## કાયદો અને બંધારણને અનુસરી મરાઠા અનામતનો ઉકેલઃ ફડણવીસ

સરકાર મરાઠા અનામતના આંદોલનકારી મનોજ જરાંગેની માગણીઓને કાનૂની અને બંધારણીય માળખામાં ઉકેલવા માટે કામ કરી રહી હોવાનું મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે જણાવ્યું હતું.

અનામતની માંગણી સાથે જરાંગેએ શરૂ કરેલા ઉપવાસના બીજા દિવસે ફડણવીસે સ્પષ્ટતા કરી હતી કે ગયા વર્ષે મરાઠા સમુદાયને આપવામાં આવેલી ૧૦ ટકા અનામત (સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોની શ્રેણી હેઠળ) હજુ પણ અમલમાં છે.

મરાઠા સમુદાયને શિક્ષણ અને રોજગારી પૂરી પાડવા માટે સૌથી વધુ નિર્ણયો ૨૦૧૪ અને ૨૦૨૫ ની વચ્ચે લેવામાં આવ્યા હતા (આ સમયગાળા દરમિયાન ભાજપના નેતૃત્વવાળી સરકાર મોટાભાગનો સમય સત્તામાં રહી છે) એમ ફડણવીસે ઉમેર્યું હતું. (પીટીઆઈ)■

## આંદોલનકારીઓ કાદવ-કીચડમાં

વરસાદને કારણે શનિવારે સતત બીજા દિવસે પણ આઝાદ મેદાનમાં કાદવ-કીચડ જમા થવાથી આંદોલનકારીઓને ભારે હેરાનગતી થઈ રહી હોવાનો આરોપ કરવામાં આવ્યો હતો, જોકે આઝાદ મેદાનમાંથી કાદવ હટાવીને ખડી નાખવામાં આવી હોવાનો દાવો પાલિકા પ્રશાસને કર્યો હતો.

શુક્રવાર ભારે વરસાદ રહ્યા બાદ શનિવારે વરસાદનું જોર થોડું હળવું થયું. છતાં સતત પડી રહેલા વરસાદના ઝાપટાંને કારણે આઝાદ મેદાન સહિતના પરિસરમાં મોટા પ્રમાણમાં પાણી ભરાઈ જવાની સાથે જ કાદવ-કીચડ થઈ ગયા હતા. તેથી પાલિકા પ્રશાસને આઝાદ મેદાન પર થયેલા કીચડને સાફ કરીને પ્રવેશદ્વાર પાસે બે ટ્રક ખડી નાખીને માર્ગ સમથળ કર્યો હતો. તેમ જ આંદોલન સ્થળ સહિતના પરિસરની સતત સફાઈ કર્મચારીઓ દ્વારા સફાઈ કરવામાં આવી રહી હોવાનો તેમ જ ખાસ તેની માટે સફાઈ કર્મચારી તહેનાત કરવામાં આવ્યો હોવાનો દાવો પાલિકાએ કર્યો હતો.

આઝાદ મેદાનમાં વરસાદને કારણે ચારેતરફ કીચડ થઈ જવાને કારણે આંદોલનકારીઓને મેદાનમાં બેસવા માટે જગ્યા નહોતી. તેથી આંદોલકારીઓ (જુઓ પાનું ૪) ▶▶



રસ્તાઓને બનાવ્યા પોતાના ઘર

## થાણે આર્થિક ગુના શાખાની મહિલા કોન્સ્ટેબલનો આપઘાત

થાણેઃ થાણે પોલીસની આર્થિક ગુના શાખામાં ફરજ બજાવતી મહિલા કોન્સ્ટેબલે બદલાપુરના હાઉસિંગ કોમ્પ્લેક્સના ત્રીજા માળેથી કથિત કૂદકો મારી આત્મહત્યા કરી હતી. બદલાપુર પશ્ચિમ પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર કિશોર શિંદેએ જણાવ્યું હતું કે ઘટના શુક્રવારની રાતે ૮.૩૦ વાગ્યે બદલાપુરમાં બની હતી. ત્રીજા માળેથી કૂદેલી ૩૬ વર્ષની કોન્સ્ટેબલ ગંભીર રીતે ઘવાઈ હતી. સારવાર માટે તેને નજીક હૉસ્પિટલમાં લઈ જવાઈ હતી, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. પોલીસને ઘટનાસ્થળેથી સુસાઈડ નોટ મળી નહોતી. પોલીસ પોસ્ટમોર્ટમના અહેવાલની રાહ જોઈ રહી છે. આ પ્રકરણે એડીઆર નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. કોન્સ્ટેબલ બદલાપુરમાં લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી હતી, એવું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

## તમિળનાડુનું ઉદાહરણ આપી શરદ પવારે અનામતનો ઉકેલ સૂચવ્યો

મુંબઈઃ મનોજ જરાંગે પાટિલના નેતૃત્વમાં મરાઠા બંધુઓએ ફરી એકવાર મુંબઈમાં મરાઠા સમુદાય માટે અનામતની માંગ માટે વિરોધ પ્રદર્શન શરૂ કર્યું છે. મુંબઈના આઝાદ મેદાનમાં વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે અને શનિવાર (૩૦ ઓગસ્ટ) વિરોધનો બીજો દિવસ હતો. આ માટે લાખો મરાઠા પ્રદર્શનકારીઓ મુંબઈ પહોંચી ગયા છે. મનોજ જરાંગે પાટીલ ભૂખ હડતાળ પર બેઠા છે. તેઓ ઓબીસીના ક્વોટામાંથી મરાઠા સમાજને અનામત આપવાની માગ કરી રહ્યા છે.

આ સંદર્ભે શરદ પવારે અહલ્યા નગરમાં એક કાર્યક્રમમાં બોલતા મરાઠા અનામત પર મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તમિળનાડુમાં અનામત વધારી શકાતી હોય તો મહારાષ્ટ્રમાં કેમ નહીં એવો સવાલ કરી શરદ પવારે દલીલ કરી છે કે જો બંધારણમાં સુધારો કરવામાં આવે તો મરાઠા અનામતનો મુદ્દો હલ થઈ શકે છે. શરદ પવારે જણાવ્યું છે કે જો અનામતના આવા મુદ્દાઓનો ઉકેલ લાવવા રાષ્ટ્રીય સ્તરે નિર્ણયો લેવા જોઈએ. કેન્દ્ર સરકારે નિર્ણય લેવો પડશે. જો તમિળનાડુમાં ૭૨ ટકા અનામત કરી શકાય તો સમયાંતરે બંધારણમાં સુધારો કરીને આ અનામત વિવાદનો ઉકેલ લાવવા માટે સંસદમાં નિર્ણય લેવો જોઈએ. આ કેવળ મહારાષ્ટ્રનો પ્રશ્ન નથી. દરેક રાજ્યના નાના ઘટકો હોય છે. ખેડૂતો છે. બંધારણમાં સુધારો કરવાનું વલણ અપનાવવાથી અનામતનો મુદ્દો હલ થઈ શકે છે. ■

## પાણી બંધ કરવાનો આરોપ, પણ પૂરતી સુવિધા ઉપલબ્ધ કરાવવાનો પાલિકાનો દાવો

મરાઠા આરક્ષણ માટે મુંબઈ દાખલ થયેલા આંદોલનકારીઓ માટે આવશ્યક સુવિધા પૂરી પાડવામાં આવતી ન હોવાનો મનોજ જરાંગે સહિત મરાઠા આંદોલનકારોએ આરોપ કર્યો હતો. આંદોલનકારીઓને ખાવા-પીવાનું બંધ કરવામાં આવ્યું હોવાના આરોપને મુંબઈ મહાનગરપાલિકાએ ફગાવી દીધો હતો અને છેલ્લાં બે દિવસથી આંદોલનકારીઓ માટે ફરતું શૌચાલયથી લઈને પીવાના પાણી સહિત વૈદ્યકીય સુવિધા પૂરી પાડવામાં આવી રહી હોવાનો દાવો પાલિકા પ્રશાસને કર્યો હતો.

મનોજ જરાંગેના નેતૃત્વોમાં આઝાદ મેદાનમાં મરાઠા આંદોલન શરૂ છે. શુક્રવારે ચાલુ થયેલા આંદોલનને કારમએ દક્ષિણ મુંબઈમાં મુંબઈગરાને ભારે હાલાકી થઈ હતી. તો હજારોની સંખ્યામાં મુંબઈમાં દાખલ થયેલા આંદોલનકારીઓને પણ ભારે મુશ્કેલી થઈ રહી છે, તેને ખાવા-પીવાની તકલીફ થઈ રહી હોવાનો આરોપ મરાઠા આંદોલનકારીઓ કરી રહ્યા છે. જોકે પાલિકાએ મફત શૌચાલય, વૈદ્યકીય સુવિધા તથા પીવાના પાણી સહિતની તમામ સુવિધા ઉપલબ્ધ કરાવી રહી હોવાનો દાવો કર્યો હતો.

આંદોલનકારીઓને કારણે પાલિકાએ આઝાદ મેદાનની આજુબાજુની ખાવા-પીવાની દુકાન બંધ કરાવી દીધી હોવાનો આરોપ આંદોલનકારીઓ કરી રહ્યા છે પણ પાલિકાએ આઝાદ મેદાન અને પરિસરમાં કોઈ પણ ખાવા-પીવાના સ્ટોલ અથવા હોટલો બંધ કરાવી નથી અને પીવાના પાણીની પૂરતી સગવડ કરી હોવાની સ્પષ્ટતા કરી હતી.

આઝાદ મેદાનમાં પૂરતો પ્રકાશ મળી

## ગણેશ ભક્તોની સુવિધા માટે આજનો મધ્ય રેલવેનો બ્લોક રદ

મુંબઈઃ મધ્ય રેલવેના મુંબઈ ડિવિઝનના રેલવે ટ્રેક, સિગ્નલિંગ સિસ્ટમ અને ઓવરહેડ વાયરની જાળવણી અને મરામત માટે વરિષ્ઠ અધિકારીઓએ રવિવારે મધ્ય રેલવે પર બ્લોકનું આયોજન કર્યું હતું. જોકે રવિવારે ભગવાન ગણેશના દર્શન કરવા જતા ભક્તોને આ બ્લોકને કારણે પરેશાની થશે એવા પ્રગટ થયેલા અહેવાલ પછી રવિવારનો બ્લોક રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી ગણેશ ભક્તોએ ઘણી નિરાંત અનુભવી છે.

રવિવારની રજા હોવાથી લાખોની સંખ્યામાં ગણેશભક્તો ગણપતિ દર્શન માટે મુંબઈ આવે છે. જોકે, મધ્ય રેલવેના વરિષ્ઠ અધિકારીઓએ રવિવારે સીએસએમટી- (જુઓ પાનું ૪) ▶▶

### ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને રેટ કટના આશાવાદમાં વૈશ્વિક સોનામાં માસિક ધોરણે ૪.૭ ટકાનો સૌથી મોટો ઉછાળો

# સ્થાનિકમાં ભાવ વિક્રમ સપાટીએ છતાં એકતરફી તેજીના વલણમાં જ્વેલરી ઉત્પાદકોની તહેવારોની અપેક્ષિત માગ પેટે ખરીદી

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

ગત સપ્તાહ દરમિયાન વૈશ્વિક વિનિમય બજારમાં ખાસ કરીને અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૧૬-સપ્ટેમ્બરની બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતાઓ પ્રબળ બનવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં પણ નરમાઈનું વલણ રહેતાં વિશ્વ બજારમાં સોનાના ભાવમાં માસિક ધોરણે ગત એપ્રિલ પછીનો સૌથી મોટો ૪.૭ ટકાનો ઉછાળો નોંધાયો હતો. આમ વૈશ્વિક બજારનાં પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત ગત ૨૭મી ઑગસ્ટથી અમેરિકાએ ભારતથી થતી આયાત સામે ૨૫ ટકાની અતિરિક્ત ટૅરિફ સાથે કુલ ૫૦ ટકા ટૅરિફ અમલી કરી હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સપ્તાહ દરમિયાન ૫૭ પૈસાનું ધોવાણ થઈ જવાથી સ્થાનિકમાં પણ સોનાના ભાવમાં આગઝરતી તેજી જોવા મળી હતી અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૩૦ અથવા તો ૩.૦૪ ટકા વધીને નવી ઐતિહાસિક ઊંચી સપાટીએ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે ૨૭મી ઑગસ્ટના રોજ બજાર ગણેશચતુર્થી નિમિત્તે સત્તાવાર ધોરણે બંધ રહી હતી.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સપ્તાહના આરંભે વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૨મી ઑગસ્ટના ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૯,૩૫૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૧,૦૦,૩૪૫ના મથાળે ખૂલ્યા બાદ નીચામાં ખૂલતી જ રૂ. ૧,૦૦,૩૪૫ની સપાટીએ રહ્યા બાદ અંતે સપ્તાહની ઊંચી રૂ. ૧,૦૨,૩૮૮ની સપાટીએ બંધ રહ્યા હતા. એકંદરે સપ્તાહ દરમિયાન રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી. તેમ છતાં આગામી ઑક્ટોબર મહિનામાં દેશમાં નવરાત્રી, દશેરા, ધનતેરસ અને દિવાળી જેવાં તહેવારોની મોસમ શરૂ થઈ રહી હોવાથી અપેક્ષિત માગને ધ્યાનમાં લેતા જ્વેલરી ઉત્પાદકોની સોનામાં લેવાલી નીકળી હોવાના અહેવાલ હતા. ચેન્નાઈ સ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું કે આગલા સપ્તાહે ભાવઘટાડાના આશાવાદ હેઠળ જ્વેલરી ઉત્પાદકો નવી ખરીદીથી દૂર રહ્યા હતા, પરંતુ ગત સપ્તાહે પણ ભાવમાં આગેકૂચ જળવાઈ રહી હોવાથી જ્વેલરી ઉત્પાદકોની માગનો સંચાર જોવા મળ્યો હતો. તે જ પ્રમાણે મુંબઈ સ્થિત એક ડીલરે જણાવ્યું હતું કે સતત ત્રણ મહિના સુધી સોનાના ભાવ સરેરાશ રૂ. એક લાખ આસપાસની સપાટીએ રહ્યા બાદ જ્વલેરી ઉત્પાદકોની લેવાલીનો સંચાર જોવા મળ્યો હોવાથી સ્થાનિકમાં હવે ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ બે ડૉલર ડિસ્કાઉન્ટથી લઈને ત્રણ ડૉલર સુધીના પ્રીમિયમમાં ઑફર કરી રહ્યા છે. જોકે, ગત સપ્તાહે સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનનાં શાંઘાઈ એક્સચેન્જ ખાતે માત્ર સટ્ટાકીય લે-વેચ અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહી હોવાથી ડીલરો સોનાના ભાવ ઔંસદીઠ પાંચ ડૉલર પ્રીમિયમમાં ઑફર કરી રહ્યા હતા, જ્યારે આગલા સપ્તાહે પ્રીમિયમ ઔંસદીઠ ૩થી ૮ ડૉલર આસપાસની સપાટીએ રહ્યું હતું. ગ્રેટર ચાઈના સ્થિત એમકેએસ પીએએમપીનાં રિજિનલ ડિરેક્ટર બર્નાર્ડ સિને જણાવ્યું હતું કે નવાં ક્વૉટાની જાહેરાતના અભાવ વચ્ચે રેનેનેમ્બિ ધોરણે સોનાના ભાવ ઊંચી સપાટીએ રહ્યા હોવાથી રિટેલ સ્તરની માગ અત્યંત નિરસ રહે છે. તે જ પ્રમાણે હૉંગકૉંગ ખાતે પણ સોનામાં નવી લેવાલીનો અભાવ અને જૂના સોનામાં વેચવાલીનું દબાણ વધુ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



એકંદરે ડૉલર ઈન્ડેક્સની નરમાઈ સાથે ગત સપ્તાહે વૈશ્વિક બજારમાં સોનાના ભાવમાં એક મહિનાનો સૌથી મોટો ઉછાળો નોંધાયો હતો. તેમ જ ફેડરલ રિઝર્વની નીતિવિષયક વલણમાં અનિશ્ચિતતા તથા રેટ કટ માટે થઈ રહેલા રાજકીય દબાણ જેવા કારણોસર સલામતી માટેની માગનો ટેકો પણ મળી રહ્યો છે. વધુમાં ગત સપ્તાહે ફેડરલ રિઝર્વના ગવર્નર ક્રિસ્ટોફર વૉલરે આગામી નીતિવિષયક બેઠકમાં તેઓ વ્યાજદરમાં કપાતને ટેકો આપશે, એમ જણાવવાની સાથે હવે ફેડરલ રિઝર્વ નાણાનીતિમાં તટસ્થ વલણ અપનાવશે અને વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકશે, એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

વધુમાં ગત સપ્તાહે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ફેડરલના ગવર્નર લિસા કૂકને હોદ્દા પરથી દૂર કર્યા હોવાથી ફેડરલ રિઝર્વની સ્વતંત્રતા પર પ્રશ્નાર્થ ઊભો થવાથી પણ સોનામાં સલામતી માટેની માગને ટેકો મળ્યો હતો. જોકે, ત્યાર બાદ લિસા કૂકે ટ્રમ્પના આ નિર્ણયને કોર્ટમાં પડકારતા જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્ર પાસે મને સત્તા પરથી દૂર કરવાનો અધિકાર નથી.

એકંદરે હાલની વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૩૫૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી અને ૩૩૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થાય તેમ જણાય છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૮,૫૦૦થી રૂ. ૧,૦૪,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન ગત સપ્તાહના અંતે અમેરિકાના જાહેર થયેલા જુલાઈ મહિનાના ફુગાવાના ડેટામાં અપેક્ષાનુસાર આગલા મહિનાની સરખામણીમાં ૦.૨ ટકા વધીને વર્ષાનુવર્ષ ધોરણે વધીને ૨.૬ ટકાની સપાટીએ રહ્યો હોવાના અહેવાલો વહેતા થતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૮ ટકા વધીને ગત ૧૭ જુલાઈ પછીની ઊંચી ઔંસદીઠ ૩૪૪૩.૧૯ ડૉલર આસપાસ રહ્યા હતા, જ્યારે ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૨ ટકા વધીને ૩૫૧૬.૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગત ઑગસ્ટ મહિનામાં ડૉલર ઈન્ડેક્સમાં માસિક ધોરણે ૨.૨ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ડૉલરની નબળાઈ સાથે સોનાનામાં માસિક ધોરણે ૪.૭ ટકા જેટલી તેજી જોવા મળી હતી. અમેરિકાના જુલાઈ મહિનાના ફુગાવાના ડેટા, શ્રમ બજારમાં મંદ વલણ અને વ્યાજદરમાં કપાત માટે થઈ રહેલા રાજકીય દબાણને ધ્યાનમાં લેતા વર્તમાન નાણાકીય વર્ષમાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં બે વખત કાપ મૂકે તેવી શક્યતા હાઈ રિજ ફ્યુચર્સનાં મેટલ વિભાગના ડિરેક્ટર ડેવિડ મીગરે વ્યક્ત કરી હતી.

તેમ જ ગત શુક્રવારે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૮૯ ટકા શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે. ■


# વિદેશી હૂંડિયામણની અનામત ૪.૩૮ અબજ ડૉલર ઘટી



મુંબઈઃ ગત તા. ૨૨મી ઑગસ્ટના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૪.૩૮૬ અબજ ડૉલર ઘટીને ૬૯૦.૭૨ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે આ પૂર્વેના સપ્તાહે અનામત ૧.૪૮૮ અબજ ડૉલર વધીને ૬૯૫.૧૦૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની આંકડાકીય માહિતી અનુસાર સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૩.૬૫૨ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૮૨.૨૫૧ અબજ ડૉલરના સ્તરે રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યૅન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે સપ્તાહ દરમિયાન રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. વધુમાં સપ્તાહ દરમિયાન વિદેશી ચલણી અસ્ક્યામતો ઉપરાંત સોનાની અનામત ૬૬.૫ કરોડ ડૉલર ઘટીને ૮૫.૦૦૩અબજ ડૉલરના સ્તરે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેનાં સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (એસડીઆર) ૪.૬ કરોડ ડૉલર ઘટીને ૧૮.૭૩૬ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૨.૩ કરોડ ડૉલર ઘટીને ૪.૭૩૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. ■

# વિવિધ ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ગઈકાલે તેજીનો અન્ડરટોન જોવા મળ્યા બાદ આજે સપ્તાહના અંતે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે વિવિધ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લે-વેચ તેમ જ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે બજારમાં એકંદરે કામકાજો પાંખાં રહ્યાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૬૧૫ અને ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે કોર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૯૪૧ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૮૩૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે ટીન અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ ઉપરાંત વપરાશકારોની માગ પણ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. પાંચના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૩૧૬૧ અને રૂ. ૭૭૦ના મથાળે રહ્યા હતા.

તેમ જ નિરસ માગે કોપર કેબલ સ્ક્રેપ તથા ઝિન્ક સ્લેબના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૮૬૦ અને રૂ. એક ઘટીને રૂ. ૨૭૩ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે છૂટીછવાઈ ખપપૂરતી માગને ટેકે કોપર સ્ક્રેપ હેવી, બ્રાસયુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, લીડ ઈન્ગોટ્સ અને નિકલના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૪૯, રૂ. ૫૬૫, રૂ. ૨૧૫, રૂ. ૨૬૦, રૂ. ૧૮૫ અને રૂ. ૧૩૫૫ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ખાદ્યતેલમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં વધુ ૨૮ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર છૂટાછવાયા ખપપૂરતા રહેતાં હાજરમાં વિવિધ દેશી-આયાતી તેલના ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હતા.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦ તથા સનફ્લાવર રિફાઈન્ડના રૂ. ૧૪૨૦, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦થી ૧૨૪૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫, ગોદરેજ એગ્રોવેટના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૫ તથા એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતમાં મગફળીની ગોંડલ મથકે ૧૦૦૦ ગૂણીની અને રાજકોટનાં મથકો પર ૭૦૦ ગૂણી મગફળીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૦૦ના મથાળે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વધુમાં આજે સ્થાનિકમાં હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, સિંગતેલના રૂ. ૧૩૬૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૫ અને સરસવના રૂ. ૧૬૦૦ના મથાળે ટકેલા રહ્યા હતા, વધુમાં ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૩૫ ઘટીને રૂ. ૨૧૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ ઘટીને રૂ. ૧૩૨૫માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# રૂની ડ્યૂટીમુક્ત આયાતની મુદત લંબાવાતા ખેડૂત સંગઠનમાં નારાજગી

### આગામી એકથી ત્રણ સપ્ટેમ્બર દરમિયાન નોટિફિકેશનની કોપી બાળીને વિરોધ પ્રદર્શન

નવી દિલ્હીઃ રૂની ડ્યૂટીમુક્ત આયાતની મુદત વધારવાના સરકારના નિર્ણય સામે નારાજગી વ્યક્ત કરતાં સંયુક્ત કિસાન મોરચા (એસકેએમ)એ આ નિર્ણયથી ખેડૂતોને હાનિ થાય તેવી શક્યતા વ્યક્ત કરી છે.

કિસાન સંગઠને એક યાદીમાં જણાવ્યું હતું કે કોટન કોર્પોરેશન ઑફ ઈન્ડિયા છેલ્લાં ૧૧ વર્ષથી દેશમાં થતાં રૂના કુલ ઉત્પાદન પૈકી ૧૩ ટકા કરતાં ઓછી માત્રામાં પ્રાપ્તિ કરી રહ્યું છે અને ખેડૂતોને શેષ ૮૭ ટકા કપાસનો જથ્થો ખૂલ્લી બજારમાં વેચવા માટે ખેડૂતો પર દબાણ કરવામાં આવે છે. કપાસ ઉત્પાદક વિસ્તારોના ખેડૂતોએ રૂની ડ્યૂટીમુક્ત આયાતની મુદત લંબાવવા બાબતે સખત વિરોધ દર્શાવ્યો હોવા છતાં પણ નાણાં મંત્રાલયે રૂની ડ્યૂટીમુક્ત આયાતની મુદત આગામી ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવી છે. સામાન્યપણે દેશમાં રૂની લણણી ઑક્ટોબરમાં શરૂ થતી હોવાથી આ નિર્ણયની ખેડૂતો પર ભારે માઠી અસર પડશે.

સંયુક્ત કિસાન મોરચાએ સરકારના આ નિર્ણયને સમગ્ર ખેડૂત સમુદાયનું અપમાન તરીકે જોઈ રહ્યો છે. આથી આગામી તા.૧થી ૩ સપ્ટેમ્બર દરમિયાન દેશભરનાં તમામ ગ્રામીણ વિસ્તારોમાં સરકારના આ નોટિફિકેશનની કોપીઓ બાળીને વિરોધ દર્શાવવા માટે હાકલ કરવામાં આવી હોવાનું યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે અમે તમામ ખેડૂતોને એક સાથે આવવા અને સરકારને આ નિર્ણય પાછો ખેંચવાની ફરજ પાડવા માટે ઉગ્ર આંદોલનની હાકલ કરી છે. આ આંદોલનમાં ખેડૂતો સંબંધિત સાંસદ સભ્યો સુધી કૂચ કરશે, જ્યારે રાજ્ય સ્તરે વિરોધ પ્રદર્શન માટે સભ્યો દ્વારા પછીથી તારીખ નિર્ધારિત કરવામાં આવશે.

વધુમાં સંગઠને જણાવ્યું હતું કે અમેરિકા ખાતે ભારતીય ટેક્સ્ટાઈલની નિકાસ કુલ નિકાસ પૈકી માત્ર છ ટકા છે તેમ જ દેશનાં ટેક્સ્ટાઈલ ઉદ્યોગના કુલ મૂલ્યના ૧.૫ ટકા કરતાં પણ ઓછી છે. ગત વર્ષ ૨૦૨૪માં ટેક્સ્ટાઈલ અને એપરલ ઉદ્યોગનું મૂલ્ય રૂ. ૧૫,૧૩,૮૫૦ કરોડનું હતું જેમાંથી સ્થાનિક બજારનો હિસ્સો રૂ. ૧૨,૩૪,૪૦૦ કરોડનો હતો. તેમ જ વર્ષ ૨૦૨૪માં નિકાસ બજાર રૂ. ૩,૨૧,૯૦૦ કરોડની હતી, જેમાંથી અમેરિકા ખાતેની નિકાસ માત્ર રૂ. ૨૦,૯૮૪ કરોડની સપાટીએ રહી હોવાનું કેએસએમએ જણાવતા ઉમેર્યું હતું કે કપાસના ખેડૂતોના લઘુતમ ટેકાના વળતરદાયી ક્વિન્ટલે રૂ. ૧૦,૦૭૫ના ભાવ માન્ય ન થતાં કપાસના ખેડૂતોને અંદાજે રૂ. ૧૮,૮૫૦ કરોડની નુકસાની થઈ છે. સ્થાનિક અર્થતંત્ર અમેરિકામાં થતી નિકાસના તફાવતને સરભર કરવા માટે સક્ષમ હોવા છતાં, કટોકટીને બહાને મોદી સરકાર દ્વારા ઈજારાશાહી ધોરણે વેપારકર્તા અને ઔદ્યોગિક કોર્પોરેટની સહાયથી કપાસના ખેડૂતોને લૂંટી રહી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

કેન્દ્ર સરકારે ટેક્સ્ટાઈલ ક્ષેત્રના પ્રોત્સાહનના નેજા હેઠળ ટેક્સ્ટાઈલ ઉદ્યોગ અને વેપારમાં ઈજારાશાહી ધરાવતી કોર્પોરેટ કંપનીઓ માટે રૂની સસ્તી આયાતને મંજૂરી ન આપવી જોઈએ જેથી ખેડૂતોને હાનિ ન પહોંચે. ■

# મથકો પાછળ ખાંડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૫ના ઘટાડા સાથે રૂ. ૩૮૭૫થી ૩૯૨૫માં થયાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતિમ સત્રમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ગુણવત્તાલક્ષી ક્વિન્ટલે રૂ. બેનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડમાં અનુક્રમે ઉપલા મથાળેથી અને નીચલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

પ્રાપ્ત અહેવાલો અનુસાર નેપાળ સરકાર આગામી તહેવારોની મોસમને ધ્યાનમાં રાખીને ૨૦,૦૦૦ ટન ખાંડની ખરીદી કરવાની યોજના ધરાવી રહી છે. જોકે, નાણાં મંત્રાલય તરફથી મંજૂરી બાકી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રક્નો રહ્યો હતો, જેમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના ઘટાડા સાથે રૂ. ૪૦૪૨થી ૪૦૯૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૯૨થી ૪૧૮૨માં થયા હતા.



વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૫૦થી ૩૯૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૦૦થી ૪૦૪૦માં થયા હતા. ■

# પેસેન્જર વાહનોના વેચાણમાં એકથી ચાર ટકાની વૃદ્ધિનો અંદાજઃ ઈક્રા

મુંબઈઃ વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પહેલા ચાર મહિનામાં અર્થાત્ એપ્રિલથી જુલાઈ દરમિયાન પેસેન્જર વાહનોના વેચાણમાં ૧.૧ ટકાનો ઘટાડો થયો છે. તેમ છતાં વર્ષ દરમિયાન સ્ટોકના ઊંચા સ્તર અને ગત સાલના ઊંચા બેઝને કારણે હોલસેલ ધોરણે એકથી ચાર ટકા જેટલો વૃદ્ધિદર જોવા મળે તેવી શક્યતા રેટિંગ એજન્સી ઈક્રાએ જણાવ્યું છે.

વર્ષ દરમિયાન ખાસ કરીને ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેકર્સ (ઓઈએમ) દ્વારા નવાં મૉડેલોની રજૂઆત અને જીએસટીના પ્રસ્તાવિત સુધારામાં રેટ કટની શક્યતાને ધ્યાનમાં લેતાં હોલસેલ ધોરણે વેચાણમાં એકથી ચાર ટકાની વૃદ્ધિનો અંદાજ ઈક્રાએ મૂક્યો છે. નોંધનીય બાબત એ છે કે કેન્દ્ર સરકારે જીએસટીનાં દરનાં પ્રસ્તાવિત સુધારામાં વર્તમાન પાંચ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકાના દરની સરખામણીમાં માત્ર પાંચ ટકા અને ૧૮ ટકા રાખવાનો સમાવેશ થાય છે.

વધુમાં ઈક્રાએ જણાવ્યું હતું કે ગત જુલાઈ મહિનામાં તહેવારોની અપેક્ષિત માગને ધ્યાનમાં લેતા ડીલરોએ સ્ટોક કરતાં હોલસેલ ધોરણે ઓઈએમના વેચાણમાં આગલા મહિનાની તુલનામાં ૮.૯ ટકાનો વધારો થયો હતો. જોકે, વૉલ્યૂમ ગત સાલના સમાનગાળાની સમકક્ષ જ ૩.૪ લાખ યુનિટની સપાટીએ જ રહ્યું હતું. તેમ જ જુલાઈ મહિનામાં રિટેલ વેચાણ પણ આગલા મહિનાની તુલમાં ૧૦.૪ ટકા વધ્યું હતું, જ્યારે વર્ષાનુવર્ષ ધોરણે ૦.૮ ટકાનો ઘટાડો થયો હતો.

જુલાઈ મહિનાના પેસેન્જર વાહનોના કુલ વેચાણમાં એસયુવીનો હિસ્સો ૬૫થી ૬૬ ટકા જેટલો રહ્યો હતો. તેમ જ આગામી ટૂંકા સમયગાળામાં પણ માગના પ્રેરકબળ તરીકો તો યુટિલિટી વાહનો જ રહે તેવી શક્યતા વ્યક્ત કરી હતી.

વધુમાં ઈક્રાએ ઑટોમોબાઈલ ડીલરોના સંગઠન ફેડરેશન ઑફ ઑટોમોબાઈલ ડીલર્સ એસોસિયેશનને ટાંકતા જણાવ્યું હતું કે જુલાઈના અંતે ડીલરો પાસે સ્ટોકનું સ્તર પંચાવન દિવસનું હતું. આ સિવાય ગત જુલાઈ મહિનામાં ખાસ કરીને મારુતિ સુઝુકી અને હ્યુન્ડાઈ મોટર્સની આગેવાની હેઠળ નિકાસમાં પણ નીચી સપાટીએથી વર્ષાનુવર્ષ ધોરણે નવ ટકાની વૃદ્ધિ થઈ હતી. ■





રાજકોટમાં કૉંગ્રેસ કાર્યાલય પાસે ભાજપના કાર્યકરોએ હલ્લાબોલ કર્યું હતું, જેમાં ભાજપ અને કૉંગ્રેસ કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું, જો કે પોલીસે ભાજપ કાર્યકર્તાઓની અટકાયત કરતા મામલો શાંત થયો હતો... (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભુજમાં વિદ્યાર્થિનીની ગળું કાપી નિર્મમ હત્યાની ઘટનાનો ચોમેર વિરોધઃ પોલીસ વડાને આવેદનપત્ર અપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરના એરપોર્ટ રિંગરોડ પર આવેલી સંસ્કાર સ્કૂલ એન્ડ કોલેજમાં બીસીએમાં અભ્યાસ કરતી ભાનુશાળી સમાજની ૧૯ વર્ષીય યુવતીની ગળું કાપીને સરાજાહેર હત્યા કરાયાના સમગ્ર શિક્ષણ જગતના અરેરાટી સર્જી જનાર ઘટનાના વિરોધમાં કચ્છની તમામ કોલેજોમાં આજે શૈક્ષણિક કાર્ય બંધ રખાયું હતું અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા એક રેલી યોજી, જિલ્લા પોલીસ વડાને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. આ આવેદનપત્રમાં હત્યારા યુવક વિરુદ્ધ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કાનૂની કાર્યવાહી કરવામાં આવે અને પીડિત પરિવારને ઝડપી ન્યાય મળે અને તેની સાથે-સાથે જિલ્લાભરની તમામ કોલેજો અને શાળાઓમાં કાયમી ધોરણે નિયમિત પેટ્રોલિંગ વધારવાની રજૂઆત કરવામાં આવી છે. આ આવેદન પત્રમાં કરાયેલી માગણી પ્રમાણે મોટું કેમ્પસ ધરાવતા વિદ્યા સંકુલોમાં આવતા-જતા લોકોની ઓળખ ચકાસવા માટે યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવી, અજાણ્યા લોકોને કેમ્પસમાં પ્રવેશતાં અટકાવવા અને ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે કાયમી પોલીસ ચોકી શરૂ કરવામાં આવે તેવી માગ પણ કરવામાં આવી છે. આ ઉપરાંત સમગ્ર જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓમાં બહેનો માટે સ્વરક્ષણની તાલીમ, કાયદાકીય માર્ગદર્શન, સાયબર સુરક્ષા જેવી બાબતે વિદ્યાર્થીઓ માટે જાગૃતિ કાર્યક્રમો યોજવાની માંગ પણ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ગત ગુરુવારે સાક્ષી જેઠાલાલ ખાનિયા નામની વિદ્યાર્થિનીનું તેના પાડોશી યુવક મોહિત મુળજી સિદ્ધેશ્વરા નામના યુવકે તેણીનું ગળું કાપી, સરાજાહેર કરપીણ હત્યા કરી હતી. સારવાર દરમ્યાન આ હતભાગી યુવતીનું મોત થતાં શુક્રવારે આ બનાવ હત્યાની ઘટનામાં પલટાયો હતો અને સમગ્ર કચ્છ સહિત બૃહદ કચ્છમાં આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ■

# આ વર્ષે દીપોત્સવી પર્વ ટાંકણે કચ્છ રણોત્સવનો પ્રારંભ થવાની પ્રબળ સંભાવના

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભાતીગળ પ્રદેશ કચ્છને પ્રવાસન ક્ષેત્રે આગવી વૈશ્વિક ઓળખ અપાવનાર રણોત્સવ આગામી દિવાળી પહેલાં શરૂ થાય તેવી પ્રબળ સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. સામાન્ય રીતે ગુજરાતનો પ્રવાસન વિભાગ નવેમ્બર માસથી ફેબ્રુઆરી સુધી લગભગ ૧૨૪ દિવસ માટે રણોત્સવનું આયોજન કરે છે, પણ તાજેતરમાં પ્રવાસન વિભાગ તરફથી મળેલી બેઠકમાં રણોત્સવ સંલગ્ન વિવિધ વિભાગો ઉપરાંત હોટેલ-રિસોર્ટના સંચાલકો જોડાયા હતા. આ વર્ષે ઓક્ટોબરના છેલ્લા અઠવાડિયામાં દિવાળીના મહાપર્વો શરૂ થતાં હોઈ, સંભવતઃ ૨૩ ઓક્ટોબરથી રણોત્સવ શરૂ થઈ જાય તેના પર ચર્ચા કરવામાં આવી હતી. કચ્છની કળા, હસ્તકલા, સંગીત, નૃત્ય અને સ્થાનિક પરંપરાઓને ઉજવનારા આ રણ મહોત્સવના આકર્ષણમાં સતત વધારો થઇ રહ્યો છે એ વચ્ચે અંગ દઝાડનારા ઉનાળાનું માર્ચમાં આગમન થઇ જતું હોવાથી ફેબ્રુઆરીમાં જ રણોત્સવને પૂર્ણ કરી દેવો પડે છે, તેથી આ રણ મહોત્સવને જો વહેલો શરૂ કરી દેવાય તો કેટલાક પ્રવાસીઓને દિવાળી પહેલાં કે દિવાળીના વેકેશનમાં શ્વેત રણમાં મહાલવાનો લ્હાવો મળી શકે તેમ હોટલ-રિસોર્ટના સંચાલકોએ પ્રવાસન વિભાગને જણાવ્યું હતું.

દરમ્યાન, વરસાદ બાદ સફેદ રણની વર્તમાન પરિસ્થિતિ અંગે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા 'શ્રેષ્ઠ પ્રવાસન ગામ' તરીકેનો ખિતાબ મેળવનારા ધોરડો ગામના સરપંચ મિંયા હુસેન મુતવાએ જણાવ્યું હતું કે, રણોત્સવ જ્યાં યોજાય છે ત્યાં હજુ પણ પુષ્કળ પ્રમાણમાં પાણી ભરાયેલાં છે. વરાપ નીકળ્યા બાદ વરસાદી પાણીને ઓસરવામાં ખાસ્સો એવો સમય લાગી જાય છે. જો આગામી સમયમાં ભારે વરસાદ નહીં પડે તો ઓક્ટોબર સુધી રણમાં પાણી સુકાઈ જશે તેવું લાગી રહ્યું છે. જો ચાર મહિનાને બદલે સાડા ચાર મહિના રણોત્સવ ચાલે અને ટેન્ટસિટીના વસૂલવામાં આવી રહેલા અત્યંત મોંઘા ભાડાંમાં રાહત આપવામાં આવે તો પ્રવાસીઓની સંખ્યામાં ગત વર્ષોની તુલનામાં ચોક્કસથી વધારો થશે તેમ તેઓએ ઉમેર્યું હતું. ■



જૂનાગઢમાં જિલ્લા કક્ષાનો મહાકુંભ જ્ઞાનબાગ ખાતે યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં તાલુકામાંથી વિજેતા થયેલા વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો... (તસ્વીરઃ હરેશ સોની, જૂનાગઢ)

# અંજારના બુઢારમોરાના પોસ્ટમાસ્તરે સરકારી નાણાંની ઉચાપત કરતાં ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના અંજાર તાલુકાના બુઢારમોરા ગામના બ્રાન્ચ પોસ્ટમાસ્તરે ૧૯ ખાતેદારોની બચત યોજના, વીમા યોજનાના માસિક હપ્તા મેળવી પોતાના અંગત ફાયદા માટે વાપરી નાખતાં તેના વિરુદ્ધ રૂ. ૯૨,૦૮૪ની સરકારી નાણાંની ઉચાપત અંગે ફરિયાદ નોંધાતાં પોસ્ટલ તંત્રમાં ચકચાર પ્રસરી જવા પામી હતી. ભુજના ભારતીય પોસ્ટ વિભાગ ઇસ્ટ સબ ડિવિઝનના ઇન્સ્પેક્ટર પોસ્ટ ભરતસિંહ હેમુભા જાડેજાએ આ બનાવ અંગે દુધઇ પોલીસમથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, બુઢારમોરા બ્રાન્ચ પોસ્ટમાસ્તર તરીકે નીલ કમલેશ લેઉઆ ફરજ બજાવી રહ્યો હતો. બચત યોજના અને વીમા યોજનાના માસિક હપ્તા ભરવા આવેલા ૧૯ જેટલા ખાતેદારો પાસેથી નાણાં સ્વીકારીને તેમની બુકમાં નોંધ કરી હતી, પરંતુ આ રકમ સરકારી ચોપડે ન ચડાવી બારોબાર તેની ઉચાપત કરી હતી. દરમ્યાન પોસ્ટ વિભાગની તપાસ આવતાં તા. ૯-૬-૨૦૨૩થી ૨૦-૭-૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આ ઉચાપતની અંજામ અપાયો હોવાનું બહાર આવ્યું હતું. શરૂઆતમાં આ કર્મીને ફરજમોકૂફ બાદમાં કાયમી ધોરણે ફરજ મુક્ત કરવામાં આવ્યો હતો. આ દરમ્યાન સરકારી કર્મી એવા આ આરોપીએ પોતે વાપરી નાખેલાં નાણાં પરત પોસ્ટ વિભાગમાં જમા પણ કરાવી દીધાં હતાં. ■

# વરસાદના વિરામ સાથે કચ્છમાં અંગ દઝાડતો ભાદરવી તાપ

## ભુજમાં ૩૫ ડિગ્રી મહત્તમ તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ 'સેકન્ડ સમર' તરીકે ઓળખાતા ભાદરવા મહિનાનો પ્રારંભ થઇ ચુક્યો છે એ વચ્ચે રણપ્રદેશ કચ્છ સહીત રાજ્યના કેટલાક વિસ્તારોમાં સમયાંતરે વરસી રહેલા વરસાદે વિરામ લેતાં ભાદરવી તાપે આક્રમણ શરૂ કરી દેતાં જનજીવન પ્રભાવિત થઇ રહ્યું છે.

કચ્છના મોટાભાગના મથકોમાં મહત્તમ તાપમાનનો આંક ૩૪થી ૩૭ ડિગ્રી વચ્ચે પહોંચી ગયો છે અને શનિવારે ૩૫ ડિગ્રી સે. મહત્તમ તાપમાન સાથે ભુજ શહેરે રાજ્યના સૌથી ગરમ મથકોમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. કંડલા(એરપોર્ટ) ખાતે પણ ઉષ્ણતામાનનો પારો ૩૪ ડિગ્રીએ પહોંચતાં અંજાર-ગાંધીધામ વિસ્તાર અકળવનારા બફારામાં શેકાયા હતા.

આ ઉપરાંત અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં ૩૨ ડિગ્રી મહત્તમ તાપમાન રહેતાં અહીં ગરમીમાં આંશિક રાહત અનુભવવા મળી હતી. લઘુતમ પારો પણ ઊંચકાઈને ૨૪થી ૨૭ ડિગ્રી વચ્ચે પહોંચી જતાં સૂર્યાસ્ત બાદ ઉકળાટથી જનજીવન હાલ અકળાઈ રહ્યું છે. ■

# કંડલા બંદરે આવતાં વિદેશી લાકડાંઓની ચોરીનો એલસીબીએ કર્યો પર્દાફાશ

## રૂ.૮૦,૫૦૦ના ચોરાઉ લાકડાં સાથે એક શખ્સ પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પશ્ચિમ કાંઠાના મહાબંદર કંડલા ખાતે દેશ-વિદેશથી આવતાં માલવાહક જહાજોમાંથી સિફતપૂર્વક વિદેશી લાકડાંની ચોરી કરી, નાના હોડકાં મારફતે દરિયા કિનારે પહોંચાડીને સ્થાનિક બજારમાં થઇ રહેલાં ગેરકાયદેસર વેંચાણના કારસાને સ્થાનિક ગુન્હાશોધક શાખાએ વિફળ બનાવ્યો હતો અને એક ટ્રકમાંથી રૂ. ૮૦,૫૦૦નાં ચોરાઉ વિદેશી લાકડાં સાથે એક શખ્સની ધરપકડ કરી લીધી હતી. વરસાણા ખાતેની ઇસ્પાત કંપનીની પાછળ મીઠાના અગર બાજુથી આવતા કાચા માર્ગ ઉપર પૂર્વ બાતમીના આધારે સ્થાનિક ગુન્હાશોધક શાખાની એક ટુકડીએ વોચ ગોઠવી હતી. આ દરમ્યાન કાચા માર્ગ પરથી પસાર થઇ રહેલાં ડમ્પરને અટકાવીને ભચાઉના ચાલક સલીમ રમજાન કુંભારને અટકમાં લેવામાં આવ્યો હતો.

આ ડમ્પરમાં મળેલા નાના-મોટા જુદા-જુદા આકારનાં લાકડાં અંગે આધાર-પુરાવા માગતાં આ શખ્સ આપી શક્યો ન હતો. દરમ્યાન તેણે પોતાના ભત્રીજા સુલ્તાન હાસમ કુંભાર (રહે. ભચાઉ)ના કહેવાથી કંડલા નજીકના દરિયા કિનારેથી લાકડાં ભરી એક ટિમ્બરમાં ખાલી કરવા જતો હોવાનું જણાવ્યું હતું. કંડલાની ખાડીમાં વિદેશથી આવતાં જહાજોમાંથી ગમે તે રીતે લાકડાં નીચે પાડી દઇ આ શખ્સો દરિયામાં તણાતાં વિદેશથી લાકડાં નાના હોડકા મારફતે દરિયાકિનારે લઇ આવતા અને જથ્થો એકત્ર કરીને, બાદમાં આવી રીતે વાહનોમાં ભરી લાકડાંના બેન્સા, ટિમ્બરોમાં બારોબાર સસ્તા ભાવમાં વેચી દેતા હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું. હાલ સુલ્તાન હાસમ કુંભારને ઝડપી લેવા માટે સ્થાનિક પોલીસે કવાયત હાથ ધરી છે તેમજ ચોરીનો માલ ક્યા ટિમ્બરમાં જવાનો હતો, વગેરે બાબતની હાલ તપાસ જારી હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

# ભાવનગરમાં ભાજપે રાહુલ ગાંધીના પૂતળાનું દહન કરી હાય-હાયના નારા લગાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માતા વિશે કરવામાં આવેલી ટિપ્પણીની વિરોધમાં ભાવનગરમાં ઘોઘા ગેટ ખાતે ભાજપ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ભાજપના નેતાઓએ રાહુલ ગાંધીના પૂતળાનું દહન કરીને હાય-હાયના નારા લગાવ્યા હતા. સૂત્રોના જણાવ્ય પ્રમાણે, રાહુલ ગાંધીની સભામાં દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સ્વર્ગસ્થ માતા ઉપર કરેલા બેફામ વાણીવિલાસ અશોભનીય છે. તદુપરાંત તેમના દ્વારા અત્યારે કારણ વગરની વોટ ચોરી અભિયાનની યાત્રા કાઢવામાં આવી રહી છે. જ્યારે પોતે જીતે છે ત્યારે તેને વોટ ચોરી દેખાતી નથી અને બીજા જીતે ત્યારે તેના વોટ ચોરી દેખાય છે, કૉંગ્રેસે કરેલા ૭૦ વર્ષ શાસન કર્યું અને હવે જે પક્ષપલટો થયો તે હવે જોઈ શકતા નથી. આ વિરોધ પ્રદર્શનમાં ભાવનગર ભાજપના નેતાઓ, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ■



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)




રાજકોટમાં રામનાથ પરામાં ગરૂડ ગરબી ચોકમાં યુવા ભાજપ દ્વારા રાહુલ ગાંધીના પૂતળાનું દહન કર્યું હતું...

# અમરેલીની ઠેબી નદીમાં ડૂબવાથીયુવકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલીની ઠેબી નદીમાં ડૂબી જવાથી અમદાવાદના ૩૫ વર્ષીય યુવકનું મોત થયું હતું.

ફાયર બ્રિગેડની ટીમે પાંચ કલાકની જહેમત બાદ મૃતદેહ બહાર કાઢ્યો હતો. લીલીનગર વિસ્તારમાં આવેલા રેલવે પુલ નીચે ઠેબી નદીના ભાગમાં અજાણ્યો વ્યક્તિ ડૂબી ગયો હોવાની ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. જે બાદ ફાયર બ્રિગેટડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંટી હગતી. પાંચ કલાકની જેહમત બાદ યુવકને મૃતદેહ મળી આવ્યો હતો.

યુવકનું નામ હરેશ ભાટી (ઉ.વ.૩૫) અને અમદાવાદનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. યુવકના મૃતદેહને પોલીસે પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડીને વધુ તપાસ હાથ ધરી હતી. ■

# રાજ્યના ૧૩ શહેરોમાં માત્ર ૯ લાખ રૂપિયામાં ઘરનું ઘર મેળવવાની તક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકાર દ્વારા લોકોના લાભાર્થે અનેક યોજનાઓ ચલાવવામાં આવે છે. જેમાંની એક પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) છે. ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન (જીયુડીએમ)ની સફળતાના ૨૦ વર્ષ પૂર્ણ થવા પર એક મહત્ત્વની જાહેરાત કરવામાં આવી હતી. જે અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ હેઠળ રાજ્યના ૧૩ શહેરોમાં ૨૦ સ્થળોએ આવાસની જાહેરાત કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા અમદાવાદના હાથીજણ અને ધોળકા, સુરતના છપરાભાઠા, કોસાડ, અમરોલી, સચિન-કનસાડ, વડોદરા ગોરવા, ગોત્રી, અટલાદરા, પાદરા, રાજકોટના ઉપલેટા, જેતપુર, ખેડાના મહેમદાવાદ, ભાવનગરના તરસમિયા, શાસ્ત્રીનગર, મહુવા, ભરૂચના અંકલેશ્વર, નવસારી તેમજ અમરેલી જેવાં સ્થળોએ વાજબી દરે મકાન ફાળવવામાં આવશે. નવ લાખ રૂપિયામાં ૪૧.૦૦ ચો.મીટર કાર્પેટ એરિયામાં ૧.૫ બેડરૂમ, હોલ અને કિચન આપવામાં આવશે. આ યોજના અંતર્ગત મકાન મેળવવા માંગતા અરજદારો ગુજરાત હાઉસિંગ બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર અરજી કરી શકશે. અરજી કરતી વખતે અરજદારોએ ૭૫૦૦ રૂપિયા ભરવા પડશે. ■

# કચ્છમાં માત્ર ૧૦-૧૫ હેણોતરા બચ્યાઃ સૌથી વધુ ચાડવા રખાલમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તાજેતરમાં દહેરાદૂનના વાઇલ્ડલાઇફ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા દ્વારા 'સ્ટેટ્સ ઓફ સ્મોલ કેટ્સ ઈન ઇન્ડિયા' નામનો અહેવાલ પ્રસિદ્ધ થયો છે. જેમાં કેરેકલ એટલે કે હેણોતરો અને ડેઝર્ટ કેટ એટલે કે રણ બિલાડીને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. દેશભરમાં નાની બિલાડીઓની પ્રજાતિની શું સ્થિતિ છે, તેના પર પ્રકાશ પાડતા આ અહેવાલમાં જણાવ્યા મુજબ, ભારતમાં ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં જ આંગળીના વેઢે ગણાય એટલા જ હેણોતરો બચ્યા છે. કચ્છમાં બચેલા હેણોતરોની સંખ્યા માત્ર ૧૦-૧૫ જેટલી છે.

સંશોધકોએ નોંધ્યું છે કે, નાના ક્ષેત્રોમાં આ બિલાડીઓનું પર્યાવરણીય મહત્ત્વ હોવા છતાં, સંરક્ષણ આયોજનમાં ઓછો અભ્યાસ અને ઓછું પ્રતિનિધિત્વ કરે છે. આ અહેવાલમાં નવ નાની બિલાડીની પ્રજાતિઓની રહેઠાણની સ્થિતિ અને સંરક્ષણની ગતિશીલતા કેમેરા ટ્રેપ ડેટાનો ઉપયોગ થકી રજૂ કરવામાં આવી છે.

જંગલી બિલાડી સૌથી વધુ વ્યાપક પ્રજાતિ તરીકે ઉભરી આવી છે, જે સૂકા પાનખરથી ભેજવાળા જંગલો સુધીના વિવિધ રહેઠાણોમાં નોંધાઈ છે.

આ અંગે સીસીએફ કચ્છ વન વર્તુળના મુખ્ય વન સંરક્ષક ડૉ. સંદીપ કુમારે જણાવ્યું હતું કે, ગત ફેબ્રુઆરી ૨૦૨૫માં હેણોતરો પ્રથમ વખત કેમેરા ટ્રેપમાં નોંધાયો હતો. સંશોધન અને વિશ્લેષણ માટે અહીં વનવિભાગે ૧૦૦ કેમેરા ટ્રેપ ગોઠવ્યા છે. નલિયા, નારાયણ સરોવર અને નખત્રાણાના કેટલાક વિસ્તાર સાથે ચાડવા રખાલમાં હેણોતરો જોવા મળી રહ્યો છે. ભુજ તાલુકાના સામત્રા પાસે આવેલા ૪૯૦૦ હેક્ટર જમીનનો કબ્જો કચ્છના પૂર્વ રાજવી પરિવાર પાસે હતો, જે હવે રાજ્ય સરકારના વનવિભાગને સોંપવામાં આવ્યો છે. ચાડવા રખાલમાં કેરેકલ બ્રિડીંગ એન્ડ કન્ઝર્વેશન સેન્ટર વિકસાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ૧૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ■